હઝરતે (સલ) ફરમાવ્યું છે

"ખુદા જેના વિષે ભલાઇ ધારે છે તેને દીનમાં સમજ આપે છે"

બેહેશ્તી ગૌહર.

મુળ ઉર્દુપરથી ભાષાંતર કરાવી છપાવી પ્રસિદ્ધ કર્તા

ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેઝ સાદેક.

મુ૦ રાંદેર. જીલ્લે—સુરત.

[illegible] જીલહજ્જ સને ૧૩૩૩ હિજરી.

આવૃત્તી પહેલી પ્રત ૨૦૦૦

મુદ્રક. [illegible] ઉપર આવેલા શ્રી "રાંદેર" [illegible]

મનિલાલ દુર્લભદાસે છાપી

એક શેઠ તરફથી ભેટ.

પ્રસ્તાવના.

તમામ તારીફ અલ્લાહને માટે છે કે જે હંમેશથી છે અને હંમેશ રહેશે તેનીજ પાક હસ્તી બાકી રેહનાર છે અને તેના સિવાય બધી વસ્તુઓ ફાનીભંગુર છે. સૌ ચીજોનો તેજ ખરેખરો માલેક છે અને સૌ વસ્તુઓ તેનીજ પેદા કીધેલી હોવાથી તેનેજ આધિન છે. તેથીકરીને તે માલેક છે, દરેક એબ અને નુકસાનથી પાક છે, સર્વ પર તેનીજ સત્તા છે અને તેજ સંપુર્ણ હિકમતવાળો છે. જમીન અને આકાશોમાં તેની પેદા કીધેલી તમામ મખલુક તેનીજ પાકીની તસબીહ કરે છે

અને દરૂદ અને સલામ તેના રસુલે મુજતબા, હજરત મોહમદ મુસ્તફાપર થાઓ કે જેવણની હદીસોના ખજાનાપરથી મુજતહેદો, ઇમામો અને આલેમો (રહ)એ દીનની સમજુતી હાસેલ કરી ફિકેહના પેટા મસઅલાઓનો ખજાનો અમારે માટે એકઠો કીધો. તેમજ દરૂદ અને સલામ તેવણની આલ અને તમામ સહાબીઓપર થાઓ કે જેઓએ કુરાન અને હદીસના ઇલમનો ભંડાર જાહએ તે કરતાં વધારે સારી રીતે સાચવી દુનિયામાં તેના શોધનારાઓને પોંહચાડયો.


એ પછી ગુલામ મોહંમદ બિન હાજી હાફેઝ સાદેક મુસલમાન ભાઇઓની ખિજમતમાં અરજ ગુજારે છે કે ખુદા પાકનો હજાર હજાર શુકર છે કે તેના ફજલથી બેહેસ્તી ઝેવર જેવી અમુલ્ય અને ઓરતો અને મરદોને માટે સરખી રીતે ઉપયોગી કિતાબના આઠ ભાગોના તરજુમો મારી મારફતે ગુજરાતી ભાષામાં તેણે પ્રગટ કરાવો મુજ અદનાથી પોતાના દીનની એટલી મોટી ખિજમત કરાવી પછી તેનીજ મહેરબાનીથી તેજ કિતાબનો આ અગિયારમો ભાગ કે જેમાં મજકુર આઠ ભાગોમાં નહિ આવેલા માત્ર મરદોનીજ સાથે નસબંધ ધરાતા મસઅલાઓ છે તે પણ ગુજરાતીમાં ભાષાંતર થઇ પ્રગટ કરવામાં આવે છે. મારી બીજી કિતાબોની પેઠે અલ્લાહપાક એને પણ સર્વોપયોગી બનાવી મારી આ દીની ખિદમતને પોતાની જનાબમાં કબુલ કર. આમીન.

ભુલનો સુધારો.

" છતાં તેજ પહેલી ફરઝ કે સુંનત નમાઝ તહીયતુલ મસજીદને કેકાણે ગણાઇ જશે. એટલે તે (ફરઝ કે સુંનત નમાઝ)ને પઢવાથી તહીયતુલ મસજીદનો સવાબ પણ મળી જશે. અગર જો તે પઢવામાં નહિ આવી "

૨૪મા પાનાના બીજા કોલમની છેવટે આવેલા (૪)મસઅલામાં ઉપરનું લખાણ વધારી લેવું, કેમકે તે છાપવામાં રહી ગયલું છે.

બેહેશ્તી ગૌહર.



ઘણા મેહેરબાન રહમકર્તા અલ્લાહના નામથી.

હમ્દ અને સલાત પછી અરજ એ છે કે આ ચોપડી **બેહેશ્તી ગૌહર**, **બેહેશ્તી ઝેવર**નો છેલ્લો એવો ભાગ છે કે જેનાપર તે ચોપડી સમાપ્ત થાય છે. અને જે ચોપડી એના પહેલાં દસ ભાગમાં છપાઈ પ્રગટ થઈ ચુકી છે અને જેનો છેલ્લો ભાગ પૂરો થતાં એ ભાગની ખબર અને તેની જગ્યા જાહેર કરવામાં આવી છે, પણ ફુરસદ ઓછી હોવાને લીધે તેના તમામ મસઅલાને અસલ ખાસ ફિકહની કિતાબોમાંથી લખવાની તક નહીં આવી પણ **ઇલમુલ ફિકહ** નામની ચોપડી જે લખનૌથી છપાઈ પ્રગટ થઈ છે. અને જેમાં ઘણે ઠેકાણે જે કિતાબમાંથી તે મસઅલો ચુંટી

કાઢવામાં આવ્યો છે તેનું નામ પણ દેવામાં આવ્યું છે, તેને એક વિદ્યાર્થિની નજરે વાંચી તેમાંથી આ સમાપ્ત વિભાગને લાયક જરૂરના મસઅલાઓ જે કે ખાસ મરદો ([illegible] માટે છે તેને ખાસ રીતે અને કોઈ અમુક સબબને લીધે જે મસઅલાઓ ઔરતો અને મર્દો બન્નેને માટે વપરાય છે તેવા મસઅલાઓ ચુંટી કાઢીને એકજ ભાગમાં એકઠા કરી દેવા બસ સમજાયા છે.

અલબત કેટલીએક અડચણોને લીધે અસલ કિતાબોના લખાણથી મોકાબલો કરી ખાત્રી કરી લેવામાં આવી, અને જે કોઈ ઠેકાણે લખાણમાં અથવા કિતાબનું નામ દેવામાં ભૂલો હતી તે સુધારવામાં આવી અને કોઈ કોઈ ઠેકાણે વધારો ઘટાડો ફેરફાર વિગેરે પણ કરવામાં આવ્યો જેથી કરીને એકરીતે આ એક નવીજ ચોપડી અને બીજી રીતે પેલી અસલી ચોપડીજ રહી અને કેટલાએક જરૂરી મસઅલાઓ **સફાઇ મોઆમેલાત**થી લીધા એમાં જે કેટલાક જરૂરના મસઅલા રહી ગયા હોય તો સંભવિત છે. તેથી કરીને તમામ વાંચક મંડળથી અરજ ગુજારવાની કે એવા જરૂરી મસઅલાઓ માટે સવાલ રૂપે જરૂર ખબર કરે કે જેથી બીજી આવૃત્તીમાં વધારવામાં આવે અને ખાસકરી જે સાહેબો આલેમ હોય તેઓથી ઉમેદ છે કે એવા જરૂરના મસઅલાઓને પોતેજ દસમા ભાગના વધારાઓની પેઠે વધારા તરીખે એમાં પણ દાખલ કરી દેશે.

વળી એમાં જુદા જુદા વિષયોના મસઅલા છે તેથી કરીને **બેહેશ્તી ઝેવર**ના જે ભાગોનું સમાપ્ત એમાં આવેલું છે જેમાં મોટો ભાગ ત્રીજા ભાગના સમાપ્તનો છે, તે મુજબ તેના જુદા જુદા વિભાગો કરી દરેક વિભાગને છેડે મોટા અક્ષરોથી લખવામાં આવશે કે આ ઠેકાણે ફલાણા ભાગનો સમાપ્ત ભાગ પૂરો થયો, અને એની આગળ ફલાણા ભાગનો સમાપ્ત વિભાગ શરૂ થાય છે તેથી લાયક, સહેલી અને ફાયદાકારક ફ્રી એ થવાની કે જ્યારે કોઈ છોકરો કે મરદ **બેહેશ્તી ઝેવર**નો કોઈ ભાગ શરૂ કરે તે પેહલાં તે પૂરા કીધેલા ભાગનો સમાપ્ત વિભાગ આ ચોપડીમાંથી તેની સાથે વાંચી અથવા શીખી લીએ, ફરી અસલ કિતાબનો [illegible] કે [illegible] આમાં આવે, તેવીજ રીતે તેને પૂરી પણ કરવામાં આવે એમજ આગળ સમજી લેશો. ખોદાપાક દરેક સારા કામને માટે બસ છે અને તે દરેક તરેહના નુકસાનનો સારો બદલો વાળવાને પુરતો છે.

બેહેશ્તી ઝેવરના પેહલા ભાગની સમાપ્તી.

જરુરી શબ્દો.

જાણવું જોઇએ કે ખોદાપાકના જે હુકમો, બંદાઓના કામ કૃત્યોને માટે છે તેના આઠ વિભાગ છેઃ—[૧] ફરઝ, (૨) વાજિબ, [૩] સુંનત, [૪] મુસ્તહબ, [૫] હરામ, [૬] મકરૂહે તહરીમી, [૭] મકરૂહે તનઝીહી, [૮] મબાહ **(૧) ફરઝ** તે છે કે જે મજબુત દલીલ [કુર્આન અથવા મોતવાતેર હદીસ] થી સાબેત હોય અને તેને વગર ઉજરે છોડનાર ગુનેહગાર અઝાબને પાત્ર [લાયક] છે, અને જે કોઈ તેનો નકાર કરે તે કાફેર છે. ફરી તે પણ બે પ્રકારના છે. **[૧] ફર્ઝે એન** અને [૨] ફર્ઝે કિફાયા. **ફર્ઝે એન** તે છે કે જેને બજાવી લાવવુ દરેકને માટે ઘણુંજ જરૂરી છે અને જે કોઈ તેને ઉજર વગર છોડે તેને અઝાબ કરવામાં આવશે અને તે ગુનેહગાર છે. જેવી રીતે કે પાંચ વખતની નમાઝ અને [શેહેરવાળાઓના ઉપર] જુમ્માની નમાઝ વિગેરે. **ફર્ઝે કિફાયા** તે છે કે જેને બજાવી લાવવું દરેક માણસને માટે જરૂરી નથી, પણ જો કેટલાક માણસ તેને બજાવી લાવે તો તે અદા થઈ જશે અને જો એક પણ માણસ તેને બજાવી નહીં લાવે તો સૌ કોઈ ગુનેહગાર થવાના. જેવી રીતે કે જનાઝાની નમાઝ વિગેરે.

[૨] વાજિબ તે છે કે જે કલપિત દલીલથી સાબેત હોય વગર ઉજરે તેને છોડનાર ફાસેક [ગુનેહગાર] અને અઝાબ [આખેરતની શિક્ષા] ને લાયક થશે, પણ તેમાં શરત એ છે કે આ તેનું

છોડવું [દલીલના] કોઈ જુદા અર્થ કરવાને લીધે ન હોય અથવા તો કોઈ શકને લીધે ન હોય, અને જે કોઈ એનો નકાર કરે તે ગુનેહગાર છે પણ કાફેર નથી. [૩] **સુંનત** તે કામ છે કે જેને જનાબ નબી [સલ] એ કીધું હોય અથવા સહાબીઓ [રદી] એ કીધું હોય અને તે પણ બે પ્રકારની છેઃ— **[૧] સુંનતે મોઅક્કદા** અને **(૨) સુંનતે ગૈર મોઅક્કદા. સુંનત મોઅક્કદા** તે કામ છે જેને નબી (સલ) એ અથવા સહાબા [રદી] ઓએ હમેશ કીધું હોય અને કોઈ પણ ઉજર શિવાય કોઈ વખતે તેને છોડયું નહી હોય, પણ છોડનારના ઉપર કોઈ પણ તરેહની સખતાઈ વાપરી નહીં હોય, અમલ કરવાની રૂએ એનો હુકમ પણ વાજિબ જેવોજ છે એટલે વગર ઉજરે છોડનાર અને તેને છોડવાની આદત કરનાર ગુનેહગાર થશે અને તેને નબી [સલ] ની શફાઅત (કયામતને (દહાડે) હાંસેલ થશે નહી. અલબત જો કોઈ વખત અદા નહી કરવામાં આવે તો કંઈ હરકત નથી પણ એના છોડવા કરતાં વાજિબના છોડવામાં વધારે ગુન્હો છે.

સુંનતે ગૈર મોઅક્કદા તે છે કે જેને જનાબ નબી [સલ] એ અથવા સહાબાઓ [રદી] એ કીધી હોય અને ઉજર વગર પણ તેને કોઈ કોઈ વખતે છોડી હોય. એના કરનારને સવાબ થશે પણ છોડનારને અઝાબ થશે નહી. અને એને **સુંનતે ઝાએદા** અને **સુંનતે આદીયા** પણ કહે છે. [૪] **મુસ્તહબ** તે કામ છે કે જેને જનાબ નબી (સલ) અથવા સહાબીઓ [રદી] એ કીધું, પણ તેને હંમેશ કીધું નહીં, પણ કોઈ કોઈ વખતે કીધું. એનો કરનાર સવાબ [પુનઃ] ને લાયક છે અને નહીં કરનાર કોઈ પણ રીતે ગુનેહગાર થશે નહીં. અને ફિક્હના આલેમોની ભાષામાં એને **નફિલ** અને **મંદૂબ** અથવા **તતવ્વોઅ** પણ કહે છે.

(૫) હરામ તે છે કે જે મજબૂત દલીલ [કુર્આનની આયત અથવા મોતવાતેર હદીસ] થી સાબેત હોય. તેનો નકાર કરનાર કાફેર છે, અને વગર ઉજરે તેને છોડનાર ગુનેહગાર અને અઝાબને પાત્ર છે. [૬] **મકરૂહે તહરીમી** તે છે કે જે કલપિત દલીલ (સહીહ હદીસ) થી સાબેત હોય, તેનો નકાર કરનાર ગુનેહગાર છે જેવી રીતે કે વાજિબનો ઈનકાર કરનાર ગુનેહગાર છે. અને વગર ઉજરે તેને નહિ છોડનાર ગુન્હેગાર અને અઝાબને લાયક છે. **(૭] મકરૂહે તનઝીહી** તે કામ છે કે જેના નહી કરનારને સવાબ થશે પણ કરનારને અઝાબ થશે નહી [૮] **મબાહ** તે કામ છે કે જેના કરવામાં સવાબ નહોય અને નહિ કરવામાં અઝાબ પણ નહોય

તહારત (સ્વચ્છતા, પાકી) ની કિતાબ.

પાણીને વાપરવાના હુકમો.

(૧) મસઅલો એવુ નાપાક [અપવિત્ર] પાણી કે જેના ત્રણે ગુણો (રંગ લ્હેજત અને બો) કોઈ નાપાક વસ્તુ મળી જવાથી બદલાઈ ગયા હોય તેને વાપરવુ કોઈ પણ રીતે જાયઝ નથી. જનાવરોને પીવાડવુ, મટોડીને પલાળી તેનો ગારો બનાવવો અથવા ઘરમાં તેનો છંટાવ કરવો કંઈ પણ દુરસ્ત નથી. [જુઓ આલમગીરી] **(૨) મસઅલો** દરિયો, નદી કે તળાવ કે જે કોઇની માલીકીની જમીનમાં નહોય અને તે કુવો કે જેને બંધાવનારે (લોકોને માટે) વકફ કીધો હોય આ સઘળી તરેહના પાણીથી લોકો સામાન્ય રીતે ફાયદો ઉઠાવી [વાપરી] શકે છે. કોઇને વાપરવાથી રોકાણુ કરવાનો કોઇને જરા પણ હક નથી. અથવા તેને વાપરવામાં એવી રીતે ચાલીએ કે જેથી આમ લોકોને નુકશાની પોહોંચે, જેવી રીતે કે કોઈ નદી કે તળાવમાંથી નેહેર ખોદી [પોતાના ખેતર કે બગીચામાં] લાવે અને તેથી કરીને તે નદી કે તળાવ સુકાઈ જાય અથવા કોઈ ગામ કે જમીનના ડૂબી જવાનો સંભવ હોય તો એવી રીતે વાપરવું જાયઝ નથી,

અને [તે વખતે] દરેક માણુસને અખત્યાર છે કે તેને આવી નાજાયઝ રીતે વાપરતાં અટકાવે.

[૩] મસઅલો:—જે તળાવ કે કૂવો કોઈની માલેકીની જમીનમાં હોય તેનાથી (પણ) માણુસો અને જનાવરો [વગર રોકાણે] પાણી પી શકે છે, અને [તે કૂવાના] ધણીને તેથી રોકાણ કરવાનો હક નથી. અલબત પીવા શિવાય, કોઈ બીજા કામમાં માલેકની રજા વગર વાપરવુ જાયઝ નથી. દાખલા તરીકે તે [પાણી] ખેતરોને પાવુ. **[૪] મસઅલો:**—દરિયો, તળાવ, કૂવા વિગેરેથી જે માણુસ પોતાના કોઈપણુ વાસણુ જેમકે ઘડો કે મશક વિગેરેમાં પાણી ભરી લીએ તે [માણુસ] તે પાણીનો માલેક થઈ જશે તે માણુસની રજા વગર તે [પાણી] ને વાપરવું (બીજા કોઈને) દુરસ્ત નથી. **(૫) મસઅલો:**—કોઈની જમીનમાં તળાવ કે કૂવો હોય તો (તેના) માલેકને અખત્યાર છે કે લોકોને તે તળાવ કે કૂવાથી પાણી ભરવા ન દીએ. પણ તે એવી શર્તે કે લગભગ એક મૈલ સુધી તેની આજુબાજુમાં કોઈ પણ ઠેકાણે પાણી હોય, અને જો એટલી દૂર પાણી ન હોય તો તે રોકાણ કરી શકતો નથી **(૬)મસઅલો:**—લોકોને પીવાને માટે જે પાણી રાખેલું હોય જેવી રીતે કે ઉન્હાળાની મોસમ [ઋતુ]માં રસ્તાઓ ઉપર તેમજ મોહર્રમના મહીનામાં [પરબ કે સબીલ] મુકવામાં આવે છે, તેના [પાણી]થી વઝુ કે ગોસલ કરવું [ન્હાવું] જાયઝ નથી, અલબત જો વધારે ભાગમાં હોય તો [વઝુ કરવું અથવા ન્હાવું] જાયઝ છે. જે પાણી વઝુને માટે મુકવામાં આવ્યું હોય તે [પાણી] પીવું દુરસ્ત છે. **(૭) મસઅલો:**—કૂવામાં જો એક લીંડી પડી જાય અને તેમની તેમ આખી નીકળી આવે તો કૂવો [તેનાથી] નાપાક થતો નથી. (જુઓ દુર્રે મુખતાર.)

પાકી (પવિત્રતા) અને નાપાકી (અપવિત્રતા)ના કેટલાક મસઅલા.

(૧) અનાજપર બળદો ચાલતાં જો મુત્રી દીએ તો જરૂરી વાત છે જેથી કરીને માફ છે. એટલે અનાજ તેનાથી નાપાક થશે નહીં. પણ તે વખત શિવાય જો બીજી કોઈ વખત તેઓ [બળદો] મૂતરશે તો નાપાક થઈ જશે કેમકે હવે તે જરૂરી વાત રહી નહીં. **[૨] મસઅલો:**—કાફરો (મૂસલમાનો શિવાય બીજી તમામ કોમો) ખાવાની જેટલી ચીજો બનાવે છે, તેઓ (ચીજો) ને, તેમજ તેઓના વાસણોને અને લુગડાંઓને નાપાક ગણુશુ નહી તે એટલે સુધી કે કોઈ દલીલથી અથવા કોઈ બીજી રીતે તેઓ (લૂગડાં અને વાસણો) નું નાપાક થવું સાબેત થાય. આ મસઅલાથી જણાઈ આવ્યુ કે જે લોકો સોટીઆ વ્હોરા અને હિંદુઓની બનાવેલી મિઠાઈઓ વગેરે નાપાક સમજીને ખાતા નથી અને એમાં મોટાઈ ગણે છે, તે તેઓની ભુલ છે. શરીઅત જેને હલાલ ફરમાવે તેને નાજાયઝ માનવુ મોટાઈ નથી પણ બેદીની છે. **(૩) મસઅલો:**—કેટલાએક લોકો (તિલા તરીખે)વાઘ, [રિંછ, સાપ, સાંડા વિગેરે] ની ચરબી વાપરે છે અને તેને પાક સમજે છે, એ દુરસ્ત નથી. અલબત કોઈ મોટો હકીમ [વૈદ] એવો મત બતાવે કે આ બિમારીનો ઈલાજ (ઉપાય) મઝકૂર [ચરબીઓમાંથી કોઈ] ચરબી વગર થશે નહી તો એવી (લાચારીની) હાલતમાં કેટલાએક આલેમોના મત પ્રમાણે જાયઝ છે પણ નમાઝની વખતે તેને [ધોઈનાંખી] તે જગ્યાને સાફ કરવી ફરઝ થશે.

(૪) મસઅલો:—રસ્તાપરનો કાદવ અને નાપાક પાણી જેમાં નાપાક ચીજની અસર જણાતી ન હોય તે પાક છે. (જુઓ મરાકિલ ફલાહ પૃ. ૮૫] **[૫] મસઅલો:**—નાપાક વસ્તુ જો બાળવામાં આવે તો તેનો ધુમાડો પાક છે. તે [ધુમાડો] કોઈ ઠેકાણે જો એકઠો થાય અને તેનાથી કોઈ વસ્તુ (શાહી) વિગેરે બનાવવામાં આવે તો તે પાક છે. જેવી રીતે નોશાગરને માટે કહેવાય છે કે તે નાપાક ચીજના ધુમાડથી બને છે. [જુઓ શામી પૃ. ૨૩૭.]

(૬) મસઅલો:—નાપાક ચીજપર ધુળ વિગેરે પડેલી હોય તે પાક છે. તે એવી શર્તે કે નાપાકીની ભિનાસની અસર તેમાં આવી નહીં હોય અને તેથી તે (ધુળ) ભીંનાઈ ગઈ નહીં હોય. **(૭) મસઅલો:—**નાપાકીમાંથી જે વરાળ નીકળે તે પાક છે. [જુઓ શામી પૃ. ૨૩૭ જીલ્દ ૧લી] ફળની અંદરના કીડાઓ [જંતુઓ] પાક છે [શામી. પૃ. ૨૫૫] પણ તેઓને ખાવા જાયઝ નથી. **(૮) મસઅલો.** ખાવાની ચીજો જો કોહીને ગંધાય તો નાપાક થતી નથી, જેવાંકે ગોસ્ત [માંસ] હલવો વિગેરે પણ (ખાવાથી) ઈજા થશે એવા વિચારથી તેને ખાવું દુરસ્ત નથી (શામી. પૃ ૨૫૫ જી. ૧લી)

(૯) મસઅલો. મુસ્ક [કસ્તૂરી] અને તેનો નાફો [નાંભિ] પાક છે અને એવીજ રીતે અંબર વિગેરે. **(૧૦) મસઅલો.** ઉંઘવામાં મોંમાંથી જે પાણી વહે તે પાક છે (ખઝાનતુલ મુફતીઈન અને આલમગીરી) **(૧૧) મસઅલો.** કોહેલું ઈંડું જો પાક જનાવરનું હોય તો તે પાક છે (ખ. મુફતીઈન) **(૧૨) મસઅલો.** સાપ (સર્પ) ની કાંચલી પાક છે (આલમગીરી). **(૧૩) મસઅલો.** જે પાંણીથી કોઈ નાપાક વસ્તુ ધોવામાં આવે તો તે નાપાક છે. પછી ગમે તો તે પેહલી વખત ધોઈ તે વખતનુ પાણી હોય કે બીજી વખતનું હોય કે ત્રીજી વખતનું હોય. **(૧૪) મસઅલો.** મુડદું જે પાણીથી ન્હવાડવામાં આવે તે નાપાક છે. **(૧૫) મસઅલો.** સાપની ચામડી જે તેના શરીર સાથે લાગેલી છે તે નાપાક છે પણ કાંચલી પાક છે. [આલમગીરી].

(૧૬) મસઅલો. મુડદાના મોંનું પાણી નાપાક છે. **(૧૭) મસઅલો.** એકવડા લુગડામાં એક બાજુએ જો એટલી નાપાકી લાગે કે જેને માટે મારી છે અને તે વધીને બીજી તરફ લાગી જાય પણ બંને તરફ જોઇએ તે કરતાં ઓછી હોય પણ બંનેને એકઠી કરતાં તેટલા ભાગથી વધી જાય [કે જેટલી માફ છે] તો પણ તે ઓછીજ ગણાશે, અને તેને માટે મારી થશે. પણ જો લુગડું બેવડું હોય અથવા બે કપડાંને મેળવતાં તે [મારીના] કરતાં વધી જાય તો તે વધારે ગણાઈ માફ થશે નહી. (ખ. મુફતીઈન). **(૧૮) મસઅલો.** દૂધ દોહતી વખતે જો એકેક લીંડી દૂધમાં પડી જાય અથવા થોડું છાણ પડી જાય અને તે તરતજ કાઢી નાંખવામાં આવે તો તે માફ છે. (ખ. મુફતીઈન)

(૧૯) મસઅલો. ચાર પાંચ વરસનું છોકરૂં જે વઝુ કેમ કરવુ તે જાણતું નથી તેણે વઝુ કરેલું પાણી અને ગાંડા માણુસનું વઝુ કરેલું પાણી વપરાયલુ (નાપાક પાણી) નથી. **(૨૦) મસઅલો.** પાક લુગડું, વાસણ અથવા કોઈ બીજી પાક ચીજો જે પાણીથી ધોવામાં આવે તેનાથી વઝુ અને ગોસલ દુરસ્ત છે, તે એવી શર્તે કે તેને મહાવરામાં ફક્ત પાણીજ કેહતા હોય તો; અને પાણીની ત્રણ હાલતોમાંથી બે હાલતો તેમાં કાયમ રહે અગરજો એક હાલત બદલાઈ ગઈ હોય પણ જો બે હાલતો બદલાઈ જાય તો પછી દુરસ્ત નથી. **(૨૧) મસઅલો.** (વઝુમાં) વપરાયલા પાણીનું પીવું અને ખાવાની ચીજોમાં વાપરવું મકરૂહ છે, અને વઝુ કે ગોસલ કરવું તેનાથી દુરસ્ત નથી. [શામી પૃ. ૪૭ જી. ૧લી].

(૨૨) મસઅલો. ઝમઝમના પાણીથી જેને વઝુ નહોય તેને વઝુ કરવુ નહી જોઇએ. અને એવીજ રીતે તે માણુસ કે જેને ન્હાવાની જરૂર હોય તે એનાથી ગોસલ કરે નહી અને એ (પાણી) થી નાપાક ચીજોને ધોવી અને ઈસ્તિંજો કરવો (પિશાબ પાખાનાની જગ્યાને ધોવી) મકરૂહ છે. (મરાકિલ ફલાહ પૃ. ૧૨).

(૨૩) મસઅલો. ઓરતના ગુસલ અને વઝુના પાણીથી મરદને વઝુ કે ગોસલ કરવું મકરૂહ છે. (શામી). **(૨૪) મસઅલો.** જે ઠેકાણે કોઈ લોકોપર ખોદાપાકનો અઝાબ (કોપ) આવેલો હોય જેવાંકે સમૂદ અને આદના લોકો (કે જેઓના

શેહેરપર ખોદાપાકનો અઝાબ ઉતર્યો હતો ત્યાં)ના રેઠાણુના પાણીથી વઝુ કે ગોસલ કરવું મકરૂહ છે.

(૨૫) મસઅલો. તનુર જો નાપાક થઈ જાય તો તેમાં આગ બાળવાથી તે પાક થઈ જશે, પણુ તે એવી શર્તે (પાક થઈ જશે) કે તે જગ્યા ગરમ થઇ ગયા પછી નાપાકીની કંઈ પણુ અસર ત્યાં બાકી રહે નહીં. (શામી પૃ. ૨૩૧ જી. ૧લી). **(૨૬) મસઅલો.** નાપાક જમીનપર મટોડી નાંખી નજાસત (અપવિત્ર વસ્તુ) ને સંતાડી દેવામાં આવી અને તે એવી રીતે કે નાપાક ચીજની ગંધ તદન આવે નહી તો તે પાક છે. [ખ. મુફ્તીઈન].

(૨૭) મસઅલો. નાપાક તેલ કે ચરબીનો સાબ્ બનાવી લેવામાં આવે તો તે પાક થઈ જશે. **(૨૮) મસઅલો.** તૂમડી લગાડેલી હોય તે ઠેકાણે અથવા બીજો કોઇ અવયવ કે જે લોહી કે પરૂ નીકળવાથી નાપાક થઈ ગયો હોય અને તેને ધોવું નુકસાન ભરેલું સમજાય તો ફક્ત લુગડાને પલાળી તે જગ્યા લુછી કાઢવી બસ છે. (શામી પૃ. ૨૨૬ જી. ૧લી). **(૨૯) મસઅલો.** નાપાક રંગજો કપડા કે લૂગડામાં લાગી જાય અથવા વાળ તેવા રંગથી રંગાઇ જાય ત્યારે ફક્ત એટલી વખતે તેને ધોવું કે પાણી રંગ વગરનો નીકળે બસ છે અગરજો રંગ (પૂરેપૂરી) રીતે દૂર નહી થાય. (શામી પૃ. ૨૪૦ જી. ૧લી). **(૩૦) મસઅલો.** જે દાંત ટૂટીને જુદો પડી જાય તેને તેની જગ્યાએ મુકી, પાક ચીજ અથવા નાપાક ચીજથી જોડી દેવામાં આવે, એવીજ રીતે જો કોઈ હાડકું ભાંગી જાય [તેને કાઢી નાંખી] તેને ઠેકાણે કોઈ નાપાક હાડકું મુકવામાં આવે, અથવા કોઈ ધામાં કોઈ નાપાક વસ્તુ ભરી દેવામાં આવે અને તે ઘા રૂઝાઈ જાય, તો તે (હાડકા કે વસ્તુ) ને કાઢી નાંખવાની જરૂર નથી પણુ તે પોતાની મેળેજ પાક થઈ જશે. (શામી પૃ. ૨૪૧ જી. ૧લી).

(૩૧) મસઅલો. તેલ, ઘી, મુરદાર જનાવરની ચરબી વિગેરેના જેવી કોઈ ચીકણી વસ્તુ જો કોઇ ચીજમાં લાગી જાય, અને એટલી બધી વખતે તે ધોવામાં આવે કે સાફ સ્વચ્છ પાણી [તેને ધોવાથી] નીકળે તો તે પાક થઈ જશે, અગરજો તે ચીજની ચીકાસ બાકી રહી જાય. [શામી પૃ. ૨૪૧ જીલ ૧લી]. **(૩૨) મસઅલો.** નાપાક ચીજ પાણીમાં પડી અને તેના છાંટા ઉડીને કોઈના ઉપર પડે તો તે [છાંટા] પાક છે. પણુ તે એવી શર્તે કે તે નાપાક વસ્તુની કંઇ પણુ અસર તે છાંટાઓમાં દેખાય નહીં. [મરાકીલ ફલાહ પૃ. ૮૫]. **(૩૩) મસઅલો.** બેવડું લૂગડું અથવા રૂનું (હિંદુસ્થાનમાં લુગડામાં રૂ ભરીને પેહેરવાનું લુંગડું બનાવે છે તેવું) લુગડું જો એક બાજુએથી નાપાક થઈ જાય અને બીજી બાજુએથી પાક રહે તો તે તમામ લુગડું નાપાક ગણાશે, તેનાપર નમાઝ પઢવી દુરસ્ત નથી. (ખ મુફ્તીઇન).

(૩૪) મસઅલો મરઘું કે કોઇ બીજું પક્ષી પાણીમાં એવી રીતે બાફી કાઢવામાં આવે કે તેના પેટ અંદરની નાપાકી દૂર કરવામાં આવી નહીં હોય, જેવી રીતે કે આજકાલ અંગ્રેજો કરે છે અને તેઓને જોઇ કેટલાક હિંદુસ્તાની [જેંટલમેનો] તેઓને પગલે ચાલે છે તો તે કોઈ પણુ રીતે પાક થઈ શકતું નથી (અને જ્યાં સુધી તેની અંદરની નજાસત કાઢી સાફ ધોવામાં નહી આવે ત્યાં સુધી તેને ખાવું જાયઝ નથી.) **(૩૫) મસઅલો.** ચાંદ કે સૂરજ તરફ મોં કે પૂઠ કરીને પિશાબ કે જાજરૂ કરવાને બેસવું મકરૂહ છે. [શામી]. **(૩૬) મસઅલો.** નેહેર કે તળાવને કાંઠે પિશાબ કે જાજરૂ કરવું મકરૂહ છે. અગરજો નાપાકી તેમાં પડે નહીં. અને એવીજ રીતે જે ઝાડના છાયા હેઠળ લોકો (આરામ લેવા) બેસતા હોય અથવા ફૂળ કે ફળનું ઝાડ હોય, અથવા શરદ ઋતુમાં તડકો ખાવા જે લોકો જે ઠેકાણે બેસતા હોય, અથવા જનાવરોની વચ્ચે, અને મસીદ કે ઈદગાહથી એટલે પાસે કે જેથી નમાઝ પઢનારાઓને તેની ગંધથી ઈજા પોંહચે, અને કબરસ્તાનમાં, અને એવી જગ્યાએ કે જ્યાં લોક વઝુ કે ગોસલ કરતા હોય, રસ્તામાં એવી

દિશાએ કે જે તરફથી હવા આવતી હોય, કોઈ બાકા કે કાણુામાં, રસ્તાની પાસે અને કાફલો (પડેલો) હોય ત્યાં અને જ્યાં લોકોનો મેળાવડો હોય, મકરૂહ તહરીમી છે. સાર એ કે જે ઠેકાણે લોકો ઉઠના બેસતા હોય અને તેઓને ઇજા થાય, અને એવી જગ્યાએ કે જ્યાંથી નજાસત વહીને આપણી તરફ આવે, મકરૂહ છે. (શામી, ખઝાનતુલ મુફતીઇન).

પેશાબ અને જાજરૂ કરતી વખતે કયા કામોથી બચવું જોઇએ.

વાત કરવી, વગર જરૂરે ખાંસવું, (કુરઆને શરીફની) કોઇ આયત, હદીસ અને કોઈ બીજી એવીજ ઇબાદતની ચીજ પઢવી (દોઆ ઝીકર વિગેરે). એવી ચીજ કે જેનાપર ખોદા અથવા નબી અથવા ફિરસ્તા અથવા કોઈ મહાન માણસ (સહાબી કે વલીયલ્લાહ) નું નામ હોય, અથવા હદીસ અથવા દોઆ લખેલી હોય તેને સાથે રાખવું. વગર જરૂરે સૂઇને અથવા ઉભા રહીને પેશાબ કે જાજરૂ કરવી. તમામ લુગડાં કાઢી નાંખી નાંગા થઇ પેશાબ કે જાજરૂ કરવી, જમણા હાથથી પેશાબ કે જાજરૂ ધોવુ. (ખ. મુફતીઇન, શામી, મ. ફલાહ).

કઇ ચીજોથી પેશાબ કે જાજરૂ પાક કરવી જાયઝ નથી.

હાડકું, ખાવાની (દરેક) ચીજ, છાણુ અને તમામ નાપાક ચીજો અને તે પથ્થર કે ઢેફું કે જેનાથી એક વખતે ઇસતિંજો કીધો હોય). પાકી ઈંટ, ઠીકરી, કાચ, લોઢું, ચાંદી, સોનું, પિત્તળ વિગેરે, કોલસો ચુનો (મ. ફલાહ). એવી ચીજો કે જેનાથી ઇસતિંજો કરવાથી નજાસત સાફ થાય નહીં, જેવો કે સરકો વિગેરે (તહતાવી, ખ. મુફતીઇન). તે ચીજો કે જેને જનાવરો ખાતા હોય જેવી કે ભૂસું અને ઘાસ વિગેરે એવી ચીજો કે જે કીમતી હોય, પછી થોડી કિમ્મતની હોય કે વધારે કિમ્મતની જેવી કે કપડું, અરક વિગેરે. માણુસના [બદનના] અંગ જેવા કે વાળ, હાડકાં, માંસ વિગેરે મસીદની સાદડી, કચરો અથવા સાવરણી વિગેરે ઝાડનાં પાંતરાં, કાગળ પછી તે લખેલો હોય કે સાદો ઝમઝમનું પાણી, બીજાનો માલ તેની રજા લીધા વગર પછી તે પાણી હોય કે લૂગડુ હોય, અથવા બીજી કોઈ ચીજ હોય, રૂ અથવા એવી ચીજો કે જેનાથી માણુસ અથવા તેઓનાં ઢોરો ફાયદો ઉઠાવે છે. એવી તમામ ચીજોથી ઇસતિંજો કરવો મકરૂહ છે. (શામી, તહતાવી).

ચીજો જેનાથી ઇસતિંજો વગર કરાહતે દુરસ્ત છે.

પાણી, મટોડીનું ઢેફું, પથ્થર, લુગડું, અને તે સઘળી ચીજો કે જે પાક હોય અન નજાસતને સાફ કરી શકે; તે એવી શર્તે કે કોઇની માલકીની અને માન દેવા લાયક નહોય. (દુ. મુખતાર, મ ફલાહ, ખ. મફતીઇન)

વઝુનું બયાન.

(૧) મસઅલો:—દાઢીની ખિલાલ (આંગળા નાંખી સાફ કરવી) ત્રણુ વખત મોં ધોતી વખતે દરેક વખત ખિલાલ કરે અને ત્રણુ વખત કરતાં વધુ વખત કરે નહિ **(૨) મસઅલો:—**ગાલ અને કાન વચ્ચેની જગ્યા ધોવી ફરઝ છે પછી દાઢી નીકળી હોય અથવા તો નહીં નીકળી હોય. **(૩) મસઅલો:—**હડપચીને ધોવી ફરઝ છે. તે એવી શર્તે કે તેનાપર દાઢીના વાળ ઉગેલા ન હોય પણુ જો ઉગેલા હોય તો એટલા થોડા હોય કે જેથી તે તરત નજરે પડે. **(૪) મસઅલો:—**હોઠનો તે ભાગ કે જે મોં બંધ થયા પછી જોવામાં આવે છે તેનું ધોવું ફરઝ છે. **(૫) મસઅલો:—**દાઢી, મૂછો અને મોં જો એવાં હોય કે તેની નીચેનો ભાગ તરત નજરે નહીં પડતો હોય તો તેઓની નીચેની જગ્યાને ધોવી

ફરજ નથી. (૬) મસઅલો:—મોં દાઢી અથવા મૂછો એવી ઘીચ હોય કે તેઓની નીચેની ચામડી નજરે નહીં પડતી હોય તો ચેહરાના હદની અંદર આવેલા વાળોને ધોવા માત્ર વાજિબ છે પણ જે વાળ ચહેરાની હદથી આગળ વધી ગયેલા હોય તેઓનું ધોવું વાજિબ નથી. (૭) મસઅલો જો કોઈ માણસને આમણ બાહાર નીકળે તો તેના થી વઝુ તુટી જશે. પછી ગમે તો તે પોતાની મેળે અંદર ચાલી જાય અથવા લાકડી કે લૂગડું કે હાથ વડે અંદર દાખેલ કરી દેવામાં આવે. (૮) મસઅલો:—મની (વીર્ય) જો શહવત (કામ શક્તિ) વગર નીકળે તો વઝુ તેનાથી તૂટી જશે, જેવી રીતે કે કોઇએ કોઈ બોજો ઊઠાવ્યો અથવા કોઈ ઉંચે ઠેકાણેથી પડી ગયો, અને એવી રીતે જોખમાયાથી મની વગર શહવતે બાહાર નીકળી આવી.

(૯) મસઅલો:—જો કોઇ થોડો ગાંડો હોય પણ ગાંડપણાની હદે નહી પોહોંચ્યો હોય તો તનો વઝુ ટૂટશે નહીં (૧૦) મસઅલો:— જો કોઈ માણસ સૂઇ જાય અને સૂવાની હાલતમાં જોરથી હસે તો વઝ તૂટશે નહીં. (૧૧) મસઅલો:—જનાઝાની નમાઝ અને તિલાવતના સિજદામાં જોરથી હસવાથી વઝ જતો નથી પછી તે (હસનારો) બાલેગ હોય કે નાબાલેગ

મોજાંઓ ઉપર મસહ કરવાનું બયાન.

(૧) મસઅલો:—બૂટપર મસહ કરવો જાયઝ છે તે એવી શર્તે કે બૂટ સાથે આખા પગને ઢાંકે અને તેની દોરીઓથી (અથવા રબર કે ચામડાથી) તેમાં થતી ફાટને એવી રીતે બંધ કરી દીએ કે પગ અંદરની ચામડી, જેટલી દેખાવવાથી મસહ નાજાયઝ થાય છે તેટલી દેખાય નહીં. (૨) મસઅલો:—તયમ્મુમની હાલતમાં કોઇએ મોઝાં પેહેર્યાં પછી વઝુ કરે ત્યારે તે મોઝાં ઉપર મસહ કરે નહીં કેમકે તયમ્મુમની સંપુર્ણ તહારત (પૂરેપૂરી પાકી) નથી. પછી તે તયમ્મુમ માત્ર ગોસલનો હોય અથવા વઝુ અને ગોસલ બન્નેનો હોય. (૩) મસઅલો:—ગોસલ કરનારને મસહ જાયઝ નથી. પછી તે ગોસલ ફરઝ હોય અથવા સુંનત હોય. જેવી રીતે કે પોતે બેસીને પગને કોઈ ઉંચી જગ્યાપર મુકી પગ સિવાય આખા બદનને ધુએ. અને ત્યાર પછી પગપર મસહ કરે તો એ જાયઝ નથી. (દુર્રેમુખ્તાર વિગેરે.)

(૪) મસઅલો:—ઉજરવાળાનો વઝુ નમાઝનો વખત ગુજરી ગયા પછી તૂટી જાય છે. તેવીજ રીતે તેનો મસહ પણ બાતેલ થાય છે. પણ (મસહ કરનારને) મોજાં કાઢી નાંખી પગોને ધોવા વાજિબ છે અલબત જો તેની બીમારી વઝુ કરતી વખતે અને મોજાં પેહેરતી વખતે માલમ પડે નહીં તો બીજા તંદુરસ્ત આદમીઓ પ્રમાણે તે પણ ગણાશે. (૫) મસઅલો:— પગનો ઘણો ભાગ કોઈ અમુક રીતે ધોવામાં આવ્યો એવી હાલતમાં મોઝાં ઉતારી પગો ધોવા જોઇએ.

હદસે અસગર, એટલે બેવજુ હોવાની હાલતનું બયાન.

(૧) મસઅલો:—કાગળ વિગેરે સિવાય કોઈ બીજી ચીજપર કુરઆન અથવા તેની કોઈ આયત લખેલી હોય તો માત્ર લખેલી જગ્યાને હાથ લગાડવો મકરૂહ છે ખાલી જગ્યાને હાથ અડકાવવો મકરૂહ નથી. (૨) મસઅલો:—કાગળ અથવા બીજી કોઈ એવીજ ચીજ (જેવી કે લુગડું વિ.) પર કુર્આને શરીફની એક પણ (પૂરી) આયત લખેલી હોય તો તે પૂરેપૂરા કાગળને હાથ અડકાવવો મકરૂહે તહરીમી છે પછી ગમે તો આયત લખેલી જગ્યાને અડકાવે અથવા નહીં લખેલી જગ્યાને. (૩) મસઅલો કાગળ વિગેરે સિવાય કોઈ બીજી ચીજ જેવી કે પથ્થર વિગેરે પર કુર્આને શરીફનું લખવું મકરૂહ નથી. તે એવી શર્તે કે લખેલી જગ્યાને હાથ લગાડે નહીં અગર જો સાદી જગ્યાને પકડે

(૪) મસઅલો:--એક નાની આયતથી ઓછું લખવું મકરૂહ નથી. પછી ગમે તે ચીજપર લખે **(૫) મસઅલો:**--બાલેગ નહી થયેલાં બચ્ચાંઓને બે વજૂ હોવાની હાલતમાં પણ કુર્આને શરીફ દેવું અને તેઓને તેને હાથ લગાડવા દેવું મકરૂહ નથી. **(૬) મસઅલો:**--કુર્આને શરીફ સિવાય બીજી આકાશી કિતાબો જેવી કે તૌરૈત અને ઇનજીલ અને ઝબુર વિગેરેને જ્યાં લખેલુ હોય ત્યાંજ હાથ લગાડવો મકરૂહ છે સાદી જગ્યાને અડકવુ મકરૂહ નથી અને કુર્આનની જે આયાતો પઢવામાં મનસુખ થયેલી હોય તેઓને માટે પણ એવોજ હુકમ છે. **(૭) મસઅલો:**--વજૂ કીધા પછી શક થાય કે કોઈ અંગ ધોવાનો રહી ગયો પણ તે કયો અંગ છે તે નક્કી કરી શકાતું ન હોય તો એવી હાલતમા શક દૂર કરવા (ફક્ત) ડાબા પગને ધોઈ લીએ એવીજ રીતે વજૂ કરતી વખતે કોઈ અંગને માટે એવો શક ઉત્પન્ન થાય તો એવી હાલતમાં છેલ્લા અંગને ધુએ જેવી રીતે કે કોણીઓ સુધી હાથ ધોયા પછી એવો શક પેદા થયો તો મોં ધોઈ નાખે અને જો પગ ધોતી વખતે એવો શક પેદા થાય તો (કોણી સુધી) હાથો ધોઈ નાંખે પણ એવી રીતે તેજ વખતે કરવું જોઇએ. કે કોઈ કોઈ વખતે એવો શક પેદા થતો હોય પણ જો કોઇને હમેશ એમ થતું હોય તો તેને જોઇએ કે એવા શક તરફ ધ્યાન દીએ નહી, પણ પોતાના વજૂને પુરેપુરો થયલો ગણે (કેમકે વજૂને માટે એવો શક દેનાર એક ખાસ શેતાન છે તેની વાત માને નહી) **(૮) મસઅલો:**--મસીદની (જે જગ્યા નમાઝ પઢવામાં આવતી હોય તે જગ્યા) માં વઝુ કરવુ દુરસ્ત નથી અલબત જો એવી રીતે (અથવા એવી જગ્યામાં) વઝુ કરે કે જેથી વઝુનું પાણી મસીદમાં ઢોલાય નહીં તો કંઇ હરકત નથી. એ બાબત ઘણે ઠેકાણે સંભાળ રાખવામાં આવતી નથી. વજૂ એવી જગ્યાપર કરવામાં આવે છે કે વજૂનું પાણી વહીને મસીદની સેહેનમાં જાય છે.

(૯) મસઅલો કોઈ માણસને એવી બીમારી હોય કે જેથી વજૂને તોડનારી ચીજો તેને જારી રહે (વજૂ વારંવાર તુટી જાય) તેને વાસ્તે મુસ્તહબ છે કે નમાઝના છેલ્લા મુસ્તહબ વખત સુધી રાહ જુએ અને પછી વઝુ કરે એવું ધારીને કે કદાચ છેલ્લા (મુસ્તહબ) વખત સુધી તેની માંદગી જતી રહે.

ગોસલનું બયાન.

(૧) મસઅલો હદસે અકબર (મોટી નાપાકી) થી પાક થવાને માટે ગોસલ કરવું ફરઝ છે. અને હદસે અકબર થવાના ૪ કારણો છે —પેહેલુ કારણ વીર્યનુ નીકળવુ એટલે મનીનુ પોતાની જગ્યાથી કામજોશને (શહવતને) લીધે જુદા થઇને શરીરથી બાહર નીકળવુ પછી સુવામાં હોય, જાગ્રત અવસ્થા (હોંશીયારી) માં હોય, બેભાન અવસ્થા (બેહોશી) માં હોય, સભોગ (મોહબ્બત) કરતી વખતે હોય. અથવા સભોગ નહી કરતી વખતે હોય. કોઇ તરેહના વિચારથી હોય, ઇંદ્રીને હલાવવાથી હોય, અથવા બીજી કોઈ રીતે હોય **(૨) મસઅલો** જો વીર્ય પોતાની જગ્યાથી શહવતની સાથે જુદુ પડયુ પણ ઇંદ્રીથી બાહેર નીકળતી વખતે શહવત બાકી રહી નહી ત્યારે પણ ગોસલ ફરઝ થઈ જવાનુ. દાખલા તરીકે વીર્ય પોતાની જગ્યાથી શહવતથી જુદું પડયું પણ તેણે ઇંદ્રીના મોંને પોતાના હાથથી બધ કરી લીધુ અથવા રૂ વિગેરે તેમાં મુકી દીધુ પણ થોડા વખત પછી જ્યારે શહવત દૂર થઇ ગઇ ત્યારે તેણે ઇંદ્રીપરથી હાથ અથવા રૂ ખસેડી લીધાં અને મની વગર શહવતે નીકળી ગઈ ત્યારે પણ ગોસલ ફરઝ થઈ જશે

(૩) મસઅલો જો કોઇની ઇંદ્રીમાંથી કેટલીએક મની નીકળી અને કેટલીએક અદર બાકી રહી ગઇ અને તેણે ગોસલ કરી લીધું ગોસલ કીધા પછી જે વીર્ય અંદર બાકી રહી ગયું હતું તે વગર શહવતે બાહેર નીકળી આવ્યું. તો એવી

હાલતમાં પેહેલો ગોસલ કીધેલો નકામો થવાનો ફરીથી બીજી વાર ગોસલ કરવું ફરઝ થઈ જશે પણ તે એવી શરતે કે આ બાકી રહી ગયલી મની સૂવા આગળ મૂતરવા આગળ અથવા ચાલીશ પગલાં ચાલ્યા અગાઉ (અંદરથી) બાહેર નીકળે. **(૪) મસઅલો** મૂતરવા પછી શહવતની સાથે જો કોઈની ઈંદ્રીમાંથી વીર્ય નીકળે તો તેના પર પણ ગોસલ ફરઝ થઈ જશે **(૫) મસઅલો** જો કોઈ પુરૂષ કે સ્ત્રીને સૂઈને ઉઠયા પછી પોતાના અંગ કે લૂગડાંપર ભિનાશ માલમ પડે તો તેની ઘણી હાલતો છે. પણ તે સઘળી હાલતોમાં માત્ર સાતની અંદર ગોસલ ફરઝ છે:— (૧) એમ નકકી માલમ પડે કે આ મની છે અને તેને એહતેલામ યાદ હોય (૨) યકીન થાય કે આ મની છે અને એહતેલામ (સ્વપ્નું) યાદ ન હોય (૩) નકકી થઈ જાય કે આ મની છે અને એહતેલામ યાદ હોય.

(૪) શક હોય કે આ મની છે કે મઝી (શહવત થયાથી ઈંદ્રીમાંથી નીકળતો પ્રવાહ) * અને એહતેલામ યાદ હોય (૫) શક હોય કે આ મની છે કે વદી અને એહતેલામ યાદ હોય (૬) શક હોય કે આ મઝી છે કે વદી અને એહતેલામ યાદ હોય. (૭) શક હોય કે આ મની છે, વદી છે કે મઝી છે અને એહતેલામ યાદ હોય. **(૬) મસઅલો**—જો કોઈ માણસની ખતના (સુંનત) નહી થઈ હોય અને તેની મની ઈંદ્રીમાંથી નીકળી તે ચામડીમાં અટકી જાય કે જે ચામડીને સુંનત કરતી વખતે કાપી નાંખવામાં આવે છે, તો તેનાપર ગોસલ ફરઝ થઈ જશે, અગરજો તે મની તે ચામડીને બહાર આવી નહી હોય. (બહરૂર રાયક વિગેરે)

કારણ બીજું ઈલાજ એટલે શહવતવાળા પુરૂષની ઈંદ્રીનુ ફૂલ (માથું) કોઈ જીવતી સ્ત્રીની યોનીમાં અથવા કોઈ જીવના માણસની એવીજ છુપી જગ્યામાં દાખેલ થઈ જાય પછી તે માણસ પુરૂષ હોય કે સ્ત્રી (અથવા છોકરો હોય કે છોકરી) અથવા નપુંસક (હીજડો) હોય, અને (તેમ કરતાં) મની નીકળે અથવા નહીં નીકળે, એવી હાલતમાં જો બંને એવા હોય કે તેઓપર ગોસલ કરવુ ખરી રીતે લાગૂ પડતુ હોય તો બનેપર અને નહી તો જેનાપર લાગુ પડતુ હોય તે (એક) પર ગોસલ ફરઝ થઈ જશે (દુ. મુખતાર વિગેરે) **(૭) મસઅલો.** જો ઓરત નાની ઉમ્મરની હોય પણ એવી નાની નહી હોય કે તેણીની સાથે સભોગ કરવાથી તેણીનો આગલો અને પાછલો ભાગ એક થઈ જવાની બીક હોય તો તેણીના છુપા ભાગમાં પુરૂષની ઈંદ્રીનો આગલો ભાગ (માત્ર) દાખલ થવાથી મરદપર ગોસલ ફરઝ થઈ જશે, તે એવી શર્તે કે તેને ગોસલ કરવુ શરીઅતથી લાગુ પડતું હોય (એટલે તે બાલેગ હોય). **(૮) મસઅલો.** જે પુરૂષની ગોળીઓ (ખુસિયા) કપાયલી હોય તેની ઈંદ્રીનુ માથુ જો કોઈની છુપી જગ્યામાં અથવા ઓરતની છુપી જગ્યામાં દાખલ થઈ જાય ત્યારે પણ ગોસલ ફરઝ થઈ જશે પછી બનેપર ગોસલની શર્તો લાગુ પડ તો બને પર અને નહી તો જેનાપર તે લાગુ પડતી હોય (કાઝીખાન)

(૯)મસઅલો. જો કોઈ મરદના છુપા ભાગનું માથુ કપાઈ ગયું હોય તો તેના બાકી અંગમાં ઈંદ્રીના માથા જેટલા ભાગનુ દાખેલ થવું ગણવામાં આવશે (બહર. દુ મુખ્તાર) **(૧૦) મસઅલો** જો કોઈ માણસ ઈંદ્રીપર લુગડું લપેટી (સ્ત્રી કે મરદના) છુપા ભાગમાં દાખેલ કરશે ત્યારે જો પાતળું હોવાને લીધે (સામા પક્ષવાળાની) બદનની ગરમી એને માલમ પડશે તો ગોસલ ફરઝ થઈ જશે. (બહર.) **(૧૧) મસઅલો.** કોઈ સ્ત્રી શહવતના જોરમાં પોતાના છુપા ભાગમાં વગર શહવતવાળા મરદની અથવા કોઈ જનાવરની ઈંદ્રીને અથવા લાકડી કે પોતાની આંગળીને દાખેલ કરશે

* મની અને મઝીમાં ફરક એ છે કે મની નીકળવાથી શહવત જતી રહે છે પણ મઝી નીકળવાથી શહવત ઓછી થતી નથી. મૂતરવા આગળ કોઈ વખતે એક તરેહનો ચીકણો પદાર્થ નીકળે છે તેને વદી કહે છે.

તો તેનાપર ગોસલ ફરજ થઈ જશે, પછી મની નીકળે અથવા નહીં નીકળે (શામી, બહરૂર રાયકનો હાશિયો). **ત્રીજું કારણ** હૈઝથી પાક થવું અને **ચોથું કારણ** નફાસથી પાક થવુ જેઓના મસઅલાઓ આગલા ભાગોમાં બયાન કરવામાં આવ્યા.

જે હાલતોમાં ગોસલ ફરજ નથી. (તેઓનું બયાન).

(૧) મસઅલો. મની જો શહવતની સાથે પોતાની જગ્યાથી જુદી નહી પડે ત્યારે અગરજો તે બહાર નીકળી આવે છતાં ગોસલ ફરજ થશે નહી દાખલા તરીકે કોઈ માણસે ભાર ઉચક્યો અથવા કોઈ ઉચી જગ્યાથી તે પડી ગયો અથવા કોઈએ તેને માર્યો અને તેની હરકતથી વગર શહવતે તેને વીર્ય નીકળી પડ્યુ તો ગોસલ ફરજ થશે નહીં **(૨) મસઅલો.** પુરૂષ કોઈ એવી નાની છોકરી સાથે સંભોગ (સોહબત) કરે કે જેણીનો આગલો અને પાછલો ભાગ તેમ કરવાથી એકત્ર થઈ જવાની બીક હોય, તેમજ તે મરદને મની નહી નીકળે તો ગોસલ ફરજ થશે નહી. **(૩) મસઅલો.** જો કોઈ પુરૂષ પોતાની ઈંદ્રીપર લુગડુ લપેટી સોહબત કરે તો ગોસલ ફરજ થશે નહી. પણ તે એવી શરતે કે તે લુગડુ એટલુ જાડુ હોય કે (સામા માણસના) શરીરની ગરમી તે (લુગડા) ને લીધે તેને માલમ પડે નહી **(૪) મસઅલો.** જો કોઈ પુરૂષ પોતાની ઈંદ્રીનો આગલો થોડોક ભાગ એટલે ફૂલના પુરા ભાગ કરતાં ઓછો ભાગ (કોઈના છુપા ભાગમાં) દાખલ કરશે તો ગોસલ ફરજ થશે નહી **(૫) મસઅલો.** મઝી અને વદીના નીકળવાથી ગોસલ ફરજ થતો નથી. **(૬) મસઅલો.** જો કોઈ ઓરતને બચ્ચું પેદા થાય. અને લોહી જરા પણ નીકળે નહીં, તો તેણીપર ગોસલ ફરજ થશે નહીં. **(૭) મસઅલો.** ઇસ્તિહાઝાથી ગોસલ ફરજ થશે નહીં.

(૮) મસઅલો. જો કોઈ શખસને એવી બીમારી હોય કે તેનું વીર્ય હંમેશ વહ્યા કરે તો તેનાપર ગોસલ ફરજ નથી. **(૯) મસઅલો.** સુઈને ઉઠ્યા પછી જો લુગડાપર ભિનાસ જણાય તો નીચે લખેલી હાલતોમાં ગોસલ ફરજ નથી. (૧) નકકી થઈ જાય કે આ મઝી છે અને એહતેલામ (સ્વપ્નુ) યાદ ન હોય (૨) શક હોય કે આ મની છે કે મઝી અને એહતેલામ યાદ ન હોય. (૩) શક હોય કે તે મની છે કે વદી અને એહતેલામ યાદ ન હોય (૪) શક હોય કે તે મઝી છે કે વદી અને એહતેલામ યાદ ન હોય (૫, ૬) નકકી સાબેત થઈ જાય કે આ વદી છે. પછી એહતેલામ યાદ હોય અથવા નહી યાદ હોય. (૭) શક હોય કે તે મની છે કે મઝી છે કે વદી છે અને એહતેલામ યાદ નહીં હોય અલબત બીજી ત્રીજી અને સાતમી હાલતમાં બચાવને અર્થે (એહતેયાતને વાસ્તે) ગોસલ કરી લેવું જરૂર છે **(૧૦) મસઅલો** હુકના (કે અમલ અથવા એનીમા) ને પાછલા ભાગમાં દાખલ કરવાથી ગોસલ ફરજ થતો નથી. **(૧૧) મસઅલો** પુરૂષ જો પોતાની ઇંદ્રિ મરદ કે ઓરતની ડુંટીમાં દાખલ કરશે તો ગોસલ ફરજ થશે નહી **(૧૨) મસઅલો** કોઈ માણસ સ્વપ્નામાં પોતાની મની નીકળતી જુએ અને તેની નીકળવાની લઝ્ઝત પણ તેને જણાય તો પણ લુગડા પર ભિનાસ અથવા કોઈ બીજા તરેહની અસર તેને માલમ પડે નહીં તે ગોસલ ફરજ થશે નહી

જે હાલતોમાં ગોસલ વાજિબ છે. (તે હાલતોનું બયાન.)

(૧) જો કોઈ કાફેર મુસલમાન થાય અને કુફરની હાલતમાં તેને હદસ અકબર (ગોસલ ફરજ થવું) લાગુ પડ્યું હોય અને તે ન્હાયો ન હોય, અથવા ન્હાયો તો હોય પણ (ગોસલના ફરઝો અદા નહી થવાને લીધે) તે ગોસલ શરીઅતથી ખરો નહીં ગણાયો હોય, તો તેના પર ઇસલામ લાવ્યા પછી ગોસલ કરવુ વાજિબ છે.

(૨) જો કોઈ માણુસ પંદર વરસની ઉમર થવા આગળ બાલેગ થઈ જાય તો તેને ન્હાવું વાજેબ છે. (૩) મુસલમાનના મડદાને (શબને) ન્હવાડવું (તેને ગોસલ દેવું) વાજિબ કિફાયા છે. (એટલે જો એક મુસલમાન પણ તેને ન્હવાડશે નહીં તો તે જગ્યાના તમામ મુસલમાનો ગુન્હેગાર થશે)

જે હાલતોમાં ગોસલ કરવું સુંનત છે.

(૧) જે લોકોપર જુમ્માની નમાઝ વાજેબ છે (એટલે શેહર અથવા મોટા કસ્બાના) તેઓને જુમ્માને દહાડે સવારની નમાઝ પછી જુમ્માની નમાઝ સુધી ગોસલ કરવું સુંનત છે. (૨) બંને ઇદોને દહાડે સવાર પછી તેઓને ગોસલ કરવું સુંનત છે કે જેઓપર ઇદની નમાઝ પઢવી વાજેબ છે (એટલે શેહેરવાળા અને મોટા કસ્બાવાળાને; ગામડામાં જુમ્મા અને ઇદની નમાઝ જાયઝ નથી). (૩) હજ્જ અથવા ઉમરાનુ એહરામ બાંધતી વખતે ગોસલ કરવું સુંનત છે. (૪) હજ્જ કરનારને અરફાને દહાડે ઝવાલ થયા પછી ગોસલ કરવું સુંનત છે.

જે હાલતોમાં ગોસલ કરવું મુસ્તહબ છે.

(૧) ઇસલામ લાવતી વખતે ગોસલ કરવું (કાફેરને) મુસ્તહબ છે અગરજો તે મોટી નજાસતથી (હદસે અકબરથી) પાક હોય. (૨) કોઈ છોકરો કે છોકરી જ્યારે ૫ંદર વરસની વયે પોંહચે અને તે વખતે કોઈ પણ નિશાની જુવાનીની તેનામાં જણાય નહીં તો તે ગોસલ કરે, એ મોસ્તહબ છે. (૩) તુમડી લગાડયા પછી અને ગાંડપણ કે મસ્તી કે બેભાન હાલત દૂર થવા પછી ગોસલ કરવું મુસ્તહબ છે. (૪) મુડદાને ન્હવાડયા પછી ન્હવાડનારને ગોસલ કરવું મુસ્તહબ છે. (૫) શબે બરાત એટલે શાબાન મહિનાની પંદરમી રાતે ગોસલ કરવું મુસ્તહબ છે. (૬) જેણે લયલતુલ કદર દેખાઈ હોય તેને તે રાતે ગોસલ કરવું મુસ્તહબ છે. (૭) મદીનએ મુનવ્વરામાં દાખેલ થતી વખતે ગોસલ કરવું મુસ્તહબ છે. (૮) મુઝદલફામાં દસમી તારીખે સવારમાં થોભવામાં સવારની નમાઝ પછી ગોસલ કરવું મુસ્તહબ છે. (૯) ઝીયારતનો તવાફ કરવા વાસ્તે ગોસલ મુસ્તહબ છે. (૧૦) (હજમાં) કાંકરા ફેંકતી વખતે ગોસલ કરવું મુસ્તહબ છે. (૧૧) સૂર્ય ગ્રહણ ચાંદ ગ્રહણ અને વરસાદ માંગવાની નમાઝો વાસ્તે ગોસલ કરવું મુસ્તહબ છે. (૧૨) બીક અને તકલીફની નમાઝો વાસ્તે ગોસલ મુસ્તહબ છે (૧૩) કોઈ ગુનાહથી તોબા કરવા વાસ્તે ગોસલ કરવુ મુસ્તહબ છે. (૧૪) સફરથી પાછો ફરી પોતાના વતનમાં દાખલ થાય તે વખતે ગોસલ કરવું મુસ્તહબ છે.

હદસે અકબર× ના હુકમો.

(૧) **મસઅલો.** (હદસે અકબરની હાલતમાં) મસીદમાં (જમાતખાના કે સેહનમાં જ્યાં ગરમીના દહાડામાં ફરઝ નમાઝ જમાતથી પઢાતી હોય ત્યાં) દાખલ થવું હરામ છે. અલબત્ત જો નહીં ચાલે એવી કોઈ મોટી જરૂર હોય તો જાયઝ છે. દાખલા તરીકે કોઇનો દરવાજો મસીદમાં હોય, અને (તે સિવાય) બીજો કોઈ દરવાજો બહાર નીકળવાનો નહીં હોય, તો તેને જોઇએ કે મસીદમાં તયમ્મુમ કરીને જાય, અથવા કોઈ મસીદમાં પાણીનો કુવો હોય અથવા હોજ હોય. અને તે જગ્યા વિના બીજે કોઈ ઠેકાણે પાણી હોય નહીં. (એટલે તે જગ્યા વિના તેને બીજે ઠેકાણે પાણી મળી શકે નહીં. ત્યારે તયમ્મુમ કરી તે મસીદમાં જવું જાયઝ છે. (૨) **મસઅલો.** (એવા ગોસલની હાલતમાં) ઇદગાહ, મદરસા અને ખાનગાહમાં જવું જાયઝ છે, (૩) **મસઅલો.** હેઝ અને નિફાસની હાલતમાં (પોતાની) સ્ત્રીનું શરીર ડુંટી અને રાનો વચ્ચેનું જોવું અ-

× હદસ અકબર એટલે ફરઝ કે વાજિબ ગોસલ કરવું હોય તેવી હાલતો.

થવા પોતાનું બદન તેની સાથે અડકાવવું એવી રીતે કે વચ્ચે કોઈ લુગડું ન હોય મકરૂહે તહરીમી છે; અને સોહબત (સંભોગ) કરવી હરામછે.

(૪) મસઅલો. હૈઝ અને નફાસની હાલતમાં ઓરતને ચુંબન કરવી અને તેણીનું એઠું પાણી વિગેરે પીવું અને તેણીને કોટી કરીને સૂવું, અને તેણીની ડુંટી અને ડુંટીની ઉપર, અને રાન અને રાનની નીચેના શરીર સાથે પોતાનું શરીર અડકાવવું, અગરજો વચ્ચે લુગડું ન હોય, અને ડુંટી અને રાનોની વચ્ચે લુગડાની સાથે અડકાવવું જાયઝ છે. એટલુંજ નહી પણ હૈઝને લીધે ઓરતથી જુદા થઈને સૂવુ અથવા તેણીની સાથે એકાંતમાં નહી બેસવું ઉલ્ટુ મકરૂહ છે. **(૫) મસઅલો.** જો કોઈ માણુસ સૂઈને ઉઠયા પછી પોતાના લૂગડાપર ભિનાસ જુએ અને સુવા આગળ તેની ઈંદ્રી (કામ જોશ અથવા શહવતને લીધે) ઉભી હોય તો તેનાપર ગોસલ કરવું ફરઝ થશે નહી, અને તે ભિનાસ મઝી ગણાશે. પણ તે એવી શર્તે કે તેને સ્વપ્નુ યાદ ન હોય, અને તે ભિનાસ મની છે એમ નક્કી થાય નહી. (દુ. મુખ્તાર, રદ્દુલ મોહતાર).

(૬) મસઅલો. અગર બે પુરૂષ કે બે સ્ત્રી અથવા એક પુરૂષ અને એક સ્ત્રી એકજ બિછાનાપર સૂએ સૂઈને ઉઠયા પછી બિછાનાપર મનીની કઈ નિશાની જુએ અને કોઈ પણ રીતે સાબેત થાય નહીં કે એ કોનું વીર્ય છે, અને તેમજ તે બિછાનાપર તેઓ કરતાં પહેલાં કોઈ સુતેલો નહીં હોય તો એવી હાલતમાં બંનેપર ગોસલ ફરઝ થશે. અને જો તેઓના પહેલાં કોઈ બીજું તેનાપર સુતેલું હોય અને વીર્ય સૂકાઇ ગયલું હોય તો એ બંને હાલતોમાં બંનેમાંથી કોઈનાપર ગોસલ ફરઝ થશે નહી. (દુ. મુખ્તાર, બહર) **(૭) મસઅલો.** કોઈનાપર ગોસલ ફરઝ હોય અને તેને પડદાની જગ્યા મળે નહીં (કે જે ઠેકાણે બેસીને ન્હાય) તો તેને વાસ્તે ખોલાસો એ છે કે મરદને મરદોની સામે નાંગા થઈને ન્હાવું વાજેબ છે. એવીજ રીતે ઓરતને ઓરતની સામે નાંગા થઇને ન્હાવું વાજેબ છે. અને મરદને ઓરતોની સામે અને ઓરતને મરદોની સામે ન્હાવું હરામ છે. એવે ઠેકાણે તયમ્મુમ કરે. (દુ. મુખ્તાર અને રદ્દુલ મોહતાર).

તયમ્મુમનું બયાન.

(૧) મસઅલો. કુવાથી પાણી કાઢવાને કોઈ ચીજ નહીં હોય અને એવું કોઈ લુગડું પણ નહીં હોય કે જેને કુવામાં નાંખી ભીંજવી લઈ તેને નીચોવી પાકી હાંસલ કરે, અથવા માટલામાં પાણી હોય અને પાણી બહાર કાઢવાની કોઈ ચીજ (પવાલુ વિ.) ન હોય, તેમજ માટલાને વાંકુ કરીને પણ પાણી લઈ શકાતુ નહોય, અને હાથો પણ નાપાક હોય અને કોઈ માણુસ એવું [ત્યાં] ન હોય કે જે તેને પાણી કાઢી દીએ અથવા તેના હાથ ધોવાડી દીએ, એવી હાલતમાં તયમ્મુમ દુરસ્ત છે. **(૨) મસઅલો.** માણુસના રોકાણને લીધે જો તયમ્મુમ કરવામાં આવ્યો હોય તો જ્યારે તે રોકાણ દૂર થઈ જાય તો જેટલી નમાઝો તે તયમ્મુમથી પઢવામાં આવી હોય તે સઘળી (વઝુ કરીને) ફરીથી પઢવી જોઇએ, દાખલા તરીકે કોઈ માણુસ કેદખાનામાં હોય અને કેદખાનાના નોકરો તેને (વઝુને માટે) પાણી નહી દીએ, અથવા કોઈ માણુસ તેને કહે કે જો તુ વઝુ કરશે તો હુ તને મારી નાંખીશ. એવા તયમ્મુમથી જે નમાઝ પઢવામાં આવી હોય તે ફરીથી પઢવી પડશે.

(૩) મસઅલો. એકજ જગ્યાપર અથવા એકજ પથરાપર કેટલાક માણુસો એક પછી એક તયમ્મુમ કરશે તો તે દુરસ્ત છે. **(૪) મસઅલો.** જે માણુસ પાણી અને મટોડી બંનેને [વઝુ કે તયમ્મુમને માટે] વાપરી શકે નહીં, પછી પાણી અને મટોડી નહીં મળવાને લીધે હોય અથવા બીમારીને લીધે હોય તો તેને જોઇએ કે નમાઝને વગર પાકાએ (એટલે

વઝુ કે તયમ્મુમ કીધા વગર) પઢી લીએ પછી (તક મળે ત્યારે) તેને પાછી પઢી લીએ. દાખલા તરીકે કોઈ માણુસ રેલમાં બેઠેલો હોય અને નમાઝનો વખત આવી જાય અને પાણી અથવા તે ચીજ કે જેનાપર તયમ્મુમ કરવું જાયઝ છે. જેવી કે મટોડી અને મટોડીના વાસણ અથવા (લૂગડાં, ગોદડાંપરની) ધુળ મળી નહી આવે અને નમાઝનો વખત જતો હોય તો એવી હાલતમાં વગર વઝુએ અથવા તયમ્મુમે નમાઝ પઢી લીએ. એવીજ રીતે જે માણુસ કેદખાનામાં હોય અને તે પાક મટોડી અને પાણીને મેળવી નહી શકે ત્યારે વગર વઝુએ અને વગર તયમ્મુમે નમાઝ પઢી લીએ. પણ મજકૂર બને હાલતોમાં પઢેલી નમાઝને ફરીથી પઢવી પડશે.

(૫) મસઅલો. જે માણુસને એમ નક્કી ખબર હોય અથવા પાકો વિચાર હોય કે નમાઝના છેલ્લા વખત સુધી તેને પાણી મળી આવશે, તેને નમાઝના છેલ્લા વખત [કે જે વખતે નમાઝ પઢવાથી મકરૂહે તહરીમી થતી નથી તે વખત] સુધી પાણી મળવાની રાહ જોવી (અથવા પાણીને માટે થોભવુ.) મુસ્તહબ છે. જેવી રીતે કે કુવામાંથી પાણી કાઢવાને માટે કોઈ ચીજ નહી હોય, અને ભરોસો અથવા પાકો વિચાર હોય કે છેલ્લા વખત સુધી રસ્સી ડોલ મળી આવશે; અથવા કોઈ શખસ રેલ ગાડીમાં બેઠેલો હોય અને તેને પાકો ભરોસો હોય કે છેલ્લા વખત સુધી હું એવા સ્ટેશનપર પોહોંચી જઈશ કે જ્યાં પાણી મળી આવશે તો છેલ્લા **મુસ્તહબ વખત** સુધી (નમાઝને માટે) થોભવું મુસ્તહબ છે.

(૬) મસઅલો. જો કોઈ રેલ ગાડીમાં બેઠેલો હોય અને પાણી નહીં મળવાને લીધે તેણે **તયમ્મુમ** કીધો અને રસ્તામાં ચાલુ ગાડીમાંથી તેને પાણીના તળાવો ખાડાઓ વિગેરે દેખાય તો તેનાથી તેનો તયમ્મુમ તૂટશે નહીં કેમકે એવી હાલતમાં તે પાણી મેળવવાને શક્તિવાન નથી, (કારણ કે) રેલગાડી કંઈ (તેને માટે) થોભશે નહી, અને ચાલુ ગાડીમાંથી તે ઉતરી શકતો નથી.

(બેહસ્તી ઝેવરના પેહલા ભાગનો વધારો પુરો થઈ બીજા ભાગનો વધારો શરૂ થાય છે

બેહેશ્તી ઝેવરના બીજા ભાગનો વધારો.

નમાઝના વખતોનું બયાન.

મુદરિક તે શખસ છે જેને શરૂથી છેલ્લે સુધી કોઈની પાછળ જમાતથી નમાઝ મળે અને તેને મુકતદી અને મોતિમ પણ કહે છે. **મસબૂક** તે શખસ છે કે જે એક રકાત અથવા એકથી વધારે રકાત નમાઝ થઈ ગયા પછી જમાતમા આવીને શામેલ થયો હોય **લાહિક** તે માણસ છે કે જે કોઈ ઇમામની સાથે નમાઝમાં શામેલ થયો હોય અને શામેલ થયા પછી તેની તમામ રકાતો અથવા કેટલીએક જતી રહે પછી તેટલી રકાતો સુવાને લીધે જતી રહી હોય અથવા કોઈ મોટી કે નાની નાપાકી થઈ જવાને લીધે હોય (મરાકિલ ફલાહ, દુ. મુખ્તાર). **(૧) મસઅલો.** મરદોને વાસ્તે મુસ્તહબ છે કે સવારની નમાઝ એવા વખતમાં શરૂ કરે કે અજવાળુ ખુબ થઈ જાય અને [તે પછી] એટલો વખત બાકી હોય કે જો નમાઝ પઢવામાં આવે અને તેમાં ચાળીશ કે પચાસ આયતો સારી રીતે પઢાય, અને નમાઝ પઢયા પછી જો કોઈ કારણથી ફરીથી નમાઝ પઢવામાં આવે તો તેમાં પણ ચાળીશ પચાસ આયતો પઢી શકાય. અને ઓરતોને હંમેશ અને મરદોને (મક્કા શરીફની પાસે આવેલા) મુઝદલફામાં સવારની નમાઝ (નો વખત શરૂ થયા પછી) અંધારામાં પઢવી મુસ્તહબ છે.

(૨) મસઅલો. જુમ્માની નમાઝનો પણ તેજ વખત છે જે ઝોહરની નમાઝનો (વખત) છે. ફરક માત્ર એટલોજ છે કે ગરમીના દહાડામાં ઝોહરની નમાઝ જરા મોડે પઢવી વધારે સારૂં

છે, પછી ગરમી વધારે હોય કે નહીં. હોય અને શિયાળા (સરદીની મોસમ) માં જલદીથી પઢવી મુસ્તહબ છે. (શામી, બ. રાયક). અને ઈદોની નમાઝનો વખત સૂરજ સારી પેઠે નીકળ્યા પછી શરૂ થાય છે અને બપોર (ઝવાલ થાય તે પેહલાં) સુધી રહે છે. સારી પેઠે નીકળવાની મતલબ એકે સૂરજની પીળાશ જતી રહી તેના કિરણો એવા તેજ પડવા લાગે કે તે તરફ જોઈ નહી શકાય અને એ બાબત ફિકેહના આલેમોએ અડસટ્ટો એ રાખેલો છે કે એક ભાલા જેટલો (સૂરજ) ઉંચો થવો જોઈએ બંને ઈદોની નમાઝ જલદીથી પઢવી મુસ્તહબ છે. [મ કલાહ, શામી] **(૪) મસઅલો.** જ્યારે ઈમામ પોતાની જગ્યાથી ઉઠીને ખુત્બો પઢવા ઉભો થાય ત્યારે (મસીદ કે) ઈદગાહમાં નમાઝ પઢવી મકરૂહ છે. પછી તે ખુત્બો જુમ્માનો હોય અથવા બંને ઈદોનો હોય અથવા હજનો હોય કે નિકાહનો હોય.

(૫) મસઅલો. જ્યારે ફરઝ નમાઝની તકબીર થતી હોય તે વખતે નમાઝ પઢવી મકરૂહ છે. અલબત જો સવારની (નમાઝની બે રકાત) સુનતો નહી પઢી હોય અને એ વાતનો ભરોસો હોય કે (સુનતો પઢયા પછી) ફરઝની એક રકાત (જમાત સાથે) મળી જશે (કેમકે ઈમામે કિરાઅત લાંબી શરૂ કીધી છે) તો સવારની સુંનતો પઢી લેવી મકરૂહ નથી [કેમકે દુરરૂલ મુખતારમાં છે કે કેટલાક આલેમોના મઝહબમાં એ બે રકાતો વાજેબ છે]. અથવા (જમાત ઉભી થયા આગળ) જો મોઅક્કદા સુંનતો શરૂ કીધી હોય [અને તે પૂરી થાય તે અગાઉ જમાત ઉભી થાય] તો તે (સુંનત) ને પૂરી કરી લીએ. **(૬) મસઅલો.** ઈદની નમાઝ (પઢવા) આગળ નફિલ નમાઝ પઢવી, પછી ઘરમાં હોય કે ઈદગાહમાં મકરૂહ છે (પણ સવારની કઝા નમાઝ મકરૂહ નથી). અને બંને ઈદની નમાઝ પછી ફકત ઈદગાહમાં મકરૂહ છે.

અઝાંનું બયાન.

(૧) મસઅલો. જો અમુક વખતની તેજ વખતની નમાઝ પઢવા વાસ્તે અઝાં પોકારવામાં આવે તો તેને માટે તે નમાઝના વખતનું (ચોકસ) થઈ જવું જરૂરનુ છે. વખત (ચોકસ) થવા આગળ જો અઝાં દેવામાં આવે તો તે ખરી ઠરશે નહી વખત થયા પછી ફરીથી પોકારવી પડશે પછી ગમે તો તે સવારની અઝાં હોય અથવા તો બીજા કોઈ વખતની હોય (મ. ફલાહ દુ મુખતાર) **(૨) મસઅલો.** અઝાં અને અકામતના શબ્દો અરબી ભાષામાં તેજ બોલવા જોઈએ કે જેની રિવાયત નબી (સલ) થી ચાલતી આવે છે જો કોઈ બીજી ભાષામાં અથવા અરબી ભાષાના કોઈ બીજા શબ્દોમાં પોકારવામાં આવશે તો તે ખરી ગણાશે નહી. અગરજો લોકો તેને સાંભળીને સમજે કે આ અઝાં છે. અને અઝાં દેવાની ગરજ સરે.
(૩) મસઅલો. મોઅઝન (અઝાં દેનાર) મરદ હોવો જોઈએ (નાબાલેગ પણ સમજુ છોકરો હોય તો પણ જાયઝ છે) ઓરતની અઝાં જાયઝ નથી જો કોઈ ઓરત અઝાં દીએ તો ફરીથી (મરદને) અઝાં દેવી જોઈએ અને જો ફરીથી અઝાં દીધા વગર નમાઝ પઢી લેવામાં આવશે તો અઝાં દીધા વગર નમાઝ પઢેલી ગણાશે (જે મકરૂહ છે) (બહર, મ કલાહ તહતાવી) **(૪) મસઅલો.** અઝાં દેનાર અક્કલવાળો હોવો જોઈએ અગર કોઈ અણસમજુ છોકરો, ગાંડો (માણુસ) અથવા ખબ પીધેલો અઝાં પોકારશે તો જાયઝ નથી (ફરીથી પોકારવી પડશે). **(૫) મસઅલો.** અઝાં દેવાનો સુંનત તરીકો એ છે કે અઝાં દેનાર બને તરેહની નાપાકીથી પાક થઈને મસીદથી વેગળે કોઈ ઉંચી જગ્યાપર કિબલા તરફ મોં કરીને ઉભો રહે, અને પોતાના કાનોને કલમાની બંને આંગળીઓથી બંધ કરી પોતાની તાકાત પ્રમાણે મોટે સાદે આ શબ્દો પોકારે, પણ પોતાને તકલીફ થાય

તેટલા જોરથી પોકારે નહીં:—**અલ્લાહો અકબર** ચાર વખત (બબ્બે વખત થોભી થોભીને) પછી **અશહદો અંલ લાએલાહા ઈલ લલ્લાહ** બે વખત, **અશહદો અંના મોહમ્મદર રસૂલુલ્લાહ,** બે વખત, પછી **હઈયાલસ સલાહ,** બે વખતે, **હઈયાલલ ફલાહ** બે વખત, પછી **અલ્લાહોઅકબર** બે વખત પછી **લાએલાહા ઈલલલ્લાહ** એક વખત, અને હઈયા લસ્સલાહ કેહતી વખતે પોતાના મોંને જમણી તરફ ફેરવે તે એવી રીતે કે છાતી અને બંને પગ કિબ્લા તરફથી ફરી શકે નહીં. અને સવારની અઝાંમાં હઈયા લલફલાહ પછી **અસ્સલાતો ખૈરૂમ મિનન નૌમને** પણ બેવાર કહે.

ત્યારે અઝાંના કુલ પંદર શબ્દો થયા, અને સવારની અઝાંમાં સત્તર થયા, અને અઝાંના શબ્દોને ગાયન રૂપે (ગાન તાનથી) પોકારે નહીં અને કેટલાક ધીમા સાદે અને કેટલાક ઉંચા સાદે પોકારે નહીં. અને અલ્લાહો અકબર બેવાર કહીને એટલીવાર ચુપ રહે કે સાંભળનાર તેનો જવાબ દઈ શકે. અને અલ્લાહો અકબર શિવાય બીજા શબ્દોમાં પણ દરેક ફકરા પછી એટલો થોભે કે બીજો (સાંભળનાર) તે ફકરો બોલી લીએ. (શામી)

(૬) મસઅલો. અકામત [બોલવા] ની પણ એજ રીત છે માત્ર ફરક એટલોજ છે કે અઝાં મસીદથી બાહેર કેહવામાં આવે છે એટલે [અઝાં] એવી રીતે બાહેર પોકારવી વધારે સારૂં છે, અને અકામત મસીદની અંદર.

અને અઝાં મોટે સાદે પોકારવામાં આવે છે અને અકામત ધીમે સાદે અકામતમાં અસ્સલાતો ખૈરૂન મિનન્નૌમ નથી (બોલાતું) પણ તેને ઠેકાણે પાંચે વખતે **કદ કામતિસ સલાત** બે વખત [બોલવું.] અને એકામત કેહતી વખતે કાનના છેદોને બંદ કરવા નહીં. કેમકે કાનના છેદો સાદ મોટેથી [સારી પેઠે] નીકળે એટલા માટે બંદ કરવામાં આવે છે, અને અહીં તે મતલબ નથી. અને અકામતમાં "હઈયા લસ્સાલાહ" "હઈયા લલફલાહ" કેહતી વખતે જમણી અને ડાબી તરફ મોં ફેરવવું જોઈએ નહીં. એટલે જરૂરી નથી. હા કેટલાક ફિકેહવાળાઓએ લખ્યું છે.

અઝાં અને અકામતના હુકમો.

(૧) દરેક ખાસ ફરઝ નમાઝને માટે એક વખત અઝાં કેહવી મરદોને માટે સુંનતે મોઅક્કદા છે, પછી તે મુસાફર હોય કે મોકીમ હોય, જમાતથી નમાઝ પઢાતી હોય કે એકલો પઢનારો હોય, વખતસર પઢવાની હોય કે કઝા થયલા વખતની હોય. અને જુમ્મા (ની નમાઝ) ને વાસ્તે અઝાં બે વખત પોકારે. **(૨) મસઅલો.** નમાઝ જો એવા સબબને લીધે કઝા થઈ હોય કે તે કારણમાં તમામ લોકો ફસાયલા હોય તો તે (વી રીતે કઝા થયલી નમાઝ) ની અઝાં (બીજી વખતની નમાઝો પ્રમાણે) પોકારીને કેહવામાં આવે. અને જો કોઈ ખાસ કારણને લીધે કઝા થઇ હોય તો અઝાં છુપી રીતે દેવામાં આવે કે જેને સાંભળી લોકો નમાઝ કઝા થયલી જાણે નહી. કેમકે નમાઝનું કઝા થવું સુસ્ત હોવું સાબેત કરે છે. અને દીનના કામોમાં સુસ્તી કરવી ગુન્હો છે, અને ગુનાહને જાહેરકરવું ઠીક નથી, અને કેટલીએક નમાઝો કઝા થઈ હોય અને તે સઘળી એકજ વખતે પઢવામાં આવે તો માત્ર પેહલી નમાઝને વાસ્તેજ અઝાં કેહવી સુંનત છે અને બાકી નમાઝોને વાસ્તે માત્ર અકામત કેહવી જોઇએ. અલબત્ત જો દરેકને માટે અઝાં કેહવામાં આવે તો એ મુસ્તહબ છે. [શામી].

(૩) મસઅલો. મુસાફરને વાસ્તે, જો તેના સઘળા સાથીઓ હાજર હોય તો અઝાં કેહવી મુસ્તહબ છે, સુંનતે મોઅક્કદા નથી. **(૪) મસઅલો.** જે માણસ પોતાના ઘરમાં નમાઝ પઢે પછી જમાત સાથે પઢે અથવા તો

એકલો પઢે તો તેને માટે અઝાં અને અકામત બંને મુસ્તહબ છે. પણ તેને માટે શરત એ છે કે ગામ અથવા શેહેરની મસીદમાં અઝાં અને અકામત થઇ ચુકી હોય; કેમકે મોહલ્લાની મસીદની અઝાં અને એકામત તમામ મોહલ્લાને માટે બસ છે, (બહર. દુ. મુખતાર. વિ.) **(૫) મસઅલો** જે મસીદમાં અઝાં અને એકામત થઈ ચુકી હોય તેમાં જો (બીજી વખતે તેજ વખતની) નમાઝ પઢવામાં આવે તો (ફરીથી) અઝાં અને એકામત કેહવી મકરૂહ છે. અલબત જો તે મસીદમાં કોઈ મોઅઝઝન કે ઇમામ મુકર્રર નહોય તો તેમ કરવું (ફરીથી અઝાં અને એકામત તેજ વખતની નમાઝ વાસ્તે કેહવી) મકરૂહ નથી, પણ બેહતર છે. (દુ. મુખ્તાર)

(૬) મસઅલો જો કોઇ માણસ એવી જગ્યા [કસ્બા]માં કે જ્યાં જુમ્માની નમાઝ [વાજેબ હોવા]ની શર્તો મળી આવતી હોય અને જુમ્માની નમાઝ પઢાતી હોય ઝોહરની નમાઝ પઢે તો તે (ઝોહરની નમાઝ પઢવાને) વાસ્તે અઝાં અને એકામત કેહવી મકરૂહ છે. પછી ગમે તો ઉજરને લીધે ઝોહરની નમાઝ તે પઢતો હોય, અથવા વગર ઉઝરે પઢતો હોય, અને ગમે તો જુમ્માની નમાઝ પઢાય તે પેહલાં પઢે અથવા જુમ્માની નમાઝ પઢયા પછી પઢે (બહર. દુ. મુખ્તાર). **(૭) મસઅલો** ઓરતોને અઝાં અને એકામત કેહવી મકરૂહ છે. પછી ગમે તો જમાત સાથે પઢે અથવા એકલી પઢે. **(૮) મસઅલો** ખરેખરી ફરજ નમાઝો શિવાય બીજી કોઈ નમાઝોને માટે અઝાં અને અકામત કેહવી સુંનત નથી. પછી તે નમાઝ ફર્ઝે કિફાયા કેમ નહોય. જેવી કે જનાઝાની નમાઝ, અથવા વાજિબ નમાઝ હોય જેવી કે વિતર અને બંને ઇદોની નમાઝો. અથવા નાફિલ હોય, જેવી કે બીજી નમાઝો (બહર. દુ. મુખ્તાર)

[૯] મસઅલો. જે માણસ અઝાં સાંભળે પછી તે મરદ હોય કે ઓરત પાક હોય અથવા ગોસલની હાલતમાં હોય, તેને અઝાંનો જવાબ દેવો વાજિબ છે. એટલે જે શબ્દ મોઅઝ્ઝિનને મોઢે સાંભળે તેજ પોતે પણ બોલે પણ 'હય્યા લસ્સલાહ' અને 'હય્યા લલફલાહ' ના જવાબમાં **લાહોલ વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહ** પણ કહે (એટલે તે શબ્દો પણ કહે અને લાહોલ પણ પઢે.), "અસ્સલાતો ખૈરૂન મિનન નૌમ" ના જવાબમાં **સદકતા વ બરરતા** અને અઝાં [ના શબ્દો જવાબમાં બોલ્યા] પછી દરૂદ શરીફ પઢીને નીચે લખેલી દોઆ પઢે— **અલ્લાહુમ્મા રબ્બા હાઝેહિદ દઅવતિત તામમતે વસ્સલાતિલ કાએમતે આતે સૈયદના મોહમંદ નિલ વસીલતા વલ ફદીલતા વબઅસહો મકામા મહમુદા નિલ લઝી વઅતતહૂ ઇન્નકા લા તુખલેફુલ મીઆદ.**

(૧૦) મસઅલો. જુમ્માની પેહલી અઝાં સાંભળીને તમામ કામો છોડી દઈ જુમ્માની નમાઝ વાસ્તે જુમ્મા મસીદે જવું વાજિબ છે. ખરીદવા વેચવા અથવા બીજા કોઈ કામમાં લાગવું હરામ છે. **[૧૧] મસઅલો.** એકામતનો જવાબ દેવો મુસ્તહબ છે, વાજિબ નથી. અને "કદ કામતિસ સલાત", ના જવાબમાં **અકામહલ્લાહો વ અદામહા** બોલે. (ફતહુલ કદીર, બહર) **(૧૨) મસઅલો.** આઠ હાલતોમાં અઝાંનો જવાબ દેવો જોઇએ નહીં:—[૧] નમાઝ પડવાની હાલતમાં [૨] ખુત્બો સાંભળતી વખતે પછી તે જુમ્માનો હોય અથવા કોઈ બીજી ચીજનો [૩ અને ૪] હૈઝ અને નફાસની હાલતમાં જરૂરી નથી. (૫) દીનનો ઇલમ પઢતી અને પઢાવતી વખતે. [૬] સંભોગ (સોહબત) કરતી વખતે. [૭] જાજરૂ કે પેશાબ કરતી વખતે (૮.) ખાણું ખાતી વખતે એટલે જરૂરી નથી. અલબત એ ચીજોથી પરવાર્યા પછી જો અઝાં થવાને ઘણો વખત થયો ન હોય, તો જવાબ દેવું જોઇએ અને નહિ તો નહીં દીએ. [બહર રાયક].

અઝાં અને એકામતનાં સુંનતો અને મુસ્તહબો.

અઝાં અને એકામતની સુંનતો બે તરેહની છે; તેમાંની કેટલીએક અઝાં દેનાર (મોઅઝઝિન) ની સાથે સંબંધ ધરાવે છે, અને કેટલી એક અઝાં અને એકામતની સાથે તેથી કરીને અમે પેહલાં તે સુંનતો લખીએ છીએ કે જેઓ મોઅઝઝિનની સાથે સંબંધ ધરાવે છે. અને તે પછી અઝાં (અને એકામત) ની સુંનતો બયાન કરીશું [૧] મોઅઝઝિન મરદ હોવો જોઇએ. ઓરતની અઝાં અને એકામત મકરૂહ તહરીમી છે. જો ઓરત અઝાં દીએ તો તે ફરીથી પોકારવામાં આવે. પણ એકામત [જો ઓરતે કહી હોય તો તે] ને ફરીથી બોલે નહીં, કેમકે અઝાંને ફરીથી પોકારવાનો શરીઅતે હોકમ દીધો છે. પણ એકામતને બીજી વખતે કહેવાનો હુકમ બયાન થયલો નથી. (દુ. મુખ્તાર.) (૨) અઝાં પોકારનાર અક્કલવાળો હોવો જોઇએ. ગાંડા [કેફ વિગેરેથી] બેભાન (માણસ) અને અણસમજુ બચ્ચાંની અઝાં અને એકામત મકરૂહ છે. અને તેઓએ અઝાં દીધી હોય તો ફરીથી કહેવી જોઇએ. પણ [તેઓમાંથી કોઇએ] જો એકામત કહી હોય તો તેને ફરીથી પોકારે નહીં. [દુ. મુખ્તાર]

[૩] (નમાઝની અઝાં વિગેરેના) જરૂરી મસઅલાઓ અને નમાઝના વખતોને જાણવા અઝાં દેનારને ઘણાં જરૂરનાં છે. જો મઝકૂર મસઅલાઓ નહીં જાણનાર અઝાં દેશે તો તેને (મસઅલાઓ જાણનારા) બાંગીઓ જેટલો સવાબ મળશે નહીં. (બહર). [૪] બાંગી, બુરી વાતોથી બચનારો અને દીન ચુસ્ત હોવો જોઇએ અને તેને લોકોની હાલતોથી ખબરદાર રહેવું જોઇએ જે લોકો જમાઅતમાં હાજર નહીં થતા હોય તો તેને જોઇએ કે [હંમેશ] તેવાઓને (જમાત સાથે નમાઝ પઢવાની) સૂચના આપ્યા કરે. જો એવી રીતે કરવાથી તેને નુકસાન પોહોંચવાની બીક નહીં હોય. (૫) અઝાં દેનારનો સાદ ઉંચો હોવો જોઇએ. (૬) મસીદથી જુદે ઠેકાણે કોઈ ઉંચી જગ્યાએ અઝાં કેહવી જોઇએ, અને એકામત મસીદની અંદર કેહવી જોઇએ. (વગર ઉઝરે) મસીદની અંદર અઝાં કેહવી મકરૂહ છે. અલબત જુમ્માની બીજી અઝાં મસીદની અંદર મિમ્બર પાસે કેહવી મકરૂહ નથી, પણ તમામ મુસલમાની શેહેરોમાં એવીજ રીતે કેહવાનો રિવાજ છે (મ. ફલાહ)

(૭) અઝાં ઉભા ઉભા પોકારવી જોઇએ. (વગર ઉઝરે) બેસીને કોઈ અઝાં કેહશે તો મકરૂહ છે અને તેવી રીતે જો અઝાં કેહવામાં આવે તો તેને ફરીથી પોકારવી જોઇએ. પણ જો પોતે (ઘોડા વિગેરે પર) સવાર હોય અથવા ફક્ત પોતાને વાસ્તેજ બાંગ પોકારે તો તેને ફરીથી ફેરવે નહી [૮] અઝાં પોકારીને મોટે સાદે કહે પણ જો ફક્ત પોતાને વાસ્તે કહે તો તેને અખત્યાર છે [જોરથી કહે કે ધીમે સાદે કહે] પણ સવાબ મોટેથી પોકારીને કેહવામાંજ છે. (૯) અઝાં પોકારતી વખતે બંને કાનોને [કલેમાની] આંગળીઓથી બંધ કરવા મુસ્તહબ છે (૧૦) અઝાંના ફકરાઓને રહી રહીને પોકારવા અને એકામતના ફકરા જલ્દી જલ્દી બોલવા સુંનત છે. એટલે અઝાની તકબીરો [અલ્લાહો અકબર] બબે વખત કહેવામાં એટલી વાર થોભે કે સાંભળનાર તેનો જવાબ દઈ શકે અને તકબીરો સિવાય બીજા ફકરાઓમાં દરેક ફકરા પછી એટલોજ થોભે ને બીજો ફકરો બોલે અને એટલું થોભ્યા વગર કોઈ કારણને લીધે અઝાં પોકારશે તો તેને ફરીથી પોકારવી મુસ્તહબ છે. અને (તેવીજરીતે) એકામતના ફકરાઓને [જલ્દી નહીં બોલતાં] થોભી થોભીને બોલશે તો તેને ફરીથી બોલવું મુસ્તહબ નથી [દુઃ મુખ્તાર, રદદુલ મોહતાર].

(૧૧) અઝાં [દેવા] માં "હય્યા લસ્સલાહ" કેહતી વખતે જમણી તરફ અને "હય્યા લલફલાહ" કેહતી વખતે ડાબી તરફ

મોં ફેરવવું સુંનત છે પછી ગમેતો તે અઝાં નમાઝની હોય અથવા કોઈ બીજા કામને માટે હોય પણ પગ અને છાતી કિબ્લાના તરફથી ફરવી જોઇએ નહીં. (૧૨) અઝાં અને એકામતને કિબ્લા તરફ મોં કરીને કેહવી જોઇએ પણ જો તે (કોઈ તરેહની) સવારી પર બેંઠેલો હોય (અને સવારીનો મોં કીબ્લા તરફથી ફરી જાય તો) હરકત નથી. કિબ્લા તરફ મો કીધા વગર એકામત કેહવી મકરૂહ તનઝીહી છે [દુ· મુખ્તાર]. (૧૩) અઝાં કેહતી વખતે હદસે અકબરથી પાક હોવું સુંનત છે. અને (નાના મોટા) બને હદસોથી પાક હોવું મુસ્તહબ છે અને એકામત કેહતી વખતે બને (તરેહના) હદસોથી પાક હોવું સુનત છે. જો હદસે અકબરની હાલતમાં કોઈ દેશે તો મકરૂહ તહરીમી થશે અને તેવી (હાલતમાં) દેવાયલી અઝાંને ફરીથી કેહવી મુસ્તહબ છે. એવીજરીતે જો કોઈ (માણસ) હદસે અકબર અથવા અસગરની હાલતમાં કહે તો મકરૂહે તહરીમી થશે પણ એકામતને ફરીથી કેહવી મુસ્તહબ નથી.

(૧૪) અઝાં અને એકામતના શબ્દો એક પછી એક (ઉપર લખી ગયા તે પ્રમાણે) અનુક્રમે કેહવા સુંનત છે જો કોઈ માણસ છેલ્લા શબ્દને પેહલાં કહી જાય દાખલા તરીખે “અશહદો અલ લાએલાહા ઇલિ લલ્લાહ”ની પેહલાં “અશહદો અન્ના મોહંમદર રસૂલુલ્લાહ” કહી જાય, અથવા “ હય્યિા લસ્સલાહ ” ની પેહલાં “ હય્યા લલફલાહ ” કહે તો એવી હાલતમાં માત્ર પાછળથી કહેલા શબ્દોનેજ ફરીથી કેહવા જરૂરી છે જે તેણે પેહલાં કહયા છે. પેહલી હાલતમાં “ અશહદો અલ લાએલાહા ઇલિ લલ્લાહ ” કહીને “ અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહ” ફરીથી કહે. અને બીજી હાલતમાં “હય્યિા લસ્સલાહ” કહીને “હય્યિા લલ ફલાહ” ફરીથી કહે. પૂરી અઝાં ફરીથી કહેવી જરૂરની નથી. (બહર. દુ· મુખ્તાર, શામી). (૧૫) અઝાં અને એકામતની હાલતમાં કોઈ પણ તરેહના શબ્દો (અઝાંના અને એકામતના શબ્દો સિવાય) બોલવા જોઇએ નહીં. પછી તે સલામ (કરવી) હોય અથવા સલામનો જવાબ હોય. જો કોઈ માણસ અઝાં અને એકામતમાં વાતચીત કરે, અને તે લાંબા વખત સુધી કરે તો અઝાંને ફરીથી કહે, પણ એકામતને ફરીથી કહે નહીં. (દુ. મુખ્તાર, શામી)

પરચુરણ મસઅલાઓ.

(૧) **મસઅલો.** જો કોઈ માણસ અઝાંનો જવાબ દેવા ભૂલી જાય અથવા જાણી જોઇને નહી દીએ અને તે ખતમ (પૂરી) થયા પછી યાદ આવે અથવા જવાબ આપવાનો ઇરાદો કરે ત્યારે જો વધુ વખત ગુજર્યો હોય તો જવાબ દઈ દીએ નહીં તો દીએ નહીં. [૨] **મસઅલો.** ઇકામત કહયા પછી જો વધારે વખત ગુજરી જાય અને જમાઅત ઉભી થાય નહીં; તો એકામત ફરીથા કેહવી જોઇએ. અલબત જો થોડી વાર થઇ હોયતો (ફરીથી કહેવાની) કંઈ જરૂર નથી. જો એકામત થઈ જાય અને ઇમામને સવારની સુંનતો નહીં પઢી હોય અને તેથી કરીને તે (સુંનતો) પઢવા શરૂ કરે તો એટલો વખત વધારે ગણાશે નહી, અને એકામત ફરીથી કહેવી પડશે નહી; અને જો એકામત કહીને કોઇ બીજું કામ શરૂ કરવામાં આવશે કે જે નમાઝના જેવું કામ નહોય જેવું કે ખાવુ પીવું વિગેરે ત્યારે એવી હાલતમાં (એટલે દુન્યાનું કામ કરવાથી) એકામત ફરીથી બોલવી જોઇએ (દુ. મુખ્તાર).

[૩] **મસઅલો.** જો બાંગી બાંગ દેવાની હાલતમાં દીનથી ફરી જાય (ખોદા બચાવે) અથવા બેભાન થઈ જાય, અથવા તેનો અવાજ બંધ થઈ જાય અથવા ભૂલી જાય, અને કોઇ [ભૂલેલા શબ્દો] બતલાવનાર (ત્યાં હાજર) નહોય અથવા તેને હદસ થઇ જાય (વઝુની કે ગોસલની હાજત થાય) અને તે પાક [illegible] ચાલ્યો જાય

ત્યારે એવી અઝાંને ફરીથી કહેવી સુંનત મોઅક્કદા છે. (દુ. મુખ્તાર શામી). [૪] મસઅલો. કોઇને વઝુ કે ગોસલ કરવાની હાજત થાય તો બેહતર એ છે કે અઝાં કે ઇકામતને પૂરી કરીને એ હદસથી પાક થવા વાસ્તે જાય. (૫) મસઅલો. બે મસીદોમાં (એકજ વખતની) અઝાં પોકારવી એકજ બાંગીને મકરૂહ છે. [તેને જોઇએ કે] જે મસીદમાં ફરઝ નમાઝ પઢે ત્યાંજ અઝાં પોકારે (દુ. મુખ્તાર)

(૬) મસઅલો. જે માણસ બાંગ પોકારે એકામત કહેવી પણ તેનાજ હક છે અલબત જો અઝાં કહીને તે કેઇ ચાલ્યો જાય, અથવા કોઈ બીજાને (એકામત કહેવા વાસ્તે) કહી જાય તો બીજો માણસ કહી શકે છે. (૭) મસઅલો કેટલાક બાંગીઓએ એક સાથે અઝાં પોકારવી જાયઝ છે. (શામી). (૮) મસઅલો. બાંગીને જોઇએ કે એકામત જે ઠેકાણે શરૂ કરે તેજ ઠેકાણે પૂરી કરે (૯) મસઅલો. અઝાં અને એકામતને માટે નૈયત જરૂરી નથી, પણ નૈયત કીધા વગર અઝાંનો સવાબ મળશે નહી. અને નૈયત એ છે કે મનમાં ઇરાદો કરે કે ફકત ખોદા-પાક (મારાથી) ખુશ થાય અને (તેથી મને) સવાબ થાય તેટલા માટે હું અઝાં પોકારૂં છું બીજો મારો કંઈ પણ ઇરાદો નથી.

નમાઝની શર્તોનું બ્યાન.

પાકીના મસઅલા.

(૧) મસઅલો. કોઈ ચાદર એટલી મોટી હોય કે તેનો નાપાક થયલો ભાગ નમાઝ પઢનારની ઉઠ બેસ કરવાથી હાલે નહી તો (તેના પર અથવા તેની સાથે નમાઝ પઢવામાં) કંઈ હરકત નથી એવીજ રીતે જે ચીજને નમાઝ પઢનારે ઉઠાવી હોય તેનું પાક હોવું જરૂરી છે પણ તેમાં શરત એ છે કે તે ચીજ પોતાની મેળે ઉભેલી નહીં હોય. (દુ. મુખ્તાર વિગેરે). દાખલા તરીખે નમાઝ પઢનારે કોઈ બચ્ચાને ઉઠાવેલો હોય તે બચ્ચાનું શરીર કે પેહેરેલું લુગડું નાપાક હોય અને બચ્ચું પોતાની તાકાતથી થોભેલું ન હોય, ત્યારે તો નમાઝ પૂરી થવા વાસ્તે તે (બચ્ચા)નું (તેના લુગડાં સાથે) પાક હોવું ફરઝ છે પણ જો પોતાની તાકાતથી બેઠેલું હોય તો કંઈ હરકત નથી અગરજો તે (બચ્ચું શરીરે અથવા લુગડા થકી) નાપાક હોય નમાઝ પઢનારના શરીરપર જો કબુતર વિગેરે કોઈ ચીજ આવીને બેસી જાય અને તે [કબુતર] નું શરીર નાપાક હોય તો [તેથી] નમાઝને નુકશાન પોહોચતું નથી. કેમકે તે [કબુતર] પોતાની તાકાતથી બેઠેલું છે. ત્યારે આ નાપાકી તેની સાથે સંબંધ રાખે છે, અને નમાઝ પઢનાર સાથે કંઈ પણ સંબંધ રાખતી નથી (બહર અને મ. ફલાહ) એવીજ રીતે નમાઝીના શરીર પર કોઈ એવી ચીજ હોય કે તેની નાપાકી પોતે (તે નાપાકી) જ્યાં પેદા થઈ ત્યાંજ હોય અને તેની અસર બાહેર કંઈ પણ માલમ પડે નહી. તો કંઈ પણ હરકત નથી (દુ. મુખ્તાર, શામી) દાખલા તરીખે નમાઝ પઢનાર પર કોઈ કુતરો આવીને બેસી જાય અને તેના મોંઢામાંથી થુક નીકળતું ન હોય તો કંઈ હરકત નથી કેમકે તેનુ થુક તેના શ-રીરની અંદર છે. અને તેજ જગ્યા [શરીરમાં] તે પેદા થાય છે. ત્યારે તેને માટે એવી રીતે ગણાશે કે જાણે માણસની નાપાકી (ગૂ, મૂત્ર) કે જે તેના પેટમાં રહે છે, અને જેને પાક કર-વાની જરૂર નથી. એવીજ રીતે કોઈ એવું ઇંડું કે જેની ઝરદી [અંદરનો પીળો ભાગ] લોહી બની ગઈ હોય અને તે નમાઝીની પાસે હોય, ત્યારે પણ કંઈ હરકત નથી. કેમકે તેનું લોહી તેજ જગ્યાં માં છે કે જ્યાં તે પેદા થયલું છે. બાહેર તેની કંઈ પણ અસર જાહેર થઇ નથી. પણ તેથી ઉલટું જો બોતેલમાં મૂત્ર ભરેલું હોય અને તે (બોતેલ) નમાઝ પઢનારની પાસે હોય અગર જો તેનું મોં બંધ હોય [છતાં તેથી નમાઝ જા-

યઝ થશે નહીં) કારણ કે તે મત્ર એવી જગ્યામાં નથી કે જ્યાં તે પેદા થાય છે. (બહર, શામી). **(૨) મસઅલો.** નમાઝ પઢવાની જગ્યા હકીકી નાપાકીઓથી પાક હોવી જોઇએ. પણ જો નાપાકી એટલી હોય કે શરીઅતમાં તેટલી નાપાકી માફ છે, તો કંઇ હરકત નથી. નમાઝ પઢવાની જગ્યાથી મતલબ તે જગ્યા છે કે જ્યાં નમાઝ પઢનારના પગ હોય છે, અને સિજ્દો કરતી વખતે તેનાં ઘુંટણો અને હાથો અને કપાળ અને નાક મૂકવામાં આવે છે. (દુ મુખ્તાર, મ. ફલાહ વિગેરે) **(૩) મસઅલો.** માત્ર એકજ પગની જગ્યા જો પાક હોય અને બીજા પગને ઉચકી રાખે તો પણ (નમાઝ પુરી થવાને) બસ છે. (દુ. મુખ્તાર.) **(૪) મસઅલો.** જો કોઈ લુગડાપર નમાઝ પઢવામાં આવે તો તે (લુગડા)ની પણ એટલી જગ્યાનું પાક હોવું જરૂરી છે. સઘળા લુગડાનું પાક હોવું જરૂરી નથી પછી તે લુગડુ નાનુ હોય કે મોટુ હોય. [બહર, શામી]

(૫) મસઅલો. કોઈ નાપાક જગ્યાપર નમાઝ પઢવામાં આવે અને તે જગ્યાપર લુગડું પાથરેલું હોય તો તે લુગડુ એટલું જાડું હોવું જોઇએ કે તે (લુગડા) ની નીચેની જગ્યા ઉપરથી જોવાથી દ... ... પડે નહી (બહર, શામી.) **(૬) મસઅલો.** નમાઝ પઢતી વખતે નમાઝ પઢનારનું લુગડુ કોઈ નાપાક જગ્યા પર લાગતું હોય તો કંઇ હરકત નથી. (બહર). **(૭) મસઅલો.** જો માણસોના રોકાણને લીધે લુગડાં પેહરી શકતો ન હોય ત્યારે એ રોકાણ જતું રેહવાથી (વગર લુગડાએ પઢેલી તમામ) નમાઝો ફરીથી પઢવી પડશે. દાખલા તરીખે કોઈ માણસ કેદમાં હોય અને કેદખાનાના નોકરોએ તેનાં તમામ લુગડાં કાઢી લીધાં હોય અથવા કોઈ દુશમને તેનાં લુગડાં છીનવી લીધાં હોય અથવા દુશમન એમ કહેતો હોય કે (ખબરદાર!) જો તું લુગડાં પેહેરશે તો હું તને મારી નાંખીશ પણ જો રોકણુ માણસો તરફથી ન હોય તો નમાઝ ફરીથી પઢવાની જરૂર નથી. દાખલા તરીખે કોઈની પાસે લુગડાંજ ન હોય [દુ. મુખ્તાર] **(૮) મસઅલો.** જો કોઇની પાસે એકજ લુગડુ હોય કે ગમે તો તેને પાથરીને નમાઝ પઢે અથવા તો તેના થકી પોતાનું શરીર ઢાંકે તો તેને જોઇએ કે પોતાના અંગને ઢાંકે અને નમાઝ તેજ જગ્યાપર [અગર જો તે જગ્યા નાપાક હોય]. પઢે.

કિબલાના મસઅલા.

મસઅલો. કિબલો ખબર હોય નહી, તેવી હાલતમાં જો જમાઅતની સાથે નમાઝ પઢવામાં આવે ત્યારે ઇમામ અને મુકતદી (ઇમામની પછાડી નમાઝ પઢનારા) ઓને જોઇએ કે તેઓના સર્વાનુમતપર અમલ કરે પણ જો કોઇ મુકતદીની ધારણા ઇમામ વિરૂદ્ધ હશે તો તે ઇમામની પાછળ તેની નમાઝ થાશે નહી. કેમકે તેની ધારણા મુજબ તે ઇમામ ભૂલ કરી રહેલો છે, અને કોઈ ભૂલ કરે તેમાં કોઈની તાબેદારી કરવી જાયઝ નથી.

નૈયતના મસઅલા.

(૧) મસઅલો. મુકતદીને પોતાના ઇમામની પછાડી નમાઝ પઢવાની નૈયત કરવી ફરઝ [શરત] છે. **(૨) મસઅલો.** ઇમામને ફક્ત પોતાની નમાઝની નૈયત કરવી ફરઝ છે ઇમામત કરવાની નૈયત કરવી ફરઝ નથી. પણ જો કોઇ ઓરત તેની પછાડી [મુકતદી થઇને] નમાઝ પઢવા ચાહે અને મરદોની સાથે ઉભી રહે અને (જે નમાઝમાં તે ઓરત જમાતમાં સામેલ થનારી હોય) તે નમાઝ જનાઝા, જુમ્મા કે બંને ઇદોની નહિ હોય તો તેણીનું એમ સામેલ થવું દુરસ્ત થવાને તેણીનો ઇમામ થવાની (ઇમામને) નૈયત કરવી ફરઝ (શરત) છે. પણ જો મરદોની સાથે નહી ઉભી રહે અથવા નમાઝ જનાઝાની, જુમ્માની અથવા ઇદૈન (બને ઇદો)ની હોય તો [ઇમામને તેણીની નૈયત કરવી] ફરઝ (શરત) નથી.

(૩) મસઅલો મુકતદીને ઇમામને (નૈયતમાં) મુકર્રર કરવો (તું નામ લેવું) ફરઝ [શરત] નથી કે તે દાઉદ છે કે ઇબ્રાહીમ, પણ માત્ર એટલીજ નૈયત કરવી બસ છે કે "હું આ ઇમામની પછાડી નમાઝ પઢું છું." પણ જો નામ લઇને મુકર્રર કરશે અને ઇમામ (જેનું નામ લીધુ હોય) તે હશે નહીં તો તેની નમાઝ થશે નહીં. દાખલા તરીકે કોઇએ નેયત કીધી કે હું દાઉદ (ઇમામ)ની પછાડી નમાઝ પઢુ છુ, પણ જેની પછાડી તે ઉભો થયો તે ઇબ્રાહીમ છે તો તેની નમાઝ થશે નહીં.

(૪) મસઅલો જનાઝાની નમાઝમાં નૈયત આવી રીતે કરવી જોઇએ કે "આ નમાઝ ખોદાપાકને રાજી કરવા આ મૈયતને વાસ્તે દોઆ કરવાને પઢીએ છીએ." અને જો મુકતદીને ખબર નહોય કે મરનાર ઔરત છે કે મર્દ તો તેને આવી રીતે નૈયત કરવી બસ છે કે "મારો ઇમામ જે (મઇયત) ની નમાઝ પઢે છે તેની હું પણ પઢું છે." કેટલાક આલેમોનો ખરો મત એ છે કે ફરઝ અને વાજિબ નમાઝો સિવાય, બીજી નમાઝોને માટે માત્ર (નમાઝની) નૈયત કરવી બસ છે એવી રીતે ખાસ બોલવાની કંઈ જરૂર નથી કે આ નમાઝ સુંનત છે કે મુસ્તહબ અથવા (આ નમાઝ) સવારની સુનતો છે કે ઝોહરની, અથવા આ તહજ્જુદ (અર્ધી રાત થયા પછી જે નમાઝ પઢવામાં આવે છે તે) ની સુંનતો છે કે ચાંદ ગૃહણ કે સુરજ ગૃહણની સુંનતો છે. પણ બચાવની વાત એ છે કે ખાસ નામ લઇને નૈયત કરે (કે ફલાણા વખતની સુંનતો છે.)

તકબીરે તહરીમાનું બયાન.

(૧) મસઅલો. કેટલાક અણસમજુ જ્યારે મસીદમાં આવે છે અને ઇમામને જુવે છે કે રૂકુઅમાં છે તો જલદીથી દોડીને વળી જાય છે અને (રૂકુઅમાં) વાંકા વળતી વખતેજ (એક વખતે) તકબીર કહે છે **તેઓની નમાઝ (તદૃન) થતીજ નથી.** કેમકે તકબીરે તહરીમા (કાન સુધી હાથ ઉઠાવી હાથ બાંધતી વખતે એક વખતે અલ્લાહો અકબર કહીએ છીએ તે તકબીર) નમાઝ દુરસ્ત થવાની શરત છે, અને તકબીરે તહરીમા ઉભા રહીને કેહવી ફરઝ (શરત) છે, ત્યારે જો ઉભા રહીને તે કેહવામાં નહીં આવી તો તે દુરસ્ત થઇ નહી, અને જ્યારે તે દુરસ્ત નહીં થઈ તો નમાઝ કેમ કરીને દુરસ્ત થઈ શકે?

ફરઝ નમાઝના કેટલાક મસઅલાઓ.

(૧) મસઅલો. આમીનના અલેફ (ના અવાજ) ને લબાવીને પઢવો જોઇએ તે પછી કુર્આન શરીફની કોઈ સુરત પઢવી જોઇએ. જો મુસાફર હોય અથવા કોઈ જરૂરનુ કામ કરવાનુ હોય તો ચાહે તે સુરત પઢે અને જો મુસાફર નહોય તેમજ કોઈ જરૂરનુ કામ નહોય તો સવારની અને ઝોહર (બપોર) ની નમાઝમાં **સૂરએ હોજોરાત** અને **સૂરએ બુરૂજ** અને તેઓ (બને) ની વચ્ચેની ગમે તે સુરત પઢે. સવારની પેહલી રકાતમાં બીજી કરતાં લાંબી સુરત પઢે. બીજા વખતોમાં બને રકાતોની સુરતો લગભગ સરખીજ પઢવી જોઇએ. એક બે આયતોના વધારા ઘટાડાની ગણત્રી નથી અસર અને ઇશાની નમાઝમાં **સૂરએ તારેક** અને **સૂરએ લમયકો** અને તે બનેની વચ્ચે જે સુરતો છે તેમાંની કોઈ સુરત પઢવી જોઇએ. મગરેબની નમાઝમાં **ઇઝા ઝુલઝેલતિલ અર્દો**થી છેવટ (ની સુરત **કુલ અઉઝો બેરબ્બિન્નાસ**) સુધી (કોઈ સુરત) પઢે.

(૨) મસઅલો. જ્યારે રૂકૂઅમાંથી ઉઠીને ઉભો થાય ત્યારે ઇમામ ફક્ત **સમેઅલ્લાહો લેમન હમેદા** કહે અને મુકતદીઓ ફક્ત **રબ્બના લકલ હમ્દ** કહે. અને એકલો નમાઝ પઢનાર બને કહે પછી તકબીર બોલતો બને ઘુંટણોપર હાથ મુકીને સિજદામાં જાય. તકબીર અને સિજદાની શરૂઆત સાથેજ કરે

અને સિજદામાં પોહોંચતાંજ તકબીર પૂરી કરી દીએ.

(૩) મસઅલો. સિજદામાં પેહલાં ઘુંઠણ જમીનપર મુકે પછી હાથો, પછી નાક અને પછી કપાળ. મોંને બંને હાથોની વચ્ચે રાખે, અને આંગળીઓને મેળવી કિબલા તરફ (સીધી) રાખે. અને બંને પગો આંગળીઓપર ટેકીને ઉભા રાખે, અને (પગના) આંગળીઓ કિબલા તરફ વળેલી હોવી જોઇએ અને પેટને રાનોથી જુદા રાખે (મેળવી દીએ નહીં.) અને બાજુઓને બગલોથી જુદા રાખે. પેટ જમીનથી એટલુ ઉંચુ હોય કે બકરીનુ બહુજ નાનુ બચ્ચુ તેની નીચેથી નીકળી શકે.

(૪) મસઅલો. સવારની મગરેબની અને ઇશાની નમાઝમાં પેહલી બે રકાતમાં **અલહમદો** (તેની સાથે) બીજી સુરત, **સમે અલ્લાહો લેમન હમદા** અને તમામ તકબીરો (અલ્લાહો અકબર કેહવુ એ સૌને) ઇમામ મોટે સાદે બોલે અને એકલો નમાઝ પઢનારને અખત્યાર છે (જોરથી બોલે અથવા ધીમે કહે), અને જોહર અને અસરની વખતે ઇમામ ફકત **સમે આ લાહો લેમન હમેદા** અને તમામ તકબીરોને જોરથી કહે અને એકલો નમાઝ પઢનાર ધીમેથી બોલે, અને મુકતદી (અલહમદો તેની સાથેની સુરત તો પઢેજ નહીં ચુપ ઉભો રહે પણ દરેક વખતની તકબીરો (અત્તહીયાત તસબીહો (સુબહાના રબ્બિયલ અઝીમ રૂકૂઅમાં; અને સુબહાના રબ્બિયલ અઅલા સિજદામાં) વિગેરે ધીમે સાદે કરે (પોતેજ સાંભળે તેવી રીત.)

(૫) મસઅલો. નમાઝ પૂરી થયા પછી છાતી સુધી ઉઠાવીને હાથોને ફેલાવે, અને ખોદાપાકથી પોતાને વાસ્તે દોઆ માગે. અને જો ઇમામ હોય તો તમામ મુકતદીઓને માટે પણ (દોઆ કરે) અને મુકતદીઓ ચાહે તો પોત પોતાની દોઆ પઢે અથવા ઇમામ જે દોઆ માંગે તે સાંભળી ગમે તો સૌ આમીન આમીન કહે. દોઆ માંગ્યા પછી બંને હાથોને મોંપર ફેરવી લીએ. **(૬) મસઅલો.** જે નમાઝો પછી સુંનત (નમાઝો પઢવાની) હોય છે જેવી કે ઝોહર મગરેબ અને ઇશા તે નમાઝો પછી વધારે વાર દોઆમાં લગાડે નહીં. પણ ટુંક દોઆ માંગીને તે સુંનતો પઢી લીએ અને જે નમાઝો પછી સુંનતો નથી જેવી કે સવારની અને અસરની તેઓને પઢયા પછી ચાહે તેટલી વાર દોઆ માંગે. અને ઇમામ હોય તો મુકતદીઓ તરફ મોં કરીને બેસે અને પછી દોઆ માંગે તે એવી શરતે કે તેની સામે કોઇ મસબુક નમાઝ પઢતો ન હોય.

(૭) મસઅલો. જે ફરઝ નમાઝો પછી સુનંતો પઢવાની નથી. તેઓને પઢયા પછી અને જે ફરઝો પછી સુંનતો હોય છે તે સુંનતોને પણ પઢયા પછી **અસતગફેરૂલ્લા હલ લઝી લા એલાહા ઇલ્લા હોવલ હઇ યુલ કયુમ** ને ત્રણવાર, આયતુલ કુર્સી (અલ્લો લાએલાહાથી અલીયુલ અઝીમ સુધી) કુલ હોવલ્લાહ, સુરએ ફલક અને સુરએ નાસને એકેક વખત પઢીને તેત્રીશ (૩૩) વખત **સુબહાનલ્લાહ** એટલીજ વખત (૩૩ વખત) **અલહમદો લિલ્લાહ** અને ચોત્રીશ વખત **અલ્લાહો અકબર** પઢવું મુસતહબ છે (મ. ફલાહ, દુ મુખ્તાર, શામી વિગેરે)

(૮) મસઅલો. ઓરતો પણ એવીજ રીતે નમાઝ પઢે માત્ર કેટલીક જગ્યાએ મરદોને વિરૂદ્ધ તેઓને કરવુ જોઇએ, જેનો ખુલાસો નીચે મુજબ છે:— [૧) તકબીરે તહરીમાં કેહતી વખતે મરદોને ચદ્દરની બાહેર હાથ કાઢીને કાનો સુધી હાથોને ઉઠાવવા જોઇએ જો ટાઢની મોસમ ન હોય (તો). પણ ઓરતોને (તો) ગમે તે મોસમ હોય (લુગડામાંથી) હાથ બહાર કાઢયા વગર ખભા સુધી હાથો ઉઠાવવા જોઇએ [૨]

તકબીરે તહરીમા પછી મરદોને ડુંટીની નીચે હાથ બાંધવા જોઇએ પણ ઓરતોને છાતીપર બાંધવા જોઇએ (૩) મરદોને (છેલ્લી) નાની આંગળી અને અંગુઠાને મેળવી ડાબું પોહચું પકડવું જોઇએ અને જમણા હાથની ત્રણ (બાકીના) આંગળીઓને ડાબા હાથપર મુકવી જોઇએ પણ ઓરતોને જમણી હથેલીને ડાબી હથેલીની પીઠ પર માત્ર મુકી દેવી જોઇએ. અંગુઠા અને નાની આંગળીથી પોહચુ પકડવું જોઇએ નહીં.

(૪) મરદોને રૂકૂઅમાં સારી પેઠે વળવું જોઇએ કે જેથી માથું, પીઠ અને જાંગો સરખી થઈ જાય. પણ ઓરતોને એટલું બધુ કમ્મરે વળવું નજોઇએ પણ માત્ર એટલી વળે કે તેણીઓના હાથ ઘુંઠણપર પોહોંચી જાય (૫) મરદોને જોઇએ કે આંગળીઓને રૂકૂઅમાં ફેલાયલી રાખે. પણ ઓરતોને મેળવીને રાખવી જોઇએ. (૬) રૂકૂઅના હાલતમાં મરદો કોણીઓને પાંસળાથી જુદા રાખે પણ ઓરતો મેળવીને રાખે. (૭) મરદોને પેટ જાંગોથી અને ખભાઓને બગલથી, સિજદામાં જુદા રાખવા જોઇએ પણ ઓરતોને જુદાં રાખવાં જોઇએ નહીં (૮) સિજદામાં કોણીઓને જમીનથી મરદોને ઉંચી રાખવી જોઇએ પણ ઓરતોને જમીનની સાથે લગાડી દેવી જોઇએ

(૯) મરદોને સિજદામાં પગો પર ભાર દઇને બંને પગોની આંગળીઓને ઉભી રાખવી જોઇએ પણ ઓરતોને એમ કરવું જોઇએ નહીં. (૧૦) મરદોને (સિજદા કે અત્તહિયાતમાં) બેસવાની હાલતમાં ડાબા પગ પર બેસવું જોઇએ અને જમણા પગને આંગળી પર ઉભો રાખવો જોઇએ પણ ઓરતોને ડાબા ઢગરા પર બેસવું જોઈએ અને બંને પગોને જમણી તરફ બહાર કાઢી નાંખવા જોઇએ તે એવી રીતે કે જમણી જાંગ ડાબી જાંગપર રહે અને જમણી પીંડલી ડાબી પીંડલીપર રહે. (૧૧) ઓરતોને કોઈ પણ વખતે મોટે સાદે કુર્આન પઢવાનો અખત્યાર નથી, પણ તેઓને દરેક વખતે ધીમે સાદે (કે જે પોતેજ સારી પેઠે સાંભળી શકે) કુર્આન પઢવું જોઇએ.

તહીયતુલ મસજીદ.

(૧) **મસઅલો.** જે માણસ મસીદમાં દાખલ થાય તેને માટે આ નમાઝ સુંનત છે. [૨] **મસઅલો.** આ નમાઝની મતલબ મસીદની તાઝીમ કરવી છે જે ખરૂં જોતાં ખોદા પાકની તઅઝીમ કરવી છે કેમકે ઘરને માન આપવું ખરૂં જોતાં ઘરના માલેકને માન આપવું છે ત્યારે ખોદા પાક સિવાય બીજા કોઈની તઅઝીમ કરવી એની મનાઈ લઈ શકાશે નહીં (કેમકે નમાઝમાં મસ્જીદનું નામ કોઈ પણ ઠેકાણે લેવામાં આવતું નથી એ જાહેર છે કે જેને માન આપવામાં આવે તેને નામ કે સર્વનામમાં સંબોધવામાં આવેજ) મસીદમાં દાખલ થયા પછી બેસવાના પેહલાં બે રકાત પઢી લીએ. પણ મકરૂહ વખતમાં પઢે નહીં. (દુ. મુખ્તાર, શામી બહર વિ૦)

(૩) **મસઅલો.** જે વખત મકરૂહ હોય તો માત્ર ચાર વખતે આ શબ્દો બોલી લીએ,– **સુબ્હાનલ્લાહે વલ હમદો લિલ્લાહે વ લા ઈલાહા ઈલ લલ્લાહો** એ પછી કાંઈ પણ જે યાદ હોય તે દરૂદ શરીફ પઢે. (દુ. મુખતાર મ. ફલાહ) આ નમાઝની નૈયત આવી રીતે છે. "**નવયતો અન ઓસલ્લિયા રકાતે તહીયતલ મસજીદે**" અથવા ઉર્દુમાં આવી રીતે કહી લીએ અથવા મનમાં ધ્યાન કરી લીએ કે "મેં એવો ઈરાદો કીધો કે તહીયતુલ મસજીદની બે રકાત નમાઝ પઢી લઉં"

(૪) **મસઅલો.** બે રકાત કંઈ ખાસ નથી. જો ચાર રકાત પણ પઢે તો પણ કંઈ હરકત નથી. જો મસીદમાં દાખલ થતાંજ કોઈ ફરઝ અથવા સુંનત પઢવામાં આવશે તો તહીયતુલ મસજીદની નૈયત નહીં કરવામાં આવી

હોય. (દુ. મુખ્તાર, શામી, મ. ફલાહ) **(૫) મસ્અલો.** કોઈ માણસ મસીદમાં જઇને બેસી જાય અને તે પછી તહીયતુલ મસજીદ પઢે તો પણ કંઇ હરકત નથી. બેહતર એજ છે કે એ-સવા પેહલાંજ પઢી લીએ. (દુ. મુખ્તાર વિ.) **હદીસ.** નબી સલ, ફરમાવ્યું કે તમારામાંથી કોઇ જ્યારે મસીદમાં જાય તો જ્યાંસુધી તે બે-રકાત નમાઝ નહીં પઢી લીએ ત્યાં સુધી બેસે નહીં. [બુખારી, મુસલીમ] **(૬) મસ્અલો.** જો મસીદમાં વારંવાર જવું નીકળવું પડે તો ફકત એકજ વખતે તહીયતુલ મસજીદ પઢવી બસ છે પછી ગમે તો પેહલીજ વખતે પઢી લી-એ અથવા છેલ્લે પઢી લીએ. (દુ. મુખતાર, શામી.)

સફર (જતી વખતે પઢવા)ની નફિલો.

(૧) મસ્અલો. જ્યારે કોઈ માણસ પોતાના ઘેરથી સફર જવા ચાહે તો પોતાના ઘરમાં બે રકાત નમાઝ પઢીને સફરમાં જાય અને એ (નમાઝ) મુસતહબ છે, અને જ્યારે સફરથી પાછો ફરે તો મુસતહબ છે કે પેહલાં મસીદમાં જઈ બે રકાત નમાઝ પઢી લીએ અને પછી પોતાના ઘરમાં દાખલ થાય. **હદીસ** નબી સલ લલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમે ફરમા-વ્યું છે કે સફર જતી વખતે જે બે રકાત નમા-ઝ પઢવામાં આવે છે તે બે રકાતોનાં કરતાં વધારે સારી ચીજ પોતાના ઘરમાં કોઈ છોડી જતું નથી. **(તબરાની). હદીસ** નબી સલ લલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમ જ્યારે સફરથી ઘેર પાછા ફરતા ત્યારે (ઘેર આગળ પોહોંચ્યા પછી) પેહલાં મસીદમાં જઇને બે રકાત નમાઝ પઢી લેતા હતા. [મુસલિમ શરીફ), **(૨) મસ્અલો.** મુસાફર જ્યારે સફરમાં કોઈ મંજલપર પોહોંચે તો તેને મુસતહબ છે કે ત્યાં બેસવા (કે આરામ લેવા) અગાઉ બે રકાત નમાઝ પઢી લીએ, જો તેનો ઈરાદો ત્યાં થોભવાનો હોય તો (શામી વિ.)

કતલ (થતી વખતે જો પઢવાની સગવડ હોય તો તે વખતે પઢવા) ની નમાઝ.

મસ્અલો. જ્યારે કોઈ મુસલમાન કતલ થવાનો હોય તો તેને મુસ્તહબ છે કે બે રકાત નમાઝ પઢીને ખોદાપાકથી પોતાના ગુનાહોની માફી ચાહે જેથી આ નમાઝ અને ઇસતિગફાર (ગુનાહોની માફી માંગવી) દુન્યામાં તેનું છેલ્લામાં છેલ્લું કામ રહે (તહતાવી, મ. ફલાહ વિ.) **હદીસ.** જનાબ નબી (સલ) એ એક વખતે પોતાના સહાબીઓમાંથી કેટલાક કારીઓ (દીનના મસઅલા ઘણી સારી રીતે જાણુનારાઓ) ને કુર્આને શરીફ શીખાડવાને કોઈ ઠેકાણે મોકલ્યા. રસ્તામાં મકકાના કાફરોએ તેઓને કેદ કીધા. હઝરત ખોબૈબ (રદી) શિવાય સૌને (પકડેલાઓને) તેજ ઠેકાણે કતલ કરી નાંખ્યા. હઝરત ખોબૈબ (રદી) ને મકકામાં લઈજઇને ઘણી ધૂમધામથી શહીદ કીધા જ્યારે તેવણને શહીદ કરવા લાગ્યા ત્યારે તેવણે તેઓ (કાફરો) થી રજા લઇને બે રકાત નમાઝ પઢી; તે વખતથીજ આ નમાઝ મુસ્તહબ થઈ ગઈ. (મિશકાત શરીફ).

તરાવીહ (ની નમાઝ) નું બયાન.

(૧) મસ્અલો. વિતર (ની નમાઝ) તરાવીહ (ની નમાઝ પઢયા) પછી પઢવી બહે-તર છે. અને જો પહેલાંથી પઢે તો પણ દુરસ્ત છે. (દુ. મુખ્તાર). **(૨) મસ્અલો.** તરા-વીહ (ની નમાઝ) માં ચાર રકાત (નમાઝ પઢયા) પછી એટલી વાર સુધી બેસે કે જેટલી વારમાં મજકૂર ચાર રકાત નમાઝ પઢવામાં આવી હોય. અને એ મુસ્તહબ છે, પણ જો એટલી વાર બેસવામાં લોકોને અણગમો થતો હોય, અને જમાઅત તેથી કરીને ઓછી થઇ જવાની બીક હોય તો થોડું બેસે. આ બેસવામાં તેને અખત્યા-ર છે કે ગમે તો, બીજી નફિલ નમાઝો પઢે, ગમે તો તસબીહ વિગેરે પઢે અને ગમે તો ચુપ

બેસી રહે. (૩) **મસઅલો.** જો કોઈ માણુસ ઇશાની નમાઝ પછી તરાવીહ પઢી રહયો અને તરાવીહ પડયા પછી તેને યાદ આવ્યું કે ઇશાની નમાઝમાં કંઈ નુકશાની રહી ગઈ હતી જેથી ઇશાની નમાઝ થઈ નહીં, ત્યારે તેને જોઇએ કે ઇશાની નમાઝ પણ ફરીથી પઢે અને તરાવીહ પણ ફરીથી પઢે.

(૪) મસઅલો. જો ઇશાની નમાઝ જમાતથી પઢવામાં નહીં આવી હોય તો તરાવીહને પણ જમાતથી પઢે નહીં. કેમકે તરાવીહ ઇશા [ની નમાઝ] ને તાબે છે. પણ જે લોકો ઇશાની નમાઝ જમાતથી પઢીને તરાવીહ (ની નમાઝ) જમાતથી પઢતા હોય તેઓની સાથે સામેલ થઇને, (જે માણુસે ઇશાં એકલાં પઢી હોય તેને) તરાવીહની નમાઝ પઢવી જાયઝ છે કેમકે તે (માણુસ) તે લોકોનો તાબેદાર ગણાશે, કે જે લોકોની જમાઅત દુરસ્ત હતી. (દુ. મુખ્તાર, શામી.) **[૫] મસઅલો.** કોઇ માણુસ મસીદમાં એવે વખતે પોહોંચ્યો કે ઇશાની જમાઅત થઈ રહી હતી. ત્યારે તેને જોઇએ કે પેહલાં ઇશાની નમાઝ પઢે પછી તરાવીહમાં સામેલ થાય અને એ દરમ્યાનની તરાવીહની કેટલીએક રકાતો થઈ જાય તો તે [રેહી ગયલી રકાતો] ને વીતર પઢયા પછી પઢે **અને આ માણુસ વીતરને જમાઅત સાથે પઢે.** (દુ. મુખ્તાર, સગીરી)

(૬) મસઅલો. અનુક્રમે (રમઝાનના [આખા] મહિનામાં કુર્આને શરીફનું તરાવીહમાં એકવાર પૂરૂં પઢવું સુંનતે મોઅકકદા. છે લોકોની આળસને લીધે તેને છોડવું નહીં જોઇએ. પણ જો એ વાતની બીક હોય કે જો પૂરૂં કુર્આન પઢવામાં આવશે તો લોક નમાઝ પઢવા નહીં આવશે અને જમાઅત પડી ભાંગશે. અથવા તેઓને ઘણો અણુગમો થશે, તો બેહતર એ છે કે લોકોને ભારે નહીં પડે તેટલુંજ પઢવામાં આવે. **અલમ તરા કયફા** થી છેવટ સુધીની દસ સુરતો પઢાય (કે જેથી) દરેક રકાતમાં એક સૂરત પઢાશે. પછી જ્યારે દસ રકાતો થઈ જાય ત્યારે તે સૂરતો ફરીથી પઢય (જેથી વીસ રકાત જઈ જશે.) અથવા બીજી ગમે તે સુરતો પઢે. (મ. ફલાહ, બહર, દુ. મુખ્તાર શામી). **(૭) મસઅલો.** [આખા મહિનામં] એક કુર્આનથી વધારે પઢે નહીં. જ્યાં સુધી કે લોકો (એક કુર્આનથી) વધારે સાંભળવાને આતુર નહોય.

(૮) મસઅલો. એક રાતમાં પૂરા કુર્આને શરીફનું પઢવું જાયઝ છે જો લોકો ઘણીજ આતુરતાથી સાંભળવાને તૈયાર હોય જો તેઓને સાંભળવું ભારે પડે અને નાપસંદ હોય તો મકરૂહ છે. **(૯) મસઅલો.** તરવીહમાં કોઈ પણ સૂરતપર એક વખતે **બિસમિલ્લાહિર રહમાંનિર રહીમ** મોટે સાદે પઢવું જોઇએ. કેમકે બિસમિલ્લાહ પણ કુર્આને શરીફની એક આયાત છે અગર જો કોઈ સુરતનો ભાગ નથી. જો બિસમિલ્લાહ તદ્દન પઢવામાં નહીં આવશે તો કુર્આન શરીફ પઢવામાં એક આયત ઓછી થશે, અને જો ધીમા સાદે પઢવામાં આવશે તો મુકતદીઓનું કુર્આન (એક આયાત નહીં સાંભળવાને લીધે) પૂરૂં થશે નહીં.

(૧૦) મસઅલો. રમઝાનના આખા મહિનામાં તરાવીહ પઢવી સુંનત છે. અગર જો કુર્આન શરીફ (જો પૂરો પઢવામાં આવે તો) મહિનો પૂરો થાય તે પેહલાં પૂરો [ખતમ] થઈ ગયો હોય, દાખલા તરીકે જો પંદર દહાડામાં કુર્આને શરીફ પૂરો પઢવામાં આવે તો બાકી રહેલા વખત (પંદર દહાડા) માં પણ તરાવીહ પઢવી સુંનત મોઅકકદા છે. **(૧૧) મસઅલો.** ખરીવાત એજ છે કે **કુલહોવલ્લાહ** (ની સૂરત) ને ત્રણ વાર કુર્આનને ખતમ કરતી વખતે પઢવું મકરૂહ છે, જેવો કે આજ કાલે રિવાજ થઇ પડેલા છે.

ચાંદ ગ્રહણુ અને સૂરજ ગ્રહણુની નમાઝ.

(૧) મસઅલો કુસફ (સૂરજ ગ્રહણું)

ને વખતે બે રકાતો (નમાઝ પઢવી) સુંનત છે. **(૨) મસઅલો.** કુસૂફની નમાઝ જમાઅતની સાથે પઢવામાં આવે પણ તેમાં શરત એ છે કે જુમ્માને દહાડે જે ઇમામ નમાઝ પઢાવતો હોય તે અથવા શેહેરનો હાકેમ અથવા તેનો નાએબ (પ્રતિનિધી) એ નમાઝ પઢાવે (મ. ફલાહ) **(૩) મસઅલો.** જુમ્માની નમાઝ જાયઝ થવાને માટે જેટલી શર્તો છે તેટલીજ શર્તો ખુતબા શિવાય કુસૂફની નમાઝને વાસ્તે છે. (તહતાવી, મ. ફલાહ). **(૪) મસઅલો.** કુસૂફની નમાઝને માટે અઝાં કે એકામત કેહવી નહીં જોઇએ. પણ જો લોકોને એકઠા કરવા હોય તો **અસ્સલાતો જામેઅતુન** પોકારવામાં આવે. (મ. ફલાહ). **(૫) મસઅલો.** કુસૂફની નમાઝમાં મોટી (લાંબી) સુરતો જેવી કે સૂરએ બકર વિગેરે પઢવી અને રૂકૂઅ તથા સિજદામાં ઘણીવાર સુધી થોભવું સુંનત છે. કિરાઅત (ઝોહર અને અસરની નમાઝોની પેઠે ઇમામ) ધીમેથી પઢે.

(૬) મસઅલો. નમાઝ પછી ઇમામ ને જોઇએ કે દોઆમાં લાગી જાય અને તમામ મુકતદીઓ આમીન આમીન કહેતા રહે જ્યાંસુધી ગૃહણ પૂરો સાફ નહીં થાય ત્યાંસુધી દોઆ માંગવામાંજ લાગેલા રહેવું જોઇએ. પણ એવીજ હાલત (ગૃહણ લાગેલો તેવીજ હાલતમાં) જો સૂરજ આથમે અથવા બીજી કોઈ નમાઝનો વખત આવી જાય તો દોઆ પૂરી કરીને નમાઝ શરૂ કરી દેવી જોઈએ. **(૭) મસઅલો.** ખોસૂફ (ચાંદ ગૃહણ) ના વખતે પણ બે રકાત (નમાઝ) પઢવી સુંનત છે. પણ એ નમાઝ જમાતની સાથે પઢવી સુંનત નથી. સઘળા લોકો જુદા જુદા નમાઝ પઢે અને પોતપોતાના ઘરમાં પઢે એને વાસ્તે મસીદમાં (ખાસ કરીને) જવું પણ સુંનત નથી.

(૮) મસઅલો. એવીજ રીતે જો કોઇ બીક કે આફત આવી પડે તો નમાઝ પઢવી મુસ્તહબ છે દાખલા તરીકે સખત વાવાઝોડું થાય, વીજ પડે, તારા તૂટે, કરાં (અથવા બરફ આકાશ પરથી) વધારે પડે, કોઈ બીમારી જેવી કે મરકી ફેલાઈ જાય અથવા કોઈ દુશ્મનની બીક હોય. પણ આવી તકલીફોના વખતમાં (એવી આફતો દૂર થવાને માટે) જે નમાઝો પઢવામાં આવે તે (નમાઝો) જમાઅતથી પઢવામાં આવે નહીં. પોતપોતાના ઘરમાં દરેક જણુ એકલો પઢી લીએ. જનાબ નબીએ અકરમ (સલ). પર કોઈ મુશીબત કે દુ:ખ આવી પડતું તો આપ તરત નમાઝ પઢવામાં લાગી જતા (મ. ફલાહ).

(૯) મસઅલો. જેટલી નમાઝો અહીં બ્યાન કરવામાં આવી તેઓ ઉપ્રાંત પણ જેટલી નફિલ નમાઝો વધારે પઢવામાં આવશે તો તેનાથી સવાબ થશે અને (આખરત તેમજ દુન્યામાં ખોદાપાકના દરબારમાં) તેને મોટા દરજ્જા મળશે તેમાં ખાસ કરી તે વખતોમાં (નમાઝ પઢે) કે જે (વખતો) ની મોટાઈ હદીસોમાં આવેલી છે અને જે (વખતો) માં ઇબાદત કરવાની ભલામણ જનાબ નબીએ પાકે (સલ) ફરમાવેલી છે જેવી રમઝાન મહિનાના છેલ્લા દાહેકાની રાતો, અને શાબાન મહિનાની પંદરમી તારીખ (ની રાત) કેમકે આ વખતોની ઘણી મોટાઇઓ અને તેઓમાં ઇબાદત કરવાનો અતિષય સવાબ હદીસોમાં બ્યાન થયલો છે. અમે ટુંકમાં લખવાના સબબે તેને તફસીલ સાથે લખી નથી.

ઇસ્તિસકાની નમાઝ.

જ્યારે વરસાદ નહિ વરસતો હોય અને પાણીની ઘણી જરૂર હોય તે વખતે ખોદાપાકથી પાણી વરસાવાને માટે દોઆ કરવી સુનંત છે. ઇસ્તિસકાને માટે દોઆ કરવી એવી રીતે મુસ્તહબ છે કે તમામ મુસલમાનો મળીને પોતાનાં છોકરાં અને ઘરડા ડોસાઓને અને જનાવરોને લઇને ઉઘાડે પગે જંગલ તરફ જાય, પણ કાફેરોને પોતાની સાથે લઈ જાય નહીં; પછી બે રકાત નમાઝ જમાઅતની સાથે પઢે ઇમામ કિરાઅતને પોકારીને

પઢે; પછી બે ખુત્બા પઢે જેવી રીતે કે ઇદને દહાડે (ઇદની નમાઝમાં) કરવામાં આવે છે. પછી ઇમામ કિબ્લા તરફ મોં કરીને ઉભો થાય અને બંને હાથો ઉઠાવીને ખોદાપાકથી પાણી વરસે તે માટે દોઆ કરે. અને તમામ લોકો જેઓ ત્યાં હાજર હોય તેઓ પણ દોઆ કરે.

કિરઅતના મસઅલા.

[૧] મસઅલો. મુદરિકને કિરઅત (કુર્આન શરીફ) પઢવી નહીં જોઇએ ઇમામનું પઢવું તમામ મુકતદીઓ તરફથી બસ છે. **(૨) મસઅલો.** મસબૂકને પોતાની ખુએલી રકાતોમાંથી એક કે બે રકાતોમાં કિરઅત કરવી ફરઝ છે પણ એ તે વખતે છે કે જ્યારે એક કે બે રકાત એવી ખુએલી હોય કે જે રકાતોમાં કિરઅત કરવી ફરઝ છે. **(૩) મસઅલો.** મતલબ એ છે કે ઇમામ હોય એવી નમાઝમાં મુકતદીને કિરઅત પઢવી નહીં જોઇએ પણ મસબૂકની ખુએલી રકાતોમાં ઇમામ તો હોતો નથી (પણ તે એકલો હોય છે) તેથી તેને કિરઅત કરવી જોઇએ. **(૪) મસઅલો.** સિજદાની જગ્યા પગો જે જગ્યાએ મુકીને ઉભા રહેલા હોઇએ તે જગ્યા કરતાં અર્ધા ગજથી વધારે ઉંચી નહીં હોવી જોઇએ. જો અર્ધા ગજથી વધારે ઉંચી જગ્યા પર સિજદો કરવામાં આવશે તો દુરસ્ત થશે નહીં; પણ જો કોઈ એવોજ ઉજર હોય તો જાયઝ થશે. દાખલા તરીખે જમાઅત મોટી છે અને લોકો એટલા બધા ભેગા થઇને ઉભા છે કે જમીન પર સિજદો થઈ શકતો નથી ત્યારે નમાઝ પઢનારાની પીઠપર સિજદો કરવો જાયઝ છે. પણ તેમાં શરત એ છે કે જે માણુસની પીઠ પર સિજદો કરવામાં આવે તે માણુસ પણ તેજ નમાઝ પઢતો હોય કે જે સિજદો કરનાર પઢે છે. (મ. ફલાહ).

(૫) મસઅલો. બંને ઇદોની નમાઝમાં આમાન્ય તકબીરો ઉપ્રાંત બીજી છ તકબીરો કેહેવી વાજીબ છે. **(૬) મસઅલો.** સવારની (ફરઝ) નમાઝમાં બંને રકાતોમાં અને મગરેબ અને ઇશાની [ફરઝ] નમાઝોની પેહલી બે રકાતોમાં પછી તે વખતસર પઢાતી હોય અથવા કઝા પઢાતી હોય, અને જુમ્મા અને બંને ઇદો અને તરાવીહની નમાઝોમાં અને રમઝાન (મહિના) ની વિતર નમાઝોમાં ઇમામને જોરથી કિરઅત પઢવી વાજીબ છે. **(૭) મસઅલો.** એકલો નમાઝ પઢતો હોય તેને અખત્યાર છે કે પોકારીને કિરઅત પઢે અથવા ધીમે સાદે પઢે. જોરથી (અથવા જેહરથી અથવા પોકારીને કે મોટે સાદે) પઢવાની ફિકેહના આલમોએ એવી હદ બાંધેલી છે કે કોઇ બીજો માણુસ તેની કિરઅતને સારી પેઠે સાંભળી શકે. અને ધીમે પઢવાની હદ એ રાખેલી છે કે પોતેજ સાંભળી શકે કોઈ બીજો માણુસ સાંભળી શકે નહિ.

(૮) મસઅલો. ઝોહર, અસરની તમામ રકાતોમાં અને મગરેબ, ઇશાની છેલ્લી (બે) રકાતોમાં ધીમે સાદે કિરઅત પઢવી ઇમામપર વાજેબ છે. (કાઝીખાન, નેહર વિ.). **(૯) મસઅલો.** નફિલ નમાઝો જે દહાડામાં પઢવામાં આવે તે ધીમેથી પઢવી જોઇએ; જે નફિલો રાતના પઢવામાં આવે તેમાં અખત્યાર છે [ધીમે પઢે અને ગમે તો મોટે સાદે પઢે.) (મ. ફલાહ) **(૧૦) મસઅલો.** મુનફરિદ જો સવાર મગરેબ અને ઇશાની કઝા નમાઝો દહાડે પઢે તો તે નમાઝોમાં પણ તેને ધીમે સાદે કિરઅત કરવી વાજિબ છે. પણ જો રાતે મજકૂર કઝા નમાઝો પઢે તો તેને અખત્યાર છે. **(૧૧) મસઅલો.** જો કોઇ મગરેબ અને ઇશાની પહેલી અને બીજી રકાતોમાં અલહમ્દ પછી સૂરત મેળવવી ભૂલી જાય, તો તેને જોઇએ કે (મગરેબની) ત્રીજી [અને ઇશાની ત્રીજી અને) ચોથી રકાતમાં અલહમ્દો પછી બીજી સૂરતો પઢે. અને આ (છેલ્લી) રકાતોમાં પણ (સૂરતો મેળવવાની હોય તો) મોટે સાદે કિરઅત પઢવી વાજેબ છે. અને (નમાઝની) છેવટમાં સહવના સિજદા [બે] કરી લેવા (જોઇએ.)

નમાઝ કેવી રીતે પઢવી તેને માટે કેટલાએક મસઅલા.

(૧) મસઅલો. તકબીરે તહરીમા કેહવા પેહલાં, મરદોને કાનો સુધી અને ઔરતોને ખભાઓ સુધી હાથ ઉઠાવવા સુંનત છે. જો કંઈ ઉજર હોય તો મરદોને પણ ખભા સુધી હાથ ઉઠાવવામાં કંઈ હરકત નથી. **(૨) મસઅલો.** તકબીરે તહરીમા પછી તરતજ મરદોને ડુંટી નીચે અને ઓરતોને છાતીપર હાથ બાંધી લેવા સુંનત છે. **(૩) મસઅલો.** જમણી હથેલી ડાબી હથેલીપર મુકી જમણા હાથના અંગૂઠા અને છેલ્લી આંગળી વડે ડાબા પોંચાને પકડી [જમણા હાથની બાકી] ત્રણ આંગળીઓને ડાબા પોંચાપર પાથરી દેવી સુનત છે **(૪) મસઅલો.** ઈમામ અને એકલા નમાઝ પઢનારને અલહમ્દોની સૂરત પુરી પઢયા પછી આમીન કહેવી અને કિરાઅત જોરથી પઢાતી હોય તો મુકતદીઓએ પણ આમીન [ધીમેથી] કેહવી સુંનત છે.

(૫) મસઅલો. મરદોને રૂકૂઅની હાલતમાં એવી સારી રીતે વાંકા વળવું કે માથું પીઠ અને ઢગરા સરખા થઇ જાય સુંનત છે. **(૬) મસઅલો.** રૂકૂઅમાં બંને હાથોને પાંસળાઓથી જુદા રાખવા મરદોને સુંનત છે. કૌમા (રૂકૂઅ પછી ઉભા થવા) માં ઇમામને **સમેઅલ્લાહો લેમન હમેદા** ફકત કેહવું અને મુકતદીઓને **રબ્બના લકલ હમ્દ** ફકત કેહવું અને મુનફરિદને બંનેનું કેહવું સુંનત છે. **(૭) મસઅલો.** સિજદાની હાલતમાં પેટને જાંગોથી કોણીઓને પાંસળાઓથી અને હાથોના પોંહચા પછીના ભાગને દુર રાખવા મરદોને સુંનત છે.

(૮) મસઅલો. પેહલા અને બીજા બંને કાયદામાં જમણો પગ આંગળીઓપર ટેકો દઈ ઉભો કરે તે એવી રીતે કે મજકુર પગની આંગળીઓ કિબ્લા તરફ હોય અને ડાબો પગ ભોંયપર પાથરી તેનાપર બેસવું અને બંને હાથો જાંગોપર મુકી આંગળીઓ ઘુંટણ પાસે મુકવી મરદોને માટે સુનંત છે **[૯] મસઅલો.** ઇમામને સલામ મોટે સાદે કેહવી સુંનત છે. **(૧૦) મસઅલો.** ઈમામને સલામ કેરવતી વખતે પોતાના તમામ મુકતદીઓને (જાણે તે સલામ કરે છે એવી) નૈયત કરે, પછી ગમે તો તેઓ મરદ હોય અથવા ઓરત હોય અથવા છોકરા હોય, અને (આદમીઓ) સાથે [જે] ફરિશ્તા રહે છે તેઓ (પર સલામ) ની નૈયત કરે. અને મુકતદીઓને જોઇએ કે (અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહ બોલવામાં) પોતાની સાથે નમાઝ પડનારાઓ, અને સાથે રહેનારા ફરિશ્તાઓની અને ઈમામ જો જમણી તરફ હોય તો જમણી તરફ (મોં ફેરવી) સલામ પઢતી વખતે જમણી તરફના સલામમાં અને ડાબી તરફ હોય તો ડાબી તરફની સલામમાં, અને બિલકુલ વચ્ચે હોય તો બંને સલામોમાં ઇમામની નૈયત કરવી સુંનત છે. [મ. ફલાહ] **(૧૧) મસઅલો.** તહરીમાની તકબીર બોલતી વખતે, ટાઢ વિગેરેનો જો કોઇ ઉજર તેને ન હોય તો મરદો ને સુંનત છે કે હાથને ચદ્દર વિગેરેમાંથી બાહેર કાઢવા.

જમાઅતનું બ્યાન.

જમાઅતથી નમાઝ પઢવી વાજેબ અથવા સુંનતે મોઅક્કદા છે તેથી કરીને નમાઝની સુંનતો વાજેબોના બ્યાન પછી અને મકરૂહાત વિગેરે કરતાં પહેલાં તેનું બ્યાન કરવું ઠીક માલમ પડયું અને તેના મસઅલાઓ વધારે વ્યવસ્થા કરવા લાયક હોવાથી તેને માટે ખાસ જુદુંજ મથાળું રાખવામાં આવ્યું. ઓછામાં ઓછા બે માણુસોએ મળીને નમાઝ પઢવાને જમાઅત કહે છે અને તે એવી રીતે કે તેમાં એક માણુસ તાબેદાર બની બીજાની તાબેદારી કરે. તાબેદારી કરનારને **મુકતદી અને** જેની તાબેદારી કરવામાં આવે તેને **ઈમામ કહે છે.**

મસઅલો. ઈમામ સિવાય બીજા એક માણુસના (નમાઝમાં) સામેલ થવાથી જમાઅત

થઈ જાય છે. પછી તે (શામેલ થનારૂં માણસ) મરદ હોય કે ઓરત, (કોઇનો) ગુલામ હોય અથવા આઝાદ (જે માણસ કોઇનો ગુલામ ન હોય), બાલેગ હોય અથવા સમજુ નાબાલેગ બચ્ચું હોય. પણ જુમ્મા કે બંને ઇદોની નમાઝોમાં ઓછામાં ઓછા ઇમામ ઉપ્રાંત ત્રણ માણસો વગર જમાઅત થઈ શકતી નથી (બહર દુ. મુખ્તાર, શામી વિગેરે). **(૨) મસઅલો.** જમાઅત ફરઝ નમાઝોમાંજ થવી જોઇએ એ કંઇ જરૂરનું નથી પણ નફિલ નમાઝ પણ જો બે આદમીઓ એવીજ રીતે (એટલે) એક બીજાની તાબેદારી કરીને પઢશે તો જમાઅત થઇ જશે, પછી ગમે તો ઇમામ અને મુકતદી બંને નફિલ પઢતા હોય અથવા મુકતદીજ નફિલ પઢતા હોય (અગરજે તેનો ઇમામ ફરઝ નમાઝ પઢે) (શામી વિગેરે.) પણ નફિલ નમાઝ હંમેશ જમાઅતની સાથેજ પઢવાની ટેવ પાડવી, અથવા (નફિલ નમાઝમાં) ત્રણ મુકતદીઓ કરતાં વધારે મુકતદીઓનુ એકઠા થવું મકરૂહ છે.

જમાઅતની મોટાઈ અને તેને વાસ્તે તાકીદ.

જમાઅતની મોટાઈ અને તાકીદને વાસ્તે એટલી બધી સહીહ હદીસો છે કે જો તે બધગી એકઠી કરવામાં આવે તો એક સારો રિસાલો (ચોપાન્યું) તૈયાર થઈ શકે છે તે સઘળીને વાંચવાથી એવો ચોખ્ખો સાર નીકળે છે કે નમાઝ પૂરેપૂરી રીતે અદા થવા વાસ્તે જમાઅત એક મોટા દરજ્જાની શરત છે. જનાબ નબીએ [સલ] તેને કોઈ પણ વખતે છોડી નથી. તે એટલે સુધી કે બીમારીની હાલતમાં જ્યારે પોતે ચાલવાની તેવણને કુવ્વત નહતી તોપણ બે માણસને ખભે હાથ મુકીને મસીદમાં આવ્યા; અને જમાઅત છોડનારને સખતમાં સખત સજા દેવાને આપ ઈરાદો ફરમાવતા.

એમાં કંઈ શક નથી કે મોહંમદી શરીઅતમાં જમાતનો ભારી બંદોબસ્ત કરવામાં આવ્યો છે. અને એમજ થવું જોઇતું હતું. અને નમાઝ જેવી [મહાન] ઇબાદતને લાયક પણ એજ વાત હતી, કે જે ચીજથી પૂરેપૂરી રીતે અદા થાય તેને વાસ્તે તાકીદો પણ આવીજ સખત હોવી જોઇએ. અને આ ઠેકાણે જે આયતથી કેટલાક તફસીર કરનારા અને ફિકેહના આલેમોએ જમાઅતને સાબેત કીધી છે. તે આયતને પેહલાં લખી પછી કેટલીએક હદીસો લખશું. ખોદા પાકનું ફરમાવ્યું “ નમાઝ પઢનારાઓની સાથે (શામેલ થઇને) નમાઝ પઢો ” એટલે જમાઅતથી [નમાઝ પઢો] (મોઆલિમુ-તનઝીલ, જલાલૈન, ખાઝિન, અબસઉદ, મદારિક, તફસીરે કબીર વિગેરે) આ આયતમાં ખુલ્લે ખુલ્લો જમાઅતથી નમાઝ પઢવાનો હુકમ છે પણ બીજા કેટલાક તફસીર કરનારાઓએ “ રૂકૂઅ ” (એ શબ્દના) અર્થ આજીઝીના લખેલા છે. તેથી ફરઝ હોવુ સાબેત થશે નહીં.

(૧) હદીસે શરીફ. હઝરત (અબદુલ્લાહ) ઇબ્નિ ઉમર (રદી) હઝરત નબી [સલ] થી રિવાયત કરે છે કે એકલા નમાઝ પઢવા કરતાં જમાઅતથી નમાઝ પઢવાનો સવાબ સ-તાવીસ ગણું વધારે છે. (સહીહ બુખારી, અને મુસલિમ). **(૨) હદીસે સરીફ.** જનાબ નબી [સલ] એ ફરમાવ્યું કે એકલા નમાઝ પઢવા કરતાં એક આદમીની સાથે નમાઝ પઢવી વધારે સારૂં છે, અને બે આદમીઓ સાથે તે કરતાં વધારે બેહતર છે, અને જમાઅતમાં જેટલા માણસો વધારે થાય તેટલો ખોદાપાક વધારે પસંદ ફરમાવે છે (અબૂદાઉદ શરીફ)

(૩) હદીસે શરીફ. હઝરત અનસ બિન માલેક (રદી) રિયાવત બયાન કરે છે કે બની સલમાના લોકોએ ઇરાદો કીધો કે પોતાના અસલી ઘરો (જે કે જનાબ નબીની (સલ.) મસીદથી ઘણા આઘે હતા તેઓને છોડી હુઝુર નબીએ અકરમ (સલ.) ની પાસે આવીને રહે ત્યારે આપે (સલ.) તેઓને ફરમાવ્યું કે જે પગલાં જમીન પર પડે છે શું તેમાં તમને સવાબ થાય છે એમ તમે સમજતા નથી?

[બેશક સવાબ થાય છે] (બુખારી શરીફ) **ફાયદો.** એ (હદીસ) પરથી જણાયું કે જે માણસ (જેટલા) આઘેથી ચાલીને મસીદે આવશે તેને તેટલો વધારે સવાબ થશે. **(૪) હદીસે શરીફ** જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જેટલો વખત નમાઝની ઇનિતેજારીમાં ગુજરશે તે સઘળો નમાઝમાંજ ગણાશે. **(૫) હદીસે શરીફ.** જનાબ નબી (સલ) એ એક વખતે ઇશા (ની નમાઝ ને) વખતે જે સહાબાઓ (રદી) જમાતમાં શામેલ હતા તેઓને ફરમાવ્યું કે લોકો નમાઝો પઢીને સુઇ ગયા અને તમારો જે વખત ઇનિતેઝારમાં તમે ગાળ્યો તે સઘળો નમાઝમાં ખોદા પાકની જનાબમાં) ગણાયો (સહીહ બુખારી શરીફ).

(૬) હદીસે શરીફ. હઝરત બોરીદા અસલમી (રદી) જનાબ નબી (સલ) થી રિયાવત કરે છે કે આપે (સલ) ફરમાવ્યુ કે જે લોકો ઘોર રાતોમાં જમાઅતને વાસ્તે મસીદમાં જાય છે તેવણને ખુશખબર સભળાવી દીઓ કે તેઓને માટે કેયામતમાં સંપુર્ણ અજવાળું થશે. (તિર્મિઝી શરીફ) **(૭) હદીસે શરીફ.** હઝરત ઉસમાન (રદી.) રિવાયત કરે છે કે જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જે માણસ ઇશાની નમાઝ જમાઅતથી પઢે તેને અર્ધી રાત સુધી ઇબાદત કરવાનો સવાબ મળશે અને જે માણસ ઇશાની અને સબારની નમાઝ જમાઅતથી પઢશે તેને આખી રાત ઇબાદત કરવાનો સવાબ મળશે (તિર્મિઝી)

(૮) હદીસે શરીફ. હઝરત અબુહોરૈરા. (રદી) જનાબ નબી (સલ) થી (હદીસ) રિવાયત કરે છે કે એક દહાડે આપે ફરમાવ્યું કે ખરેખર મારા મનમાં આવ્યું કે કોઇને કહુ કે (બાળવાના) લાકડાં એકઠાં કરે, પછી અઝાં દેવા વાસ્તે હોકમ કરૂં અને કોઇ માણસને ઇમામત વાસ્તે ઉભો કરૂં અને હું તે લોકોને ઘેર જાઉં કે જેઓ જમાઅતમાં શામેલ થતા નથી અને તેઓના ઘરોને બાળી નાંખું (બુખારી, મુસલિમ અને તિર્મિઝી).

(૯) હદીસે શરીફ. એક રિવાયતમાં છે કે જો નાનાં બચ્ચાંઓ અને ઓરતોનો વિચાર નહી હોત તો હું ઇશાની નમાઝમાં લાગી જઇ ખિદમત કરનારાઓને હુકમ કરતે કે [જે લોકો જમાઅતમાં શામેલ નહીં થતા હોય] તેઓના ઘરોને તેઓના માલ રાચરચીલાને તેઓની જાતો સાથે બાળી નાંખે [મુસલિમ] આ હદીસમાં ઇશા (ની નમાઝ) નું નામ એટલાજ વાસ્તે દેવામાં આવ્યું છે કે તે સુવાનો વખત હોય છે, અને ઘણુ કરીને તે વખતે ઘણા લોકો પોતપોતાના ઘરોમાં હોય છે ઇમામ તિર્મિઝી (રહ) આ હદીસને બયાન કરી લખે છે કે એવુંજ બયાન હઝરત ઇબ્ને મસઉદ, અબુ દર્દા (અબદુલ્લાહ) ઇબ્ને અબ્બાસ અને જાબિર (રદી) થી પણ રિવાયત કરવામાં આવ્યું છે. અને એ બધા હઝરત નબી (સલ) ના બહુ મોટા (આલેમ) સહાબીઓ (માંથી) હતા.

(૧૦) હદીસે સરીફ. હઝરત અબુદરદા (રદી) રિવાયત કરે છે કે જનાબ નબી [સલ] એ ફરમાવ્યુ છે કે કોઇ પણ વસ્તી કે જંગલમાં ત્રણ મુસલમાનો [મરદ બાલેગ] હોય અને જમાઅતથી નમાઝ નહી પઢે તો બેશક તેઓપર શેતાન ફતેહ પામશે ત્યારે ઓ અબુદરદા ! જમાઅત (થી નમાઝ પઢવા) ને પોતાના ઉપર મુકરર કરી લે જે ! વરૂ (શેતાન) તેજ બકરા (માણસ) ને ઉઠાવી લઇ જાય (ભમાવે) છે કે જે પોતાના ટોળા (જમાઅત) થી જુદું પડી ગયું હોય [અબદાઉદ શરીફ]. **[૧૧] હદીસે શરીફ.** હઝરત [અબદુલ્લાહ] ઇબ્ને અબ્બાસ (રદી.) જનાબ નબી (સલ) થી [હદીસની] રિવાયત કરે છે કે જે માણસ અઝાં સાંભળીને જમાઅતમાં શામેલ નહીં થાય અને તેને કોઇ ઉજર પણ ન હોય તો તે એકલો જે નમાઝ પઢશે તે કબુલ થશે નહીં, સહાબીઓ

[રદી.] એ પૂછ્યું કે તે કયો ઉજર છે હઝરતે (સલ) ફરમાવ્યું કે (તે ઉજર કોઇ દુશમનની) બીક અથવા બીમારી છે. (અબૂદાવૂદ). આ હદીસમાં બીક અને બીમારીનો ખોલાસો કરવામાં આવ્યો નથીં. પણ કેટલીક હદીસોમાં તેની કંઈ તફસીલ પણ દેવામાં આવી છે.

(૧૨) હદીસે શરીફ. હઝરત મહજન (રદી.) ફરમાવે છે કે એક વખતે હું જનાબ નબી [સલ] ની સાથે હતો એટલામાં અઝાં થઇ અને રસૂલુલ્લાહ (સલ) નમાઝ પઢવા લાગ્યા અને હું પોતાની જગ્યાએ જઇને બેઠો હઝરતે [સલ] નમાઝ પઢી રહયા પછી પૂછ્યું "ઓ મહજન ! તમે જમાઅત સાથે નમાઝ કેમ નહીં પઢી શું તમે મુસલમાન નથી ?" મેં અરજ કીધી "યા રસૂલલ્લાહ ! (સલ) હું મુસલમાન તો છું પણ મેં મારા ઘરમાં નમાઝ પઢી લીધી હતી" જનાબ નબી (સલ) એ ફરમાવ્યું. "જ્યારે મસીદમાં આવો અને જુઓ કે (નમાઝની) જમાઅત થઈ રહેલી છે તો લોકોની સાથે મળીને નમાઝ પઢી લીઆ કરો અગરજો (એકલા નમાઝ) પઢી ચુકયા હોવ. (ઇમામ માલેક [રહ] ની મોઅત્તા, નસાઈ શરીફ).

મયકૂર હદીસને જરા ધ્યાન દઈ વાંચશો કે જનાબ નબીએ પાકે (સલ) પોતાના માનીતા સહાબી હઝરત મહજન [રદી] ને જમાઅતથી નમાઝ નહીં પઢવાથી કેવી સખત ગુસ્સાવાળી વાત કહી કે "શું તમે મુસલમાન નથી ?" કેટલીક હદીસો નમૂના તરીખે ઉપર બ્યાન કરવામાં આવી, હવે જનાબ નબી (સલ) ના માનીતા સહાબીઓ [રદી] ના વચનો સાંભળો કે તેઓને જમાઅતની બ્યવસ્થા કરવાનો કેવો વિચાર હતો, અને જમાઅતને છોડવાને તેઓ કેટલું બુરૂં ગણતા હતા. અને તેઓ એ [જમાઅત] ને છોડવાને બુરૂં કેમ નહીં ગણે ? જનાબ નબી (સલ) ની તાબેદારી કરવાનો અને તેવણ (સલ) ની મરજી પ્રમાણે ચાલવાનો વિચાર તેઓ કરતાં વધારે, બીજા કોઇને થઈ શકતોજ નથી.

(૧) અસર. અસવદ (રહ) ફરમાવે છે કે એક દહાડે અમે હઝરત ઉમ્મુલ મોમીનીન (મોમીનોની મા) આયશા [રદી] ની જનાબમાં હાજર હતા એટલામાં નમાઝ હમેશ પઢવી, તેની મોટાઈ, અને તાકીદનું બ્યાન થવા લાગ્યું જેથી હઝરત આયશા [રદી] એ તે બ્યાન શરૂ કરી દીધું "એક દિવસે નમાઝનો વખત થતાં અઝાં થઈ ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે જનાબ અબૂબકર (રદી) થી કહો કે નમાઝ પઢાવી દીએ ત્યારે આપ (સલ) ની જનાબમાં અરજ કરવામાં આવી કે અબબકર (રદી) ઘણાજ નરમ દિલવાળા માણસ છે જે વખતે તેવણ આપની જગ્યામાં ઉભા રહેશે તો (આપની ગેરહાજરીની દલગીરીમાં) અશકત થઈ નમાઝ પઢાવી શકશે નહી; આપે (સલ) તેજ વાત દોરવી ત્યારે પાછો તેજ જવાબ દેવામાં આવ્યો.

ત્યારે આપે ફરમાવ્યું કે તમે એવી વાતો કરો છો જેવી કે મિસર (કેરો શેહર) ની ઓરતો જનાબ યુસુફ (અલ) ની સાથે કરતી હતી. અબૂબકર (રદી) થી કહો કે નમાઝ પઢાવી દીઓ. છેવટે હઝરત અબબકર (રદી) નમાઝ પઢાવવા વાસ્તે નીકળ્યા. એટલામાં આપ (સલ) ને તેવણની માંદગીમાં કંઇ ઘટાડો (આરામ) માલમ પડતાં બે માણસોના ખભાપર હાથ મૂકીને બહાર નીકળ્યા. આ દેખાવ હાલ ઘડીએ જાણે મારી નજર આગળ થઇ રહેલો છે, કે જનાબ નબી (સલ) ના પગ મુબારક જમીનપર ઘસડાઇ રહયા હતા, એટલે એટલી તાકાત પણ નહતી કે ભોંયપર પગો (સારી પેઠે) ઉંચકી શકે ત્યાં (મસીદમાં) અબૂબકર (રદી) નમાઝ શરૂ કરી ચુકયા હતા તેવણે ઇરાદો કીધો કે પાછળ હટી જાય પણ જનાબ નબી (સલ) એ તેવણને (તેમ કરવાની) નાપાડી અને તેવણ પાસેજ ઇમામત કરાવી (સહીહ બુખારી).

(૨) અસર. એક દિવસ જનાબે ઉમર ફારૂકે (રદી.) સુલેમાન બિન અબી હસ્મા (રદી.) ને સવારની નમાઝમાં નહીં જોયા તો તેવણને ઘેર ગયા, અને તેવણની માને પૂછયું કે મેં આજે સુલેમાનને સવારની નમાઝમાં જોયા નહીં [તેનું શું કારણ ?] તેવણે જવાબ દીધો તેવણ આખી રાત નમાઝ પઢતા રહયા તેથી સવારે જરા ઉંઘાઈ ગયા, ત્યારે જનાબે ફારૂકે [રદી] ફરમાવ્યું "મને સવારની નમાઝ જમાઅતથી પઢવી, આખી રાત ઇબાદત કરવા કરતાં વધારે પસંદ છે. (ઇમામ માલીક (રહ)ની મોઅત્તાશરીફ) હઝરત શેખ અબ્દુલહક સાહેબ મોહદ્દિસે દેહલવી (રહ) એ લખ્યું છે કે આ હદીસથી સાફ ઝાહેર છે કે સવારની નમાઝ જમાઅત સાથે પઢવાથી તહજ્જુદ (ની નમાઝ) કરતાં પણ વધારે સવાબ મળે છે. તેથીજ કેટલાક આલેમો-એ લખ્યું છે કે રાતની ઇબાદતથી જો સવારની નમાઝમાં ખલલ થાય તો તેવી ઇબાદતને છોડી દેવી બેહેતર છે. [અશઅતુલ્લમઆત]

[૩] અસર. હઝરત ઇબ્ને મસઉદ [રદી] ફરમાવે છે કે બેશક અમે અમને અને સહાબી-ઓ [રદી.] ને અજમાવી લીધા છે કે જે મુનાફિકનો નિફાક ખુલ્લે ખુલ્લો હોય તેના શિવાય બીજો કોઈ જમાઅતને તરક કરતો નથી; અથવા માંદો માણસ; પણ માંદા માણસ (નબી સલ) પણ બે માણસોને ખાંધે ટેકો દઇને જમાઅતમાં શામેલ થવાને વાસ્તે આવી પોહોંચતા હતા. [સલ લલ્લાહો અલૈહે વ આલેહી વ અસહાબેહી વસલ્લમ] ખરેખર જનાબ નબી (સલ) એ અમને સારે રસ્તે ચાલવાની સૂચનાઓ આપી જેમાંની એક નમાઝ છે. અને તે એવી મસીદોમાં કે જ્યાં અઝાં થતી હોય એટલે જમાઅત થતી હોય, બીજી રિવાયતમાં છે કે જે માણસ એવો ઇરાદો રાખતો હોય કે કાલે (કયામતમાં) ખોદા પાકની જનાબમાં મુસલમાન થઇને જાય તો તેને જોઇએ કે પાંચે વખતની નમાઝો એવી જગ્યામાં પઢે કે જ્યાં અઝાં થતી હોય (એટલે જ્યાં જમાઅતથી નમાઝ પઢાતી હોય તેમાં શામેલ થઇને પઢે.) ખરેખર ખોદા પાકે તમારા નબી (સલ) ને માટે ખરા ધોરી રસ્તા કાઢેલા છે અને એ (જમાઅતથી નમાઝ પઢવી) પણ તેમાંથીજ (એક તરીકો) છે. જો તમે પોતાના ઘરોમાં એવી રીતે નમાઝ પઢી લેશો કે જેવી રીતે મુનાફિક [એકલો] પઢી લીએ છે તો તમારાથી તમારા નબી (સલ) ની સુંનત છુટી જશે. અને જો તમારા નબી (સલ) ની સુંનત તમે છોડી દેશો તો બેશક તમે ભટકી જશો. અને એવો કોઈ માણસ નથી કે જે [પોતાને ઘેર અથવા મસીદથી બાહેર કોઈ ઠેકાણે] વઝુ કરીને મસીદમાં દાખેલ થાય કે જેને દરેક પગલે એક સવાબ (નેકી) લખાતો ન હોય અને એક દરજ્જો (જનતમાં) વધારે દેવાતો ન હોય, અને એક ગુન્હો માફ નહીં થતો હોય. અને અમે જોઈ લીધું કે જમાઅતથી દૂર નહીં થતો પણ મુનાફિક દૂર રહે છે, એટલે જમાઅતને જાણી જોઇને છોડે છે. અમારી (સહાબીઓ (રદી) ની તો એવી હાલત હતી કે માંદગીમાં (પણ) બે માણસોને ખાંધે હાથનો ટેકો દઈ જમાઅતને વાસ્તે જતા હતા, જ્યાં અમને જમાઅતની સફમાં ઊભા કરી દેવામાં આવતા હતા. (મિશકાત શરીફ.)

(૪) અસર. એક વખત અઝાં થઈ રહયા પછી એક માણસ મસીદથી નમાઝ [જમાઅતથી] પઢયા વગર ચાલ્યો ગયો ત્યારે હઝરત અબુહોરૈરા (રદી.) એ ફરમાવ્યું કે આ માણસે અબુલકાસિમ સલ લલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમની નાફરમાની કીધી અને તેવણના પાક હોકમને માન્યો નહીં (મુસલિમ શરીફ). જુઓ હઝરત અબુહોરૈરા (રદી.) એ જમાઅતને છોડનારને શું ફરમાવ્યું ? શું હજી પણ કોઈ મુસલમાનને ઉજર વગર જમાઅત છોડવાની હિંમત થઈ શકશે. ? શું કોઈપણ ઇમાનદારને હઝરત

અબુલકાસિમ (સલ) ની નાફરમાની પસંદ થઈ શકશે.

(૫) અસર. હઝરત ઉમ્મે દરદા (રદી) ફરમાવે છે કે એક વખતે હઝરત અબુદરદા (રદી) મારી પાસે એવી હાલતમાં આવ્યા કે તેવણ ઘણાજ ગુસ્સામાં હતા. મેં પૂછ્યું કે આ વખતે તમને આટલો ગુસ્સો કેમ ચઢેલો છે ? તેવણે જવાબ દીધો " ખોદાપાકના સોગન મોહંમદ [સલ] ની ઉમ્મતમાં હું હવે કોઈ વાત નથી જોતો પણ એ કે તેઓ જમાઅતથી નમાઝ પઢી લે છે. એટલે હવે તેઓ એને પણ છોડવા લાગ્યા છે. (બુખારી શરીફ.) **[૬] અસર.** નબી (સલ) ના ઘણા સહાબીઓ (રદી) થી રિવાયત છે કે તેઓએ કહ્યું કે જે કોઈ અઝાં સાંભળીને જમાઅતમાં નહીં જાય તેની નમાઝ થશે નહીં. આ (અસર) લખીને હઝરત ઇમામ તિર્મિઝી (રહ) લખે છે કે કેટલાક આલેમો કહે છે કે આ હુકમ તાકીદને માટે છે. મતલબ એ છે કે જમાઅત વગર ઉઝરે છોડવી જાયઝ નથી. (જામેઅ તિર્મિઝી).

[૭] અસર. મુજાહેદ [રહ] હઝરત ઇબ્ને અબ્બાસ (રદી) થી પૂછ્યું કે જે માણસ તમામ દહાડા રોઝા રાખતો હોય અને તમામ રાતો નમાઝ પઢતો હોય પણ જુમ્માની નમાઝમાં અને **જમાઅત**માં શામેલ નહીં થતો હોય તેને માટે આપ શું ફરમાવો છો ? આપે ફરમાવ્યું કે જહન્નમમાં જશે. (તિર્મિઝી). ઇમામ તિર્મિઝી આ હદીસની મતલબ એવી બયાન કરે છે કે જુમ્મા અને જમાઅતનો રૂતબો ઓછો જાણીને જો છોડશે તો એ હુકમ લાગુ પડશે. પણ જો દોખઝમાં જવાની મતલબ થોડા દહાડા વાસ્તે [દોઝખમાં જશે એમ) લેવામાં આવે તો મજકૂર અર્થ (તાવીલ) કરાવાની જરૂર પડશે નહીં.

(૮) અસર. સલફના (આગલા બુઝુર્ગો) નેક લોકોનો એવો દસ્તૂર હતો કે (તેઓમાં) જેને જમાઅત સાથે નમાઝ નહીં મળતી (અગર જો એક વખતની હોય) તો સાત દિવસ સુધી તેની માતમપુર્સી (દીલગીરીને માટે દિલાસો દેવા) કરવા (તેને ત્યાં) જતા (અહયાઉલ ઉલૂમ) સહાબા (રદી) ના વચનો કેટલાક બયાન કરવામાં આવ્યા જે ખરૂં જોતાં નબીએ અકરમ (સલ) ના વચનો છે હવે જરા ઉમ્મતના મહાન આલેમો અને મઝહબોનાં મુજતહેદોને જુઓ કે તેઓ જમાઅત (ને છોડનારને) ને માટે શો મત આપે છે.—

(૧) ઝાહેરીયા અને જનાબ ઇમામ અહમદ (હંબલ રહ) ના કેટલાક મુકલ્લેદો (મઝહબપર ચાલનારાઓ) નો મત એ છે કે નમાયઝ થવાને વાસ્તે જમાઅત શર્ત (ફર્ઝ) છે કે જે વગર નમાઝ થનીજ નથી. **(૨)** હઝરત ઈમામ અહમદ (હંબલ રહ)નો ખરો મઝહબ એ છે કે જમાઅત ફર્ઝ ઐન છે અગરજો નમાઝ થઈ જવાને માટે શર્ત નથી. હઝરત ઇમામ શાફેઈ (રહ) ના કેટલાક મુકલ્લેદોનો પણ એજ મઝહબ છે. **(૩)** ઈમામ શાફેઈ (રહ) ના કેટલાક મુકલ્લેદોનો એ મઝહબ છે કે જમાઅત ફર્ઝે કિફાયા છે. હનફી મઝહબની ફિકેહના અને હદીસના એક ઘણાજ નામાંકિત ઇમામ હઝરત ઈમામ તહાવી (રહ) નો પણ એજ મઝહબ છે. **(૪)** હનફી મઝહબના ઘણાખરા સત્યશોધકો (મોહકકિકો) નો અભિપ્રાય એ છે કે જમાઅત વાજિબ છે. સત્ય શોધક (મોહક્કિક કમાલુદ્દીન) ઇબ્ને હોમામ, (મહાન આલેમ) હલબી અને **બહરૂર રાયક** ના રચનાર સાહેબનો એજ મત છે.

(૫) ઘણા ખરા હનફી આલેમો જમાઅત (થી નમાઝ પઢવા) ને વાજિબ જેવી સુંનતે મોઅકકદા માને છે. અને ખરૂં જોતાં હનફીઓના એ બે મતોમાં કંઈ મતફેર નથી. **(૬)** અમારા (હનફી મઝહબના) ફિકેહના ઇમામો લખે છે કે જો કોઈ શેહેરમાં તમામ

લોકો જમાઅત (કરવી) છોડી દીએ અને તેઓને કેહવાથી પણ નહીં માને તો તેઓની સાથે કતલ ચલાવવી હલાલ છે. [બહર] (૭) **કુન્યા** વિગેરેમાં છે વગર ઉજરે જે માણસ જમાઅતને છોડે તેને સજા કરવી ઈસલામી હાકેમપર વાજિબ છે. અને તેની પાડોશમાં રહેનારા જો તેને એ બાબત સૂચના નહિં કરશે તો [તે સઘળા ગુનેગાર થશે. (બહર).

(૮) મસીદમાં જવાને માટે એકામત સાંભળવાની (એટલે બાંગી એકામત કહે તેના અવાજની) રાહ જોશે [અને ઘરમાં કે મસીદને ઓટલે કે બજારમાં મતલબ કે મસીદ બાહેર બેઠી રેહશે) તો ગુનેગાર થશે (બહર વિગેરે) એ એટલાજ માટે કે જો એકામત સાંભળીને નમાઝ પઢવા જશે તો એક બે રકાતો અથવા આખી જમાઅત (થી પઢાતી નમાઝ) ખોવાની બીક છે. જનાબ ઇમામ મોહમદ (રહ) થી રિવાયત છે કે જુમ્મા અને જમાઅતને માટે જલ્દી જલ્દી ચાલીને જવું જાયઝ છે, જો તેને કોઈ તરેહની વધારે તકલીફ નહી થાય તો.

(૯) જમાઅત (થી નમાઝ પઢવી) છોડનાર બેશક ગુનેગાર છે અને તેની ગવાહી કબુલ કરવામાં આવે નહી; જો તેણે વગર ઉજરે માત્ર (જમાઅતને) હલકી ગણીને જમાઅતને છોડી હોય (બહર વિ.) (૧૦) જો કોઇ માણસ **દીનનું ઈલમ** શિખાડવાને રાત દહાડો મચેલો રહે છે અને (તેથી કરીને) જમાઅતમાં (નમાઝ પઢવાને) આવતો નથી તો તેને ઉજરવાળો ગણીશું નહીં; અને તેની ગવાહી કબૂલ રાખવામાં આવશે નહી.

જમાઅતમાં કયા કયા ભેદો સમાએલા છે અને તેના કયા કયા ફાયદાઓ છે.

એ બાબતમાં આલેમોએ ઘણું વિવેચન કીધું છે, પણ જ્યાંસુધી મારી ટુંકી નજર પોહચી છે ત્યાં સુધી હઝરત શાહ મૈલાના વલીયુલ્લાહ સાહેબ મોહદ્દિસે દેહલવી (રહ) કરતાં વધારે સંપુર્ણ અને સાફ લખાણ કોઈનું નથી. અગરજે તેવણનાજ સાફ વિવેચન લખવામાં વધારે લેહજત (વાંચનારને) આવતે પણ ટુંક બયાન કરવાને અર્થે હું તેવણ સાહેબના બયાનનો સાર અત્રે લખું છું. તેવણ ફરમાવે છે " (૧) એથી વધારે ફાયદાકારક બીજી કોઈ ચીજ નથી કે કોઈ ઈબાદત આમ લોકોનાં રસમ રિવાજ તરીખે કરી દેવામાં આવે તે અહીં સુધી કે તે એક જરૂરી ઈબાદત થઈ પડે અને તેને છોડવું એટલુંજ ભારે પડે કે જેવી રીતે આપણને કોઇ પડેલી ટેવને છોડવી ભારે પડે છે. અને નમાઝ કરતાં વધારે દબદબા ભરેલી બીજી કોઈ ઇબાદત નથી, કે જેને માટે એવો ખાસ બદોબસ્ત કરવામાં આવે (કે તે ઈબાદત રસમ તરીખે વપરાતાં પછી ટેવ જેવી થઈ પડે).

(૨) (દરેક) મઝહબમાં બે તરેહના લોકો હોય છે જાહેલ પણ હોય છે અને આલેમ પણ હોય છે, તેથી કરીને એ બહૂજ ફાયદાકારક વાત થઈ પડશે કે સઘળા લોકો (જાહેલ, આલેમ) એકઠા થઈને એક બીજાની સામે આ ઈબાદત ગુજારે જો કોઈથી (નમાઝ પઢવામાં) ભૂલ થઈ જશે તો બીજો માણસ તેને ભાંગશે (શીખાડશે) જાણે ખોદાપાકની ઈબાદત એક ઘરેણું છે કે તેને પારખનારા તમામ લોકો તેને જોયા કરે છે, તેમાં જે કંઈ બગાડો પેદા થાય છે તેને તરત તે લોકો બતલાવી દે છે, અને તેમાં જે ભલાઇ હોય છે તેને પસંદ કરે છે. અને નમાઝને સંપુર્ણ (સાચવી) રાખવાનું આ એક સારૂં સાહિત્ય છે.

(૩) જે લોકો બેનમાઝી હશે તેઓ પણ જણાઈ જશે (કેમકે તેઓ જમાઅતમાં હાજર થશે નહીં), અને તેઓને નસીહત કરવાની તક મળશે (કે તમે કેમ નમાઝ પઢવા આવતા નથી). (૪) કેટલાએક મુસલમાનોનું

એકઠા થઇને દોઆ માંગવી રહમત ઉતરવા વાસ્તે અને (દોઆ) કબૂલ થવા વાસ્તે ઘણી સારી અસર ધરાવે છે. (૫) આ ઉમ્મતને જાહેર કરવાથી ખોદાપાકની મતલબ એ છે કે તેનો બોલબાલા થાય અને કુફરનો બોલ નીચો પડે. અને ધરતીપર ઇસ્લામી દીનપર કોઈ બીજું દીન ગાલેબ નહિં થાય. અને એ સૌ તો ત્યારેજ થઇ શકે છે કે ખાસ મુસાફેર, મુકીમ અને નાના મોટા પોતાની કોઈ મોટી અને જાણીતી ઇબાદતને વાસ્તે એકઠા થયા કરે અને ઇસ્લામનો દબદબો જાહેર કરે. એટલા તમામ ફાયદાઓને લીધે શરીઅતે પુરતું ધ્યાન જમાઅત તરફ આપ્યું છે. અને તે તરફ (લોકોને) ઉત્તેજન દેવામાં આવ્યું; અને તેને છોડવાની સખ્ત મનાઈ કરવામાં આવી (હુજ્જતુલ્લાહુલ બાલેગા.)

(૬) જમાઅતનો એક ફાયદો એ પણ છે કે તમામ મુસલમાનોને એક બીજાની હાલતની ખબર પડતી રહેશે, અને અરસપરસનું દુઃખ દૂર કરી શકશે, જેથી દીની ભાઈપણા અને ઇમાની મોહબ્બત જાહેર અને મજબૂત થશે, જે કે આ શરીઅતની અસલ મતલબ છે, અને જેની મોટાઇ અને તાકીદ કુર્આને શરીફ અને જનાબ નબીએ કરીમ (સલ) ની હદીસોમાં બયાન કરવામાં આવી છે. ઘણો અફસોસ છે કે અમારા વખતમાં જમાઅત છોડી દેવાની આમ લોકોની આદત થઈ ગઈ છે. જાહેલોનું તો શું કેહવું અમે કેટલાક લખેલા પડેલા લોકોને આ આફતમાં ફસેલા જોઇએ છીએ. અફસોસ એ લોકો અહાદીસ પડે છે અને તેના અર્થ જાણે છે પણ જે સખત તાકીદો જમાઅત નહીં છોડવાને માટે (તે હદીસોમાં) આવેલી છે તે તેઓના પથ્થર કરતાં વધારે સખત દિલોપર કંઈ પણ અસર કરતી નથી. કેયામતમાં જ્યારે બદલો મળવાને દિવસે તે દહાડાના કાઝી (જડજ, ન્યાયાધિશ) ની રૂબરૂ સૌ કરતાં પેહલાં નમાઝના મુકદ્દમાઓ રજુ કરવામાં આવશે અને તેને પૂરી નહીં કરનારા અથવા તેમાં કમી કરનારા એોને સવાલ જવાબ કરવામાં આવશે તો એ લોકો શું જવાબ દેશે?

જમાઅતની વાજિબ થવાની શર્તો.

(૧) ઇસ્લામ (મુસલમાન પર વાજેબ છે) કાફેરપર વાજેબ નથી. (૨) પુરૂષ (મરદ) હોવું. ઓરતો પર જમાઅત વાજેબ નથી. (બહર દુ. મુખ્તાર). (૩) બાલેગ હોવું નાબાલેગ બચ્ચા પર જમાઅત વાજેબ નથી. (૪) અકકલ હોશિયારીવાળા હોવુ. પાઘેલા, બેભાન અને ગાંડાપર જમાઅત વાજિબ નથી. (૫) આઝાદ હોવું. ગોલામપર જમાઅત વાજેબ નથી. [બહર, દુ. મુખ્તાર) (૬) તમામ ઉજરોથી દૂર હોવું (કોઇ તરેહનો ઉજર ન હોવો) નીચે લખેલા ઉજરોમાં જમાઅત વાજેબ નથી. પણ અદા કરે તો બહેતર છે. નહીં અદા કરશે તો (ફકત) જમાઅતના સવાબથી મહરૂમ (દૂર) રહેશે. (શામી). જમાઅત છોડવી [૧૫] પંદર ઉજરથી જાયઝ છે:—

(૧) જેટલું બદન ઢાંકવું ફરઝ છે તેટલું લુગડું નહિ હોવું. (૨) મસીદના રસ્તામાં એટલો કાદવ હોય કે ચાલી-શકાય નહીં. ઇમામ અબૂયુસુફે (રહ) જનાબ ઇમામ આઝમ (રદી) ને પૂછ્યું કે રસ્તામાં કાદવ [વધારે] હોય ત્યારે જમાઅત (માં મસીદે જઈ શામેલ થવા) ને માટે આપ શો હુકમ આપો છો? આપે ફરમાવ્યું "જમાઅતને છોડવું મને પસંદ નથી." (૩) વરસાદ ભારે પડતો હોય એવી હાલતમાં ઇમામ મોહંમદે [રહ] (પોતાની કિતાબ) મોઅત્તા શરીફમાં લખ્યું છે કે અગરજે (એવી હાલતમાં મસીદે જમાઅતમાં શામેલ થવાને) નહીં જવું જાયઝ છે પણ બહેતર એ છે કે જમાઅતમાં જઇને નમાઝ પડે.

[૪] સરદી વધારે હોવી. (તે એટલી બધી હોય) કે જો બાહેર નીકળે અને મસીદે જાય

તો કેઇ બીમારી થઇ જવાની અથવા બીમારી વધી જવાની બીક હોય. (૫) મસીદે જવામાં માલ વિગેરે ચોરાઈ જવાની ધાસ્તી હોય. (૬) મસીદે જવામાં કોઇ દુશમનનો રસ્તામાં મેળાપ થઈ જવાની બીક હોય. (૭) મસીદે જવામાં કોઈ (દેણુ) માંગનારનો મેળાપ થઈ જવાની અને તેનાથી ઇજા થવાની બીક હોય. જો તે માણસ તેનો કરજ અદા કરવાપર શકિતવાન નહીં હોય અને જો (કરજ અદા કરવાપર) તે શકિતવાન હશે તો તે પોતાના માંગનારોપર જુલમ કરનાર ગણાશે (કેમકે પૈસા હોવા છતાં માંગનારાઓને કકલાવવું જુલમ કરવા સરખુંજ છે) તેથી તેને નમાઝ છોડવી જાયઝ નથી. (શામી)

(૮) એવી ઘોર રાત હોય કે રસ્તો દેખાતો ન હોય (શામી.) પણ જો અજવાળું કરવાની ચીજો તેને ખોદાપાકે દીધી હોય (ફાનસ વિગેરે હોય.) તો જમાઅત તેને છોડવી જોઇએ નહીં (૯) વાવાઝોડું જોરમાં હોય અને રાતનો વખત હોય, (૧૦) કોઇ એવા માંદા માણુસની સારવાર કરતો હોય કે જો એ માણુસ જમાઅત (ની નમાઝ) વાસ્તે જાય તો તે બીમારને ઇજા અને ધભરાટ થાય

(૧૧) ખાવાનું તૈયાર હોય અથવા તૈયાર થવાને લગભગ હોય અને ભુખ એટલી બધી લાગી હોય કે નમાઝમાં ધ્યાન નહિ લાગવાની બીક હોય (૧૨) પેશાબ કે જાજરૂએ જવાની ઘણી સખ્ત હાજત હોય. (૧૩) સફરનો ઇરાદો રાખતો હોય અને તેથી એ વાતની બીક હોય કે જો નમાઝ જમાઅતથી પઢવામાં વાર લાગશે તો કાફલો (અથવા સાથીઓ) ચાલ્યા જશે (શામી.) રેલવેનો મસઅલો એજ મસઅલા પરથી કલ્પના કરવામાં આવેલો છે. પણ માત્ર ફરક એટલોજ છે કે ત્યાં એક કાફલા પછી બીજો કાફલો ઘણા દહાડા પછી મળે છે. અને રેલ તો એક દહાડામાં અનેક વખતે જાય છે. જો એક વખતની રેલ નહીં મળશે તો બીજી વખતે જઇ શકશે અલબત એવુંજ કોઈ સખ્ત નુકશાન થતું હોય તો (જમાઅત છોડવામાં) હરકત નથી. (કેમકે) અમારી શરીઅતમાં હરકત દૂર કરવામાં આવી છે. (૧૪) કોઈ એવી બીમારી હોય કે જેથી હરી ફરી શકે નહીં, અથવા આંધળો હોય, લૂલો હોય અથવા પગ કપાયલો હોય, (બહર, રદ્દુલ મોહતાર વિ) પણ એવો આંધળો કે વગર તકલીફે મસીદમાં જઈ શકતો હોય તો તેને જમાઅત છોડવી જોઇએ નહીં.

જમાઅત દુરસ્ત થવાની શર્તો.

(૧) શર્ત. મુકતદીને નમાઝની નૈયત સાથેજ ઇમામ પછાડી નમાઝ પઢવાની પણ નૈયત કરવી જોઇએ, એટલે મનમાં એવો ઇરાદો કરે “ આ ઇમામની પછાડી ફલાણા વખતની હુ નમાઝ પઢું છું ” નૈયતનું બયાન તફસીલ સાથે ઉપર કરવામાં આવ્યું છે. (૨) શર્ત. મુકતદી અને ઇમામ બંનેની જગ્યા (એક બીજા સાથે) મળેલી હોવી જોઇએ. પછી તે ખરેખરી રીતે મળેલી હોય દાખલા તરીકે તે બને એકજ મસીદ કે ઘરમાં (જમાઅતમાં) ઉભા હોય, અથવા “ હુકમન ” હોય દાખલા તરીકે કોઈ દર્યાના પુલપર જમાઅત ઊભી કરવામાં આવે અને ઇમામ પુલની પેલી તરફ (ઉભેલો) હોય પણ વચ્ચે સફો એક પછી એક ઉભી હોય અને એવી હાલતમાં ઇમામ અને મુકતદીઓ જેઓની વચ્ચે પુલ હોવાને લીધે દરિયો પડે છે, અને તેથી કરીને બનેની જગ્યા ખરૂં જોતાં મળેલી નથી. પણ તેઓની વચ્ચે [એક પછી એક] બરાબર સફો ઉભેલી છે. તેથી કરીને બંનેની જગ્યાને મળેલી ગણવામાં આવશે અને ઇકિતેદા (તેવા ઇમામની પછાડી નમાઝ પઢવી) જાયઝ થશે.

[૧] મસઅલો. મુકતદી છાપરાપર ઉભો હોય અનેઇમામ મસીદની અંદર હોય તો (એવી જમાઅત) જાયઝ છે કેમકે મસીદનું છાપરૂં

મસીદમાંજ ગણાશે અને બંને ઠેકાણાં એક બીજા સાથે મળેલાં ગણાશે. એવીજ રીતે જો કોઈનું છાપરૂં મસીદની સાથે લાગેલું હોય અને વચ્ચે કોઈ બીજી ચીજ નહોય તો તે પણ મસીદની સાથે મળેલી ગણાશે અને તેવા (છાપરા) પર ઉભા થઇને તે ઈમામ પછાડી (કે જે મસીદમાં નમાઝ પઢાવતો હોય) નમાઝ પઢવી જાયઝ છે. (રદ. મોહતાર)

(૨) મસઅલો. જો મસીદ બહુ મોટી હોય અથવા ઘર મોટું હોય અથવા જંગલ હોય, અને ઈમામ અને મુક્તદીને વચ્ચે એટલી જગ્યા ખાલી હોય કે જ્યાં બે સફો ઉભી રહી શકે તો જ્યાં ઈમામ ઉભેલો છે એ જગ્યા અને મુકતદીઓ ઉભેલા હોય તે જગ્યા જુદી મનાશે, અને બેસફો જેટલી દૂર (ઉભા રહીને તે ઈમામને) પછાડી નમાઝ (જમાઅતથી) દુરસ્ત થશે નહીં. (દુરરે મુખ્તાર).

(૩) મસઅલો. એવીજ રીતે જો ઈમામ અને મુકતદીની વચ્ચે કોઈ નેહર હોય જેમાં હોડી ચાલી શકે અથવા (તેઓ બંનેની વચ્ચે) એટલો મોટો હોઝ હોય કે જેનું પાક હોવાનું શરીઅતે હોકમ દીધું હોય (એટલે દહ દર દહ,) અથવા કોઈ શરિયામ રસ્તો હોય જેનાપર બળદ ગાડી ચાલી શકે અને વચ્ચે કોઇ પણ સફ ન હોય, તો તે બંનેની જગ્યા મળેલી નહીં ગણાશે. અને (તેવા) ઈમામ પછાડી નમાઝ દુરસ્ત થશે નહીં. (દુ. મુખ્તાર).

(૪) મસઅલો. એવીજ રીતે બે સફોની દર્મ્યાન જો કોઈ એવીજ નેહેર કે શરિયામ રસ્તો પડશે તો તે સફ પછાડી નમાઝ પઢવી બાતેલ થશે, જે એ ચીજોને પેલેપાર છે. (રદદુલ મોહતાર (એટલે શામી), **(૫) મસઅલો.** પગે ચાલનાર (ઘોડે) સ્વારની પછાડી અથવા એક (ઘોડેસ્વાર) બીજા (ઘોડેસ્વાર) ની પછાડી (જમાઅત કરી) નમાઝ પઢી શકતો નથી. કેમકે એક બીજાની જગ્યા મળેલી નથી. (પણ જુદી જુદી છે.) અલબત્ત જો એકજ સ્વારીપર બંને બેઠેલા હોય તો જાયઝ છે (રદ. મોહતાર).

(૩) શર્ત. મુકતદી અને ઈમામ બંનેની નમાઝ (જેની જમાઅત કીધી હોય) એકજ હોય જો મુકતદીની નમાઝ ઈમામની નમાઝથી જુદી હશે તો તે ઈમામ સાથે નમાઝ પઢવી તેને દુરસ્ત થશે નહી. [મ. ફલાહ, દુ. મુખ્તાર]. દાખલા તરીખે, ઇમામ ઝોહરની નમાઝ પઢતો હોય અને મુકતદી અસરની નમાઝની નૈયત કરે, અથવા ઇમામ કાલના ઝોહરની કઝા નમાઝ પઢતો હોય અને મુકતદી આજની ઝોહરની નમાઝ પઢવાની નૈયત કરે પણ જો બંને ગઇ કાલની ઝોહરની કઝા નમાઝ પઢતા હોય તો દુરસ્ત છે [શામી]. બેશક ઇમામ જો ફરઝ નમાઝ પઢતો હોય અને મુકતદી નફિલની નૈયત કરે તો તે ઇમામની પછાડી નમાઝ પઢવી જાયઝ છે. કેમકે ઈમામની નમાઝ કવી (કવ્વતવાળી) છે.

(૬) મસઅલો. મુકતદી જો તરાવીહની નમાઝ પઢવા ચાહે અને ઈમામ નફિલ પઢતો હોય તોપણ તેની પછાડી નમાઝ દુરસ્ત નથી (દુ. મુખ્તાર) કેમકે ઈમામની નમાઝ કમજોર (હલકા દરજ્જાની) છે. **(૪) શર્ત.** ઇમામની નમાઝ દુરસ્ત થવી જોઇએ. જો ઈમામની નમાઝ ટુટી જશે તો સઘળા મુકતદીઓની નમાઝ પણ ફાસેદ થશે (ટુટી જશે) પછી એ નમાઝનું ફાસેદ થવું નમાઝ પૂરી થવા આગળથી જણાઇ જાય અથવા તો પૂરી થયા પછી. દાખલા તરીખે ઈમામના શરીરમાં એક દીરહમ કરતાં વધારે નજાસત ગલીઝ લાગેલી હતી, અને નમાઝ પૂરી થયા પછી અથવા પૂરી થયા આગળ એ વાતનો તેને વિચાર આવ્યો. (દુ. મુખ્તાર).

(૭) મસઅલો. કોઇ કારણથી ઈમામની નમાઝ જો ટૂટી જાય અને મુકતદીઓને ખબર નહીં હોય તો ઈમામપર જરૂરી છે કે બને

ત્યાંસુધી એ બાબતની ખબર તેઓને કરી દીએ, કે જેથી તેઓ પોતાની નમાઝને દોરવી લીએ. પછી ગમે તો કોઈ માણુસની મારફતે ખબર કરે અથવાતો કાગળથી ખબર કરે (દુ. મુખ્તાર, શામી)

(૫) શર્ત. મુકતદી પોતાના ઇમામ કરતાં આગળ ઉભો રહે નહીં પછી ગમે તો તેની બરાબર ઉભો રહે અથવા તેની પાછળ ઉભો રહે. જો ઇમામ કરતાં આગળ મુકતદી ઉભો રેહેશે તો તેની નમાઝ દુરસ્ત થશે નહીં, અને ઇમામ કરતાં મુકતદી આગળ ઉભેલો ત્યારે ગણાશે કે જ્યારે મુકતદીની એડીઓ ઇમામની એડીઓ કરતાં આગળ વધેલી હશે. એડીઓ તો આગળ વધેલી નહોય પણ આંગળાં વધેલાં હોય. પછી પંજો લાંબો હોવાને લીધે, એમ થયુ હોય અથવા આંગળાં લાંબા હોવાને લીધે, તો આગળ વધેલા હોવું ગણાશે નહીં. અને તેની નમાઝ દુરસ્ત થઈ જશે. (દુ. મુખ્તાર, શામી).

(૬) શર્ત. ઇમામની હાલતોના ફેરફાર જેવાકે રૂકૂઅ, કૌમો, સિજદો અને કાયદો વિગેરે, તેઓની મુકતદીને (ચોકસ) ખબર પડવી જોઇએ. પછી (એ ખબર પડવી) ઇમામને જોઇને હોય, અથવા તે (ઇમામ) ની અથવા તેની પછાડી કોઈ તકબીર કેહનાર (મોકબ્બિર) નો અવાજ સાંભળવાથી હોય, અથવા કોઈ બીજા મુકતદીને જોવાથી હોય જો મુકતદીને, ઇમામની હાલતોના ફેરફારની ખબર નહીં પડે, પછી કોઈ ચીજ વચ્ચે આડે આવવાથી હોય અથવા કોઈ બીજા કારણને લીધે હોય તો તેની પછાડી નમાઝ દુરસ્ત નથી. અને વચ્ચે આડે આવનારી વસ્તુ પડદો અથવા ભીંત જેવી હોય, પણ ઇમામની હાલતોના ફેરફાર જણાઈ જતા હોય તો તેની પછાડી નમાઝ પઢવી જાયઝ છે (દુ. મુખ્તાર અને શામી વિ.)

(૭) શર્ત. મુકતદીને ઇમામના હાલની ખબર હોવી કે તે મુસાફર છે કે મોકીમ છે. પછી નમાઝ આગળ એ વાતની ખબર થઇ જાય અથવા નમાઝ પછી તરતજ થાય. અને જાણવું જોઇએ કે જો ઇમામ મુસાફર છે કે મુકીમ છે એ વાતની ખબર નહોવાથી નમાઝ જાયઝ નહીં થશે એવી એની મતલબ નથી, પણ એની મતલબ એ છે કે કેટલીએક હાલતોપરથી શક હોય કે એ માણસ મોકીમ નથી અને તેણે નમાઝ પણ મુસાફરના જેવીજ પઢાવી. દાખલા તરીખે (ચાર રકાતવાળી નમાઝમાં) બે રકાત પઢીને તેણે સલામ ફેરવી દીધો અથવા કેટલીએક જાહેરની હાલતોપરથી શક હોય કે આ મુસાફર નથી. દાખલા તરીખે (ચાર રકાતવાળી નમાઝમાં) બે રકાત પઢી [કાયદો કીધા પછી બીજી બાકીની બે રકાત પઢાવવા તે ઉભો થઈ ગયો] બેઠો નહીં, તો મુસાફર હોવાને લીધે તેની નમાઝ બાતેલ થઈ જશે અથવા બેસવા છતાં તેણે ચારે રકાતો પઢાવી દીધી, અને આ મુકતદી મોકીમ છે, તો ઇમામ મુસાફર હોવાને લીધે આ મુકતદીની નમાઝ ફાસેદ થઈ જશે. ત્યારે એવી હાલતોમાં જ્યાં શક પેદા થાય તો નમાઝ થઈ ગયા પછી તપાસ કરવી વાજિબ છે. પછી જો નમાઝનું બાતેલ થઈ જવું સાબેત થઈ જાય તો તેનો બંદોબસ્ત કરે એ મતલબ આ (સાતમી) શર્તની છે.

અને કરાએન (જાહેરી હાલતો) નો દાખલો એવી રીતે છે કે ઇમામ ચાર રકાતવાળી નમાઝને બેરકાત પઢીને પૂરી કરી દીએ, અને તે ગામ કે શેહેરની અંદર હોય અને જો ગામ કે શેહેરની બાહેર તે હશે તો જાહેર છે કે તે મુસાફર હશે. અને ચાર રકાતવાળી (નમાઝ) ને તેણે બે રકાત કસર કરીને પઢી હશે, નહિં કે સહવ (ભૂલ) ને લીધે. એવીજ રીતે જો (નમાઝ) ચાર રકાતવાળી નહોય, અથવા પૂરી (ચાર) રકાતો પઢે અને જાહેરી હાલતોપરથી તેનું મુસાફર હોવું ખબર પડે નહીં, જેવી રીતે કે ઉપર બયાન કરવામાં આવ્યું (દુ. મુખ્તાર, શામી વિ.). ત્યારે ઇમામ જો ચાર રકાતવાળી નમાઝને બે રકાત પઢીને પૂરી કરી દીએ, અને મુકતદીને ખબર પડે નહીં કે તે

મુસાફ્રર છે કે મુકીમ અને જાહેર હાલતથી પણ તે મુસાફ્રર માલમ નહીં પડે તો તેને શક રહી જશે રએને ઇમામે સહવથી (ચારને ઠેકાણે) બે રકાત પઢી હશે, અથવા મુસાફ્રર છે અને (તેથી કરીને તેણે પોતાની [નમાઝ] કસર કીધી છે તો એવી હાલતમાં ચોકસ તપાસ કરવી વાજેબ થશે કે જો ભૂલ જાહેર થાય તો તેનો બંદોબસ્ત કરવામાં આવે.

(૮) શર્ત. તમામ રૂકનો (રૂકૂઅ સિજદા વિગેરે) માં, કીરાઅત (કુર્આન) સિવાય, મુકતદીને જોઇએ કે ઇમામની સાથે સાથે રહે. પછી ગમે તો [રૂકનને] ઇમામની સાથે અદા કરે અથવા ઇમામ પછી અદા કરે અથવા તો ઇમામના કરતાં પેહલાં અદા કરે. પણ તેમાં શરત એ છે કે તે રૂકન પૂરો થાય તેટલામાં ઇમામ તેની સાથે મળી જાય. પેહેલી હાલતનો દાખલો, ઇમામની સાથેજ રૂકૂઅ અને સિજદો વિગેરે કરે. બીજી હાલતનો દાખલો, ઇમામ રૂકૂઅ કરીને ઉભો થાય પછી મુકતદી રૂકૂઅ કરે. ત્રીજી હાલતનો દાખલો, ઇમામ કરતાં આગલ રૂકૂઅ કરે પણ રૂકૂઅમાં એટલીવાર થોભે કે ઇમામ રૂકૂઅમાં તેની સાથે મળી જાય. [શામી].

(૮) મસઅલો. જો કોઈ રૂકન ઇમામની સાથે અદા નહીં કરવામાં આવે. જેવી રીતે કે ઇમામ રૂકૂઅ કરે અને મુકતદી રૂકૂઅ કરે નહીં અથવા ઇમામ બે સિજદા કરે અને મુકતદી એકજ સિજદો કરે અથવા કોઈ રૂકન ઇમામ કરતાં આગળ થકી શરૂ કરે અને તે રૂકન પૂરો થઈ જાય ત્યાં સુધી ઇમામ તેમાં શામેલ થાય નહીં. દાખલા તરીખે ઇમામ કરતાં અગાઉથી મુકતદી રૂકૂઅમાં જાય, અને ઇમામ રૂકૂઅ કરે તે પેહલાં ઉભો થઈ જાય. એ બંને હાલતોમાં મુકતદીની નમાઝ દુરસ્ત થશે નહીં.

(૯) શર્ત. મુકતદીની હાલત ઇમામ કરતાં ઓછી હોવી જોઇએ; અથવા બરાબર હોવી જોઇએ પણ વધારે હોવી જોઇએ નહીં. દાખલો:—(૧) જે માણસ નમાઝમાં ઉભો થઇ શકતો હોય તે જો ઉભો નહીં થઈ શકે પણ બેસીને પઢે તેની પછાડી નમાઝ જાયઝ છે. શરીઅતમાં ઉજર વાળાનું બેસવું ઉભા રહ્યા જેવું છે. (૨) તયમ્મુમ કરનારની પાછળ પછી વઝુને વાસ્તે (તયમ્મુમ) કરે અથવા ગોસલને વાસ્તે કરે, વઝુ અને ગોસલ કરનારની નમાઝ દુરસ્ત છે. કેમકે તયમ્મુમ, વઝુ અને ગોસલનો હોકમ પાક કરવામાં સરખોજ છે, કોઈ પણ એક બીજા કરતાં ચઢયાતો નથી [૩] મસહ કરનારની પાછળ પછી મોજાઓ ઉપર કરે અથવા (મલમની કે બાંધેલી) પટ્ટી પર કરે નમાઝ પઢવી દુરસ્ત છે. કેમકે મસહ કરવો અને ધોવું એ બંને પાકી હાસેલ કરવામાં સરખાં છે. કોઈ એક બીજાના કરતાં ચઢીયાતું નથી.

(૪) ઉજરવાળો ઉજરવાળાની પાછળ નમાઝ પઢી શકે છે પણ તે એવી શરતે કે બંનેનો ઉજર એકજ તરેહનો હોય. દાખલા તરીખે બંનેને પેશાબ ટપકવાની અથવા વા સરવાની બીમારી હોય. (૫) ઉમ્મી (જે માણસને કુર્આન તદન યાદ નહોય તે) ની પછાડી બીજો ઉમ્મી નમાઝ પઢી શકે છે તે એવી શરતે કે મુકતદીઓમાં કોઈ કારી [કુર્આન જાણનાર] નહોય. (૬) બાલેગ મરદની પાછળ ઓરત અથવા નાબાલેગ બચ્ચું નમાઝ પઢી શકે છે. (૭) ઓરતની પાછળ ઓરત (મુકતદી થઇને) નમાઝ પઢી શકે છે.

(૮) નાબાલેગ [જુવાન નહિ થયલી] ઓરત અથવા નાબાલેગ મરદ, નાબાલેગ મરદની પાછળ નમાઝ પઢી શકે છે. (૯) નફિલ પઢનારો, વાજીબ પઢનારાની પાછળ નમાઝ પઢી શકે છે. દાખલા તરીખે કોઈ માણસ ઝોહરની નમાઝ પઢી રહ્યા પછી તે કોઈ બીજા ઝોહર પઢનારની પાછળ નમાઝ પઢે. અથવા ઇદની નમાઝ પઢી ચૂકયો હોય અને તે ફરીથી કોઇની પાછળ [ઇદની નમાઝમાં) શામેલ થઈ જાય. (૧૦) નફિલ પઢનારો નફિલ પઢનારની પાછળ નમાઝ પઢી શકે છે.

(૧૧) કસમની નમાઝ પઢનારો જો નફિલ નમાઝ પઢનારની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત છે. કેમકે કસમની નમાઝ પણ નફિલજ છે. એટલે એક માણસે સોગન ખાધા કે હું બે રકાત નમાઝ પઢીશ પછી નફિલ નમાઝ પઢનારા કોઈ માણસની પાછળ તેણે તે બે રકાત નમાઝ પઢી લીધી તો નમાઝ થઈ જશે. અને કસમ પણ પૂરી થઈ જશે. (૧૨) નઝર (માનત) ની નમાઝ પઢનારો જો નઝરની નમાઝ પઢનાર પાછળ નમાઝ પઢશે અને તે બંનેએ એકજ બાબતને માટે નઝર માનેલી હશે તો તે જાયઝ થશે. દાખલા તરીકે એક માણસ પોતાની નઝરને માટે બોલતો હોય અને બીજો કહે કે મેં પણ એજ વાતની નઝર કીધી જેની ફલાણાએ માનતા માનેલી છે. મતલબ એ કે મુકતદી યાતો ઇમામની બરાબર હોય અથવા ઉતરતા દરજ્જાનો હોય તો નમાઝ થઈ જશે.

હવે અમે તે હાલતો લખીએ છીએ કે જેમાં મુકતદી ઇમામ કરતાં ચઢીયાતો છે, પછી તે ખરેખર [ચઢીયાતો] હોય અથવા હુકમી હોય, અને (તેમ હોય તો) તેની પછાડી નમાઝ દુરસ્ત નથી. (૧) બાલેગ માણસ નાબાલેગની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત થશે નહીં. (૨) મરદ બાલેગ હોય અથવા નાબાલેગ હોય તેની નમાઝ ઓરતની પાછળ જાયઝ નથી. (૩) નપુંસકની નમાઝ નપુંસકની પાછળ જાયઝ નથી. નપુંસક (ખુનસો) તેને કહે છે કે જેમાં મરદ અને ઓરત હોવાની નિશાનીઓ એવી મળતી હોય કે તેનું મરદ હોવું સાબેત નહીં થાય તેમજ તેનું ઓરત હોવું પણ સાબેત નહીં થાય, અને એવું માણસ ઘણું મુશ્કેલથી કોઇકજ મળી આવશે.

(૪) જે ઓરતને પોતાના હૈઝનો વખત યાદ નહિ હોય તેવી ઓરત જો પોતાના જેવીજ બીજી ઓરત પાછળ (નમાઝ પઢશે તો જાયઝ થશે નહી) એ બંને (ઉપર બયાન કરેલી) હાલતોમાં બની શકે છે કે ઇમામ કરતાં મુકતદી તે હાલતમાં ચઢીયાતો હોય તેથી એકબીજાની પાછળ નમાઝ પઢવી (તેઓને) દુરસ્ત નથી. કેમકે પેહલી હાલતમાં જે ઇમામ ખુનસો [નપુંસક] છે તે રખેને ઓરત હોય અને જે મુકતદી છે તે રખેને મરદ હોય. એવીજ રીતે બીજી હાલતમાં જે ઓરત ઇમામ છે રખેને તેનો હૈઝનો વખત હોય, અને જે ઓરત મુકતદી છે તેણીનો પાકીનો વખત હોય.

(૫) ખુનસો, ઓરતની પાછળ નમાઝ પઢે નહિ તે એટલાજ વાસ્તે કે રખેને તે નપુંસક મરદ હોય. (૬) અક્કલવાલો હોંશીયાર માણસ જો ગાંડા કે પીધેલા બેભાન માણસની પાછળ નમાઝ પઢશે તો જાયઝ નથી. (૭) (વગર ઉઝરવાળો) પાક માણસ ઉઝરવાળાની કે જેને પેશાબ ટપકવાની બીમારી હોય, પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત નથી. (૮) એક ઉઝરવાળો જો બે ઉઝરવાળાની પાછળ નમાઝ પઢશે તો જાયઝ નથી. દાખલા તરીકે કોઇને હંમેશ ફકત હવા સરવાનો ઉઝર છે તે માણસ જો એવા માણસની પાછળ નમાઝ પઢશે કે જેને હંમેશ હવા સરવાની બીમારી છે તેમજ તેને પેશાબ પણ હંમેશ ટપકે છે (તો દુરસ્ત નથી).

(૯) એક તરેહના ઉઝરવાળો બીજી તરેહના ઉઝરવાળાની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત નથી. દાખલા તરીકે પેશાબ હંમેશ જેને ટપકતો હોય તે એવા માણસની પાછળ નમાઝ પઢે કે જેની નાકમાંથી લોહી હંમેશ નીકળ્યા કરે (તો દુરસ્ત નથી). (૧૦) કુર્આને શરીફ પઢનારો માણસ કુર્આન નહીં જાણનારની પાછળ નમાઝ પઢશે તો જાયઝ થશે નહીં અને કુર્આન પઢનાર (**કારી**) તેને કહે છે કે જેને એટલું કુર્આન સારી પેઠે યાદ હોય કે જેથી નમાઝ દુરસ્ત થઈ જાય. અને **ઉમ્મી** તે છે કે જેને એટલું પણ યાદ નહોય.

(૧૧) મુકતદીઓમાં જો કોઈ કારી હોય તો ઉમ્મીની પાછળ કારીની નમાઝ દુરસ્ત થશે નહીં. કેમકે એવી હાલતમાં આ ઉમ્મી ઇમામની

નમાઝ પોતે ટુટી જશે કેમકે તે, પેલા કારીને ઈમામ બનાવી શકતો હતો, અને તમામ મુકતદીઓ તરફથી તેની કીરાઅત બસ થતે. અને જ્યારે ઈમામની નમાઝ ટુટી ગઈ તો મુકતદીઓની નમાઝ પણ ટુટી જશે. જેમાં મઝકૂર (પાછળ પઢનારો) કારી પણ છે.

(૧૨) ગુંગાની પાછળ ઉમ્મીની નમાઝ દુરસ્ત નથી. કેમકે ઉમ્મી અગર જો હાલમાં કીરાઅત પઢી શકતો નથી પણ પઢવાપર તાકાત તો ધરાવે છે (કેમકે તે કીરાઅત પઢવી શીખી શકે છે). પણ ગુંગામાં તો એ તાકાત મૌજુદ નહીં. **(૧૩)** જે માણસનું શરીર જેટલું ઢાંકવું ફરઝ છે તેટલું ઢંકાયલું હોય અને તેવો માણસ જો કોઈ નાંગા માણસની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત થશે નહીં. **(૧૪)** જે માણસ રૂકૂઅ અને સિજદો કરી શકતો હોય તે એવા માણસની પાછળ નમાઝ પઢે કે જે આ બંને નહી કરી શકતો હોય તો દુરસ્ત નથી. અને જો ફકત સિજદો પણ નહીં કરી શકતો હોય તો તેની પાછળ પણ દુરસ્ત નથી.

[૧૫] ફરઝ પઢનાર, નફિલ પઢનારની પાછળ (એટલે નફિલ પઢનારને ઈમામ બનાવી તેની ઈકિતેદા કરી) નમાઝ (ફરઝ) પઢશે, તો દુરસ્ત થશે નહી. **(૧૬)** નઝરની નમાઝ પઢનાર, નફિલ પઢનારની પાછળ નમાઝ પઢી શકતો નથી. કેમકે નઝરની નમાઝ વાજેબ છે **(૧૭)** નઝરની નમાઝ પઢનાર કસમની નમાઝ પઢનારની પાછળ પઢી શકતો નથી. દાખલા તરીખે જો કોઈએ સોગન ખાધા કે હું આજે ચાર રકાત (નમાઝ) પઢીશ, અને કોઈએ માનત માની (કે મારૂં ફલાણું કામ થાય તો હું ચાર રકાત પઢીશ અને તે કામ થઈ ગયું), અને તે માનતા માનનાર જો તે સોગન ખાનારની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત થશે નહીં. કેમકે નઝરની નમાઝ વાજેબ છે અને કસમ (સોગન) ની નમાઝ નફિલ, કેમકે કસમની નમાઝમાં તો થઈ શકે છે નમાઝ નહીં પઢે અને કફ્ફારો દઈ દીએ (તો કસમ પૂરી થઈ જશે).

(૧૮) જે માણસ (અર્બી) હરફો સાફ (અર્બીની ઢબમાં) ઉચ્ચારી નહીં શકતો હોય દાખલા તરીખે **સીનને સે** અથવા **ઝેને ઝુએ** પઢતો હોય અથવા બીજા કોઈ હરફોના ઉચ્ચારોમાં એવોજ ફેરફાર કરતો હશે તો સાફ અને (અર્બી ભાષા પ્રમાણે) ખરૂં પઢનારની નમાઝ તેની પછાડી દુરસ્ત નથી. પણ આખી કીરાઅત (એટલે એક રકાતમાં જેટલું પઢવું જોઈએ તે બધા) માં એકાદ હરફ એવો ખોટો પઢશે તો તેની પાછળ નમાઝ થઈ જશે. [દુ. મુખ્તાર શામી વિ.]

(૧૯) શર્ત. ઈમામનું વાજેબુલ ઈનફેરાદ હોવું. [જરૂરી છે]. એટલે એવા માણસની પાછળ નમાઝ દુરસ્ત નથી કે જેનું તે વખતે એકલા હોવું જરૂરી છે જેવી રીતે કે **મસ્બૂક** કે જેને ઈમામની નમાઝ પૂરી થયા પછી પોતાની બાકી રહેલી નમાઝને એકલાં પઢવી વાજેબ છે. તેથી કરીને જો કોઈ માણસ કોઈ મસ્બૂકની પાછળ નમાઝ પઢશે તે દુરસ્ત થશે નહીં (દુ. મુખ્તાર). **(૨૦) શર્ત.** ઈમામ (પોતે) કોઈ બીજા ઈમામનો મુકતદી નહોવો જોઈએ. એટલે એવા માણસને પોતાનો ઈમામ નહીં બનાવે કે જે પોતે કોઈ બીજાનો મુકતદી હોય પછી ગમે તો હકીકી હોય જેવોકે **મુદરેક** અથવા હુકમી હોય જેવોકે **લાહેક.** જે રકાતો ઈમામની સાથે લાહેકને મળી નહી તેમાં તે મુકતદીના જેવો છે. તેથી કરીને કોઈ માણસ કોઈ લાહેક કે મુદરિકની પાછળ નમાઝ પઢશે તો દુરસ્ત થશે નહીં. એવીજ રીતે મસ્બૂક લાહેકની અથવા લાહેક મસ્બૂકની પાછળ નમાઝ પઢશે તો પણ દુરસ્ત નથી. (રદદુલ મોહતાર).

મઝકૂર અગીયાર શર્તો જમાઅતની નમાઝ દુરસ્ત થવાને માટે જે અમે બયાન કીધી તેમાંની કોઈ પણ શરત કોઈ મુકતદીમાં મળી નહીં આવશે તો તેનું કોઈની પાછળ નમાઝ પઢવું દુરસ્ત થશે

નહીં. અને જ્યારે કોઈ મુક્તીદીનું કોઈની પાછળ નમાઝ પઢવું દુરસ્ત નહીં થશે તો તેની તે નમાઝ પણ દુરસ્ત થશે નહીં કે જે નમાઝને તેણે કોઈની પાછળ પઢી હશે. (દુ. મુખતાર).

જમાઅતના હુકમો.

મસઅલો. જુમ્મા અને બને ઇદોની નમાઝોને વાસ્તે જમાઅત શર્ત છે એટલે જમાઅત વગર એ નમાઝો એકલાં પઢી શકાતી નથી [બહર, દુ. મુખતાર]. અને પાંચ વખતની નમાઝોમાં વાજિબ છે જો કોઇ તરેહનો ઉજર નહોય. અને તરાવીહમાં સુનત મોઅકકદા છે અગરજો જમાઅત સાથે એક કુર્આનનો ખતમ થઈ ચુકયો હોય. અને એવીજ રીતે સૂરજ ગૃહણની નમાઝ વાસ્તે સુંનત મોઅકકદા છે. (બહર). અને રમઝાનની વિતરોને માટે મુસ્તહબ છે અને રમઝાન સિવાય કોઈ બીજા વખતે વિતરમાં (જમાઅત કરવી) મકરૂહ તનઝીહી છે. (બહર). એ ત્યારે છે કે જ્યારે દરરોજ (વિતર જમાઅત સાથેજ પઢવી) મુકર્રર કરે. અને મુકર્રર નહીં કરે પણ કોઈ વખતે બે ત્રણ જણ મળી જમાઅત કરીને પઢી લેશે તો મકરૂહ નથી (શામી).

અને ચાંદ ગૃહણની નમાઝ અને બીજી સઘળી નફિલોમાં મકરૂહ તહરીમી છે, જો તે એવા બંદોબસ્તથી પઢવામાં આવે કે જેવી રીતે ફરજ નમાઝો પઢવામાં આવે છે. એટલે અઝાં અને એકામતની સાથે, અથવા બીજી કોઈ રીતે લોકોને એકઠા કરીને (પઢવામાં આવે) પણ જો અઝાં અને એકામત વગર અને નમાઝને માટે લોકોને બોલાવ્યા વગર બે ત્રણ માણસો એકઠા થઇને કોઈ નફિલ નમાઝને જમાઅત કરીને પઢી લેશે તો કંઈ હરકત નથી અને તેવી રીતે પણ રોઝ પઢવી જોઈએ નહીં (નહીં તો તે પણ મકરૂહે તહરીમી થઈ જશે).

નીચે જણાવ્યા પ્રમાણે ચાર શર્તોથી મસીદમાં બીજી જમાઅત કરીને ફરઝ નમાઝ પઢવી પણ મકરૂહે તહરીમી છેઃ—(૧) મોહલ્લાની મસીદ હોય અને શરીયામ રસ્તાપર નહોય. અને મોહલ્લાની મસીદ તેને કહે છે કે જેમાં ઇમામ અને મુસલ્લીઓ અમુક મોકર્રર લોકો હોય. (૨) અઝાં અને એકામત પોકારીને કેહવામાં આવ્યા પછી તેમાં પેહલી જમાઅત થઈ ગઈ હોય (૩) તે મોહલ્લામાં રેહનારા અને તે મસીદની દેખરેખ કરવાનો જે લોકોને અખત્યાર હોય તે લોકોએ પેહલી જમાઅતથી તેમાં નમાઝ પઢી હોય. (૪) બીજી જમાઅત તેવીજ ઢબથી અને તેવાજ બંદોબસ્તથી પઢવામાં આવે કે જેવી ઢબથી પેહલી જમાઅત પઢવામાં આવી છે.

અને આ ચોથી શર્ત માત્ર ઇમામ અબુયુસુફ [રેહ] ના મઝહબ પ્રમાણે છે. અને હઝરત ઇમામ સાહેબ (રદી) ના મઝહબ પ્રમાણે તો ઢબ બદલવા છતાં કરાહત બાકી રહે છે (મકરૂહ છે). ત્યારે બીજી જમાઅત જો મસીદમાં પઢવામાં નહીં આવે પણ ઘરમાં પઢવામાં આવે તો મકરૂહ નથી. અથવા પેહલી જમાઅત અઝાં અને એકામત પોકારીને કહયા વગર પઢવામાં આવી હોય તો બીજી જમાઅત મકરૂહ નથી. અથવા પેહલી જમાઅત એવા લોકોએ કીધી હોય કે જેઓ તે મોહલ્લામાં રહેતા નથી, તેમજ તે લોકોને તે મસીદની દેખરેખનો અખત્યાર નથી.

અથવા ઇમામ અબુયુસુફ (રહ) ના કૌલ પ્રમાણે જેવી ઢબથી પેહલી જમાઅતની નમાઝ પઢવામાં આવી હોય તેવી ઢબથી બીજી જમાઅત પઢવામાં નહીં આવે. એટલે જે જગ્યાએ પેહલી જમાઅતનો ઇમામ ઉભો થયો હોય તે જગ્યાએ ઉભા નહી રેહતાં ત્યાંથી ખસીને (બીજી જગ્યાએ) ઉભો રહે તો ઢબ બદલાઈ જશે અને એ જમાઅત મકરૂહ થશે નહી (શામી).

ચેતવણી. અગરજો કેટલાક લોકો [આલેમો] ઇમામ અબૂયુસુફ (રહ) ના મઝહબ પર અમલ કરે છે (અને તેથી ઢબ બદલીને મોહલ્લાની મસીદમાં બીજી ત્રીજી ચોથી જમાઅત કરીને

નમાઝ પડે છે.) છતાં જનાબ ઇમામ સાહેબ (હઝરત અબુહનીફા રદી) નો મઝહબ દલીલની રૂએ પણ (ઇમામ અબુયુસુફ (રહ) ના મઝહબ કરતાં વધારે મજબુત છે [એટલે બીજી જમાઅતથી મોહલ્લાની મસીદમાં ઢબ બદલવા છતાં નમાઝ પઢવી મકરૂહ છે]. અને હાલના વખતમાં દીનના કામોમાં ખાસ કરીને જમાઅતથી નમાઝ પઢવામાં જે સુસ્તી અને બેદરકારી દેખાડવામાં આવે છે તેપર વિચાર કરતાં એ વાત જરૂરની માલમ પડે છે કે ઢબ બદલીને નમાઝ પઢવી પણ મકરૂહ છે. એજ મસઅલાપર (આલેમોને જોઇએ કે) ફતવો (દીએ અને) દેવામાં આવે. નહિંતો "અમે બીજી જમાઅત કરીને નમાઝ પઢી લેશું" એવો વિચાર કરીને લોકો પેહલી જમાઅતને છોડી દેશે.

ઇમામ અને મુક્તદીઓને માટે મસઅલા.

(૧) મસઅલો. મુકતદીઓને જોઇએ કે હાજર થયલા લોકોમાં, ઇમામતને માટે જેમાં વધારે લાયકાતના ગુણો હોય તેને ઇમામ બનાવે અને જો એવા કેટલાએક લોકો હોય જેઓમાં ઇમામત વાસ્તે જોઇતા તમામ સદગુણો હોય તો જેને માટે વધુ મત થાય કે એને ઇમામ બનાવવો જોઇએ તેને ઇમામ બનાવે. જો એવા માણસને ઇમામ બનાવશે કે તે નાલાયક છે અને લાયક માણસને બનાવશે નહીં તો સુંનતને છોડવાની બુરાઈ તેઓને લાગુ પડશે.

(૨) મસઅલો. સૌ કરતાં વધારે ઈમામતનો હક તે ધરાવે છે કે જેને નમાઝના મસઅલા વધારે યાદ હોય, તેમજ જાહેર રીતે કોઇ કબીરો ગુન્હો તે કરતો નહોય અને નમાઝમાં જેટલું કુર્આન પઢવું સુંનત છે તેટલું તેને યાદ હોય, અને તે પછી તે માણસ છે કે જે કુર્આનને સારી રીતે પઢતો હોય એટલે કુર્આનને પઢવાના કાયદાઓ (તજવીદ) પ્રમાણે સારા અવાજથી પઢતો હોય, તે પછી તે માણસ છે કે જે બીજાઓ કરતાં વધારે પરહેજગાર (શરીઅત પ્રમાણે મજબૂતીથી ચાલનાર) હોય, તેની પછી તે માણસ છે કે જે ઉમ્મરમાં વધારે હોય તેની પછી તે છે કે જે વધારે સભ્યતાવાળો (ખલીક, નરમાશથી વરતનાર) હોય, તેની પછી તે છે કે જે વધારે ખૂબસૂરત હોય. તેની પછી તે છે કે જેણે વધારે સારાં લુગડાં પેહેરેલાં હોય, તેની પછી તે છેકે જેનું માથું બીજાઓનાં માથાં કરતાં વધારે મોટું હોય, તેની પછી તે છે કે જે મોકીમ (પોતાના વતનમાં રેહનાર) હોય અને બીજા મુસાફરો હોય, તેની પછી તે છે કે જે તેના પુર્વજોના વખતથી આઝાદ હોય (ગુલામ નહોય). પછી તે છે કે જેણે હદસે અસગર (વઝુને તોડનારી ચીજો) વાસ્તે તયમ્મુમ કીધો નહોય અને બીજાએ હદસે અકબર (ગોસલને વાજેબ કરનારી ચીજો) વાસ્તે તયમ્મુમ કીધો હોય.

અને જે માણસમાં (ઉપર બયાન કીધેલા ગુણોમાંથી) બે ગુણો હશે તે બીજા માણસ કરતાં કે જેમાં (ઉપર બયાન કીધેલા ગુણોમાંથી) એક ગુણ હોય વધારે હકદાર છે (કે જેને ઇમામ બનાવવામાં આવે). દાખલા તરીખે જે માણસ ફક્ત નમાઝના મસઅલા જાણતો હોય પણ કુર્આન સારી રીતે પઢતો નહોય તેવા માણસ કરતાં જે માણસ નમાઝના મસઅલા પણ વધારે જાણતો હોય અને કુર્આને મજીદ પણ સારી રીતે પઢતો હોય તે ઇમામ બનવાને વાસ્તે વધારે હકદાર છે.

[૩] મસઅલો. જો કોઇના ઘરમાં જમાઅતથી નમાઝ પઢવામાં આવે તો ઘરધણી ઇમામત કરવાને માટે વધારે હકદાર છે. અને તે પછી તે માણસ છે કે જેને તે ઇમામ બનાવે. પણ ઘરધણી તદન અજાણ (મસઅલા, કુર્આન વિ. નહીં જાણનાર) હોય અને બીજા લોકો જાણનાર હોય તો તે [જાણનારા] ઓ (ઇમામતના)

હકદાર થશે. (દુ. મુખ્તાર શામી વિ.). (૪) **મસઅલો.** જે મસીદમાં કોઈ ઈમામ મુકર્રર હોય, તેની હાજરીમાં બીજો કોઈ હકદાર થઈ શકતો નથી. પણ જો તે કોઈ બીજાને ઈમામ બનાવે તો કંઈ હરકત નથી.

(૫) **મસઅલો.** કાઝી એટલે શરીઅતનો હાકેમ, અથવા ઈસ્લામી બાદશાહની હાજરીમાં બીજો કોઈ ઇમામતનો હકદાર નથી. (દુ. મુખ્તાર). (૬) **મસઅલો.** કોમની રાજી ખુશી વગર ઈમામત કરવી મકરૂહે તહરીમી છે. પણ ઈમામતને માટે લાયક તમામ ગુણો તેમાં હોય અને તેથી કરીને ઈમામ બનવાનો તે વધારે હકદાર હોય એવી રીતે કે તેના જેવો બીજો કોઇ નહી હોય તો (કોમ નારાજ હોય છતાં) તેને માટે કંઇ પણ કરાહત નથી (દુ. મુખ્તાર), એટલુજ નહિ પણ તેની ઈમામત જે કબૂલ નહિ રાખશે તેની પોતાની ભૂલ ગણાશે.

(૭) **મસઅલો.** ફાસેક (કબીરા ગુનાહો કરનાર અથવા હરામ કામ અથવા કામો કરનાર) અને બિદઅતી (તાઝીયા, કવ્વાલી, ઓરસ વિ. ને સારાં ગણનાર) ને ઈમામ બનાવવો મકરૂહે તહરીમી છે. પણ જો, ખોદા નકરે, એવા માણસ વગર ત્યાં બીજો કોઈ હાજર નહિ હોય તો મકરૂહ નથી. (દુ. મુખ્તાર, શામી). એવીજ રીતે (કોઇ ઠેકાણે) બિદઅતી, કે ફાસિક (પોતે) [હકૂમતની અથવા વગવસીલાની) તાકાતવાળા હોય કે તેઓને ઈમામતની પદવીપરથી દૂર કરવાથી મોટો ફિસાદ ઉભો થવાની બીક હોય, અથવા તેવાને દૂર કરવાની* (બિચારા મુકતદીઓમાં) તાકાત નહિ હોય તો મુકતદીઓની નમાઝમાં કોઈ પણ તરેહની કરાહત આવશે નહીં.

(૮) **મસઅલો.** ગુલામને કે જે ફિકેહના કાયદા મૂજબ ગુલામ હોય નહિ કે દુકાળ વખતે ખરીદી લીધેલો હોય (તે ગુલામ કે લોંડી શરીઅત પ્રમાણે થતીજ નથી), ઈમામ બનાવવો, અગરજો (હાલમાં) તેને આઝાદ કરવામાં (ગુલામીમાંથી છોડી દેવામાં) આવેલો હોય, અને ગામડિઆને એટલે ગામના રેહનારને, આંધળાને, કે **જે પાકી અને નાપાકીથી પોતાને સાચવતો નહોય,** રતાંધળાને (જેને રાતના બરાબર દેખાતું નહોય અને હરામી એટલે (વ્યભિચાર) ઝિનાથી જનમેલાને ઈમામ બનાવવો **મકરૂહ તનઝીહી છે** [નહિ કે તહરીમી એટલે જાયઝ છે હરામ નથી). પણ જો મઝકૂર લોકો આલેમ હોય અને તેઓ [માંથી કોઇ) ને ઈમામ બનાવવામાં લોકો નારાજ નહિ થાય તો મકરૂહ (તનઝીહી) પણ નથી. એવીજ રીતે કોઈ એવા ખૂબસૂરત જુવાનને કે જેને દાઢી નીકળી નહોય, અને (ભોળા) બેઅકકલને ઈમામ બનાવવું મકરૂહ તનઝીહી છે. [દુ. મુખ્તાર વિ.).

(૯) **મસઅલો.** નમાઝના તમામ ફર્ઝો અને વાજિબોમાં તમામ મુકતદીઓપર વાજેબ છે કે ઈમામની તાબેદારી કરે, પણ સુંનતોમાં [ઈમામની) તાબેદારી કરવી [મુકતદીઓપર] વાજેબ નથી. ત્યારે ઈમામ અગર શાફેઈ મઝહબનો હોય, અને રૂકુઅમાં જતી વખતે અને રૂકુઅથી ઉભા થતી વખતે (તે પોતાના) હાથોને (કાન સુધી) ઉઠાવે તો મુકતદી હનફી મઝહબવાળાને હાથ ઉઠાવવા નહિ જોઇએ કેમકે હાથોને ઉઠાવવા તેઓના મઝહબમાં પણ સુનત છે. એવીજ રીતે શાફેઈ મઝહબ (રાખનારો ઈમામ), સવારની (ફરઝ) નમાઝ [ની છેલ્લી રકાત] માં કુનૂત પઢશે તો હનફી મુકતદીઓ પઢે નહી. પણ વિતરમાં કુનૂત પઢવી વાજેબ છે તેથી કરીને (રમઝાનની વિતરોમાં) પોતાના મઝહબ પ્રમાણે રૂકૂઅથી ઉઠયા પછી શાફેઇ મઝહબ [રાખનારો] ઇમામ (દોઆએ કુનૂત) પઢશે તો હનફી મુકતદીઓને પણ જોઇએ કે રૂકૂઅથી ઉઠયા પછી પઢે. (રદદુલ મોહતાર વિ.).

(૧૦) **મસઅલો.** નમાઝમાં સુંનત તરીકા કરતાં વધારે લાંબી મોટી મોટી સુરતો પઢવી, અથવા રૂકૂઅ અને સિજદા વિગેરેમાં

બહુવાર ઘોભનું ઇમામને મકરૂહે તહરીમી (હરામ) છે. પણ ઇમામને જોઇએ કે પોતાના મુકતદીઓની હાલત, કમતાકાત વિગેરેનો વિચાર રાખે. જે શૈ કરતાં નબળા હોય તેનો વિચાર રાખી [કુર્આનની] કીરાઅત પઢે. અર્થાત્ જરૂરની વખતે સુંનત તરીકા કરતાં ઓછી કિરાઅત પઢવી બેહતર છે. જેથી લોકોને ઇજા થાય નહીં, અને જે કે જમાઅત ઘટી જવાનું મુખ્ય કારણ થઈ પડે.

(૧૧) મસઅલો. જો [ઇમામની સાથે) એકજ મુકતદી હોય અને તે મરદ હોય અથવા નાબાલેગ છોકરો હોય તો તેને જોઇએ કે ઇમામની જમણી બાજુએ ઇમામની બરાબર અથવા ઇમામ કરતાં કંઇક પાછળ ઉભો રહે, જો ડાબી બાજુએ અથવા બરાબર પાછળ ઉભો રહેશે તો (નમાઝ) મકરૂહ થશે (દુ. મુખ્તાર.)

(૧૨) મસઅલો. અને એક કરતાં વધારે મુકતદીઓ હોય તો તેઓને ઇમામની પછાડી બરાબર સફ બાધીને ઉભા રહેવું જોઇએ. જો ઇમામની જમણી અને ડાબી બાજુએ ઉભા રહેશે અને તેઓ બે હશે, તો મકરૂહ તનઝીહી છે. અને બે કરતાં વધારે હશે તો મકરૂહ તહરીમી. કેમકે જ્યારે બેથી વધારે મુકતદીઓ હોય તો ઇમામને આગળ ઉભા રહેવું વાજિબ છે. [દુ. મુખ્તાર, શામી.)

[૧૩] મસઅલો. નમાઝ શરૂ કરતી વખતે એકજ મુકતદી હોવાને લીધે તે ઇમામની જમણી બાજુએ ઉભો રહયો, તે પછી બીજા મુકતદીઓ આવ્યા, તો પહેલા મુકતદીને જોઇએ કે પાછળ હઠી જાય. કે જેથી સઘળા મુકતદીઓ મળીને ઇમામની પછાડી ઉભા રહી શકે; જો તે નહીં ખસે તો (પછીથી આવનારા) મુકતદીઓને જોઇએ કે તેને પાછળ ખેંચી લીએ. અને મસઅલો નહીં જાણતાં જો પેલા (પછીથી આવનારા) મુકતદીઓ ઇમામની જમણી કે ડાબી બાજુએ ઉભા થઈ જાય. (અને પેલા એકને પાછળ ખેંચે નહીં) તો ઇમામને જોઇએ કે (પોતે) આગળ (એટલો) વધી જાય કે જેથી તેઓ સઘળા (એક સફમાં) મળીને ઉભા થાય, અને ઇમામની પાછળ થઈ જાય. તેવીજ રીતે જો (પેલા એકને બીજાઓના આવવાથી) પાછળ હઠવાની જગ્યા ન હોય ત્યારે પણ ઇમામને જોઇએ કે તે આગળ વધી જાય, પણ જો મુકતદી (જે પહેલાંથી ઉભેલો હતો.) મસઅલો નહીં જાણતો હોય, જેવી રીતે કે અમારા જમાનામાં ઘણું કરીને બનવા જોગ છે, તો તેને હઠાવે [ખેંચે] નહીં. એવું કામ કદી કરે નહીં કે જેથી નમાઝનોજ નાશ થઈ જાય.

[૧૪] મસઅલો. ઓરત અથવા નાબાલેગ છોકરી જો મુકતદી હોય પછી એક હોય અથવા એક કરતાં વધારે હોય તો તેણીને જોઇએ કે ઇમામની પાછળ ઉભી રહે (ઇમામની બરાબર કે કંઇક પાછળ ઉભી રહે નહી.)

(૧૫) મસઅલો. મુકતદીઓમાં જો પરચુરણ તરેહના લોક હોય કેટલાક મરદ હોય, કેટલીએક ઓરતો હોય અને કેટલાએક નાબાલેગ છોકરા અને છોકરીઓ હોય, તો ઇમામને જોઇએ કે તેઓની સફો નીચે પ્રમાણે (અનુક્રમે) ગોઠવે. પેહલાં મરદોની સફો, પછી નાબાલેગ છોકરાઓની, પછી ઓરતોની અને પછી નાબાલેગ છોકરીઓની સફ (ઉભી કરે.)

(૧૬)મસઅલો. ઇમામને જોઇએ કે સફો સીધી ઉભી કરે એટલે લોકોને એક બીજાની આગળ પાછળ ઉભા થવાથી રોકે સૌને સરખા ઉભા રહેવાનો હોકમ કરે. (મુકતદીઓને) જોઇએ કે સફમાં એક બીજાની સાથે એવા ઉભા રહે કે વચ્ચે જગ્યા ખાલી રહે નહીં.

(૧૭) મસઅલો. સફની પછાડી એકજ માણસનું એકલા ઉભા રહેવું મકરૂહ છે. એવી હાલ માં આગલી સફમાંથી ખેંચીને એક માણસને પોતાની સાથે ઉભો કરી લીએ. પણ પછાડી

ખેંચવામાં એ વાતની બીક હોય કે તે પોતાની નમાઝ બગાડી લેશે, અથવા તેને ખોટું લાગશે તો એમ કરે નહિ.

(૧૮) મસઅલો. પેહલી સફમાં જગ્યા હોવા છતાં બીજી સફમાં ઉભા રહેવું મકરૂહ છે જ્યારે પેહલી સફ ભરાઈ જાય ત્યારેજ બીજી સફમાં ઉભો રહે.

(૧૯) મસઅલો. ઓરતોના ઇમામ થવું એવી જગ્યાએ મરદને મકરૂહ તહરીમી છે કે જ્યાં બીજો કોઇ મરદ ન હોય, તેમજ કોઈ મહરમ ઓરત પણ ન હોય, જેવી કે તે (ઇમામ) ની ઓરત, અથવા મા, અથવા બેન વિગેરે. જો કોઈ બીજો મરદ કે મહરમ ઓરત હાજર હોય તો મકરૂહ નથી] દુ. મુખ્તાર.]

(૨૦) મસઅલો. સવારની મગરેબની કે ઇશાની ફરઝ નમાઝ કોઈ માણસ ધીમે સાદે પઢી રહેલો હોય એ દર્મિયાનમાં કોઈ માણસ તેની પાછળ મુકતદી બની જાય તો તેની બે હાલતો છે (૧) એ (ધીમેથી પઢનાર) હવે નૈયત કરે કે હું ઇમામ બનું છું કે જેથી નમાઝ જમાઅતથી થઈ જાય. (૨) એ (ધીમેથી પઢનારો) નૈયત નહીં કરે પણ પેહલાની માફક એમજ વિચારી લીએ કે અગર જો એ મારી પાછળ આવીને ઉભો રહયો છે છતાં હું ઇમામ બનતો નથી, પણ એકલોજ નમાઝ પઢું છું. ત્યારે પેહલી હાલતમાં તો તેનાપર વાજેબ છે કે (જે શબ્દ સુધી તે પોહોંચ્યો હોય અને જે શબ્દથી તેને આગળ કુર્આન પઢવું બાકી હોય) તેજ જગ્યાથી મોટે સાદે પઢવું શરૂ કરે (અને કિરાઅતને પૂરી કરે). ત્યારે જો અલહમ્દો (નો કેટલોક ભાગ) અથવા કોઈ સૂરત (નો કેટલોક ભાગ) ધીમે સાદે તે પઢી રહયો હોય છતાં તેને જોઇએ કે તેજ જગ્યા (જ્યાં સુધી તેણે અલહમ્દો કે સૂરત પઢી હોય ત્યાં) થી બાકીની અલહમ્દો અથવા (બાકીની) સૂરત મોટે સાદે પઢે તે એટલાજ વાસ્તે કે સવારની, મગરેબની, અને ઇશાની નમાઝમાં મોટે સાદે કિરઅત પઢવી ઇમામપર વાજેબ છે. અને બીજી હાલતમાં મોટે સાદે પઢવું વાજેબ નથી અને તે મુકતદીની નમાઝ પણ દુરસ્ત થશે કેમકે મુકતદીની નમાઝ દુરસ્ત થવાને માટે ઇમામતની નૈયત કરવી ઇમામને માટે જરૂરની નથી.

* **(૨૧) મસઅલો.** ઇમામ અથવા મુનફરિદ (એકલા) નમાઝ પઢનારને માટે મુસ્તહબ છે કે જ્યારે તે ઘર અથવા મેદાનમાં નમાઝ પઢે ત્યારે પોતાની જમણી અથવા ડાબી ભંવની સામેની તરફ કોઈ એવી ચીજ ઉભી કરી લીએ જે કે એક ગજ અથવા તે કરતાં વધારે ઉંચી હોય, અને એક આંગળી બરાબર જાડી હોય. પણ જો મસીદ કે એવી જગ્યામાં નમાઝ પઢતો હોય કે જ્યાં નમાઝી આગળથી લોકો ચાલ્યા નહીં જાય તો એવી ચીજની ત્યાં કંઈ જરૂર નથી. અને ઇમામનો સુતરો (નમાઝીની આગળ ઉભી કીધેલી મચકૂર ઉંચી ચીજ) તમામ મુકતદીઓને માટે બસ છે [તે દરેકને પોતાની આગળ સુતરો ઉભો કરવાની જરૂર નથી) સુતરો ઉભો કીધેલો હોય તો તેની આગળથી (જ્યારે કોઈ નમાઝ પઢતું હોય ત્યારે) ચાલ્યા જવામાં કંઈ હરકત નથી પણ જો સુતરાની અંદરની બાજુની હદમાંથી (નમાઝ પઢની વખતે) કોઇ પસાર થશે તો તે ગુનેહગાર થશે.

---

* મસીદમાં જમાઅતથી નમાઝ પઢયા પછી પાછલી સફોમાં હજી કેટલાક મસબૂકો પોતાની બાકી રહેલી રકાતો પઢવા ઉભા હોય છે, તેમ છતાં આગલી સફોવાળા તેઓની આગળથી પસાર થાય છે, એ તદ્દન નાજાયઝ છે. તેઓને જોઇએ કે પોતાની જગ્યામાંજ સુંનતો પઢે કેમકે ફરઝ નમાઝ પછી જગ્યા બદલવી મુસ્તહબ છે. પણ નમાઝ પઢનાર આગળથી જવું હરામ છે તો સવાબ નહીં લેવા કરતાં અઝાબમાં નહીં પડવું વધારે બેહતર અને વાજેબ છે. તે નમાઝ પઢનારાઓનું તો કંઈ બગડતું નથી પણ સામેથી જનારા મોટા ગુનેહગાર થાય છે. એ બાબત તરફ વધારે ધ્યાન આપશો.

(૨૨) મસઅલો. લાહેક તે મુકતદી છે કે જમાઅતમાં સામેલ થયા પછી કેટલીક અથવા તમામ રકાતો જેની જતી રહી હોય પછી તે ઓજરને લીધે હોય દાખલા તરીખે નમાઝમાં ઉંઘી ગયો અને તે દરમ્યાન કોઇ રકાત જતી રહી, અથવા લોકોની ભીડને લીધે રૂકુઅ અને સિજદા કરી શકયો નહીં, અથવા વઝુ તૂટી જવાથી વઝુ કરવા ગયો અને તેથી કરીને એ દરમ્યાન તેની રકાતો જતી રહી. બીક (ખૌફ)ની નમાઝમાં પેહેલું ટોળું લાહેક છે (જેનું બયાન આગળ ઇ, અ. તઆલા આવશે). એવી જ રીતે મુસાફર ઇમામ બને અને તે (નમાઝને કશ્રર કરે [ચાર રકાત ફરઝ ને બે રકાત પઢે] અને તેની પાછળ મુકીમ નમાઝ પઢે તો મોકીમ, ઇમામની નમાઝ પૂરી થયા પછી (બાકીની બે રકાતમાં લાહેક છે). અથવા ઉજર વગર (રકાતો) જતી રહી દાખલા તરીખે ઇમામ કરતાં પેહલાં કોઇ રકાતનો રૂકૂઅ કે સિજદો કરી લીએ અને તેથી કરીને તેની આ રકાત જાણે નહીજ પઢેલી ગણાશે, અને એવી રીતે રકાત ખોવાથી આ રકાત ફરીથી પઢવાને માટે લાહેક ગણાશે, લાહેકને વાજેબ છે કે પોતે જે રકાતો ખોઇ હોય તેઓને પેહલાં પઢી લીએ. તેઓને પઢયા પછી જો હજી જમાઅત બાકી હોય તો તેમાં શામેલ થઇ જાય નહીતો બાકીની નમાઝ પણ પઢી લીએ.

(૨૩) મસઅલો. પોતાની ખુએલી રકાતોમાં પણ લાહેક મુકતદી જેવો ગણાશે. એટલે જેવી રીતે મુકતદી (ઇમામની પાછળ) કંઇ પડતો નથી તેવીજરીતે લાહેક પણ કંઇ પઢે નહિ પણ મુંગો ઉભો રહે; અને જેવી રીતે મુકતદીને સહવ (વાજેબ તરક) થાય તો સહવના સિજદા ની જરૂર નથી તેવીજ રીતે લાહેકને પણ નમાઝમાં સહવ થાય તો સહવનો સિજદો કરવાની તેને જરૂર નથી.

(૨૪) મસઅલો. મસબૂક એટલે (શરૂથી જમાઅતમાં શામેલ નહીં થવાથી) જેની એક બે (અથવા વધારે) રકાતો રહીગઇ હોય (પઢવાની બાકી હોય) તેને જોઇએ કે પેહલાં ઇમામની સાથે શામેલ થઇને જેટલી નમાઝ બાકી હોય તેટલી પૂરી કરી લીએ ઇમામની નમાઝ પૂરી થયા પછી ઉભો થઇ જાય અને પોતાની બાકી રહેલી રકાતોને પૂરી કરે.

(૨૫) મસઅલો. પોતાની ખુએલી રકાતો, એકલા નમાઝ પઢનારની પેઠે મસબૂકને પઢવી જોઇએ, એટલી (કૂર્આનની) કિરાઅત સાથે પઢે. અને જો આ (એકલાં પઢાતી) રકાતોમાં કોઇ સાહ્ થઇ જાય તો તેને સહવનો સિજદો કરવો (વાજેબ) જરૂરી છે.

(૨૬) મસઅલો. પોતાની ખુએલી રકાતો મસબૂકને એવી રીતે પઢવી જોઇએ કે પેહલાં તે રકાતો પઢે કે જેમાં કિરાઅત (કુર્આન) પઢવું ફરઝ છે, પછી તે રકાતો પઢે કે જેમાં કિરાઅત પઢવાની નથી, અને જે રકાતો ઇમામ સાથે પઢી ચુકયો હોય તે હિસાબથી કાયદો કરે, એટલે તે રકાતોને હિસાબે જે બીજી રકાત હોય તેમાં પેહલો કાયદો કરે, અને જે ત્રીજી રકાત હોય અને નમાઝ પણ ત્રણ રકાત પઢવાની હોય (જેવી કે મગરેબની) તો તેમાં છેલ્લો કાયદો કરે અને એવીજ રીતે.

દાખલો. ઝોહરની નમાઝમાં ત્રણ રકાત (જમાઅતની) નમાઝ થયા પછી કોઇ આવીને શામેલ થાય તો તેને જોઇએ કે (એક રકાત ઇમામ સાથે પઢયા પછી) ઇમામ સલામ ફેરવે તો પોતે ઉભો થઇ જાય અને પોતાની ખુએલી ત્રણ રકાતો નીચે પ્રમાણે પઢે:—

પેહલી રકાતમાં અલહમ્દો સાથે (ગમે તે) સૂરત મેળવીને રૂકૂઅ અને સિજદો કરી પેહલા કાયદામાં બેસે; કેમકે (જમાઅત સાથે) તેને મળેલી રકાતને હિસાબે આ રકાત બીજી રકાત છે (અને બે રકાત પછી પેહલો કાયદો કરવો વાજેબ છે).

પછી બીજી રકાતમાં પણ અલહમ્દો પછી (ગમે તે) સુરત મેળવે અને (રૂકૂઅ સિજદા કીધા પછી) કાયદો નહીં કરે તે એટલા માટે કે (જમાઅત સાથે) તેને મળેલી રકાતને હિસાબે આ ત્રીજી રકાત છે. પછી ત્રીજી રકાતમાં અલહમ્દો પછી કોઇ સુરત મેળવે નહી કેમંક આ રકાતમાં કીરાઅત પઢવાની જરૂર નથી અને (એ રકાતના રૂકૂઅ સિજદા કીધા પછી) એમાં કાયદામાં બેસે કેમકે (એ છેલ્લી ચોથી રકાત છે અને તેથી) એ છેલ્લો કાયદો છે.

(૨૭) મસઅલો. કોઈ માણસ લાહેક પણ હોય અને મસબૂક પણ હોય. દાખલા તરીખે કેટલીક રકાત થયા પછી એક માણસ શામેલ થયો અને શામેલ થયા પછી તેની કેટલીક રકાતો જતી રહી. તો તેને પઢે કે જેમાં તે લાહેક છે એ પછી જો જમાઅત બાકી હોય તો તેમાં તે શામેલ થઇ જાય. નહીતો બાકી નમાઝ પઢી લીએ પણ તેમાં ઇમામની તાબેદારીનો વિચાર રાખે, એટલે અલહમ્દો પઢે નહિ તે પછી પોતાની તે રકાતો પઢે કે જેમાં તે મસબૂક છે.

દાખલો. અસરની નમાઝમાં એક રકાત નમાઝ થયા પછી કોઇ શામેલ થયો અને શામેલ થતાંજ તેનો વઝુ ટુટી ગયો અને તે વઝુ કરવા ચાલ્યો ગયો એટલામાં નમાઝ પૂરી થઈ ગઇ તો તેને જોઇએ કે પેહલાં તે ત્રણ રકાતોને પઢે કે જે શામેલ થયા પછી તેણે ખોઇ છે; અને પછી તે રકાતને પઢે કે જે તેના શામેલ થવા પહેલાં ઇમામે પઢી હતી. મજકુર ત્રણે રકાતોને એવી રીતે પઢે કે જાણે તે મુકતદી છે એટલે તેમાં અલહમ્દ અથવા સુરત કંઈ પઢે નહીં. અને આ ત્રણ રકાતોમાં પેહલી રકાત પઢયા પછી કાયદામાં બેસે, કેમકે એ ઇમામની બીજી રકાત છે. અને ઇમામ એમાં કાયદામાં બેઠો હતો પછી બીજી રકાતમાં કાયદો કરે નહીં કેમકે એ ઇમામની ત્રીજી રકાત છે પછી ત્રીજીમાં કાયદામાં બેસે કેમકે એ ઇમામની ચોથી રકાત છે. અને ઇમામે એમાં કાયદો કીધો હતો. એ પછી તે રકાતને પઢે કે જે રકાત એ માણસના શામેલ થવા પેહલાં (ઇમામથી) પઢવામાં આવી હતી. અને તેમાં અલહમ્દોની સાથે ગમે તે સુરત પઢે [રૂકૂ અને સિજદાઓ કરી] કાયદામાં બેસે કેમકે એ એની પોતાની ચોથી રકાત છે. અને એમાં તે (લાહેક નહિ પણ) મસબૂક છે. અને મસબૂક પોતાની ખુએલી રકાતો પઢવામાં એકલા નમાઝ પઢનાર સરખો છે. (શર્હે–મુન્યા).

(૨૮) મસઅલો. નમાઝના દરેક રૂકુનને વાર લગાડયા વગર પોતાના ઇમામ સાથે પઢવા મુકતદીઓને માટે સુનંત છે ઇમામની સાથેજ રકાત બાંધે રૂકૂઅ પણ ઇમામની સાથેજ કરે, કૌમો પણ તેના કૌમાની સાથે કરે અને સિજદો પણ તેનાજ સિજદાની સાથે બજાવી લાવે; મતલબ એકે દરેક કામ તેની સાથે કરે. પણ પેહલો કાયદો મુકતદીઓ પૂરો કરે તે પેહલાં જો ઇમામ ઉભો થઇ જાય તો મુકતદીઓને જોઇએ કે અત્તહિયાત પૂરો પઢયા પછી ઉભા થાય. એવીજ રીતે છેલ્લા કાયદામાં. મુકતદીઓ અત્તહિયાત દરૂદ અને દોઆ પઢી રહે તે પેહલાં જો ઇમામ સલામ ફેરવી દીએ તો મુકતદીઓને જોઇએ કે અત્તહિયાત દરૂદ અને દોઆ પૂરી પઢી રહ્યા પછી સલામ ફેરવે પણ રૂકૂઅ સિજદા વિગેરેમાં જો મુકતદીઓ તસબીહ પઢે તે પહેલાં ઇમામ ઉઠી જાય તો તેની સાથેજ ઉભા થવુ જોઇએ [એમાં તસબીહ પઢવી છોડી દઈ ઇમામની તાબેદારી કરવી જોઇએ].

જમાઅતમાં શામેલ થવું અથવા નહિ થવું એ બાબતના મસઅલા.

(૧) મસઅલો. કોઈ માણસ મોહલ્લાની અથવા ઘર આગળની મસીદમાં એવે વખતે પોહોંચ્યો કે ત્યાં જમાઅત થઈ ચુકી છે તો તેના પર મુસ્તહબ છે કે જમાઅત ઢુંઢવા વાસ્તે બીજી મસજીદમાં જાય, અને પોતાને ઘેર આવી ઘરના

માણુસોને એકઠા કરી (ઘરમાં) જમાઅત કરી લીએ તો તેને અખત્યાર છે (શામી).

(૨) મસ્અલો. જો કોઈ માણુસ ફરઝ નમાઝ પઢી ચુકયો હોય તે પછી તે જુએ કે તેજ [વખતની] ફરઝ નમાઝ જમાઅત સાથે પઢાઈ રહી છે તો તેને જોઇએ કે જમાઅતમાં શામેલ થઇ જાય, જો તે ઝોહર કે ઇશાની નમાઝનો વખત હોય. પણ સવાર, અસર કે મગરેબને વખતે જમાઅતમાં શામેલ થાય નહીં, કેમકે સવાર અને અસરની નમાઝ પછી નફિલ નમાઝ પઢવી મકરૂહ છે (અને ફરઝ પછી બીજી એવી નમાઝો જે તે પઢશે તે નફિલ નમાઝો ગણાશે). અને મગરેબની વખતે [તો] એટલા માટે (એવી નમાઝ નહીં પઢે) કે આ બીજી નફિલ નમાઝ થશે, અને નફિલ ત્રણ રકાત પઢવાનો હુકમ શરીઅતમાં આવેલો નથી. (શર્હે વકાયા).

(૩) મસ્અલો. જો કોઇ માણુસ ફરજ નમાઝ શરૂ કરી ચુકયો હોય અને એજ દરમ્યાનમાં [તેજ] ફરઝની જમાઅત ઉભી થાય, અને તે ફરઝ જો બે રકાતવાળી છે જેવી કે સવારની તો તેનો એવો હુકમ છે કે જો પેહેલી રકાતનો સિજદો નહિ કીધો હોય, તો તે રકાતને તોડી નાંખે. અને જમાઅતમાં શામેલ થઇ જાય અને જો પેહલી રકાતનો સિજદો કરી લીધો હોય અને બીજીનો નહીં કીધો હોય, તો પણ તોડી નાંખે, અને જમાઅતમાં શામેલ થઈ જાય, અને જો બીજીનો સિજદો કરી ચુકયો હોય તો બંને રકાતો પૂરી કરી લીએ. અને જો સવારની નમાઝ હોય તો હવે જમાઅતમાં શામેલ થાય નહીં (કેમકે સવારના ફરઝ પઢયા પછી સૂરજનો તેજ જાહેર થાય ત્યાં સુધી નફિલ પઢવા નાજાયઝ છે).

અને જો તે ફરઝ ત્રણ રકાતવાળી છે જેવીકે મગરેબ [ની નમાઝ] તો તેને વાસ્તે એવો હુકમ છે કે જો પેહલી રકાતનો સિજદો નહીં કીધો હોય તો તોડી નાંખે. અને જો કીધો હોય, તો બે રકાતો પૂરી પઢીને સલામ ફેરવી દીએ. અને જો ત્રીજી રકાત શરૂ કરી દીધી હોય, અને તેનો સિજદો નહીં કીધો હોય તો તોડી નાંખે, અને જો સિજદો કીધો હોય તો પૂરી કરી લીએ (અને જમાઅતમાં શામેલ નહીં થાય કેમકે ત્રણ રકાઅત નફિલ પઢવી જાયઝ નથી).

અને જો તે ફરઝ ચાર રકાતવાળી હોય જેવી કે ઝોહર અસર અને ઇશા, ત્યારે જો પેહલી રકાતનો સિજદો નહીં કીધો હોય તો તોડી નાંખે અને જો સિજદો કરી લીધો હોય તો બે રકાત પઢી સલામ ફેરવે (અને જમાઅતમાં શામેલ થાય) અને જો ત્રીજી રકાત શરૂ કરી દીધી હોય અને તેનો સિજદો નહી કીધો હોય તો નમાઝ તોડી નાંખે અને જો સિજદો કીધો હોય તો પૂરી કરી લીએ અને જે હાલતોમાં (ફરઝ) નમાઝ (એકલાં) પૂરી કીધી હોય તો તે વખતે મગરેબ અસર અને સવારમાં (જો પેહલાં ફરઝ પઢી ચુકયો હોય તો) બીજી વખતે જમાઅતમાં શામેલ થાય નહીં અને ઝોહર અને ઇશામાં શામેલ થઈ જાય, અને જે હાલતોમાં તોડી નાંખવાનું છે તેઓને તોડવાને ઉભા ઉભા એક સલામ ફેરવે.

(૪) મસ્અલો. જો કોઈ માણુસ નફિલ નમાઝ શરૂ કરી ચુકયો હોય અને ફરઝ જમાઅત સાથે શરૂ થાય તો તેને જોઇએ કે બે રકાત પઢીને સલામ ફેરવી નાંખે, અગરજો તેણે ચાર રકાતની નૈયત કીધી હોય. નફિલ નમાઝને તોડવી નહીં જોઇએ (દુ. મખ્તાર). **(૫) મસ્અલો.** ઝોહર અને જુમ્માની સુંનતમોઅકકદા જો શરૂ કરી ચુકયો હોય અને ફરઝ નમાઝ શરૂ થાય તો ચુંટેલો મસ્અલો એ છે કે તેને પૂરી કરી લીએ. (દુ. મુખ્તાર).

(૬) મસ્અલો. જો ફરઝ નમાઝ થતી હોય તો તે વખતે કોઈ પણ સુંનત નમાઝ શરૂ નહીં કરે, કેમકે તેમાં એકાદ રકાત ખોવાનો સંભવ હોય છે. પણ જો એવી ખાત્રી હોય અ-

થવા પાકી ધારણા હોય કે એક પણ રકાત જ-શે નહીં તો પઢી લીએ.

દાખલા તરીકે ઝોહરની ફરઝ નમાઝની જમાઅત ઉભી થાય અને બીક હોય કે સુંનત નમાઝ પઢવાથી કોઈ રકાત જતી રેહશે તો ફરઝ પેહલાં જે (ચાર રકાત) સુંનતો પઢવામાં આવે છે, તેને છોડી દીએ પછી ઝોહર અને જુમ્માની નમાઝમાં ફરઝ નમાઝ પઢયા પછી બેહતર એ છે (એટલુંજ નહી પણ સુંનત છે) કે ફરઝ પછીની સુંનતોને પેહલાં પઢે અને તે પછી રહી ગયલી સુંનતોને પઢે. પણ સવારની સુનતો જેને પઢવા વાસ્તે વધારે તાકીદ આવેલી છે તેઓને માટે એવો હોકમ છે કે જો ફરઝની જમાઅત ઉભી થઈ ગઈ હોય તોપણ તે પઢી લેવામાં આવે જો (તેના પઢનારને) છેલ્લો કાયદો મળવાની ઉમેદ હોય જો છેલ્લો કાયદો મળવાની ઉમેદ નહોય તો (મઝકૂર સુંનતો) પઢે નહી (પણ છોડી દઇ) સૂરજ નીકળ્યા પછી પઢી લીએ. (કેમકે કેટલાક આલેમોના મઝહબમાં તે વાજેબ છે). (દુ. મુખ્તાર).

(૭) મસઅલો. સવારની સુંનતો જો નમાઝની સુંનતો અને મુસ્તહબો સાથે પઢવામાં આવશે તો બીક હોય કે જમાઅત મળશે નહીં તો એવી હાલતમાં જોઇએ કે માત્ર નમાઝના ફરઝો અને વાજેબો પઢવામાં આવે સુંનતો વિગેરેને છોડી દીએ (કુન્યા). **(૮) મસઅલો.** ફરઝ નમાઝ પઢાતી હોય તે વખતે જે સુંનતો પઢવામાં આવે તે સવારની હોય અથવા કોઇ બીજા વખતની હોય તો તે એવે ઠેકાણે પઢવામાં આવે જે મસીદથી [જમાઅતખાનાથી] જુદું હોય કેમકે **જે ઠેકાણે** ફરઝ નમાઝ થતી હોય **તે ઠેકાણે** કોઇ બીજી નમાઝ પઢવી મકરૂહ તહરીમી છે. જો એવી કોઈ જગ્યા તેને નહીં મળે તો સહુથી જુદો રહીને મસીદના કોઈ ખુણામાં પઢી લીએ. (દુ. મુખ્તાર),

(૯) મસઅલો. જો જમાઅતનો છેલ્લો કાયદો મળી જાય અને બીજી રકાનો નહી મળે તોપણ જમાઅતનો સવાબ તો મળી જશે. **(૧૦) મસઅલો.** જે રકાતનો રૂકૂઅ ઇમામની સાથે મળી જાય તો તે રકાત તેને પૂરી મળેલી ગણાશે પણ જો રૂકૂઅ (ઇમામની સાથે) નહીં મળશે તો પછી એ રકાત મળેલી ગણાશે નહીં (પણ પઢવી પડશે).

જે ચીજોથી નમાઝ તૂટી જાય છે.

(૧) મસઅલો. નમાઝમાં પોતાના ઇમામ સિવાય બીજા કોઇને લુકમો દેવો એટલે કુર્આન પડતાં ભૂલ્યો હોય તો તે બતલાવવું નમાઝને તોડે છે **ચેતવણી.** ફિકેહના આલેમોમાં લુકમો દેવાના મસઅલામાં મતફેર છે. કેટલાએક આલેમોએ એજ વિષયપર ચોપાન્યા લખેલા છે, તેથી કરીને એ બાબત કેટલાક જુદા જુદા મસઅલા આ ઠેકાણે અમે લખીએ છીએ:—

(૨) મસઅલો. ખરો મત એજ છે કે મુકતદી જો પોતાના ઇમામને લુકમો દેશે તો નમાઝ તૂટશે નહી, પછી ઇમામે જોઇએ તેટલી કિરાઅત કીધી હોય અથવા નહીં. કીધી હોય. જોઇએ તેટલી કિરાઅતની મતલબ, સુંનત તરીકા જેટલીની છે (નેહરૂલફાએક, શામી) અલબત એવી હાલતમાં (ઇમામને) જોઇએ કે રૂકૂઅ કરી દીએ. જેવી રીતે કે નીચેના મસઅલામાં બયાન આવે છે.

[૩] મસઅલો. જો જરૂર જેટલી કિરાઅત ઇમામ પઢી ચુકયો હોય તો તેને જોઇએ કે રૂકૂઅ કરી દીએ, મુકતદીઓ તરફથી લુકમો લેવાની રાહ જુએ નહીં. અને મુકતદીઓને જોઇએ કે જ્યાં સુધી એવી સખત જરૂર નહીં પડે ત્યાં સુધી ઇમામને લુકમો નહીં દીએ. સખત જરૂરના અર્થ એ છે કે ઇમામ ખોટું પઢીને કિરાઅત આગળ પઢવા ચાહતો હોય અથવા રૂકૂઅ નહીં કરતો હોય અથવા ચુપ થઇને ઉભેલો રહી જાય

અને સખત જરૂર વગર પણ જો કોઈ બતલાવશે તો નમાઝ ટુટશે નહીં જેવી રીતે કે ઉપર એનું બયાન થઈ ચુકયું.

(૪) મસઅલો. કોઇ નમાઝ પઢનારને કોઈ માણુસ લુકમો દેશે અને તે લુકમો દેનાર તેનો મુકતદી નહી હશે પછી ગમે તો (તે લુકમો દેનાર) નમાઝમાં હશે અથવા નમાઝથી બાહેર હશે ત્યારે જો તે માણુસ (ભૂલનારો) તેનો લુકમો લેશે તો તેની નમાઝ ટુટી જશે પણ જો પોતે તેને યાદ આવી જશે પછી બીજાના લુકમા દેવાની સાથેજ અથવા પેહલાં કે પછી (પણ) તેના લુકમા દેવાને તેની યાદ સાથે કંઈ સંબંધ ન હશે તો તેની નમાઝમાં કંઈ પણ નુકશાની આવશે નહી (શામી.)

(૫) મસઅલો. જો કોઈ નમાઝ પઢનાર કોઇ એવા માણુસને લુકમો દેશે કે જે માણુસ તેનો ઇમામ નહીં હોય પછી તે નમાઝમાં હોય અથવા નહીં હોય દરેક હાલતમાં તે લુકમો દેનારની નમાઝ ફાસેદ થઇ જશે (બહરૂર્રાયક) **[૬] મસઅલો.** મુકતદી જો કોઇ બીજાનું પઢવું સાંભળીને અથવા કુર્આને શરીફમાં જોઇને ઈમામને લુકમો દીએ તો તેની નમાઝ ટુટી જશે, અને ઈમામ જો એવા લુકમાને લેશે તો તેની નમાઝ પણ ટુટી જશે.

[૭] મસઅલો. એવીજ રીતે નમાઝની હાલતમાં જો કુર્આનમાં જોઇને કિરાઅત પઢવામાં આવે ત્યારે પણ નમાઝ ટુટી જશે. (દુ. મુખ્તાર.) **(૮) મસઅલો.** કોઈ મરદની સાથે (નમાઝમાં) કોઈ ઓરત એવી રીતે ઉભી થાય કે એકના બદનનો કોઈ ભાગ બીજાના બદનના કોઈ ભાગની સામસામા આવી જાય (મોહાઝાત થઈ જાય) તો નીચે દેખાડેલી શર્તો મુજબ તેનાથી નમાઝ ફાસેદ થઈ જશે, તે એટલે સુધી કે સિજદામાં જવાથી ઓરતનું માથું જો મરદના પગોની સામે મોકાબલામાં બરાબર આવી જશે તો નમાઝ ટુટી જશેઃ-

(૧) ઓરત બાલેગ હોય, પછી જુવાન હોય અથવા તો ડોશી હોય અથવા નાબાલેગ હોય પણ સંભોગ (સોહબત) કરવાને લાયક હોય, ત્યારે જો નાની ઉમ્મરની નાબાલેગ છોકરી નમાઝમાં સામસામી આવી જશે તો નમાઝ ટટશે નહી. **(૨)** બંને નમાઝમાં હોય, જો એક નમાઝમાં હશે અને બીજું નમાઝથી બાહેર હશે તો નમાઝ ટટશે નહી. **(૩)** બંનેની વચ્ચે કોઈ ચીજ નહીં હોય. ત્યારે વચ્ચે પડદો હશે અથવા કોઈ સુતરો દરમ્યાનમાં હશે અથવા વચ્ચે એટલી જગ્યા રહેલી હોય કે જેમાં એક માણસ અડચણ વગર ઉભો રહી શકે તો પણ ફાસિદ થશે (નમાઝ ટુટશે) નહી.

(૪) ઓરત એવી હોય કે જેની નમાઝ દુરસ્ત થઈ જતી હોય. ત્યારે જો ઓરત ગાંડી હશે અથવા હેઝ કે બચ્ચાં પેદા થવા પછીના ગોસલની હાજતવાળી હશે તો તેણીની **મોહાઝાત** (સામસામા) થઈ જવાથી નમાઝ ટટશે નહી કેમકે મઝકૂર હાલતોમાં તેણી પોતે નમાઝમાં ગણાશે નહિ. **(૫)** (ઓરતની જે નમાઝમાં મોહાઝાત થાય તે) નમાઝ જનાઝા (ની નમાઝ) નહી હોવી જોઇએ કેમકે જનાઝાની નમાઝમાં મોહાઝાતથી નમાઝ ટુટતી નથી.

(૬) મોહાઝાત એક રૂકન પઢાય તેટલી વાર રહે (તો નમાઝ ટુટી જશે) જો એ (એક રૂકન) ના કરતાં ઓછી રેહશે તો નમાઝ ટુટશે નહીં. દાખલા તરીખે એટલી વાર સુધી મોહાઝાત રહે કે જેમાં રૂકૂઅ [કે સિજદો] વિગેરે કરી શકતા નથી અને તે પછી (મોહાઝાત) જતી રહે તો આ થોડા વખતની મોહાઝાતથી નમાઝ ટુટશે નહીં. **(૭)** બંનેની રકાત સાથે બંધાયલી હોય, એટલે ઓરત (જેની મોહાઝાત થઇ) તેણી તે મરદ (જેની નમાઝ ટુટી ગઇ) તેની મુકતદી હોય અથવા તે બંને કોઇ ત્રીજા (મરદ) ના મુકતદીઓ હોય. **(૮)** ઈમામે, નમાઝ શરૂ કરતી વખતે, તે ઓરતનો

ઇમામ થવાની નૈયત કીધી હોય [તો નમાઝ ફાસિદ થશે] જો ઇમામે તેણીના ઈમામ બનવાની નૈયત નહીં કીધી હશે તો આ મોહાઝાતથી નમાઝ ટૂટશે નહીં. પણ ઓરતની નમાઝ દુરસ્ત થશે નહી.

[૯] મસઅલો. હદસ થવાને (વઝુ ટૂટી જવાને) લીધે (પોતાનો) ખલીફો બનાવ્યા વગર ઇમામ મસીદની બાહેર ચાલ્યો ગયો તો (સઘળા) મુકતદીઓની નમઝ ટૂટી જશે (દુ. મુખ્તાર વિ.) **(૧૦) મસઅલો.** (મયકૂર હાલત થવાથી) ઇમામે (મસીદ બહાર જતી વખતે) કોઈ એવા માણસને ખલીફો બનાવ્યો કે જે ઈમામ બનવાને લાયક નથી; જેવો કે ગાંડો માણસ, નાબાલેગ બચ્ચું અથવા કોઈ ઓરત તો નમાઝ ટૂટી જશે (દુ. મુખ્તાર).

(૧૧) મસઅલો. જો મરદ નમાઝ પઢતો હોય અને ઓરત નમાઝની હાલતમાં તેને ચુંબન કરે [બોસો, બોકી દીએ] તો મરદની નમાઝ ટૂટશે નહી પણ જો શહવતથી તેણી ચુંબન કરશે તો નમાઝ ફાસિદ થશે (દુ. મુખ્તાર). અને ઓરત નમાઝ પઢતી હોય અને (તેવામાં) મરદ તેણીને ચુંબન કરે તો ઓરતની નમાઝ ટૂટી જશે. પછી શહવતથી ચુંબન કરે અથવા વગર શહવતે. **(૧૨) મસઅલો.** નમાઝ પઢનારની સામેથી [નમાઝ પઢતી વખતે] કોઇ માણસ ચાલી જવા માંગે તો નમાઝ પઢવાની હાલતમાં તેને (હાથ વિગેરેથી) રોકીને તેને એમ નહી કરવા દેવુ જાયઝ છે. (દુ. મુખ્તાર વિ).

જે ચીજોથી નમાઝ મકરૂહ થાય છે.

(૧) મસઅલો. નમાઝની હાલતમાં લુગડાને એવી રીતે પેહેરવું કે તેવી રીતે તે પેહેરવામાં આવતું ન હોય. એટલે તેવી ઢબથી લોકો પેહેરતા હોય અથવા સારા સમજુ લોકો પેહેરતાં હોય તે ઢબ વિરૂદ્ધ તેને વાપરવું મકરૂહ તહરીમી છે. **દાખલો.** કોઈ માણુસ ચાદર ઓઢે પણ તેના છેડા ખભાપર નહિ નાંખે અથવા કુડતો પહેરે અને બાંયામાં હાથ નહી નાંખે [એમ કરવાથી) નમાઝ મકરૂહ (તહરીમી) થઇ જાય છે.

(૨) મસઅલો. ઉઘાડે માથે નમાઝ પઢવી મકરૂહ છે. પણ આજીજી અને (ખોદાપાકની જનાબમાં પોતાને તદ્દન) ઘટાડવાની નૈયતથી એમ કરે તો કંઈ હરકત નથી. (દુ. મુખ્તાર વિ). **(૩) મસઅલો.** નમાઝ પઢવામાં જો ટોપી કે ફેંટો પડી જાય તો તેજ હાલતમાં તેને ઉઠાવીને પેહેરી લેવું બેહતર છે. પણ જો તેને પેહેરવામાં **અમલ કસીર**ની જરૂર પડે તો પહેરે નહી. [રદ્દુલ મોહતાર]

(૪) મસઅલો. પોતાની બને કોણીઓ ને ભોંયપર ટેકી દેવી મરદોને મકરૂહ તહરીમી છે [શામી વિ]. **(૫) મસઅલો.** મેહરાબની અંદર ઈમામને ઉભા રહેવુ મકરૂહ તનઝીહી છે. પણ મેહરાબથકી બાહેર ઉભા રહીને સિજદો જો મેહરાબની અંદર કરવામાં આવે તો મકરૂહ નથી (દુ. મુખ્તાર).

(૬) મસઅલો. એક હાથ અથવા એથી ઊંચી જગ્યાએ ઇમામ ફકત જો ઉભો થાય તો મકરૂહ તનઝીહી છે. પણ ઈમામ સાથે મુકતદી પણ હોય તો મકરૂહ નથી. (દુ. મુખ્તાર). અને કેટલાક આલેમોનો મત છે કે એક હાથ કરતાં ઓછી ઉંચાઇ હોય અને સામાન્ય નજરે જોતાં તે જગ્યા ઊંચી દેખાતી હોય ત્યારે પણ મકરૂહ છે.

[૭] મસઅલો. વગર જરૂરે મુકતદીઓ જો કોઈ ઉંચી જગ્યાએ ઉભા રહેશે તો મકરૂહ તનઝીહી થશે, પણ જરૂરને લીધે (જો ઉભા રહે). દાખલાતરીકે જમાઅતમાં લોકો વધારે હોય, અને જોઇએ તેટલી જગ્યા નહોય તો મકરૂહ નથી. (દુ. મુખ્તાર વિ.) **(૮) મસઅલો.** પોતાના ઈમામ કરતાં પેહલાં કોઈ કામ કરવું મુકતદીને મકરૂહે તહરીમી છે (શામી). **(૯) મસઅલો.**

ઇમામ જ્યારે ઉભા ઉભા (ધીમે સાદે અથવા મોટે સાદે) કિરાઅત (કુર્આન પઢતો હોય ત્યારે કુર્આન (નીં કાંઈ આયત) અથવા કોઈ દોઆ વિગેરે પઢવી પછી તે અલહમ્દોની સૂરત કેમ નહોય (મકરૂહ તહરીમી છે.)

નમાઝમાં વઝુ ટૂટી જવાનું બયાન.

નમાઝમાં જો હદસ થઇ જાય ત્યારે જો તે વઝુ ટૂટવાનું કારણ એવું હોય કે જેથી ગોસલ કરવું વાજિબ થઈ જાય, તો નમાઝ ફાસિદ થઇ જશે. અને જો એવું હોય કે ફકત વઝુ કરવાની હાજત થાય તો તે બે તરેહની હશે. **અખત્યારી** હશે અથવા **બેઅખત્યારી** હશે. એટલે તેમ થવામાં બંદાઓનો અખત્યાર હશે અથવા તો નહીં હશે, જો અખત્યારી હશે તો નમાઝ ટૂટી જશે. દાખલા તરીખે કોઈ માણુસ નમાઝમાં જોરથી ખડખડ હસે અથવા પોતાના શરીરપર કંઇ મારીને લોહી કાઢે, અથવા જાણી જોઇને વા, સેરવે અથવા કોઈ માણુસ છાપરાપર ચાલે અને ત્યાં ચાલવાથી કોઈ પત્થર ઉપરથી પડે અને તે વાગવાથી લોહી નીકળે એ તમામ હાલતોમાં નમાઝ ટૂટી જશે, કેમકે આ તમામ બનાવો બંદાઓના કરવાથી થયા છે.

અને જો **બેઅખત્યારી** હશે તો તેની બે સૂરતો છે (૧) કોઈ વખતેજ એવો બનાવ બનતો હશે જેવી રીતે કે બેભાન થઈ જવું ગાંડા થઈ જવું અથવા ઇમામનું મરી જવું વિગેરે અથવા [૨] એવો બનાવ વારંવાર બનતો હશે. જેવી રીતે વા સરવો, પેશાબનું નીકળી પડવું, ઝાડે ફરવી, મનીનું નીકળવું વિગેરે ત્યારે કોઇક વાર બનાર બનાવથી નમાઝ ટૂટી જશે. અને વારંવાર બનાર બનાવથી નમાઝ ટૂટશે નહીં. પણ તે માણુસને શરીઅતથી છુટ દેવામાં આવી છે કે તે નાપાકીથી પાક થયા પછી તેજ નમાઝને પૂરી કરી લીએ. અને એને **બિના** કહે છે. પણ જો નમાઝને ફરીથી પઢે તો બેહતર છે, અને આ **બિના** કરવામાં નમાઝ ટૂટે નહી તેની કેટલીક શરતો નીચે મૂજબ છે:—

(૧) કોઇ રૂકનને વઝુ ટુટી ગયા પછી પઢે નહીં (૨) કોઈ રૂકનને ચાલવાની હાલતમાં અદા નહીં કરે દાખલા તરીખે જ્યારે વઝુ કરવા જાય અથવા વઝુ કરીને પાછો આવે તો કુર્આન શરીફ નહીં પઢે કેમકે કુર્આન શરીફનું પઢવું નમાઝનો એક રૂકન (અંદરનો ફરઝ) છે. (૩) કોઈ એવું કામ નહીં કરે જેને નમાઝમાં કરવાનો હોકમ નથી એવીજ રીતે કોઈ એવું કામ નહી કરે કે જેનાથી બચી શકતો હોય.

(૪) હદસ થયા પછી વગર ઉજરે એક રૂકન અદા કરવામાં આવે એટલું પણ થોભે નહીં પણ તરતજ વઝુ કરવા ચાલ્યો જાય પણ કોઈ ઉજરને લીધે વાર લાગી જાય તો અડચણ નથી. જેવી રીતે કે સફો (એક પછી એક) ઘણી હોય અને પોતે આગલી સફમાં હોય અને સફો ચીરીને નીકળી જવું મુશકેલ હોય.

(૧) મસઅલો. એકલા નમાઝ પઢનારને જો હદસ થાય તો તેને જોઇએ કે તરતજ સલામ ફેરવીને વઝુ કરી લીએ. અને જેમ બને તેમ જલદી વઝુથી પરવારી જાય પણ વઝુની સુંનતો અને મુસ્તહબ્બોને બરાબર અદા કરે અને એ દરમ્યાનમાં કંઈ બોલે નહીં (વઝુમાં પઢવાની દોઆઓ પઢે). પાણી પાસે હોય તો દૂર જાય નહીં. મતલબ એ કે જરૂર જોગુંજ દરેક કામ કરે વઝુ કીધા પછી ત્યાંજ પોતાની નમાઝ (જ્યાંથી છોડેલી ત્યાંથી) પૂરી કરી લીએ. અને એજ બેહતર છે, અને ગમે તો જ્યાં પેહલાં હતો તે જગ્યાએ જઇને પઢે.

(૨) મસઅલો. જો ઇમામને હદસ થાય અગર જો છેલ્લા કાયદામાં થાય તો તેને જોઇએ કે સલામ ફેરવીને તરત વઝુ કરવા ચાલ્યો જાય અને બેહતર એ છે કે પોતાના મુકતદીઓમાંથી ઇમામતને વાસ્તે જેને લાયક જાણે

તેને પોતાની જગ્યાપર મુકરર કરી દે. મુદરિકને ખલીફો બનાવવો બેહતર છે. જો મસબૂકને [ખલીફો] બનાવશે તે પણ જાયઝ છે. અને આ મસ્બૂકને ઇશારાથી બતલાવી દીએ કે આટલી રકાતો મારાપર બાકી છે. રકાતોને માટે આંગળીથી ઇશારો કરે. દાખલા તરીખે એક રકાત બાકી હોય તો એક આંગળી ઉઠાવે, બે રકાત હોય તો બે આંગળી, રૂકૂઅ બાકી હોય તો ઘુંટણુપર હાથ મુકી ઇશારો કરે, અને સિજ્દો બાકી હોય તો કપાળપર (હાથ મુકી ઇશારો કરે). કિરાઅત બાકી હોય તો મોંપર, તિલાવતનો સિજ્દો બાકી હોય તો કપાળ અને જીભપર, અને સહવનો સિજ્દો કરવો હોય તો છાતીપર [હાથ મુકીને ઇશારો કરે]. (એ સૌ ત્યારે કરે કે) જ્યારે તે (ખલીફો એ ઇશારાઓને) જાણતો હોય, નહીંતો તેને ખલીફો બનાવે નહીં.

ફરી જ્યારે વઝુ કરી રહે અને જમાઅત બાકી હોય તો જમાઅતમાં દાખલ થઇને પોતાના ખલીફાનો મુકતદી બની જાય. અને વઝુ કીધા પછી તેજ જગ્યાની પાસે (કેથે) ઉભો થઇ જાય અને (તેની અને જમાઅતની કે ઇમામની) વચ્ચે કોઈ ચીજનો ઓહો હોય અથવા એટલી દૂર હોય કે જેથી પાછળ નમાઝ પઢવું જાયઝ નહીં થાય તો જાયઝ નથી, નહિતો જાયઝ છે. અને જો જમાઅત થાય તો વઝુ કીધું હોય તેજ જગ્યાએ અથવા પોતાની પેહલી જગ્યાએ આવીને નમાઝ પૂરી કરી લીએ.

(૩) મસઅલો. પાણી મસીદની હદ અંદર મળી શકતું હોય તો કોઇને ખલીફો બનાવવો જરૂરી નથી, પણ ગમે તો (ખલીફો)નહિ બનાવે અને ગમે તો બનાવે. પણ જ્યારે વઝુ કરી પાછો ફરે ત્યારે પોતેજ ઇમામ બની જાય અને તેટલી વાર મુકતદીઓને જોઇએ કે તેની રાહ જુએ. (અને જે હાલતમાં હોય તેજ હાલતમાં થોભેલા રહે). (શામી વિ.).

[૪] મસઅલો. ખલીફો બનાવ્યા પછી [ઇમામ પોતે] ઇમામ રેહતો નથી પણ પોતાના ખલીફાનો મુકતદી બની જાય છે. તેથી કરીને જો જમાઅત ખલાસ થઈ જાય તો ઇમામને જોઇએ કે પોતાની નમાઝ લાહેકની પેઠે પૂરી કરી લીએ. જો ઇમામ કોઇને ખલીફો નહી બનાવે પણ મુકતદીઓ કોઇને પોતાનામાંથી ખલીફો બનાવી દીએ, અથવા કોઈ મુકતદી પોતે આગળ વધીને ઇમામની જગ્યાએ ગોઠવાઈ જાય અને ઇમામ બનવાની નૈયત કરી લીએ તોપણ દુરસ્ત છે. પણ તેમ કરવામાં અથવા બનવામાં શરત એ છે કે ઇમામ તે વખત સુધી મસીદથી બાહેર નીકળી ચુકયો હોય, અને જો નમાઝ મસીદમાં નહી થતી હોય તો સફો અથવા સુત્રાથી આગળ વધવા નહી પામ્યો હોય. પણ જો મચકૂર હદો કરતાં આગળ વધી ગયો હોય [મસીદથી બાહેર અને સફો કે સુત્રાથી આગળ નીકળી ચુકયો હોય] તો નમાઝ ટૂટી જશે. હવે કોઈ ઇમામ બની શકતો નથી.

(૫) મસઅલો. મુકતદીને હદસ થાય તો તેને પણ તરત સલામ ફેરવીને વઝુ કરવુ જોઇએ. વઝુ કીધા પછી જો જમાઅત બાકી હોય તો જમાઅતમાં શામેલ થાય અને નહીંતો પોતાની નમાઝ પૂરી કરી લીએ. મુકતદીને દરેક હાલતમાં પોતાની જગ્યાએ જઇને નમાઝ પઢવી જોઇએ. પછી જમાઅત બાકી હોય અથવા નહીં હોય પણ જો ઇમામ અને તેની વઝુ કરવાની જગ્યા વચ્ચે મુકતદી બનવાને રોકનાર કોઈ ચીજ નહીં હોય તો અહી [વઝુની જગ્યામાં) ઉભા થઈ જવું પણ જાયઝ છે.

(૬) મસઅલો. પોતાની જગ્યાપર મસબૂકને જો ઇમામ ઉભો કરી દીએ તો તેને જોઇએ કે ઇમામપર જેટલી રકાતો બાકી હોય તેઓને પઢાવી કોઈ મુદરિકને પોતાની જગ્યા (પાછો) નીમી દે, કે જેથી તે સલામ ફેરવી દીએ, અને આ મસ્બૂક પોતાની બાકી રહેલી રકાતોને પઢવામાં લાગી જાય.

(૭) મસઅલો. અત્તહીયાત જેટલું બેઠા પછી છેલ્લા કાયદામાં કોઈ ગાંડો થઈ જાય, અથવા ગોસલની હાજત થઈ જાય, અથવા પોતાની આદત

વગર વઝુ તુટી જાય, અથવા બેભાન થઈ જાય, અથવા ખડખડ હંસે તો નમાઝ તુટી જશે. અને તે નમાઝ ફરીથી પઢવી પડશે. (૮) **મસઅલો.** આ ઘણા બારીક મસઅલા છે અને લોકો (ફિકેહના) ઇલ્મથી નાવાકિફ થતા જાય છે તેથી ભૂલ થવાનો સંભવ રહે છે, તેથી બેહતર એ છે કે બિના નહીં કરતાં તે નમાઝને તોડી નાંખી ફરીથી પઢે

સહવ (ભૂલથી વાજીબ છોડવા) ના કેટલાક હુકમો.

મસઅલો ધીમેથી પઢવાની નમાઝમાં કોઈ મોટે સાદે કુર્આન કીર્અત કરીને પઢે, અથવા ઉંચે સાદે પઢવાની નમાઝમાં કોઈ ધીમે સાદે કુર્આન પઢીને કિર્અત કરે તો તેને જોઇએ કે સહવનો સિજદો કરે, પણ જો ધીમે પઢવાની નમાઝમાં બહૂજ થોડી કીર્અત ઉંચે અવાજે કરે કે જેથી નમાઝ પૂરી નહીં ગણાય, જેવી રીતે કે બે ત્રણ શબ્દો ઊંચે સાદે નીકળી જાય તો સહવનો સિજદો કરવાની જરૂર નથી.

નમાઝ, કઝા થઈ જાય તેના મસઅલા.

(૧) **મસઅલો.** જો કેટલાક માણસોની કોઈ વખતની નમાઝ કઝા થઈ જાય તો તેઓને જોઇએ કે તે નમાઝને જમાઅત સાથે પઢે. જો પોકારીને પઢવાની નમાઝ હોય તો ઉંચે સાદે કિર્અત કરવામાં આવે અને ધીમા અવાઝથી પઢવાની હોય તો ધીમે સાદે પઢવામાં આવે.

(૨) **મસઅલો.** જો કોઇ છોકરો ઈશાની નમાઝ પઢીને સુએ અને સવારે ઉઠ્યા પછી તેને વીર્ય (મની) ના ડાઘા (લુગડાપર) નજરે પડે જેથી માલમ પડે કે તેને (રાતના) એહતેલામ થયું (સ્વપ્નામાં વીર્ય નીકળ્યું) છે. તો તેને જોઇએ કે ઇશાની નમાઝ ફરીથી પઢે. (ફતાવા કાઝી ખાંન) (૩) **મસઅલો.** કોઈ ઓરતને બચ્ચું પેદા થવાનું દરદ શરૂ થાય પણ તેથી તેણીની અકકલ હોંશીયારીમાં કંઇ ફરક થયલો નહીં હોય અને નમાઝનો વખત પૂરો થવા આવેલો હોય તો તેણીને જોઇએ કે તરત નમાઝ પઢી લીએ વાર લગાડે નહી. રખેને નમાઝ કઝા થઇ જાય. પણ જો ઉભા રહીને નમાઝ પઢવામાં આવે અને તેથી એ વાતની બીક હોય કે રખેને એજ હાલતમાં છોકરૂં પેદા થશે તો તેને નુકસાન પોહોંચશે તો બેસીને પઢે.

એવીજ રીતે જો કોઇ ઓરતના છુપા ભાગમાંથી બચ્ચાનો કેટલોક ભાગ અડધા કરતાં ઓછો બહાર નીકળી આવ્યો હોય અને નમાઝનો વખત પણ બહુજ થોડો બાકી રહેલો હોય, તો તેણીને પણ નમાઝમાં વાર લગાડવી જાયઝ નથી. બેસીને નમાઝ પઢે. અને ભોંયમાં ખાડો ખોદીને તેમાં રૂ પાથરીને બચ્ચાનું માથું તેમાં મુકી દે. અને જો એમ નહિ કરી શકતી હોય તો ઇશારાથી નમાઝ પઢી લીએ પણ એ સૌ (બંદોબસ્ત) ત્યારે કરે કે એમ કરવાથકી બચ્ચાને નુકસાન પોહોંચવાની બીક નહિ હોય; નહિતો નમાઝ કઝા કરવી જાયઝ છે.

માંદા માણસને માટે કેટલાએક (નમાઝના) મસઅલા.

[૧] **મસઅલો.** ઉજરવાળો કોઇ માણસ ઇશારાથી રૂકૂઅ અને સિજદો કરી ચુકયો હોય અને તે પછી (તેજ નમાઝમાં) રૂકૂઅ અને સિજદો કરવાની (એકાએક) તેનામાં તાકાત આવી ગઈ તો તેજ નમાઝ ફરીથી પઢવી તેનાપર વાજેબ છે.

(૨) **મસઅલો.** કિરાઅત લાંબી થવાને લીધે (ઈમામની પછાડી) ઉભો ઉભો કોઈ થાકી જાય અને તેને બેચેની થવા લાગે તો કોઈ ભીંત ઝાડ કે લાકડા વિગેરેની સાથે એઠેલીને ઉભા રેહેવું તેને મકરૂહ નથી. કમજોર અને ઘરડા માણસોને ઘણું કરીને તરાવીહની નમાઝમાં એમ રેહવાની ઘણી જરૂર પડે છે (શામી વિગેરે.)

મુસાફરની નમાઝના મસઅલા.

(૧) **મસઅલો.** કોઈ માણસ પંદર દહાડા એવા બે ઠેકાણામાં થોભવાનો ઇરાદો કરે

કે તે બંને જગ્યાઓ એક બીજાથી એટલી દૂર હોય કે એક ઠેકાણાની અઝાં (બાંગ) બીજે ઠેકાણે સંભળાય નહીં. દાખલા તરીખે મકકા શરીફમાં દસ દહાડા અને મિનામાં પાંચ દહાડા રહેવાનો ઈરાદો રાખે, મકકા શરીફથી મિના ત્રણ માઈલ દૂર છે તો એવી હાલતમાં તે મુસાફરજ ગણાશે (તેને કસર નમાઝ પઢવી જોઇએ).

(૨) મસઅલો. અને ઉપરના મસઅલામાં તેણે એવી નૈયત કીધી કે રાત્રે હું એકજ જગ્યાએ જઇને રહીશ અને દિવસે બીજી જગ્યાએ તો જ્યાં રહેવાની નૈયત કીધી હશે તે તેનું થોભવાનું વતન (વતને એકામત) થઈ જશે ત્યાં તેને કસર નમાઝ પઢવાની રજા નથી. હવે બીજી જગ્યા કે જ્યાં તે દિવસે રહે છે, જો પહેલી જગ્યાથી સફરનો હુકમ લાગુ પડે એટલી દૂર હશે તો દિવસે ત્યાં જવાથી મોસાફર ગણાશે, નહિતો તે મોકીમ ગણાશે

(૩) મસઅલો. અને જો પેહલા મસઅલા મુજબ એક ઠેકાણું બીજા ઠેકાણાથી એટલું પાસે હોય કે એક જગ્યાની બાંગનો અવાજ બીજી જગ્યાએ પોહોંચતો હોય તો તે બંને જગ્યા એકજ ગણાશે અને તે બનેમા પંદર દહાડા થોભવાનો ઇરાદો રાખવાથી તે (ઇરાદો રાખનાર) મોકીમ થઈ જશે.

(૪) મસઅલો. વખતસરની નમાઝ હોય અથવા કઝા હોય દરેક હાલતમાં મોકીમ મુસાફરની પાછળ નમાઝ પઢી શકશે. અને ઇમામ બનેલો મુસાફર જ્યારે બે રકાત પઢીને સલામ ફેરવી દીએ ત્યારે તેની પાછળ નમાઝ પઢનારા મોકીમ (જે માણસ મુસાફર ન હોય તે) ને જોઇએ કે ઉભા થઇને પોતાની બાકીની [બે રકાત] નમાઝ પૂરી કરી લીએ પણ તેમાં કુર્આન પઢે નહીં; પણ ચુપ ઉભો રહે કેમકે તે લાહેક છે અને મુકતદી હોવાને લીધે પેહલા કાયદો એ માણુસપર ફરઝ છે. મુસાફર જો ઇમામ બને તો તેનાપર મુસ્તહબ છે કે સલામ ફેરવ્યા પછી પોતે મુસાફર છે એ વાતની પેતાના મુકતદીઓને ખબર કરી દીએ. [દુ. મુખ્તાર].

(૫) મસઅલો. મોકીમની પાછળ મુસાફર પણ નમાઝના વખતની અંદર તેજ વખતની નમાઝ પઢી શકે છે, નમાઝનો વખત જતો રહેશે તો પઢી શકતો નથી, કેમકે જ્યારે મુસાફર મોકીમની ઇકિતેદા કરશે, તો ઇમામની તાબેદારી ને માટે એ (મુસાફર) પણ ચાર રકાત પૂરી (નમાઝ) પઢશે, અને ઇમામનો પહેલો કાયદો (આ મુસાફર પર) ફરઝ થશે નહિ. અને એ (મુસાફર) નો (પેહલો કાયદો પોતે એ મુસાફર પર) ફરઝ થશે અને તેથી કરીને ફરઝ પઢનારની ઇકિતેદા એવા ઇમામની પછાડી થઇ કે જે ફરઝ પઢનારો નથી અને એ (પ્રમાણેની ઇકિતેદા) દુરસ્ત નથી (વાંચો જમાઅત દુરસ્ત થવાના બયાનની નવમી શર્ત) (દુ. મુખ્તાર, શામી.)

(૬) મસઅલો. કોઈ મુસાફર નમાઝ પઢવાની હાલતમાં ઇકામતની નૈયત કરી લીએ પછી (નમાઝની) શરૂઆતમાં, વચ્ચે અથવા છેવટ માં કરે, પણ સહવના સિજદાથી અથવા સલામ કરતાં પેહલાં કરે તો તેને તે નમાઝ પૂરી પઢવી જોઇએ, એ (નમાઝ) માં કસર પઢવી (હવે) જાયઝ નથી. પણ નમાઝનો વખત ગયા પછી જો નઇયત કરશે અથવા લાહેક હોવાની હાલતમાં નઇયત કરશે તો તેની નૈયતથી આ નમાઝમાં કંઈ ફેરફાર થઈ શકશે નહિ (કસરજ પઢવી પડશે) અને આ નમાઝ જો ચાર રકાત પઢવાની હશે તો તેને કસર (બેરકાત) પઢવી વાજિબ થશે, દાખલા તરીખેઃ–

(૧) કોઈ મુસાફરે ઝોહરની નમાઝ શરૂ કીધી, ઝોહરનો વખત જતો રહયો એ પછી તેણે એકામતની નૈયત કીધી, તો આ નૈયતથી નમાઝમાં કઈ ફેરફાર કરવામાં આવશે નહી (કોકટછે) અને આ નમાઝ તેને કસર પઢવીજ પડશે, (૨) દાખલો, એક મુસાફર બીજા મુસાફરનો મુકતદી બને અને (પછીથી) તે લાહેક થઈ જાય પછી પોતાની ખુએલી રકાતો

જ્યારે પઢવા લાગે ત્યારે એકામતની નૈયત કરે ત્યારે આ નૈયત તે નમાઝને માટે નકામી થઈ પડશે અને આ નમાઝ જો ચાર રકાત વાળી (ઝોહર અસર એશાની) હશે તો તેને કસર (બે રકાત) પઢવીજ પડશે. (દુ. મુખ્તાર.)

[લડાઈની વખતે] બીકની નમાઝ.

જ્યારે કોઈ દુશમન [શત્રુ] સાથે મોકાબલો થવાની વકી હોય, પછી તે દુશમન માણસ હોય અથવા કોઈ ફાડી ખાનાર જનાવર હોય અથવા કોઇ અજગર સાપ વિગેરે હોય, અને એવી હાલતમાં સઘળા મુસલમાનો અથવા કેટલાએક મળીને જમાઅત સાથે નમાઝ નહિ પઢી શકતા હોય અને [પોતપોતાની] સવારી પરથી ઉતરવાની ફુરસદ પણ નહોય, તો સૌ લોકોને જોઇએ કે [પોત પોતાની) સવારીઓ પર બેઠાંબેઠાં ઇશારાથી એકલા નમાઝ પઢી લીએ; નમાઝ પૂરેપૂરી રીતે અદા થઈ જશે. પણ બે જણા જો એકજ સવારી પર બેઠા હોય તો તેઓ બને જમાઅતથી નમાઝ પઢી લીએ પણ જો એની પણ ફુરસદ નહોય તો તેઓ ઉજરવાળા ગણાશે. તે વખતે નમાઝ પઢે નહીં. તે બીક દૂર થયા પછી તે (વખત)ની કઝા (નમાઝ) પઢી લીએ.

અને જો એમ બની શકતું હોય કે તે ટોળાંમાંના કેટલાક મળીને જમાત સાથે નમાઝ પઢી શકતા હોય અગર જો તમામ લોકો [એકજ વખત એકજ જમાઅતથી] નહીં પઢી શકતા હોય તો એવી હાલતમાં તેઓએ જમાઅત તજવી (છોડવી) નહિ જોઇએ. નીચેના કાયદા મુજબ તેઓએ નમાઝ પઢવી જોઇએ. એટલે સઘળા મુસલમાનો બે ભાગે.- માં વ્હેંચાઈ જઈ એક ભાગ દુશમનના મોકાબલામાં (હથીયારો ઉઠાવી પોતાનો અને નમાઝ પઢનારાઓનો બચાવ કરવા તત્પર થઇ) ઉભા રહે; અને બીજો ભાગ ઇમામની પછાડી નમાઝ શરૂ કરીદીએ.

જો ત્રણ કે ચાર રકાતની નમાજ હોય જેવી કે ઝોહર, અસર, મગરીબ અને ઇશા અને એ લોકો મુસાફર નહોય અને કસર નહિ કરનાર હોય ત્યારે જે વખતે ઇમામ બે રકાત નમાજ પઢીને ત્રીજીને માટે ઉભો થવા લાગે અને એ લોકો જો નમાજ ને કસર કરનાર હોય જેવી કે મુસાફરની ઝોહર, અસર અને ઇશાની નમાઝ, અથવા બે રકાતોવાળી એકજ રકાત [ઇમામ સાથે] પઢીને આ ભાગ (કે જે ઇમામની સાથે પેહલી રકાતથી શામેલ થયો હતો દુશમનોના મોકાબલામાં પોતાને અને પોતાના સાથીઓનો જેઓ હવે પછી તેજ ઇમામ પછાડી નમાજ પઢવા આવશે બચાવ કરવા હથીઆરો ઉઠાવી) ચાલ્યો જાય અને બીજો ભાગ (કે જે નમાજમાં શામેલ નહીં હતો તે) ત્યાંથી આવીને ઇમામ સાથે બાકીની નમાજ પઢે.

ઇમામને જોઇએ કે આ લોકોની આવવાની રાહ જુએ. પછી જ્યારે બાકીની નમાઝ ઇમામ પઢી લીએ તો સલામ ફેરવી દીએ અને એ લોકો (એટલે પાછળથી આવેલો બીજો ભાગ) સલામ ફેરવ્યા વગર [હથિયાર ઉઠાવી પોતાની ફરજ બજાવવા] દુશમનોના મોકાબલામાં ચાલ્યા જાય, અને પેહલો ભાગ પોતાની જગ્યાએ આવી પોતાની બાકી નમાઝ (લાહેકની પેઠે) વગર કુર્આન પઢે પૂરી કરી લીએ, અને સલામ ફેરવે, કેમકે તેઓ લાહેક છે. પછી (પાછા) એ લોકો દુશમનના મોકાબલામાં જાય, અને બીજો ભાગ અહીં આવીને પોતાની નમાઝ કિરાઅત (કુર્આન) સાથે પૂરી કરી લીએ અને સલામ ફેરવે કેમકે તેઓ મસ્બૂક છે.

(૧) મસઅલો. નમાઝ (એક રકાત કે બે રકાત ઇમામની સાથે પઢયા પછી) ની હાલત માં દુશમનની સાથે લડવા જતી વખતે અથવા (પોતાની બાકીની) નમાઝ પૂરી કરવા ત્યાંથી આવતી વખતે પગે ચાલવું જોઇએ જો સવાર થઇને જશે કે આવશે તો નમાઝ ટૂટી જશે કેમકે આ **અમલ કસીર** છે.

(૨) મસઅલો. ઇમામની સાથે બીજા ભાગનું બાકીની નમાઝ પઢીને ચાલ્યા જવું અને પહેલા ભાગનું અહીં આવીને પોતાની નમાઝ પૂરી કરવી અને તે પછી પાછા બીજા ભાગનું

અહીં આવી પોતાની નમાઝ પૂરી કરવી મુસ્તહબ અને બેહતર છે. નહિતો એ પણ જાયઝ છે કે પેહલો ભાગ નમાઝ [એક કે બે રકાત] પઢીને (દુશમનના મોકાબલામાં) ચાલ્યો જાય અને બીજો ભાગ ઇમામ સાથે બાકી રહેલી નમાઝ પઢીને પોતાની નમાઝ તેજ જગ્યા પૂરી કરી લીએ ત્યારે દુશમન સાથે વઢવા જાય. જ્યારે એ લોકો ત્યાં પોહોંચી જાય તો પેહલો ભાગ પોતાની નમાઝ ત્યાંજ (લડાઇના મેદાનમાં) પઢી લીએ અહી (ઇમામ સાથે પઢેલી જગ્યાએ) આવે નહી.

(૩) મસઅલો. આવી રીતે નમાઝ પઢવી તે વખતે છે કે જ્યારે સઘળા લોકો એકજ ઇમામની પછાડી નમાઝ પઢવા ઇચ્છિતા હોય જેવી રીતે કે (તે લોકોમાં) કોઇ મોટા બુઝુર્ગ હોય અને સઘળા લોકો તેવણની પછાડી નમાઝ પઢવાનો ઇરાદો રાખતા હોય. નહિ તો બેહતર એ છે કે એક ભાગ એક ઇમામ સાથે નમાઝ પૂરી (બે કે ચાર રકાત) પઢીને દુશ્મનના મુકાબલામા ચાલ્યો જાય ત્યારપછી બીજો ભાગ બીજા માણસને ઇમામ બનાવી પૂરી નમાઝ પઢી લીએ.

(૪) મસઅલો. જો એવી બીકને લીધે કે દુશ્મન ઘણોજ પાસે છે હમણા થોડીવારમાં અહીં આવી પોહોંચશે એવો વિચાર કરીને ઉપલા મસલાઓ મુજબ (બે ટોળા થઈ એક ઇમામ પછાડી લાહેક અને મસબૂક પેઠે.) લોકોએ નમાઝ પઢી, એ પછી જણાયું કે એ વિચાર ખોટો હતો ત્યારે એ લોકોને જોઇએ કે એ નમાઝ ફરીથી પઢી લીએ કેમકે તે નમાઝ ઘણાજ જરૂરને વખતે, કેયાસ વિરૂદ્ધ અમલે કસીર સાથે દાનમાં જારી કરવામાં આવી છે. વગર જરૂરે આટલો બધો અમલે કસીર નમાઝને તોડનાર છે. [તેથી ફરીથી પઢી લેવી જોઇએ].

(૫) મસઅલો. કોઇ એવી લડાઇ હોય કે જે શરીઅતની રૂએ જાયઝ નથી, તો તે વખતે મયફૂર હુકમથી નમાઝ પઢવી જાયઝ નથી દાખલા તરીકે મુસલમાન બાદશાહથી ફરી ગયલા લોકો તે બાદશાહ સાથે લડાઇમાં ઉતરે અથવા કોઇ (બાદશાહ) દુન્યાની મતલબ વાસ્તે (મુલક જીતવાને બીજા મુસલમાન બાદશાહ સાથે) લડાઈ કરે તો એવા લોકોને આટલો બધો અમલે કસીર માફ કરવામાં આવશે નહિ.

(૬) મસઅલો. કિબલાની દિશા છોડીને (મોકાબલાને વાસ્તે) બીજી દિશા તરફ મોં કરી શરૂ કરી ચુકયા હોય અને એટલામાં દુશમન નહાસી જાય તો તે [નમાઝ પઢનારા] ઓને જોઇએ કે તરતજ કિબલા તરફ (નમાઝમાંજ) ફરી જાય [કેમકે હવે ઉઝર જતો રહ્યો] અને નહિતો (હવે) નમાઝ દુરસ્ત થશે નહી. **(૭) મસઅલો.** જો બેફિકરીથી કિબલા તરફ મો કરીને નમાઝ પઢતા હોય અને એજ હાલતમાં દુશમન આવી જાય તો તરત તે (નમાઝ પઢનારા) ઓને (પોતાના બચાવ માટે) દુશમન તરફ ફરી જવુ જોઇએ, અને આ [જોખમને] વખતે કિબલા તરફ મોં કરવું ફરઝ રેહેશે નહિ.

(૮) મસઅલો. જો કોઈ માણસ દરિયા માં તરતો હોય અને નમાઝનો વખત બહુજ થોડો રહી જાય તો જો બની શકે તો તેને જોઇએ કે થોડીવાર સુધી પોતાના હાથ પગ હલાવે નહી; અને ઇશારાથી નમાઝ પઢી લીએ.

અહીં સુધી પાંચ વખતની નમાઝ અને તેની સાથે સબંધ રાખનારી ચીજોનુ બયાન હતુ હવે અલહમ્દો લિલ્લાહ તેનાથી ફુરસદ મળી તો જુમ્માની નમાઝનું વર્ણન શરૂ કરવામાં આવે છે. કેમકે જુમ્માની નમાઝ ઇસ્લામી દીનની જાહેર મોટી નિશાનીઓમાંથી છે, અને તેથી કરીને બંને ઇદોની નમાઝ (ના બયાન) કરતાં એને પેહલાં મુકવામાં આવી છે.

જુમ્માની નમાઝનું બયાન.

ખોદાપાકને નમાઝ કરતાં વધારે પસંદ બીજી કોઈ ચીજ નથી અને એટલા માટે કોઇ

પણ ઇબાદતની એવી સખત તાકીદ અને મોટાઇ પાક શરીઅતમાં બયાન થયલી નથી. અને એટલાજ માટે દુન્યાના પરવરદેગારે જે **(તેની)** નેઅમતો અમે પેદા થઈ એ ત્યારથી છેલ્લા શ્વાસ બલકે મોત પછી સુધી, અને પેદા થયા અગાઉ પણ જે અમને ઇનાયત કીધી છે, તે (નેઅમતો)નો શુકર અદા કરવાને દરરોજ પાંચ વખત મુકર્રર ફરમાવ્યા છે; અને જુમ્માને દહાડે બીજા દિવસો કરતાં (ઘણી) વધારે નેઅમતો અર્પણ કરવામાં આવી છે. તે અહીં સુધી કે જનાબ આદમ (અલ) કે જેવણ માણસ જાતીના મૂળ છે એજ દિવસે પેદા થયા, તેથી કરીને એ દહાડે એક ખાસ નમાઝનો હુકમ કરવામાં આવ્યો

અને ઉપર, અમે, જમાઅતના ભેદો અને ફાયદાઓ બયાન કરી ચુકયા અને એ પણ જાહેર કરી ચુકયા કે જેટલી જમાઅત વધારે થશે તેના ફાયદાઓ પણ તેટલાજ વધુ જાહેર થશે. અને એ (વાત) ત્યારેજ થઇ શકે છે કે જ્યારે જુદા જુદા મોહલ્લાના લોકો અને તે વસ્તીના ઘણાખરા લોકો એક ઠેકાણે એકઠા થઇને નમાઝ પઢે, અને દરરોજ પાંચ વખતે એમ થવું ઘણી ઇજાનું કારણ થઈ પડતે. એ તમામ કારણોને લીધે શરીઅતે અઠવાડિઆમાં એક વખત એવો મુકર્રર કીધો કે જેમાં જુદા જુદા મોહલ્લા અને ગામોના મુસલમાનો એકઠા થઇ આ ઇબાદતને બજાવી લાવે.

અને જુમ્માનો દહાડો બીજા તમામ દિવસો કરતાં વધારે માનવતો હતો તેથી કરીને મઝકૂર કામ એજ દહાડે ખાસ મોકર્રર કરવામાં આવ્યું. અગાઉ થઈ ગયલી ઉમ્મતોને પણ ખોદાપાકે એ દિવસે ઇબાદત કરવાનો હુકમ ફરમાવેલો પણ પોતાને કમનસીબે તેઓએ તેમાં મતફેર કીધો. અને આ નાફરમાનીનું પરિણામ એ આવ્યું કે તે આ મહાન (મોટા) સવાબ હાસેલ કરવાથી અભાગ્યા રાખવામાં આવ્યા, અને એ મોટો સવાબ એજ ઉમ્મતને મળ્યો.

યાહૂદીઓએ સનિવારનો દિવસ (પોતાની મોટા સવાબની ઇબાદત વાસ્તે) એટલાજ માટે મુકર્રર કિધો કે આ દહાડે તમામ મખલુકને પેદા કરી ખોદા પાક પરવાર્યો. ક્રિસ્તિઓ (નસરાનીઓ) એ એવા વિચારથી ઇતવારનો દહાડો (ઇબાદતનો) પાળ્યો કે એ દહાડે દુન્યા પેદા કરવી ખોદા પાકે શરૂ કીધી હતી. જેવી રીતે કે મજકૂર બને કોમો આજ સુધી મજકૂર બને દિવસોમાં બહુ ધામધુમ કરે છે. દુન્યાના તમામ કામોને છોડી દઇ ઇબાદતમાં લાગે છે. ક્રિસ્તિઓના તમામ રાજ્યોમાં એટલાજ માટે ઇતવારને દહાડે તમામ ખાતાઓમાં રજા પાળવામાં આવે છે.

જુમ્માની બુઝુર્ગીઓ (મહત્વતા).

(૧) નબી [સલ] એ ફરમાવ્યું કે તમામ દિવસોમાં વધારે મોટો દિવસ જુમ્માનો દહાડો છે. એજ દહાડે હઝરત આદમ (અલ) પેદા કરવામાં આવ્યા (અસર અને મગરેબની દરમ્યાન, જુઓ અલમદખલ) અને એજ દહાડે તેવણ જંનતમાં દાખલ કરવામાં આવ્યા, અને એજ દહાડે જંનતની બાહેર તેવણને કાઢવામાં આવ્યા, અને કેયામત પણ એજ દહાડે થશે (મુસલિમ શરીફ).

(૨) ઇમામ અહમદ (રદી) થી રિવાયત છે કે **લૈલતુલકદર** (જે ઘણુ કરીને રમઝાનમાં થાય છે.) તેના કરતાં પણ જુમ્માની રાતનો મરતબો વધારે છે. તેનાં કેટલાંક કારણો છે. એજ રાત્રે તમામ દુન્યાના સરદાર (સલ) પોતાની મા સાહેબાના ગર્ભમાં આવ્યા અને આપ (સલ)નું આવવું દુન્યા અને આખેરતની ઘણી ભલાઇઓનું કારણ થયું કે જેને કોઇ ગણી શકતું નથી. (લમઆત શર્હે મિશ્કાત).

[3] નબી (સલ) એ ફરમાવ્યું કે જુમ્માના (આખા) દહાડામાં એક ઘડી એવી છે કે તે દરમ્યાન કોઈ મુસલમાન જો તે ઘડીએ દોઆ માંગે તો જરૂર કબુલ થશે. (મુસલિમ અને બુખારી). હદીસમાં બયાન થયેલી આ ઘડી કઈ છે તેને વાસ્તે આલેમોમાં મતફેર છે. હઝરત

શેખ અબ્દુલ હક મોહદ્દિસ દેહલવી (રહ) એ (પોતાની કિતાબ) **શર્હે સિફ્રૂસ સઆદત**-માં એ બાબત ચાળીશ કોલ લખ્યા છે પણ તેમાં બે કોલોને વધારે સહીહ ગણ્યા છે. (૧) એ કે તે ઘડી ખુત્બો શરૂ થયા પછી નમાઝ પૂરી થાય ત્યાંસુધી છે. (૨) એ કે તે ઘડી સૂર્યમાં રતાશ આવી જાય તે વખતે છે અને આ બીજા કોલને ઘણા આલેમોએ પસંદ રાખેલો છે અને ઘણી સહીહ હદીસો એને ટેકો આપે છે મજકૂર શેખ દેહલવી (રહ) ફરમાવે છે કે હઝરત ફાતેમા (રદી) જુમ્માને દહાડે કોઈ નોકર (ચાકરડી) ને હુકમ કરતાં કે જ્યારે દહાડો આથમવા આવે તો તેવણને ખબર કરી દીએ કે જેથી તેવણ દોઆ ઝિકરમાં લાગી જાય એ હદીસ સહીહ છે (અશઅતુલ્લમઆત).

(૪) નબી (સલ) એ ફરમાવ્યું કે તમારા સઘળા દહાડાઓમાં જુમ્માનો દહાડો બેહતર છે. એજ દહાડે (કયામતનો) સૂર (શીંગડું દુન્યા ફના થવાને વાસ્તે) ફુંકવામાં આવશે. તે દહાડે મારા (જનાબ નબી [સલ] પર દરૂદો સખ્યાબધ પઢા કરશો કેમકે તે (દરૂદોનો) સવાબ તેજ દહાડે મારી આગળ લાવવામાં આવે છે. સહાબા (રદી) ઓએ પૂછ્યુ કે "યા રસૂલલ્લાહ! (સલ) આપની વફાત પછી આપનાં હાડકાં (પણ) કબરમાં રેહેશે નહી ત્યારે આપની આગળ (દરૂદોનો સવાબ) રજુ કેવી રીતે કરવામાં આવશે?" હઝરતે [સલ] ફરમાવ્યું કે "ખોદાપાકે નબીયો (અને રસૂલો અલ) ના બદનો (મુબારક) ને જમીનપર હંમેશ માટે હરામ કીધા છે" [કે તે મટોડી બની જતા નથી પણ જીવતા માણુસની પેઠે તાજાં રહે છે, મટોડી તેને ખાઈ શકતી નથી]. [અબૂદાવદ].

(૫) નબી (સલ) એ ફરમાવ્યું કે **"શાહેદિન"** (શબ્દ) થી મતલબ જુમ્માનો દહાડો છે. જુમ્માના દિવસથી વધારે મોટો બીજો કોઈ દહાડો નથી. એમાં એક ઘડી એવી છે કે કોઈ મુસલમાન એવો નથી કે તેમાં દોઆ કરે અને ખોદાપાક તેને કબૂલ નહી ફરમાવે (એટલે દોઆ કબૂલ કરેજ છે) અને કોઈ એવી ચીજથી પનાહ નહી માંગે કે તેનાથી તેને બચાવે નહી (એટલે બચાવે છે). [તિર્મિઝી] 'શાહેદિન" નો શબ્દ (કુર્આનમાં) સૂરએ બુરૂજમાં આવેલો છે ખોદાપાકે આ દહાડાના સોગન ખાધેલા છે [આયતના અર્થ] "આકાશના સોગન કે જે બુર્જો ગૃહોવાળો છે અને વાયદા કીધેલા (કેયામતના) દિવસના સોગન છે અને શાહેદ (જુમ્માના દિવસ) ના સોગન છે અને મશહૂદ (અર્ફાના દિવસના) સોગન છે.

(૬) જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે સઘળા દિવસોનો સરદાર અને ખોદાપાકની જનાબમાં સૌ કરતાં મોટો જુમ્માનો દિવસ છે અને ખોદાપાકની જનાબમાં રમઝાનની ઇદ અને બકરઇદ કરતાં એનો રૂત્બો વધારે છે. (ઇબ્ને માજા). (૭) જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જે મુસલમાન જુમ્માને દહાડે કે જુમ્માની રાતે ગુજરે છે ખોદાપાક તેને કબરના અઝાબથી બચાવે છે (તિર્મિઝી શરીફ).

[૮] હઝરત ઇબ્ને અબ્બાસે [રદી] એક વખતે "આજે તમારૂ દીન મેં તમારે માટે સંપુર્ણ કરી દીધુ" એ આયત પઢી. તેવણની પાસે એક યાહૂદી બેઠેલો હતો. તેણે કહ્યુ કે આવી આયત જો અમારાપર ઉતરતે તો અમે તે દિવસને ઇદ (નો દહાડો) મુકર્રર કરતે. હઝરત [અબદુલ્લાહ] ઇબ્ને અબ્બાસે (રદી.) ફરમાવ્યું કે "આ આયત ઉતરી તે દહાડે બેઇદો હતી જુમ્માનો દહાડો હતો અને (તેજ દહાડે) અર્ફો હતો" એટલે અમને (તે દહાડાને ઇદ) મુકર્રર કરવાની જરૂર નથી તે દહાડો તો પોતેજ (ખોદા પાકના તરફથી નીમાયલી) બે ઇદો હતી

(૯) જનાબ નબી (સલ) ફરમાવ્યું કે જુમ્માની રાત સફેદ રાત છે (રાત અંધારી થાય છે પણ એ રાત નૂરાની છે તેથી સફેદ કેહવાઇ. અને જુમ્માનો દહાડો ચકચકિત દિવસ છે [નૂરને લીધે] (મિશ્કાત). (૧૦) કેયામતને દહાડે જ્યારે

જંનતને લાયક લોકોને જંનતમાં અને દોઝખને પાત્ર (લાયક) લોકોને જહંનમમાં ખોદાપાક મેઃ-કલશે, અને આવાજ દહાડા ત્યાં પણ ગણાશે, અગરજે ત્યાં રાત અને દહાડો હશે નહિ, પણ ખોદાપાક તેઓ [જંનતીઓ અને જહંનમીઓ) ને રાત અને દિવસનો અંતર અને (તેના) ઘડી પળ શીખવશે. ત્યારે જે દિવસે જુમ્માનો દહાડો થશે અને જુમ્માની નમાઝ દુન્યામાં પઢવા જાય છે તે વખત થશે ત્યારે એક પોકારનાર પોકારશે કે "એ જંનતવાળાઓ! **મઝીદ**ના જંગલમાં ચાલો તે એવો જંગલ છે કે તેની લંબાઈ ચોડાઈ ખોદાપાક શિવાય કોઈ જાણતું નથી. ત્યાં કસ્તૂરીના ઢગલે ઢગલાં પડેલાં હશે અને આકાશ જેટલાં ઉંચાં હશે. (ત્યાં) નબીઓ (અને રસૂલો (અલ) ને નૂરના મિંબરોપર બેસાડવામાં આવશે. અને મોમેનીનને યાકૂત (માણેક) ની કુરસીઓપર બેસાડવામાં આવશે. જ્યારે સઘળા પોતપોતાની જગ્યાપર બેસી જશે ત્યારે ખોદાપાક એક હવા એવી મોકલશે કે તે કસ્તૂરીનાં ઢગલાં તેમાં ઉડવા લાગશે. તે હવા તે કસ્તૂરીને તે (લોકો) ના લુગડાંઓમાં લઈ જશે અને મોં અને વાળમાં લગાડી દેશે.

તે હવા તે મુશ્ક લગાડવાની રીત તે ઓરત કરતાં વધારે જાણે છે કે જેણીને તમામ દુન્યાની સુગંધ ચીજો દેવામાં આવે. પછી ખોદાપાક અર્ષને ઉઠાવનારા ફરીશ્તાઓને હોકમ ફરમાવશે કે અર્ષે અઝીમને તે લોકોની દરમ્યાન લઈ જઇને મુંકો. પછી તે લોકોને ઉદ્દેશી (ખિતાબ કરી) ને (ખોદા પાક) ફરમાવશે કે "એ મારા બંદાઓ! જેઓ ગૈબ પર ઇમાન લાવ્યા છે અગર જો તમે મને દીઠો નહતો અને પેગંબર (અલ.) ને સાચવ્યા હતા અને મારા હુકમોની તાબેદારી કીધી હતી હવે મારાથી કંઇ માંગો આ દહાડો **"મઝીદ"** એટલે વધારે ઈનામ ઈકરામ કરવનો છે."

સઘળા લોકો એક સાદે બોલશે, "એ પરવરદિગાર! અમે તારાથી રાજી છીએ તું પણ અમારાથી રાજી થઇ જા" હક તઆલા ફરમાવશે "એ જંનતવાળાઓ! જો હું તમારાથી રાજી નહિ હોત તો તમને જંનતમાં રાખતે નહીં. બીજું કંઈ માંગી લીઓ આજે "મઝીદ" નો દહાડો છે." ત્યારે સઘળા લોકો એક અવાજે અરજ કરશે કે "એ પરવરદિગાર! તારો દીદાર અમને દેખાડ. અમે તારી પાક ઝાતને અમારી આંખોથી જોવાને આતુર છીએ." ત્યારે ખોદા પાક (નૂરના) પડદાઓ ને (તેઓની પોતાની વચ્ચેથી) ઉઠાવી દેશે અને તેઓપર જાહેર થઇ જશે, અને પોતાના દીદારથી તેઓને ઘેરી લેશે.

જો જંનતવાળાઓને વાસ્તે એવો હુકમ નહિ થઇ ગયો હોત કે એ લોકોને કદી પણ (કોઇ પણ રીતે) બાળવામાં નહિ આવે તો બેશક તે લોકો તે [ખોદા પાકના નૂરને જોઇ) ખમી શકે નહિ પણ બળી જાય. પછી તેઓને કેહશે કે "પોતપોતાની જગ્યાએ તમે ચાલ્યા જાઓ." અને આ [પોતાના પરવરદેગારના] દીદારની અસરથી તેઓની ખુબસૂરતી બમણી વધી જશે. એ લોકો પોતાની (જંનતી) ઓરતો [હૂરો વિગેરે] પાસે જ્યારે પોહોંચશે ત્યારે, નહિ એ લોકો તેઓને જોશે અને નહિ તે ઓરતો એ લોકોને (પોતાના ધણીઓ) ને જોશે. પછી જ્યારે તે નૂર (ખોદા પાકના હુકમથી) જતો રહેશે કે જેણે એ લોકોને ઘેરી રાખ્યા હતા, ત્યારે તેઓ એક બીજાને જોશે.

તેઓની ઓરતો કેહશે કે "[અહિંથી] જતી વખતે તમે જેટલા રૂપાળા હતા તેટલા હવે નથી પણ હજારો ગણા તેના કરતાં વધુ ખુબસૂરત થઈ ગયા છો." એ લોકો જવાબ દેશે કે "ખરેખર એમ થવાનું કારણ એ છે કે ખોદા પાકે પોતાની પાકઝાતને અમારા પર જાહેર કીધી હતી અને અમે તે દીદાર અમારી આંખો વડે જોયો." (શર્હે સિફ્રુસ સઆદત).

જુઓ જુમ્માને દહાડે કેટલી બધી નેઅમત (આપણને) મળી. [૧૧] દરરોજ બપોરે દોઝખમાં

આગ ભડકાવવામાં આવે છે. પણ જુમ્માની બરકત [પ્રતાપ] થી જુમ્માને દહાડે ભડકાવવામાં આવતી નથી. (અહયાઉલ ઉલૂમ). (૧૨) જનાબ નબી (સલ) એ એક જુમ્માને દહાડે બયાન ફરમાવ્યું " ઓ મુસલમાનો ! આ દહાડાને ખોદા પાકે ઇદ મુકર્રર કીધી છે. ત્યારે આ દહાડે તમારે ન્હાવું જોઇએ અને જેની પાસે સુગંધ હોય તે પોતાના [કપડા] માં લગાડે. અને એ દહાડે મિસવાક (દાતણ) જરૂર વાપરશો. (ઇબ્નેમાજા)

જુમ્માના અદબ.

(૧) દરેક મુસલમાનને જોઇએ કે જુમેરાતના દિવસથી જુમ્માને માટે તૈયારીઓ કરે. જુમેરાતને દહાડે અસરના વખતથીજ અસતગફાર વધારે પઢે. અને પોતાનાં પેહેરવાનાં લુગડાં ધોઇને સાફ કરી રાખે, અને બદનમાં લગાડવા અત્તર વિગેરે ઘરમાં નહિ હોય અને વેચાતું લઇ શકતો હોય તો તેજ (જુમેરાતને) દહાડે વેચતું લઈ ઘરમાં તૈયાર રાખે, કે જેથી જુમ્માને દહાડે મઝકૂર ચીજો લાવવા કરવાની તૈયારીમાં તેને વખત ખોવો નહીં પડે. પ્રાચિન બુઝુર્ગોએ ફરમાવેલું છે કે જુમ્માના દિવસનો ફાયદો સૌથી વધારે તેને પોંહચે છે કે જે તેને માટે રાહ જોયા કરે, અને જુમેરાતના દિવસથી એની તૈયારીઓ કરતો હોય. અને સૌથી કમનશીબ તે માણુસ છે કે જેને એ વાતની ખબર ન હોય કે જુમ્મા કયારે છે તે અહીં સુધી કે સવારે લોકોથી પૂછતો ફરે કે આજે કયો દહાડો છે. અને કેટલાક બુઝુર્ગો વધારે બંદોબસ્ત કરવાને અર્થે જુમ્માની રાતથીજ જુમ્મા મસીદમાં જઇને રેહતા હતા. (અહયાઉલ ઉલૂમ).

[૨] પછી જુમ્માને દહાડે ગોસલ કરીને માથાના વાળ અને બદનને (ન્હાતી વખતે ચોળીને) ખૂબ સાફ કરે. અને એ દહાડે મિસવાક કરવી પણ બહૂજ સવાબનું કામ છે. (૩) જુમ્માને દહાડે ગોસલ કરીને સારામાં સારા જે લૂગડાં તેની પાસે હોય તે પેહેરીને અને તો અત્તર વિગેરે લગાડે અને નખ વિગેરે પણ કતરાવી નંખાવે.

(૪) જુમ્મા મસીદમાં બહૂજ જલદીથી જાય. જે માણુસ જેટલો જલદીથી જશે તેટલો વધારે સવાબ તેને મળશે. જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જુમ્માને દહાડે જે મસીદમાં જુમાની નમાઝ થતી હોય તેને બારણે ફિરિશ્તાઓ (આવીને) ઉભા રહે છે. અને સૌ કરતાં પેહલાં જે આવે છે તેનું, તેની પછી જે આવે છે તેનું, એ પ્રમાણે એક પછી એક (અનુક્રમે) નામો લખી લે છે. જે માણુસ સૌ કરતાં પહેલાં આવે છે તેને એટલો સવાબ મળે છે કે જાણે ખોદા પાકને વાસ્તે તેણે એક ઉંટની કુરબાની દીધી, પછી આવનાર ને ગાયની કુર્બાની જેટલો પછી મર્ઘી દેવા જેટલો પછી ઇંડું દેવા જેટલો સવાબ થાય છે. પછી જ્યારે ખુત્બો શરૂ થાય છે. ત્યારે ફિરિશ્તાઓ તે દફતરને બંધ કરે છે અને ખુત્બો સાંભળવામાં લાગી જાય છે. (મુસલિમ અને બુખારી)

આગલા વખતોમાં (જુમ્માને દહાડે) સવારે રસ્તાઓ અને ગલીઓ (માણસોની આવ જાવથી) ભરેલી દેખાતી હતી. સઘળા લોકો સવાર (ની નમાઝ) પછી જુમ્મા મસીદમાં જતા અને ઘણી ભારે ભીડ થતી જેવી કે [આજ કાલ] ઇદને દહાડે જોવામાં આવે છે. જ્યારે લોકોમાંથી એ વાત જતી રહી ત્યારે (આલેમ) લોકોએ કહયું કે ઇસલામમાં એ સૌથી પેહલી બિદઅત પેદા થઈ છે.

એટલું લખી હઝરત ઇમામ ગઝાલી (રહ) ફરમાવે છે કે યાહૂદી અને નસરાની લોકો પોતાની ઇબાદતને દહાડે પોતાના દેવળોમાં, અને દુન્યા મેળવવા ઇચ્છિનારા બજારોમાં કેટલી જલદી સવારથી ઉઠીને જાય છે, તે જોઈ મુસલમાનોને શરમાવવું જોઇએ. તેઓને દીન અને સવાબને અર્થે મઝકૂર લોકોથી આગળજ રેહવું જોઇએ. (અહયાઉલ ઉલૂમ.)

ખરેખર મુસલમાનોએ આ જમાનામાં આ મુબારક દહાડાનું માન તદન ઘટાડી દીધું છે. તેઓને એ પણ ખબર પડતી નથી કે આજે

કયો દહાડો છે. અને તેનો શો રૂતબો છે. અફસોસ ! જે દહાડાને મુસલમાનો ઇદના દિવસ કરતાં વધારે મહાન ગણુતા હતા, જે દહાડાને માટે જનાબ નબી (સલ) માન ધરાવતા હતા, અને જે દહાડો આગલી ઉમ્મતને દેવામાં નહિ આવ્યો, આજે મુસલમાન તેની જરાએ કદર કરતા નથી એટલુંજ નહિ પણુ (તે તરફ બેદરકારી દેખાડી) તેનું અપમાન કરે છે. ખોદાપાકની દીધેલી નેઅમતને એવી રીતે બરબાદ કરવી ઘણી મોટી **નાશુકરી છે.** જેની સજા (મુસલમાનોને જે મળે છે તે) અમે આંખોથી જોઈ રહેલા છીએ. "અમે અલ્લાહને માટે છીએ અને અમે **તેની** તરફ પાછા ફરનારા છીએ."

(૫) જુમ્માની નમાઝને માટે પગે ચાલીને (જુમ્મા મસીદે જવાથી દરેક પગલે એક વરસ સુધી રોજા રાખવાનો સવાબ મળે છે (તિર્મિઝી શરીફ). **(૬)** જનાબ નબી (સલ) સવારની નમાઝમાં, જુમ્માને દહાડે **અલિફ લામ મીમ સિજદહ,** અને **અદ્દહુર** સૂરતો પઢતા હતા. તેથીકરીને જુમ્માને દહાડે એ સૂરતોને સવારની નમાઝમાં મુસ્તહબ સમજીને (મસીદમાં ઇમામોને જોઇએ કે) પઢે, અને એને કોઈ વખતે છોડી પણુ દીએ કે જેથી લોકોને તેના વાજીબ હોવાનું માનવાને બની આવે નહી.

(૭) જુમ્માની નમાઝમાં જનાબ નબી (સલ) (કોઈ વખતે) સૂરએ **જુમા** અને સૂરએ **મુનાફેકૂન,** (અને કોઈ વખતે) સૂરએ **અઅલા** અને સૂરએ **ગાશીયહ** પઢતા હતા [ઇમામને મચકૂર નમાઝને વખતે મચકૂર સૂરતો પઢવી જોઇએ]. **(૮)** જુમ્માને દહાડે નમાઝ આગળ અથવા પાછળ સૂરએ **કહફ** પઢવાનો ઘણો સવાબ છે. જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જુમ્માને દહાડે (કોઈ પણુ વખતે) જે માણુસ **સૂરએ કહફ** પઢશે તેને માટે અર્શની નીચેથી આસમાન જેટલો ઉંચો એક નૂર પેદા થશે, જે તેને કયામતને દહાડે અંધેરામાં ઉપયોગી થઈ પડશે, અને આ જુમ્માથી પાછલા જુમ્મા સુધી જેટલા ગુનાહો તેનાથી થયા હશે તે સઘળા માફ થઈ જશે. [શર્હે] સિફરૂસ સઆદત].

આલેમોએ લખેલું છે કે આ હદીસથી [અને એના જેવી બીજી હદીસોથી કે જેમાં ગુનાહો માફ થવાનું બયાન છે], મતલબ નાના ગુનાહો (સગીરા) છે, કેમકે મોટા ગુનાહો (કબીરા) તોબા કીધા વગર (અને લોકોના હકો, અદા કીધા વગર અથવા માફ કરાવ્યા વગર કોઈ પણુ ઇબાદતથી) માફ થતા નથી. ખોદાપાક વધારે જાણુનાર છે અને તે સો રહમકરનારાઓ કરતાં વધારે રહમ કરનાર છે. **(૯)** જુમ્માને દહાડે દરૂદે શરીફ પઢવાથી બીજા દિવસો કરતાં વધારે સવાબ મળે છે. એટલાજ માટે હદીસ શરીફમાં આવેલુ છે કે **જુમ્માને દહાડે દરૂદે શરીફ વધારે પઢો.**

જુમ્માની નમાઝની મોટાઈ અને તે વિશે તાકીદ.

જુમ્માની નમાઝ ફર્ઝે ઐન છે. કુર્આને શરીફ, મોતવાતેર હદીસો અને ઇજ્માએ ઉમ્મતથી સાબેત છે. અને ઇસ્લામની મોટી નિશાનીઓ માંથી (એક નિશાની) છે. તેની ફરઝીયતને નહિ માનનાર કાફેર અને વગર ઉજ્રે તેને છોડનાર ફાસિક છે. ખોદાપાકે (કુર્આને શરીફમાં) ફરમાવ્યું કે "એ ઇમાનવાળા લોકો ! જુમ્માને દહાડે (જુમ્માની) નમાઝ વાસ્તે જ્યારે અઝાં [બાંગ] પોકારવામાં આવે, ત્યારે તમે ખોદાપાકના ઝિકર તરફ દોડો અને ખરીદી વેચાણને છોડી દો, એ તમારે માટે બેહતર છે, જો તમે જાણો (તો)." આ આયતમાં "ઝિકર" ની મતલબ જુમ્માની નમાઝ અને તેનો ખુત્બો છે. "દોડો" એ શબ્દની મતલબ (જેટલી તૈયારીઓ સાથે એ નમાઝ વાસ્તે જવાનો હુકમ છે તેટલી) તૈયારીઓ સાથે (નમાઝ વાસ્તે) જવાની છે.

(૨) જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે "અને તેટલી સારી રીતે ગોસલ કરી પાક સાફ થઈ જે માણુસ જુમ્માને દહાડે પોતાના

માથામાં તેલ લગાડી કપડાંઓને અત્તરથી સુગંધી કરી નમાઝ પડવા જાય, અને જ્યારે મસીદમાં આવે અને કોઈ માણુસને તેની જગ્યાપરથી ઉઠાડીને પોતે નહિ બેસે, પછી તેના નસીબમાં જેટલી નફિલ નમાઝો હોય તેટલી પડે, પછી જ્યારે ઇમામ ખુત્બો પડે ત્યારે ચુપ થઇ જાય, તો ગુજરેલા જુમ્માથી આ જુમ્મા સુધીના તેના તમામ ગુનાહો માફ થઈ જશે (બુખારી શરીફ).

(૩) જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જે કોઈ જુમ્માને દહાડે સારી પેઠે ગોસલ કરે અને મસીદમાં જલદીથી પગે ચાલીને જાય સવારી પર બેસીને નહિ જાય, પછી ખુત્બો સાંભળે એ દરમ્યાન કોઈ નકામું કામ કરે નહિ, તો તેને દરેક પગલે એક વરસ સુધી પૂરેપૂરી રીતે કીધેલી ઇબાદતનો સવાબ મળે છે, (એટલે) એક વરસ રોઝા રાખવાનો અને એક વરસ સુધી નમાઝ પઢવાનો (તિર્મિઝી).

(૪) હઝરત (અબ્દુલ્લાહ) ઇબ્ને ઉમર અને હઝરત અબુહોરેરા [રદી]. ફરમાવે છે કે " અમે જનાબ નબી (સલ) ને કહેતાં સાંભળ્યુ કે લોકો જુમ્માની નમાઝ છોડવાથી પોતાને બહૂજ બચાવે, જો તેઓ એને છોડશે તો ખોદા પાક તેઓના દિલોપર મોહર કરી દેશે, પછી તેઓ ભારે ગફલત (બેદરકારી)માં પડી જશે. (મુસલિમ શરીફ).

(૫) જનાબ નબી (સલ) એ ફરમાવ્યું કે જે માણુસ ત્રણુ જુમ્મા (ની નમાઝ) ઉજર વગર છોડશે તો ખોદાપાક તેના દીલપર મોહર કરી દેશે. (તિર્મિઝી શરીફ) અને બીજી રિવાયતમાં છે કે ખોદાપાક તેનાથી નાખુશ થઇ જાય છે.

(૬) તારિક બિન શેહાબ (રદી). ફરમાવે છે કે નબી (સલ) એ ફરમાવ્યું કે "જુમ્માની નમાઝ જમાત સાથે દરેક મુસલમાન [આકિલ બાલેગ] પર, (ખોદાપાકનો) વાજેબ હક છે. પણુ ચાર (માણુસોપર નથી)—ગુલામ જે શરીઅતના કાયદા મૂજબ (ગુલામ) હોય, ઔરત, નાબાલેગ (છોકરી કે) છોકરો, અને અને માંદો માણુસ [અબુદાઉદ શરીફ].

(૭) હઝરત ઇબ્ને ઉમર (રદી) રિવાયત કરે છે કે જનાબ નબી (સલ) એ જુમ્માની (નમાઝ) છોડનાર વાસ્તે ફરમાવ્યું " મેં એવો નક્કી ઠરાવ કીધો કે મારી જગ્યાએ બીજાને ઇમામ બનાવી હું પોતે (જઇને) તે લોકોના ઘરોને બાળી નાંખું કે જેઓ જુમ્મા [ની નમાઝ પઢવા મસીદ] માં હાજર થતા નથી. (મુસલિમ શરીફ). એવાજ (ધમકીના) બયાનની હદીસ જમાઅત છોડનારાઓને માટે પણુ આવેલી છે, જેને અમે ઉપર લખી ચુકયા.

(૮) હઝરત ઇબ્ને અબ્બાસ (રદી.) ફરમાવે છે કે જનાબ નબી (સલ) એ ફરમાવ્યું " વગર ઉજરે જે માણુસ જુમ્માની નમાઝ છોડે છે તેને મુનાફિક લખી દેવામાં આવે છે, તે એવી કિતાબમાં કે જેમાં ફેરફાર કોઈ કરી શકતુંજ નથી (મિશ્કાત શરીફ). એટલે તે માણુસ હમેશ (ખોદાપાકની જનાબમાં) મુનાફિક ગણુાશે અલબત જો તે પોતે તૌબા કરે અથવા મોટો રહમનો કરનાર ફકત પોતાની રેહમતથી માફ કરી દીએ તો એ જુદી વાત છે.

(૯) હઝરત જાબિર (રદી) જનાબ નબી (સલ) થી રિવાયત કરે છે કે આપે (સલ) ફરમાવ્યુ " જે માણુસ ખોદાપાક અને કેયામતના દિવસપર ઇમાન રાખતો હોય તેને જુમ્માની નમાઝ પઢવી જરૂરી છે. પણુ માંદો માણુસ, મુસાફર, ઔરત, છોકરો (કે છોકરી) અને [શરીઅત મૂજબનો] ગુલામ પછી કોઈ માણુસ (મજકૂર નમાઝને છોડી) નકામા (કોઈ) કામમાં અથવા વેપારમાં લાગી જશે, તો ખોદાપાક પણુ તેના તરફથી પોતાની રેહમત ખેંચી લે છે. અને તે (ખોદાપાક) બેપરવા અને તારીફ કરાયલો છે. (મિશ્કાત) એટલે તેને કોઈ ઇબાદતની પરવા નથી, અને નહિ એમાં તેને કોઈ

તરેહનો નફો છે. **તેની** પાક ઝાત તમામ તરેહની (સારી) સિફ્તો સાથે વખણાયલી છે, પછી ગમે તો કોઈ તેની તારીફ કરે અથવા નહિ કરે.

(૧૦) હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.) ફરમાવે છે કે "જે માણસે લગોલગ કેટલાક જુમ્મા (ની નમાઝ) છોડી દીધી ત્યારે તેણે ઈસ્લામને પીઠ પછાડી નાંખી દીધો. (અશઅતુલ્લમઆત).

(૧૧) હઝરત ઈબ્ને અબ્બાસ [રદી.]થી કોઇએ પૂછ્યું કે એક માણસ મરી ગયો કે જે જુમ્માની નમાઝ અને જમાઅતથી નમાઝ પઢતો નહી હતો, તેને માટે આપ શું ફરમાવો છો? આપે જવાબ દીધો કે તે જહંનમમાં છે. પછી તે માણસ એક મહિના સુધી આ સવાલ તેવણથી કરતો રહયો અને તેવણ એજ જવાબ દેતા રહયા. (અહયાઉલ ઉલૂમ).

મઝકૂર હદીસોને સામાન્ય નજરે જોવાથી પણ સારી પેઠે જણાય છે કે જુમ્માની નમાઝને માટે શરીઅતમાં સખત તાકીદ બયાન કરવામાં આવી છે, અને તેને છોડનારને વાસ્તે ઘણા સખત અઝાબો બયાન થયલા છે. શું હજી પણ ઇસલામનો દાવો કરી એવો ફરઝ છોડવાની કોઈ હિંમત કરી શકશે?

જુમ્માની નમાઝ વાજેબ (ફરઝ) થવાની શર્તો.

(૧) મોકીમ હોય મુસાફરપર જુમ્મા ફરઝ નથી. (૨) તંદુરસ્ત હોય માંદા માણસ પર જુમ્મા વાજિબ નથી. માંદા હોવાથી મતલબ જુમ્મા મસીદ સુધી જે માણસ પગે ચાલીને જઇ નહિ શકે એવો હોવો જોઇએ. ઘડપણને લીધે જો કોઈ કમજોર થઇ ગયો હોય કે જુમ્મા મસીદ સુધી જઈ નહિ શકે અથવા આંધળો હોયતો એ લોકો પણ માંદામાં ગણાશે અને જુમ્માનીનમાઝ તે લોકોપર વાજિબ થશે નહિ. (૩) આઝાદ હોય, ગુલામપર જુમ્માની નમાઝ વાજેબ નથી. (૪) મરદ હોય, ઓરતપર જુમ્માની નમાઝ વાજિબ નથી. (૫) જમાઅત છોડવાના જે ઉજર ઉપર બયાન કરવામાં આવ્યા તે ઉજર નહોય જો તેવો કોઇ ઉજર હશે તો જુમ્માની નમાઝ વાજિબ થશે નહીં. દાખલા તરીખેઃ—વર્સાદ ઘણા જોરથી પડતો હોય. (૨) કોઈ માંદા માણસની સારવાર કરતો હોય. (૩) મસીદે જવામાં કોઇ દુશમનની બીક હોય. (વિગેરે).

(૬) નમાઝ (પોતે) વાજીબ થવાની જે શરતો અમે ઉપર લખી આવ્યા તે સઘળી એમાં લાગુ પડશે. એટલે આકિલ બાલેગ અને મુસલમાન હોવું. મઝકૂર શરતો જે બયાન કરવામાં આવી તે જુમ્માની નમાઝ વાજિબ હોવાની હતી. જો કોઈ માણસ આ શરતોથી બાહેર હોવા છતાં જુમ્માની નમાઝ પઢશે તો તેની નમાઝ થઈ જશે. એટલે ઝોહરનો ફરઝ તેના માથાથી ઉતરી જશે. દાખલા તરીખે કોઇ મુસાફર અથવા કોઇ ઓરત જુમ્માની નમાઝ પઢે (તો ઝોહરની નમાઝ તેને પઢવાની જરૂર નથી).

જુમ્માની નમાઝ જાયઝ હોવાની શરતો.

(૧) શેહેર અથવા કસબો હોય, **ગામમાં કે જંગલમાં જુમ્માની નમાઝ દુરસ્ત નથી.** પણ જે ગામ કસ્બા જેટલું મોટું હોય એટલે જેમાં ત્રણ કે ચાર હજાર માણસો વસતા હોય ત્યાં જુમ્માની નમાઝ દુરસ્ત છે. (૨) ઝોહરનો વખત હોય. ઝોહરના વખત પેહલાં અને તે વખત ગુજરી ગયા પછી જુમ્માની નમાઝ દુરસ્ત નથી. તે અહીં સુધી કે જો જુમ્માની નમાઝ પઢવામાં ઝોહરનો વખત ગુજરી જાયતો નમાઝ તૂટી જશે, અગરજો છેલ્લો કાયદો અત્તહિયાત સુધી પઢવામાં આવ્યો હોય અને તેથીજ જુમ્માની નમાઝની કઝા પઢાતી નથી (પણ ઝોહર પઢવામાં આવે છે).

(૩) ખુત્બો. એટલે લોકો આગળ ખોદાપાકનો ઝિકર કરવો પછી તે **સુબ્હાનલ્લાહ** અથવા **અલહુમ્દો લિલ્લાહુ** જેટલોજ પઢવામા આવે. અગરજે ફકત એટલુંજ કેહવું અને એનાપર બસ કરવું મકરૂહ છે કેમકે સુંનતથી એ વિરૂધ્ધ છે. (દુર્રે મુખ્તાર). **(૪)** ખુત્બો નમાઝ આગળ પઢવામાં આવશે તો નમાઝ દુરસ્ત થશે નહીં.

(૫) ઝોહરનો વખત થયા પછી ખુત્બો પઢવામાં આવશે તો નમાઝ થશે નહી **(૬)** જમાઅત. એટલે ઈમામ ઉપ્રાંત ઓછામાં ઓછા ત્રણ માણસો, ખુત્બો શરૂ થાય ત્યારથી નમાઝ [ફરઝ] પૂરી થાય ત્યાં સુધી હોવા જોઇએ. અગરજે ખુત્બા વખતે જે ત્રણ માણસો હતા તે જુદા હતા અને નમાઝ વખતે હતા તે જુદા હતા પણ (તેમાં પણ વળી) એ શરત છે કે એ ત્રણ માણસો એવા હોવા જોઇએ કે જેઓ (માંનો દરેક) ઈમામ બની શકતો હોય. ત્યારે જો ફકત ઓરતો કે નાબાલેગ છોકરા હશે તો નમાઝ દુરસ્ત થશે નહીં. (બહર, બઝાઝીયા, શામી). જો સિજ્દો કરવા આગળ લોકો ચાલ્યા જાય અને ત્રણ માણસો કરતાં ઓછા રહી જાય અથવા (ઈમામ સિવાય કોઈ બાકી રહેજ નહીં તો નમાઝ ટુટી જશે. પણ જો (પેહલી રકાતનો) સિજ્દો કીધા પછી ચાલ્યા જશે તો કંઈ હરકત નથી. (દુર્રે મુખ્તાર).

(૭) જુમ્માની નમાઝ ખુલ્લી રીતે પઢવી. કોઇ જગ્યાએ સંતાઇને, જુમ્માની નમાઝ પઢવી દુરસ્ત નથી. જો એવી જગ્યાએ જુમ્માની નમાઝ પઢાય જ્યાં આમ લોકોને આવવાની રજા નહીં હોય, અથવા મસીદનાં બારણાં બંધ કરવામાં આવે (અને પછી જુમ્માની નમાઝ પઢાય) તો નમાઝ દુરસ્ત થશે નહીં. જુમ્માની નમાઝ દુરસ્ત થવા વાસ્તે જે શર્તો બયાન કરવામાં આવી એમાંની એક શરત વિરૂધ્ધ જો નમાઝ પઢવામાં આવશે તો નમાઝ દુરસ્ત થશે નહીં. ફરીથી ઝોહરની નમાઝ પઢવી પડશે. અને (શરત છોડવાથી) આ પહેલી નમાઝ નફિલ થશે. અને નફિલ નમાઝ આવી તૈયારીઓ સાથે પઢવી મકરૂહ છે. તેથી કરીને એવી હાલતમાં જુમ્માની નમાઝ પઢવી મકરૂહ તહરીમી છે. (શામી)

જુમ્માના ખુત્બા વિશે મસઅલા.

(૧) મસઅલો. જ્યારે સઘળા લોકો જમાઅતને માટે એકઠા * થઈ જાય તો ઈમામને જોઇએ કે મિમ્બર પર બેસી જાય અને બાંગી તેની આગળ ઉભો રહીને અઝાં પોકારે × અઝાં થઈ રહયા પછી તરતજ ઈમામ ઉભા થઇને ખુત્બો શરૂ કરી દીએ. (દુર્રે-મુખ્તાર).

(૨) મસઅલો. ખુત્બામાં (નીચે લખ્યા મૂજબ) બાર ચીજો મસનૂન (સુનત) છે —**૧** ખુત્બો પઢતી વખતે ખુત્બો પઢનાર ઉભા થાય **૨** એ ખુત્બા પઢે. **૩** બંને ખુત્બા વચ્ચે એટલી વાર સુધી બેસે કે (કેહનારો) ત્રણ વખત સુબહાનલ્લાહ કહી શકે. **૪** (નાની અને મોટી) બંને નાપાકીઓથી પાક હોવુ. **૫** ખુત્બો પઢવામાં મોં લોકો તરફ રાખે. **૬** ખુત્બો શરૂ કરવા પેહલાં દિલમાં 'અઉઝો બિલ્લાહે મિનશ શયતાનિર્રજીમ " નું કહેવુ. **૭** ખુત્બો એવી રીતે મોટે

---

* લોકો એકઠા થયલા જોઇને પેહલી અઝા પછી " અસ્સલાતો સુનતો કબલિલ જુમા " વિગેરે પોકારવુ મકરૂહે તહરીમી [હરામ] છે એ બાબત મક્કા શરીફના મુફતીઓનો એક ફતવો જોવા લાયક જનાબ સૈયદ તજમ્મુલ હુસૈન સાહેબ મરાહની પાસેથી ભરૂચથી મળી શકશે.

× બીજી અઝા પોકારવા આગળ કેટલેક ઠેકાણે " અનસેતુ રહેમાકુમુલ્લાહ " વિગેરે પોકારવાનો રિવાજ છે એ પણ મકરૂહ તહરીમી છે કેમકે ખુતબા વખતે તો દરેક માણસે ચુપ રેહવુ વાજેબ છે ત્યારે " ચુપ રહો " એમ પોકારવાથી ફાયદો શો ? અને ફાયદા વગરના કામને દીનમા અબસ કહે છે, અને અબસ કામ હરામ છે. અને જો દીનનુ કામ ગણાશે તો પણ બિદઅત થશે જે કે હરામ છે.

સાદે પઢેકે લોકો સાંભળી શકે ૮ ખુત્બામાં (નીચે લખેલા) બાર તરેહના બયાનો હોવાં જોઈએ.

૧ ખુદાપાકનો શુકર. **૨ તેની** તારીફ. ૩ ખુદા પાકની વહદાનીયત અને રસૂલુલ્લાહ (સલ)-ની રિસાલતની ગવાહી. ૪ નબી (સલ) પર દરૂદ ૫ વાઝ અને નસીહત. ૬ કુર્આને શરીફની આયતો અથવા કોઈ સૂરતનું પઢવું. ૭ બીજા ખુત્બામાં પણ મજકૂર ચીજોનુ હોવું. ૮ પણ બીજા ખુત્બામાં વાઝ બયાન કરવાને ઠેકાણે મુસલમાનોને માટે દોઆ કરવી. ૯ ખુત્બો નમાઝ કરતાં ટુંકો હોય, વધારે લાંબો ન હોય. ૧૦ ખુત્બો મિંબરપર પઢાય જો મિંબર ન હોય તો કોઈ લાકડી વિગેરે પર હાથ રાખીને ઉભો થાય પણ હાથ પર હાથ મુકીને ઉભા થવું જેવી રીતે કે અમારા આ જમાનામાં કેટલાક લોકોની ટેવ છે. એનું બયાન કેથે આવેલું નથી.

૧૧ બંને ખુત્બા અરબી ભાષા (ઝબાન)-માં પઢવા જોઇએ. બીજી કોઈ પણ ભાષા (ઉર્દુ-વિગેરે)માં ખુત્બો પઢવો અથવા તે (અરબી-ખુત્બા)-ની સાથે બીજી કોઈ ભાષાના શેઅરો (કવિતા) વિગેરે મેળવવા જેવો કે અમારા વખતમાં કેટલાક લોકોની ટેવ છે. સુંનત મોઅક્કદાની વિરૂદ્ધ હોવાથી મકરૂહ તહરીમી છે. ૧૨ ખુત્બો સાંભળનારા કિબ્લા તરફ મોં કરીને બેસે. બીજા ખુત્બામાં જનાબ નબી (સલ)ની આલ, અસહાબ અને પાક બીબીઓ ખાસ કરીને ચાર ખલીફાઓ, હઝરત હમઝા અને અબ્બાસ (રદી)ને માટે દોઆ કરવી મુસ્તહબ છે. ઇસ્લામના બાદશાહ વાસ્તે દોઆ માંગવી પણ જાયઝ છે. પણ તેની એવી (મોટી મોટી) તારીફ કરવી (જેવી કે શાહિનશાહ, માલિકે રિકાબુલ ઉમમ) કે જે ખોટી હોય મકરૂહ તહરીમી છે. (બહર, દુરૂલ મુખ્તાર).

(૩) મસઅલો. જ્યારે ઇમામ ખુત્બાને માટે ઉભો થાય તે વખતથી કોઈ પણ નમાઝ પઢવી અથવા એક બીજા સાથે વાતચીત કરવી મકરૂહે તહરીમી છે. પણ તરતીબવાળા માણસને માટે કઝા નમાઝ એ વખતે પઢવી પણ જાયઝ તો શું પણ વાજિબ છે. પછી જ્યા સુધી ઇમામ ખુત્બો પૂરો નહિ કરી લીએ, ત્યાંસુધી મજકૂર ચીજો જાયઝ નથી.

(૪) મસઅલો. જ્યારે ખુત્બો શરૂ થઈ જાય તો જેટલા લોકો [મસીદમાં] હાજર હોય પછી ઇમામની પાસે હોય અથવા દૂર હોય તેઓને તે સાંભળવું વાજિબ છે. અને એવું કોઈ કામ કરવુ જેનાથી ખુત્બો સાભળવામાં ખલલ થાય મકરૂહ તહરીમી છે. અને ખાવું પીવું વાતચીત કરવી, ચાલવું, ફરવું, સલામ કરવી અથવા તેનો જવાબ વાળવો તસબીહ (વઝીફો દરૂદ કંઈ પણ પઢવુ) મસઅલો બતલાવવો જેવી રીતે નમાઝની હાલતમાં જાયઝ નથી, તેવીજ રીતે આ (ખુત્બાની) વખતે પણ દુરસ્ત નથી. પણ ખુત્બો પઢનારને જાયઝ છે કે ખુત્બો પઢવામાં કોઇને શરીઅતનો કોઈ મસઅલો બતલાવે (ખઝાનતુલ મુફતીઈન).

(૫) મસઅલો. જો નફિલ કે સુંનતો પઢવામાં ખુત્બો શરૂ થઇ જાય તો સુંનત મોઅક્કદાને તો પૂરી કરી લીએ અને નફિલ બે રકાતજ પઢી સલામ ફેરવી દીએ (ચાર રકાતની નૈયત હોય તો ચારે પૂરી પઢે નહીં).

(૬) મસઅલો. બંને ખુત્બાની વચ્ચે જ્યારે ઇમામ બેસે છે તે વખતે ઇમામને અથવા તો મુકતદીઓને હાથ ઉઠાવીને (અને મુકતદીઓને તો હાથ ઉઠાવ્યા વગર પણ) દોઆ માંગવી મકરૂહ તહરીમી છે, પણ હાથ ઉઠાવ્યા વગર દિલમાં દોઆ માગવામાં આવશે તો જાયઝ છે. પણ (દિલથી માંગવી પણ) નબી (સલ) અને તેવણના સહાબીઓથી રિવાયત કરવામાં આવી નથી.

રમઝાન (મહિના)ના છેલ્લા જુમ્આના ખુત્બામાં (રમઝાનને) વદાય કરવાને જુદાઈ (વિયોગ)

ના બયાનો પઢવાં બિદઅત છે કેમકે નબી (સલ્લ) અને તેઓના સહાબાઓ [રદી]થી એવી રીતે કરવાની રિવાયત આવેલી નથી તેમજ ફિકેહની કિતાબોમાં એનું બયાન આવેલું નથી, અને હંમેશ (દરસાલ) એમ પઢવાથી એ એક જરૂરી ચીજ છે એવી રીતે આમ મુસલમાનો તેને માની લેછે

સુચના. આ ખુત્બાને [હિંદુસ્તાનવાળા] એટલો બધો અગત્યનો જાણીને પઢે છે કે આ વખતમાં તેને કોઈ (ઇમામ) પઢે નહિ (અથવા પઢવાની મનાઈ કરે) તો લોકો તેને બુરૂ બોલે છે અને એ ખુતબો સાંભળવાને પણ ઘણી કોશીશ કરવામાં આવે છે [એટલે જે લોકો જુમ્માની નમાઝ પઢતા નથી તેઓ પણ એ દહાડે એ ખુતબો સાંભળવાને આવે છે] (રૂહુલ અખબાર)

[૭] મસઅલો. કિતાબ વગેરે (કોઈ પણ ચીજ) માં (લખેલો) જોઇને ખુત્બો પઢવો જાયઝ છે. **(૮) મસઅલો.** જનાબ નબી (સલ્લ) નું નામ મુબારક જો ખુત્બામાં આવે તો (તેને સાંભળી) મુકતદીયોને જાયઝ છે કે પોતાના દિલમાં દરૂદ શરીફ પઢે (પણ જીભથી પઢે નહિ તે વખતે જીભથી પઢવું મકરૂહ તહરીમી છે. જુઓ આલમગીરી).

જુમ્માને દહાડે જનાબ નબી (સલ) ના ખુત્બાઓ.

જનાબ નબી (સલ્લ) નો ખુત્બો લખવાથી (અમારી) મતલબ એ નથી કે લોકો એજ ખુત્બાઓને હંમેશ પઢે (બીજા ખુત્બાઓ પઢેજ નહીં) પણ કોઈ કોઈ વખતે તબર્રૂકની રૂએ અને આપ (સલ્લ) ની તાબેદારી તરીખે એને પણ પઢી લીએ.

આપ (સલ્લ) ની આદત એવી રીતે હતી કે જ્યારે (જુમ્મા'ની નમાઝ વાસ્તે) લોકો એકઠા થઈ જતા તે વખતે આપ તશરીફ લાવતા અને લોકોને સલામ કરતા અને હઝરત બિલાલ [રદી] બાંગ પોકરતા. જ્યારે અઝાં પૂરી થતી આપ (સલ્લ. ખુત્બને માટે) ઉભા થઈ જતા અને તરતજ ખુત્બો શરૂ કરી દેતા જ્યાં સુધી મિંબર તૈયાર થયલો નહિ ત્યાં સુધી કોઈ લાકડી કે કામઠા પર ટેકો દઈ ઉભા રહેતા અને કોઈ કોઈ વખતે લાકડાનું થાંભલું જે મેહરાબની પાસે હતું અને જ્યાં આપ (સલ્લ) ખુત્બો પઢતા પીઠથી ટેકો લગાડતા મિંબર બન્યા પછી લાકડી કે કોઈ બીજી ચીજ ઉર આપ (સલ્લ)નુ ટેકો દઇ ઉભા રહેવું બયાન કરવામાં આવ્યુ નથી. * આપ (સલ્લ) બે ખુત્બાઓ પઢતા અને તે બનેની વચ્ચે (થોડી વાર) બેસતા અને તે વખતે કંઈ બોલતા નહતા (તેમજ કોઈ ઝીકર કરતા નહતા તેમજ કોઈ) દોઆ માંગતા નહતા જ્યારે બીજો ખુત્બો આપ પઢી ચુકતા હઝરત બિલાલ (રદી) એકામત કહેતા અને આપ (સલ્લ) નમાઝ શરૂ કરતા.

ખુત્બો પઢતી વખતે આપ (સલ્લ) નો સાદ મોટો થઈ જતો અને મુબારક આંખો રાતી ચોળ થઈ જતી. મુસલિમ શરીફમાં છે કે ખુત્બો પઢતી વખતે હઝરત [સલ્લ]ની એવી હાલત થઈ જતી કે જાણે કોઈ માણુસ પોતાના દુશમનના લશકરથી જે, થોડીક વારમાં આવી પોહોંચનારૂં હોય પોતાના (લશકરના) લોકોને ચેતવણી આપ તો હોય. ખુત્બામાં ઘણી ખરી વખતે ફરમાવતા હતા કે "હું અને કેયામત [એક પછી બીજુ] આ (બે આંગળીઓ) ની પેઠે મોકલવામાં આવ્યાં છે." અને વચલી આંગળી અને કલમાની આંગળીને મેળવી દેતા.

---

* હદીસમા છે કે દજ્જાલ અને તેના ફિત્નાઓ બયાન કરતી વખતે આપ (સલ્લ) ના હાથ મુબારકમાં જે લાકડી હતી તેનાથી મિંબરપર ત્રણ વખત આપે ઠોકીને ઈશારો કીધો એથી સાબેત થાય છે કે મિંબરપર પણ હાથ મુબારકમાં ઠેકાને વાસ્તે લાકડી રાખતા હતા. [મુસલિમ શરીફ જીલ્દ બીજી બાબ ખુરૂજે દજ્જાલ]. અને (બુલગુલ મરામ).

અને તે પછી ફરમાવતા હતાઃ—(૧) " અમ્મા બાદો ફઇન્ના ખૈરલ હદીસે કિતાબુલ્લાહે વ ખૈરલહદયે, હદયો મોહંમદીંવ વ શરરલ ઉમૂરે મોહદસાતોહા વ કુલ્લો બિદઅતીન દલાલહ. અના ઔલા બેકુલ્લે મોમેનિમ મિન નફસેહી, મન ત-ર-કા માલન ફલેઅહલેહી, વ મન ત-ર-કા દૈનન અવ દેયાઅન ફઅલઇયા ".

કોઇ વખતે ખુત્બો પઢતાઃ—(૨) " યા અઇયોહન્નાસો, તૂબૂ કબલન્ના અન તમૂતૂ, વ બાદેરૂ બિલ અઅમાલિસ સાલેહતે, ૮-સલુલલઝી બૈનકુમ વ બૈના રબ્બેકુમ, બે-કસરતે ઝિકરેકુમ લહૂ, વ કસરતિસ સદકતે બિસ સિરરે વલ અલાનીયતે, તૂ-જરૂ વ તોહમદૂ વ તુરઝકુ. વઅલમૂ અન્નલ્લાહા કદ ફ-ર-દા અલૈકુમુલ જુમોઅતા મકતૂબતન ફી મકામી હાઝા, ફી શહરી હાઝા, ફી આમી હાઝા, ઇલા યૌમિલ કેયામતે, મંવ વ-જ-દા ઇલૈહે સબીલન. ફમંન ત ર-ક-હા ફી હયાતી ઔ બઅદી જોહૂદમ, બેહા, વ ઇસ્તિખફાફમ બેહા, વ લહુ ઇમામુન જાએરૂન ઔ આદેલુન, ફલા જમઅલ્લાહો શમલહુ, વ લા બા-ર-કા લહુ ફી અમરેહી, અલા ! વલા સલાતા લહુ, અલા ! વલા સૌમા લહુ, અલા ! વલા ઝકાતા લહુ, અલા ! વલા હજ્જા લહુ, અલા વલા બિરરા લહુ, હત્તા યતૂબા, ફઇન તાબા, તાબલ્લાહો, અલા! વલા તોઅમ્મન્નમ રાતુન રજોલન, અલા ! વલા યોઅઉમ મન્ના અઅરાબીયુન મોહાજેરન, અલા ! વલા યોઅમ્મનના ફાજેરૂન મોમિનન, ઇલ્લા અંય યકહરહુ સુલતાનુંય, યખાફો સયફહૂ વ સૌતહુ. (ઇબ્ને માજા શરીફની હદીસ).

---

(૧) એ પછી [જાણી લેશો કે] સારૂ વચન [કલામ] કુર્આને શરીફ છે અને સારો માર્ગ (રસ્તો તે મોહંમદ (સલ) નો રસ્તો છે, અને બુરા કામો તે છે કે જે [દીનમા] નવા કાઢવામાં આવે, અને દરેક બિદઅત ગુમરાહી છે. દરેક મોમિનની જાતપ તેના પોતાના કરતાં હું વધારે કબજો ધરાવનાર છું. જે માણસ માલને છોડે (છોડીને મરી જાય) તે [માલ, તેના બાલ બચ્ચાઓ વાસ્તે છે. અને જે કોઈ કરજ [પોતાની પછાડી] છોડી જાય અથવા યતીમ બચ્ચા મુકી જાય તેનું જોખમ મારે માથે છે.

(૨) એ લોકો! મરવા પેહલાં [ગુનાહોથી] તૌબા કરી લીઓ, અને નેક કામો [કરવામા] આગળ વધો, અને તમારી અને તમારા રબની વચ્ચે જે ચીજ છે તેને મેળવી દો. (તે ચીજને) તે (ખોદા પાક, ના વધારે ઝીકર કરવાથી અને ખુલ્લી અથવા છુપા ન તે સદકાઓ કરવાથી [મેળવી દો], તો તેનો તમને બદલો દેવામા આવશે, અને તમારી તારીફ કરવામા આવશે, અને તમને રીઝક દેવામા આવશે.

અને જાણી લીઓ કે ખોદાપાકે તમારાપર, મારી આ જગ્યા, આ મહિના અને આ વરસથી કેયામત સુધી, જે તેનાપર શકિતવાન હોય તેનાપર જુમ્મા (નીનમાઝ)ને ફરઝ કીધી છે. ફરી જે માણસ મારી હયાતીમા અથવા મારા પછી, ઇનકાર કરીને અને હલકી જાણીને તેને છોડશે અને તેને માટે ઈમામ (હાકેમ) જુલમગાર હશે અથવા અદલ કરનાર હશે, તો ખોદાપાક તેની હાલત જમા નહિ રાખશે [સુખ ચેન છીનવી લેશે] અને તેના કામમાં તેને બરકત દેશે નહિ

જાણી લો કે તેની નમાઝ (કબૂલ) નથી, અને જાણી લો કે તેનો રોઝો (કબુલ) નથી, અને જાણી લો કે તેની ઝકાત (કબૂલ) નથી, અને જાણી લો કે તેની [કીધેલી] હજ (કબલ) નથી, અને જાણી લો કે તેની કોઈ નેકી (કબૂલ) નથી, તે એટલે સુધી કે તે તૌબા કરે. ફરી જો તે [નમાઝ છોડવાથી) તૌબા કરશે તો ખોદાપાક તેની તૌબા કબૂલ કરશે.

તમે જાણી લો કે ઓરત મરદની ઈમામ બને નહિ, અને તમે જાણી લો કે ગામડિઓ મોહાજિરનો ઈમામ બને નહિ, અને તમે જાણી લો કે ફાસિક આદમી મોમિનનો ઈમામ બને નહિ, પણ જો બાદશાહ તેનાપર જબરાઇ કરે અને તે તેની તરવારથી અને તેના ચાબકાથી બીતો હોય.

અને કોઈ વખતે હમ્દ અને સલાત પછી આ ખુત્બો પઢતા હતા:—**(૩) અલહમ્દો લિ-લ્લાહે નહમદોહૂ વ નસતગફેરોહૂ, વ નઉઝો બિલ્લાહે મિન શોરૂરે અનફોસેના, વ મિન સય્યેઆતે અઅમાલેના, મંઈ યહદેહિલ્લાહો ફલા મોદિલ્લા લહુ, વ મંય યોદલિલહો ફલા હાદિયા લહુ, વ અશહદો અન લાએલાહા ઈલ લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ, વ અશહદો અન્ના મોહંમદન અબદોહુ વ રસૂલોહુ. અર-સ-લ-હુ બિલહક્કે બશીરંવ વ નઝીરા, બૈના યદયીસ સાઅતે મંઇ યોતેઈલ્લાહા વ રસૂલહુ ફકદ ર-શ-દા વહ તદા, વ મંઇ યઅસેહિમા ફઈન નહૂ લા યદુરરો ઈલ્લા નફ સહુ, વ લા યદુરરૂલ્લાહા શયઆ.** (અબદાઉદ વિગેરે)

એક સહાબી ફરમાવે છે કે હઝરત (સલ) **સુરએ કાફ** ખુતબામાં ઘણી ખરી વખત પઢ-તા એટલે સુધી કે મેં હઝરત [સલના વારંવાર પઢવા] ને સાંભળી **સુરએ કાફ** યાદ કરી લીધી છે, (કેમકે) જયારે (આપ મિંબરપર એ (સૂરત) ને પઢતા (હું ધ્યાન દઇ સાંભળતો) (મુસલિમ શરીફ). અને કોઇ વખતે **સુરએ અસર** પઢતા અને કોઇ વખતે **"લાયસતવી** અસહાબુન્નારે (સૂ. હશરનો છેલ્લો રૂકૂઅ) અને કોઈ વખતે **"વ નાદૌ યા માલેકો લેયકઝે અલયના"** થી **"કાલા ઈન્નકુમ માકેસુન"** સુધી (બહરૂર રાયક).

[જુમ્માની] નમાઝ વાસ્તે મસઅલા.

(૧) મસઅલો. બેહતર એ છે કે જે માણુસ ખુત્બો પઢે તેજ નમાઝ પણ પઢાવે (ઈમામ બને). અને બીજો કોઈ પઢાવશે તોપણ જાયઝ છે. (દુર્રે મુખ્તાર). **(૨) મસઅલો.** ખુત્બો પૂરો થતાંજ તરતજ એકામત કહીને નમાઝ શરૂ કરી દેવી સુંનત છે. ખુત્બા અને નમાઝ દરમ્યાન કોઈ દુન્યાનું કામ કરવું મકરૂહે તહરીમી છે. અને વચ્ચે વધારે વાર લાગે તો ખુત્બો ફરીથી પઢવાની જરૂર છે. પણ કોઈ દીનનું કામ હોય, દાખલા તરીખે કોઇને શરીઅતનો મસઅલો શીખાડે અને વોઝુ નહિ હોવાથી વઝુ કરવા જાય, અથવા ખુત્બા પછી તેને જણાય કે તેને ગોસલની જરૂર છે, અને ગોસલ કરવા જાય તો કંઈ પણ કરાહત નથી અને તેમજ ખુત્બો ફરીથી પઢવાની જરૂર નથી. (દુ. મુખ્તાર, ખઝાનતુલ મુફ્તીઇન).

[૩] મસઅલો. જુમ્માની નમાઝ એવી નેયતે પઢવામાં આવે "મેં ઈરાદો કીધો કે જુમ્માની બે રકાત ફરઝ નમાઝ પઢીશ" **(૪) મસઅલો.** એક ઠેકાણે એકજ મસીદમાં જુમ્માની નમાઝ સઘળા લોકો એકઠા થઇને પઢે એ વધારે બેહતર છે અગરજો એક ઠેકાણે (શેહેર કે કસ્બામાં) જુદી જુદી મસીદોમાં જુમ્મા પઢવી જાયઝ છે. [બહર વિ].

---

[૩] સર્વે સ્તુતિ અલ્લાહને માટે છે, અમે તેની સ્તુતિ કરીએ છીએ, અને તેનાથી બક્ષીશ માગીએ છીએ. અને અમારા નફસોની શરારતથી અને અમારા બુરા અમલો (કૃત્યો)થી અમે અલ્લાહનો આશ્રો [તેઓથી બચવા વાસ્તે] લઈએ છીએ જેને અલ્લાહ માર્ગ દેખાડે તેને કોઈ ભટકાવનાર નથી અને જેને તે માર્ગ નહી દેખાડે તેને કોઈ રસ્તો દેખાડનાર નથી અને હું સાક્ષી આપું છું કે ખોદા સિવાય કોઈ માબૂદ નથી તે એકલો છે તેનો કોઈ ભાગીઓ નથી અને હું સાક્ષી આપું છુ કે હઝરત મોહંમદ (સલ) તેના બંદા છે, અને તેના રસૂલ છે. ખોદાએ તેમને સત્યની સાથે, (કેયામતની આગળ) બશારત [જંનતની ખુશખબર] દેનાર અને (અઝાબથી) બીવાડનાર બનાવીને મોકલ્યા. જે શખસે અલ્લાહની અને તેના રસૂલ [સલ] ની તાબેદારી કીધી તે માર્ગે રહયો અને હિદાયત પામ્યો. અને જે (માણસ) તે બંનેની નાફરમાની કરશે તો તે ખચીત પોતાના જીવનુંજ નુકસાન કરશે, અને અલ્લાહનું જરાએ નુકસાન કરશે નહીં.

(૫) મસઅલો. જો કોઈ મસબૂક છેલ્લા કાયદામાં અત્તહીયાત પઢતી વખતે અથવા સહ્‌વનો સિજદો કીધા પછી જમાઅતમાં શામેલ થાય તો તેનું શામેલ થવું દુરસ્ત ગણાશે. અને તેને જોઇએ કે જુમ્માની નમાઝ પૂરી કરે, ઝોહર પઢે નહીં. (બહર, દુ. મુખ્તાર). **(૬) મસઅલો.** કેટલાક લોકો જુમ્મા (ની નમાઝ) પછી ઝોહર એહતેયાતી પઢે છે. આમ લોકોનો અકીદો એ બાબત શરીઅતની હદ ઓળંગી ગયો છે, તેથી તેઓને એ નમાઝ પઢવાથી ચોખ્ખી મના કરવી જોઇએ. પણ કોઈ આલેમ શખ્સ એ નમાઝ પોતે પઢતો હોય તો તે એ બાબતની ખબર લોકોને કરે નહીં.*

બંને ઇદોની નમાઝના મસઅલા.

(૧) મસઅલો. શવ્વાલ મહિનાની પેહલી તારીખે (જે દિવસ આવે તે દિવસે) **ઇદુલ ફિતર** હોય છે, અને ઝિલહજ મહિનાની દસમી તારીખે **ઇદુલ અદહા** હોય છે (કે જેને બકર ઇદ પણ કહે છે). એ બંને દહાડા ઇસલામમાં ઇદ અને ખુશીના દહાડા છે. એ બંને દિવસે બબ્બે રકાત નમાઝ શુકર અદા કરવાને અર્થે પઢવી વાજેબ છે.

ખુત્બો સિવાય જુમ્માની નમાઝ જાયઝ થવાને અને વાજેબ થવાને માટે જે જે શર્તો બયાન કરવામાં આવી તે શર્તો બંને ઇદોની નમાઝ વાસ્તે પણ છે. જુમ્માની નમાઝને માટે ખુત્બો ફરઝ છે અને શરત છે, અને નમાઝ આગળ પઢવામાં આવે છે, અને ઇદોની નમાઝમાં ફરઝ નથી પણ સુંનત છે, અને નમાઝ પછી પઢવામાં આવે છે. પણ બંને ઇદોનો ખુત્બો, જુમ્માની પેઠે સાંભળવો વાજીબ છે, એટલે તે વખતે બોલવું, નમાઝ પઢવી એ સૌ હરામ છે.

ઇદુલ ફિતરને દહાડે બાર ચીજો સુંનત છે. શરીઅતના હુકમો મુજબ (ઓરત અને મરદે) પોતાને શણગારવું, ગોસલ કરવો, મિસવાક કરવી પોતાની પાસે જે સારામાં સારા લુગડાં હોય તે પેહેરવાં, ખશબો (અત્તર વિ) લગાડવું, સવારમાં જલદીથી ઉઠવું, ઇદિગાહમાં જલદીથી જવું, ઇદિગાહ જતી વખતે કોઈ મીઠી ચીજ જેવી કે ખારેક વિગેરે ખાવી, ઇદિગાહ જવા આગળ ફિતરનો સદકો (ગરીબોને) દઈ દેવો, ઇદની નમાઝ ઇદિગાહમાં જઇને પઢવી, વગર ઉઝરે શેહેરની મસ્જીદોમાં પઢવી નહીં, જે રસ્તેથી જાય તે છોડી (બની શકે તો બીજે રસ્તે ત્યાંથી પાછા ફરવું, પગે ચાલીને (ઇદિગાહ) જવું, અને રસ્તામાં **"અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, લાએલાહા ઇલલલ્લાહો વલ્લાહો અકબર, અલ્લાહો અકબર, વ, લિલ્લાહિલ હમ્દ."** ધીમે સાદે પઢતા પઢતા ચાલવું.

(૨) મસઅલો. ઇદુલ ફિતરની નમાઝ પઢવાની રીત એ છે કે નૈયત એવી રીતે કરે "ઇદની બે રકાત વાજેબ નમાઝ, છ વાજિબ તકબીરો સાથે હું પઢું એવી મેં નૈયત કીધી." એવી નૈયત કરીને હાથ બાંધી લીએ અને **સુબહાનકલ્લાહુમ્મા** (વ બેહમ્દેકા) છેલ્લે સુધી પઢીને ત્રણ વખત **અલ્લાહો અકબર** કહે અને દરેક વખતે તકબીરે તહરીમાની પેઠે કાન સુધી હાથો ઉઠાવીને તકબીર બોલ્યા પછી હાથોને લટકાવી દીએ અને ઇમામ દરેક તકબીર બોલ્યા પછી વચ્ચે એટલી વાર થોભે કે ત્રણ વખત **સુબહાનલ્લાહ** બોલી શકાય. ત્રીજી

---

* જુમ્માની નમાઝ કયે ઠેકાણે થાય છે અને કયે ઠેકાણે થતી નથી એમા ચારે મઝહબોના ઇમામો અને તેઓના શાગિર્દોમાં એટલો મોટો મતફેર છે, કે પાછલા વખતના આલેમોએ લખ્યું છે કે બચાવ એમાં છે કે જુમ્માની નમાઝ પછી ઝોહરની નમાઝની નૈયત કરી ચાર રકાત પઢી લેવી, અને તે પણ જમાઅત કીધા વગર પઢવી બેહતર છે. પણ તેને લોકોએ એવે દરજ્જે પોંહચાડી કે તેને વાસ્તે જમાઅત, તેમજ તેને કદી છોડવી નહીં. એટલી બધી સખતાઈયો કરવા લાગ્યા, જેને જોઈ છેવટે ઉલમાઓને લખવું પડ્યું કે એ નમાઝ કદી પઢવી નહિ.

તકબીર પછી હાથોને લટકાવે નહિ પણ બાંધી લીએ, અને અઉઝો અને બિસ્મિલ્લાહ પઢીને અલહમ્દો અની બીજી કોઈ સૂરત પઢીને કાયદા મૂજબ રૂકૂઅ અને સિજદાઓ કરી (ઉભો થઈ જાય) અને આ બીજી રકાતમાં અલહમ્દો અને કોઈ સૂરત પઢયા પછી તે પછી ત્રણ તકબીરો તેવી રીતેજ કહે, પણ અહીં ત્રીજી તકબીર પછી હાથ નહીં બાંધતાં છોડી દઈ પાછી તકબીર (ચોથી વખત) કહી રૂકૂઅ કરે (મજાલિસુલ અબરાર).

(૩) મસઅલો. નમાઝ પછી મિંબરપર ઉભા રહીને બે ખુત્બાઓ પઢે અને બને ખુત્બાઓની વચ્ચે એટલીવાર બેસે કે જેટલી વાર જુમ્માના [બે] ખુત્બાઓ વચ્ચે બેસવામાં આવે છે. **(૪) મસઅલો.** બંને ઇદોની નમાઝ પછી અથવા ખુત્બા પછી દોઆ માંગવી સાબેત નથી કેમકે જનાબ નબી (સલ) અને તેવણ (સલ) ના સહાબીઓ, અને તાબેઇનો અને તબએ તાબેઇનોમાં એક પણ એમ કીધું હોય એવુ કોઈ પણ ઠેકાણે આવેલું નથી. જો મચકૂર સાહેબોમાંથી કોઇએ પણ દોઆ માંગી હોત તો જરૂર (હદીસ કે ફિકેહમાં) તેની રિવાયત બયાન કરવામાં આવતે. તેથી કરીને (તમામ ઇસ્લામીયોના મચકૂર આગેવાનોની) તાબેદારીને અર્થે દોઆ નહી માંગવી, માંગવા કરતાં બેહતર છે. * બને ઇદોના ખુત્બાઓમાં સૌથી પેહલાં તકબીર કેહવી જોઇએ પેહલા ખુત્બામાં (શરૂઆતમાં) **અલ્લાહો અકબર** નવ વખત કહે અને બીજા ખુત્બામાં સાત વખત કહે. (બહર)

(૫) મસઅલો. ઇદુદ દોહાની નમાઝ પઢવાની પણ રીત ઉપર મૂજબ છે અને તેમાં પણ તેજ ચી.જો સુંનત છે જે ઇદુલ ફિત્રમાં છે (જેનું બયાન ઉપર કરવામાં આવ્યું). ફરક માત્ર એટલોજ છે કે ઇદુદ દોહા (બકરીદ) ની નૈયત કરતી વખતે ઇદુલફિત્રને ઠેકાણે ઇદુદ દોહા કેહવું. રમઝાનની ઇદમાં ઇદગાહ જતી વખતે કોઈ ચીજ ખાવી સુંનત છે પણ આ ઇદમાં (ઇદની નમાઝ પઢવા આગળ કોઈ ચીજ) નહીં (ખાવી સુંનત છે) + અને ઇદુલ ફિત્રમાં ધીમેથી તકબીર કેહવી સુંનત છે પણ અહી મોટે સાદે કહે, અને ઇદુલ ફિત્રની નમાઝ વાર લગાડીને પઢવી સુંનત છે પણ આ ઇદની જલદીથી (વખત થતાંજ પઢે). અને એ ઇદમાં ફિત્રનો સદકો નથી પણ માલદાર આદમીને કુર્બાની દેવી વાજેબ છે. અને અઝાં અને એકામત બંને ઇદોમાં એકમાં પણ નથી (જો કેહશે તો મકરૂહ તહરીમી થશે)

(૬) મસઅલો. ઇદની નમાઝ જે ઠેકાણે પઢાય ત્યાં બીજી કોઈ નમાઝ પઢવી મકરૂહ (તહરીમી) છે. નમાઝ આગળ પણ (મકરૂહ છે) અને પાછળ પણ. નમાઝ પઢી ઘર આવ્યા પછી [ઘરમાં બે કે ચાર રકાત] નમાઝ પઢવી મકરૂહ નથી (પણ સુંનત છે જુઓ ફતહુલ કદીર) અને (ઇદની) નમાઝ પેહલાં [ઘરમાં]એ (નફિલૈ પઢવી) મકરૂહ છે. [બહર]. **[૭] મસઅલો.** ઓરતો અને તે લોકો કે જેઓ કોઈ ઉજરને લીધે ઇદની નમાઝ નહી પઢે તેઓને ઇદની નમાઝ

---

* અને જો મચકૂર દોઆ માગવાને કોઈ કદી પણ છોડશે નહી અને છોડનારને ભુંડું બોલશે તો એજ દોઆ માગવી મકરૂહ તહરીમી થઈ જશે. પણ કોઈ કોઈ વખત કરશે તોજ મબાહના હુકમમા રેહશે. જે ઈબાદતનો હુકમ શરીઅતની કોઈ પણ દલીલથી સાબેત ન હોય તેવી દરેક ઈબાદતપર મચકૂર કાયદો લાગુ પડે છે એ યાદ રાખવું.

+ બકરીદની નમાઝ પઢાય ત્યા સુધી ઇદની નમાઝ પઢવા જેઓને જવુ વાજેબ છે તેઓને કોઈ ચીજ નહી ખાવી એ સુંનત છે. પણ ઘરના બીજા માણસો અથવા જેઓપર એ નમાઝ વાજેબ નથી. તેઓનાપર કંઈ પણ નથી લોકો તે દહાડે તમામ નાના મોટા નમાઝ થઈ જાય ત્યા સુધી કંઈ ખાતા નથી અને કહે છે કે સવા પેહેરનો રોજો રાખીએ છીએ, એ તદન વાહીયાત છે. ઈદને દહાડે રોજો તો હરામ છે. વળી ઈદની નમાઝ પઢનારા પણ જો કંઈ ખાઈ લીએ તો સવાબ જતો રેહશે પણ ગુનો કંઈ થશે નહીં.

આગળ કોઈ પણ નફિલ નમાઝ પઢવી મકરૂહ છે. (બહર).

(૮) મસઅલો. ઈદુલ ફિત્રના ખુત્બામાં ફિત્રના સદકાના મસઅલાઓ અને ઈદુદ દોહાના ખુત્બામાં કુર્બાનીના મસઅલા અને તકબીરાતે તશરીકના મસઅલા બયાન કરવા જોઇએ

તકબીરાતે તશરીક—એટલે દરેક ફરઝ નમાઝ પછી એક વખત "**અલ્લાહો અકબર અલ્લાહો અકબર, લાએલાહા ઈલલલ્લાહો વલ્લાહો અકબર, અલ્લાહો અકબર વ, લિલ્લાહિલ હમ્દ.**" કેહવું વાજેબ છે તે એવી શર્તે કે તે ફરઝ જમાઅત સાથે પઢાયલો હોય, અને (જ્યાં તકબીર કેહવામાં આવે) તે ઠેકાણું શેહેર (અથવા કસ્બો) હોય [ગામડુ ન હોય) મઝકૂર તકબીર ઓરત અને મુસાફેર પર વાજેબ નથી. જો એ લોકો એવા માણસની પછાડી નમાઝ પઢશે. કે જેના પર તકબીરાતે તશરીક વાજેબ હોય તો એ લોકોપર પણ મઝકૂર તકબીર કેહવી વાજેબ થઇ જશે. (રદ દુલ મોહતાર). પણ એકલો નમાઝ પઢનાર, ઓરત અને મુસાફર પણ જો કહી લીએ તો બહેતર છે. કેમકે સાહેબૈન (હઝરત ઇમામ મોહંમદ અને હઝરત ઈમામ અબુ યુસુફ રહ.) ના મઝહબમાં મઝકૂર લોકો પર પણ (મઝકૂર તકબીરો) વાજેબ છે.

(૯) મસઅલો. મઝકૂર તકબીરો **અરફો** એટલે (ઝિલહજ [બકરીદના] મહિનાની) નવમી તારીખની સવાર (ની નમાઝ) થી તેરમી તારીખની અસર (ની નમાઝ) સુધી કેહવી જોઇએ (એટલે) કુલ્લે ત્રેવીસ નમાઝો થઈ કે જેઓની પછી તકબીર (કેહવી) વાજેબ છે. **(૧૦) મસઅલો.** એ તકબીરો મોટે સાદે બોલવી વાજેબ છે. પણ ઓરતોને જોઇએ કે ધીમેથી બોલે. (શામી).

(૧૧) મસઅલો. (ફરઝ) નમાઝ (પઢયા) પછી તરતજ તકબીર કેહવી જોઇએ (તે કહયા પછી અસતગફાર અને અહલહુમ્મ અંતસ્સલામો વિગેરે પઢે) (બહર). **(૧૨) મસઅલો.** જો ઈમામ તકબીર કેહવા ભૂલી જાય તો મુકતદીયો તરતજ કહી દીએ. ઇમામ કેહશે ત્યારે બોલશું એવી ઈનતેઝારી કરે નહિ. (દુ. મુખ્તાર, બહર વિગેરે).

(૧૩) મસઅલો. ઈદુલ અદહા (બકરીદ) ની નમાઝ પછી પણ તકબીર કેહવી કેટલાક (આલેમો) ના મઝહબમાં વાજેબ છે. (તેથી કેહવી જોઇએ) (બહર વ શામી) **(૧૪) મસઅલો.** બંને ઇદોની નમાઝ એક મતે જુદી જુદી મસીદોમાં પઢવી જાયઝ છે (જો ઉઝર હોય તો નહિ તો સુંનતનો સવાબ મળશે નહિ.) (દુ મુખ્તાર).

(૧૫) મસઅલો. જો કોઇને ઇદની નમાઝ (ઇદગાહ કે મસીદ) કોઇ પણ જગ્યાએ મળી નહિ અને સઘળા લોકો પઢી ચુકયા તો તે માણસ એકલો ઇદની નમાઝ પઢી શકતો નથી. (પછી તે રમઝાનની ઇદની નમાઝ હોય અથવા બકરીદની હોય). કેમકે એ (નમાઝ પઢવા) વાસ્તે જમાઅત શર્ત છે. એવીજ રીતે કોઇ માણસ નમાઝમાં શરીક થાય અને કોઈ કારણને લીધે તેની નમાઝ ટટી જાય તે પણ (એ નમાઝની) કઝા પઢી શકતો નથી, તેમજ તેના પર એ નમાઝની કઝા વાજેબ નથી. પણ બીજા કેટલાક લોકો જો તેની સાથે શામેલ થાય તો (ઇદની કઝા નહીં પણ અદા નમાઝ) તે પઢી શકે છે.

(૧૬) મસઅલો. જોકોઈ ઉઝરને લીધે ઇદનેજ દહાડે (ઇદની) નમાઝ નહીં પઢાય તો ઇદુલ ફિત્રની નમાઝ (ઇદને) બીજે દહાડે (એટલે શવ્વાલ મહિનાની બીજી તારીખે, અને ઈદુલ અદહા (બકરીદ) ની નમાઝ (બકરીદના મહિનાની) બારમી તારીખ સુધી પઢી શકાય છે.

(૧૭) મસઅલો. ઈદુલ અદહાની નમાઝ વગર ઉઝરે બારમી તારીખ સુધી મોડી કરવાથી નમાઝ તો થઈ જશે, પણ મકરૂહ થશે. પણ

ઇદુલ ફિત્રની નમાઝ વગર ઉઝરે મોડી પઢવાથી બિલકુલ અદા થશે નહીં. (બહર, દુ. મુખ્તાર). ઉજરના દાખલાઓઃ—૧ કોઇ કારણથી નમાઝ પઢાવવા ઇમામ નહી આવે ૨ વરસાદ (ઘણો) વરસે. ૩ મહિનાની તારીખ (ત્રીશ છે કે પહેલી) બરાબર સાબેત નહીં થાય અને ઝવાલ પછી જ્યારે (ઇદની નમાઝનો) વખત જતો રહે સાબેત થાય (કે આજેજ ઇદ છે). (ઇદની) નમાઝ વાદળાં [ઘ્રઘોર એકઠાં થયાં] હોય તે વખતે પઢવામાં આવી અને અબ્ર (વાદળાં) વીખરાઈ ગયા પછી જણાય કે નમાઝ (તેના) વખતસર પઢવામાં નહીં આવી. (રદ દુલ મોહતાર).

(૧૮) મસઅલો. જો કોઈ માણસ ઇદની નમાઝમાં એવે વખતે આવીને શામેલ થાય કે ઇમામ પેહલી ત્રણ) તકબીરો કહી ચુકયો હોય, ત્યારે જો કેયામ (ઇમામ ઉભા રહી કુર્આન શરીફ પઢી રહેલો હોય તે) માં શરીક થયો હોય તો નૈયત બાંધવાની સાથે તરતજ તકબીરે (તહરીમા કહી હાથો ત્રણ વખત ઉઠાવી) તકબીરો કહી લીએ, અગરજે ઇમામ (કુર્આનની) કીરાઅત (જોરથી) પઢતો હોય.

અને જો રૂકૂઅમાં આવીને શામેલ થયો હોય ત્યારે જો તેની પાકી ખાત્રી હોય કે (ઇમામ રૂકૂઅમાં એટલી વાર લગાડશે કે) તકબીરો કહી રહ્યા પછી (મને) ઇમામ સાથે રૂકૂઅ મળી જશે (એટલે ઇમામની સાથે રૂકૂઅમાંજ હુ શામેલ થઇ શકીશ) તો નૈયત કરીને (હાથો ઉઠાવી ત્રણે) તકબીર કહીને રૂકૂઅ કરે. અને જો રૂકૂઅ નહી મળવાની બીક હોય તો રૂકૂઅમાં શામેલ થઈ જાય અને રૂકૂઅમાં તસબીહો [સુબ્હાના રબ્બીયલ અઝીમ ત્રણ વખત] પઢવાને ઠેકાણે તકબીરો (ત્રણ વાર અલ્લાહો અકબર) કહી લીએ પણ રૂકૂઅની હાલતમાં તકબીરો કેહતી વખતે (કેયામની પેઠે) હાથ ઉઠાવે નહીં (પણ ફક્ત મોંથીજ કહે). અને તકબીરો પૂરી થાય તે પેહલાં જો ઇમામ (રૂકૂઅમાંથી પોતાનું નમાવેલું) માથું ઉઠાવી લીએ (અને કેયામામાં ઉભો થઈ જાય) તો એ પણ ઉભો થઈ જાય. (અને એમ કરવામાં) જેટલી તકબીરો રહી જાય તે એને માફ છે (તેને પઢવાની જરૂર નથી) (શામી).

(૧૯) મસઅલો. ઇદની નમાઝમાં જો એક રકાત (નમાઝ) કોઇની જતી રહે અને તેને પઢવા માટે જ્યારે (ઇમામ સલામ ફેરવી ચુકે અને) તે ઉભો થાય ત્યારે પેહલાં કિરાઅત પઢે તે પછી તકબીર કહે, અગરજે કાયદા મૂજબ તો તેને તકબીરો [ત્રણ વાર] પેહલાં કેહવી જોઇતી હતી કિર્અતમાં પણ એવી રીતે કરવાથી બંને રકાતોની તકબીરો વચ્ચે આવી જાય છે અને એ કોઇનો મઝહબ નથી તેથી તેનાથી વિરૂદ્ધ હોકમ દેવામાં આવ્યો. (શામી).

જો ઇમામ તકબીરો કેહવા ભૂલી જાય અને રૂકૂઅમાં તેને યાદ આવે તો તેને જોઇએ કે રૂકૂઅમાંજ તકબીરો (ત્રણ વાર) કહી લીએ. (તકબીરો કેહવા) પાછો ઉભો થાય નહી. અને જો પાછો ઉભો થશે (અને હાથો ઉઠાવીને ત્રણવાર તકબીરો કેહશે) તો પણ જાયઝ છે. નમાઝ (એમ કરવાથી) ટુટશે નહી. પણ દરેક હાલતમા માણસોની સંખ્યા વધુ હોવાને લીધે સહવનો સિજદો કરે નહી.

કાબા શરીફમાં નમાઝ પઢવાનું બયાન.

(૧) મસઅલો. કાબા શરીફથી બાહેર તેની દિશા તરફ મોં કરીને જેવી રીતે નમાઝ પઢવી દુરસ્ત છે તેવીજરીતે કાબા શરીફની અંદર પણ નમાઝ પઢવી દુરસ્ત છે. કિબ્લાની સામે મોં થઈ જશે, પછી ગમે તે તરફ પઢે કેમકે ત્યાં ચારે તરફ કિબ્લો છે. જે તરફ મોં કરશે કાબાજ છે, અને જેવી નફિલ નમાઝ જાયઝ છે તેવીજરીતે ફરઝ નમાઝ પણ [જાયઝ છે]. (રદદુલ મોહતાર).

(૨) મસઅલો. કાબા શરીફના છાપરાપર ઉભા થઇને જો નમાઝ પઢવામાં આવે તો તે પણ


દુરસ્ત છે કેમકે જે જગ્યાપર કાબા શરીફ છે તે જગ્યા અને આકાશ સુધી હવાનો જે ભાગ (ખલા) છે તે સઘળો કિબ્લો છે. કિબ્લો કંઇ કાબાની ચાર ભીંતો સાથેજ સંબંધ રાખતો નથી. એટલાજ માટે જો કોઈ માણસ કોઇ ઉંચા પહાડપર ઉભો રહી નમાઝ પઢશે કે જ્યાં કાબાની દીવાલો તેની સામે પડશે નહીં તો તેની નમાઝ એકે મતે જાયઝ છે. પણ એ (કાબા શરીફના છાપરાપર ઉભા રહી, નમાઝ પઢવા) માં કાબા શરીફની બેઅદબી છે. અને એમ કરવાથી જનાબ નબી [સલ] એ મનાઇ કીધેલી છે. તેથી મકરૂહ તહરીમી છે.

(૩) મસઅલો. કાબા શરીફમાં એકલા નમાઝ પઢવી જાયઝ છે અને જમાઅત સાથે પણ. અને ત્યાં એ વાત શરત નથી કે ઇમામ અને મુકતદી એકજ દિશા ભણી મોં કરી ઉભા રહે કેમકે ત્યાં દરેક દિશાએ [કાબા તરફ મોં કરતાં] કિબ્લો છે, (નહિં કે પીઠ કરતાં). પણ એ શરત જરૂર છે કે મુકતદી ઇમામ કરતાં આગળ વધીને ઉભા રહે નહિ. જો મુકતદીનું મોં ઇમામના મોં સામે હોય તો પણ દુરસ્ત છે કેમકે એવી હાલતમાં તે મુકતદી ઇમામ કરતાં આગળ [વધેલો] ગણાશે નહી. આગળ (વધેલો) ત્યારેજ ગણાતે કે જ્યારે (ઇમામ અને મુકતદી) બંનેના મોં એકજ દિશા તરફ હોત અને તે વખતે મુકતદી આગળ વધેલો હોત. પણ આ [ઇમામ તરફ મોં કરવાની] હાલતમાં નમાઝ મકરૂહ થશે. કેમકે આદમી તરફ મોં કરી નમાઝ પઢવી મકરૂહ છે; પણ જો કોઇ ચીજ વચ્ચે મુકી દેવામાં આવે તો એ કરાહત રેહેશે નહીં; (દુ. મુખ્તાર).

(૪) મસઅલો. જો ઇમામ કાબાની અંદર અને મુકતદીઓ કાબાની બાહેર ગોળાકારમાં ઉભેલા હોય તો પણ નમાઝ થઈ જશે. પણ જો માત્ર ઇમામ કાબા શરીફમાં હશે અને કોઇ મુકતદી તેની સાથે હશે નહીં તો નમાઝ મકરૂહ થશે. કેમકે એ હાલતમાં કાબાની અંદર જમીનની ઉંચી છે તેથી ઇમામની જગ્યા, મુકતદીઓ કરતાં એક (માણસના) કદ જેટલી ઉંચી થશે (રદ્દુલ મોહતાર).

(૫) મસઅલો. જો મુકતદીઓ અંદર હોય અને ઇમામ બાહેર હોય ત્યારે પણ નમાઝ દુરસ્ત છે. પણ શરત એ છે કે મુકતદીઓ, ઇમામની આગળ ન હોય (રદ્દુલ મોહતાર).

(૬) મસઅલો. અને જો સઘળા (ઇમામ અને મુકતદીઓ કાબા શરીફની) બાહેર હોય, અને એક તરફ ઇમામ હોય અને ચારે તરફ મુકતદી ગોળાકારમાં ઉભેલા હોય જેવી રીતે કે ત્યાં આન લોકોની નમાઝ પઢવાની ટેવ છે તે પણ દુરસ્ત છે. પણ તેમાં શરત એ છે કે જે તરફ ઇમામ ઊભેલો હોય તે તરફ કોઇ પણ મુકતદી ઇમામ કરતાં કાબા શરીફની પાસે વધીને ઉભો રહે નહી. કેમકે એવી હાલતમાં તે ઇમામની આગળ વધેલો ગણાશે કે જેથી મુકતદી હોવું દુરસ્ત થશે નહીં. પણ બીજી તરફના મુકતદીઓ ઇમામ કરતાં, કાબા શરીફની પાસે પણ ઉભેલા હોય તો કંઈ હરકત નથી તેનો દેખાવ અને નીચે મુજબ છે:—



ક, ખ, ગ, ઘ (એ હદમાં) કાબા શરીફ છે અને **ચ** ઇમામ છે જે કાબાથી એ ગજ દૂર ઉભેલો છે અને **છ** અને **જ** (બંને **ચ** ઇમામના) મુકતદીઓ છે જેઓ કાબાથી એક ગજને છેટે દૂર ઉભેલા છે પણ **છ** તો **ચ** (ઇમામની) તરફ છે અને **જ** (ઇમામથી) જુદી દિશાએ ઉભેલો છે ત્યારે **છ**ની નમાઝ થશે નહીં (પણ) **જ**ની થઈ જશે. [કેમકે છ ઇમામ કરતાં આગળ વધીલો છે]

તિલાવતના સિજદાનું બયાન.

(૧) મસઅલો. જો કોઈ માણસ ઈમામને મોંઢે સિજદાની આયત સાંભળે અને પછી તેની તાબેદારી કરે તો તેને જોઈએ કે ઈમામની સાથે સિજદો કરે. અને ઇમામ જો સિજદો કરી ચુકયો હોય તે તેની બે હાલતો (નીચે મુજબ) છે:–
૧ એ કે જે રકાતમાં ઈમામે સિજદાની આયત પઢી હોય તેજ રકાત જો તેને મળી જાય તો એને સિજદાની જરૂર નથી એ રકાત (ફકત) મળી જવાથી એમ સમજાશે કે તે સિજદો પણ મળી ગયો.
૨ એ કે જો તે રકાત નહીં મળી તો નમાઝ પૂરી પઢયા પછી નમાઝની બાહેર (તે) સિજદો કરવો એના પર વાજિબ છે (બહર, શામી).

(૨) મસઅલો. જો મુકતદી [ના પઢવા]થી સિજદાની આયત સંભળાય તો સિજદો વાજેબ થશે નહિ, નહિ ઈમામપર વાજેબ થશે અને નહિ તેનાપર, અને તેમજ જે લોકો એ નમાઝમાં શામેલ હશે તેઓપર પણ (વાજેબ થશે) નહિ. પણ જે લોકો એ નમાઝમાં શામેલ થયલા નહોય પછી ગમે તો તે લોકો નમાઝ પઢતાજ નહિં હોય અથવા કોઈ બીજી નમાઝ પઢતા હોય તો તેઓપર સિજદો વાજેબ થશે. (રદ્દુલ-મોહતાર).

૩ મસઅલો. તિલાવતના સિજદામાં (નમાઝ બહાર) ખડખડ હસવાથી વઝુ ટટશે નહિ.

(૪) મસઅલો. ઓરત બરાબર સામસામી આગળ કે પાછળ હોયતો તેથી તિલાવતના સિજદાને નુકસાન પોહોંચતું નથી.

(૫) મસઅલો. તિલાવતનો સિજદો જો નમાઝ (પઢવામાં) વાજેબ થઇ જાય તો તેને તરત અદા કરવું વાજેબ છે વાર લગાડવાની [શરીઅતમાં] રજા નથી. (શામી),

(૬) મસઅલો. નમાઝ બાહેરનો સિજદો નમાઝમાં અને નમાઝનો સિજદો (નમાઝની) બાહેર એટલુંજ નહિ પણ બીજી નમાઝમાંએ અદા કરી શકતો નથી. ત્યારે જે માણસ નમાઝમાં સિજદાની આયત પઢે અને સિજદો નહિ કરે તો તેનો ગુનો તેને માથે રેહશે અને (તે માફ થવા માટે) બીજી કોઈ તદબીર નથી પણ એજ કે તોબા કરે અથવા રહમ કરનારાઓનો રહમ કરનાર પોતાની મહેરબાનીથી માફી આપે (બહર.)

(૭) મસઅલો. જો બે માણસો જુદા જુદા ઘોડાપર સવાર થઇને નમાઝ પઢતાં જતાં હોય અને દરેક જણ સિજદાની તેજ આયત પઢે કે જે બીજો પઢતો હોય અને એક બીજાની તિલાવત (પઢવા) ને સાંભળે તો દરેક જણ પર બે સિજદા વાજેબ થશે એકતો પોતે પઢેલીને વાસ્તે બીજો સાંભળ્યો તેને લીધે. પણ પોતે પઢેલી (સિજદાની આયત) વાસ્તે જે હશે તે નમાઝનો ગણાશે અને નમાઝમાંજ અદા કરવો પડશે, અને સાંભળવાથી જે વાજીબ થશે તે નમાઝ બહારનો ગણાશે અને નમાઝ પઢી રહયા પછી અદા કરવામાં આવશે.

(૮) મસઅલો. જો નમાઝમાં સિજદાની આયત પઢવામાં આવે અને તરત રૂકૂઅ કરવામાં આવે અથવા બે ત્રણ આયતો પછી કરવામાં આવે અને એ રૂકૂઅમાં જતી વખતે તિલાવતના સિજદાની નૈયત પણ કરવામાં આવે તો સિજદો થઈ જશે અને એવીજરીતે સિજદાની આયત પઢયા પછી નમાઝનો સિજદો અગર કરવામાં આવે એટલે (આયત પઢયા પછી) રૂકૂઅ (કરે) અને (રૂકૂઅ પછી) ઉભા થયા પછી (સિજદા કરવામાં આવે) ત્યારે પણ એ (તિલાવતના) સિજદા અદા થઈ જશે. અને એમાં નૈયત કરવાની પણ જરૂર નથી. (દુ. મુખ્તાર, શામી વિ)

(૯) મસઅલો. જુમ્માની, અને ઇદાની અને ધીમે સાદે પઢવાની (જમાઅતની) નમાઝોમાં સિજદાની આયત પઢવી નહી જોઇએ. કેમકે સિજદો કરવામાં પાછળ નમાઝ પઢનારાઓને શકશુબેહ પેદા થવાની બીકછે. [બહર].

મઇયતને ગોસલ દેવાના મસઅલાઓ

(૧) મસઅલો. જો કોઈ માણસ દરિયામાં ડુબીને મરી જાય તો તેને જ્યારે બહાર કાઢવામાં આવે ત્યારે તેને ગોસલ દેવું ફરજ છે. પાણીમાં ડુબી જવું ગોસલ દેવાને બસ થશે નહીં. (તે એટલા માટે કે) મઇયતને ગોસલ દેવું જીવતાઓ ઉપર ફરજ છે અને ડુબવામાં તેઓએ કોઇ કામ કીધું નથી. પણ બહાર કાઢતી વખતે જો ગોસલની નૈયતથી પાણીમાં તેને [સારી પેઠે] આમ તેમ હલાવી દેવામાં આવે તો (બેશક) ગોસલ થઇ જશે. એવીજ રીતે જો મૈયત પર વરસાદ (સારીપેઠે) વરસી જાય અથવા બીજી કોઈ રીતે તેનાપર પાણી વહી જાય ત્યારે પણ તેને ગોસલ દેવુ (નહવાડવું જીવતાઓ ઉપર) ફરઝ રેહશે (ફતાવાઓ કાઝીખાન, દુ મુખ્તાર, બહર).

(૨) મસઅલો. કોઇ માણસનું માત્ર માથુજ કોઈ ઠેકાણે નજરે પડે તો તેને ગોસલ દેવામાં આવશે નહીં, પણ એમજ દાટી દેવામાં આવશે. પણ કોઈ માણસનું અર્ધા કરતાં વધારે શરીર કેથે મળી આવશે તો તેને ગોસલ દેવું જરૂરનું છે પછી માથા સાથે મળી આવે અથવા માથા વગરનું મળે. પણ અર્ધા (શરીર) કરતાં વધારે ન હોય પણ અર્ધું હોય તો માથા સાથે મળી આવે તો ગોસલ દેવામાં આવે; નહી તો (ગોસલ દેવામાં આવશે) નહિ અને જો અર્ધા કરતાં ઓછું હશે તો ગોસલ દેવામાં આવશે નહીં. પછી માથા સાથે હોય અથવા માથા વગરનું હોય (બહર, શામી).

(૩) મસઅલો. કોઈ ઠેકાણે કોઈ મઇયત જોવામાં આવે અને કોઈ પણ રીતે સાબેત નહી થાય કે તે મુસલમાન છે કે કાફેર ત્યારે દારૂલ ઇસલામમાં જો એ બનાવ બન્યો હોય તો તેને ગોસલ દેવામાં આવશે, અને (તેના પર જનાઝાની) નમાઝ પણ પઢવામાં આવશે.

(૪) મસઅલો. મુસલમાનોના મડદાં કાફેરોનાં મડદાં સાથે મળી જાય [જેની રીતે કે ડુબી જવાથી એવો બનાવ બને છે) અને કોઇ પણ રીતે તેઓ ઓળખાય નહીં, ત્યારે તે સઘળાને ગોસલ દેવામાં આવશે. અને જો પારખી શકાય તો મુસલમાનોનાં મડદાં (કાફેરોનાં મડદાંથી) જુદા કરી લેવામાં આવે અને ફક્ત તેઓને ગોસલ દેવામાં આવે કાફેરોનાં મડદાંને ગોસલ દેવામાં આવશે નહી.

[૫] મસઅલો. કોઈ મુસલમાનનું કોઇ કાફેર સગું હોય અને તે મરી જાય તો તેની મઇયત તેના ધર્મવાળાઓને દઇ દેવામાં આવે જો તેના ધર્મવાળો કોઈ નહી હોય અથવા હોય પણ લેવા ના પાડે, તો એવી લાચારીની હાલતમાં તે મુસલમાન તેને ગોસલ દીએ. પણ સુંનત તરીકા પ્રમાણે દીએ નહી એટલે તેને વઝુ કરાવે નહીં, અને તેનું માથુ ચોળે નહીં, તેના બદનમાં કપૂર વિગેરે લગાડે નહી, પણ એક નાપાક ચીજને ધોઇએ છીએ તેવી રીતે તેને ધુએ. પણ કાફેર ધોવાથી પાક થતો નથી, તે એટલે સુધી કે કોઈ માણસ તેને ઉઠાવીને નમાઝ પઢે તો તે દુરસ્ત થશે નહી. (દુ મુખ્તાર).

(૬) મસઅલો. (મુસલમાન બાદશાહની સામે) બંડ કરનારા અથવા લુટારાઓ જો માર્યા જાય તો તેઓનાં મડદાંઓને ગોસલ દેવામાં આવે નહીં પણ તેમાં શરત એ છે કે જો તેઓ ખાસ લડાઈમાં માર્યા જાય.

(૭) મસઅલો. (ઇસલામી) દીનથી ફરી ગયલું માણસ જો મરી જાય તો તેને પણ ગોસલ દેવામાં આવે નહીં અને જો તેના ધર્મવાળા તેની મૈયતને માંગે તો તેઓને પણ દેવામાં આવે નહીં (બહર).

(૮) મસઅલો. પાણી નહીં હોવાને લીધે જો કોઈ મઇયતને તયમ્મુમ કરાવવામાં આવ્યો હોય અને તે પછી પાણી મળી આવે તો તેને ગોસલ દેવું જોઇએ,

મૈયતના કફન વિષે કેટલાક મસઅલા.

(૧) મસઅલો. માણુસના શરીરનો કોઇ ભાગ અથવા માથા વગરનું અર્ધું શરીર મળી આવે તો તેને કોઈ લૂગડામાં લપેટી દેવું જોઇએ પણ જો અર્ધા શરીર સાથે માથું પણ હોય અથવા અર્ધા કરતાં વધારે શરીર હોય અગર જો માથું ન હોય તો સુંનત તરીકા પ્રમાણે કફન દેવું જોઇએ. (રદદુલ મોહતાર)

(૨) મસઅલો. કોઈ માણુસની કબર ઉઘડી જાય અથવા કોઈ બીજી રીતે તેનું શરીર બાહેર નીકળી આવે અને કફન (તેનાપર) નહી હોય તો તેને પણ સુંનત તરીકા મૂજબ કફન પેહરાવવું જોઇએ. પણ તે એવી શરતે કે તે મડદુ ફાટી ગયુ ન હોય. અને જો તે ફાટી ગયુ હોય તો કોઈ લૂગડામાં લપેટી દેવુ બસ છે.

જનાઝાની નમાઝના મસઅલા.

સૌ રહમ કરનારાઓના રહમ કરનારથી (મઇયત માટે મારી વાસ્તે) દોઆ કરવી; ખરૂં જોતાં જનાઝાની નમાઝનો એજ હેતુ છે.

(૧) મસઅલો. જનાઝાની નમાઝ વાજેબ થવાની તેજ તમામ શરતો છે કે જે બીજી નમાઝો વાસ્તે અમે ઉપર લખી ચુકયા છીએ. પણ તેમાં એક શરત વધારે છે. અને તે એ છે કે તે માણુસના મરવાની ખબર પણ હોય. ત્યારે જેને એ ખબર થશે નહીં તેનાપર કંઈ દોશ નથી. તેને જનાઝાની નમાઝ પડવાની જરૂર નથી (શામી)

(૨) મસઅલો. જનાઝાની નમાઝ દુરસ્ત થવા વાસ્તે બે તરેહની શરતો છે:—**૧** તો તે શરતો છે કે નમાઝાની નમાઝ પઢનારાઓની સાથે સંબંધ રાખે છે. અને તે (શરતો) તેજ છે કે જે બીજી નમાઝો વાસ્તે ઉપર બયાન કરવામાં આવી એટલે **પાકી, બદન ઢાકવું, કિબલા તરફ મોં કરી ઉભા રહેવું અને નેયત.** પણ એને વાસ્તે વખત શરત નથી. અને એ (નમાઝ) ને માટે નમાઝ નહિ મળશે એવા વિચારથી તયમ્મુમ કરવું જાયઝ છે. દાખલા તરીખે નમાઝ થતી હોય અને વઝુ કરવામાં લાગવાથી નમાઝ પૂરી થઈ જશે એવી બીક હોય તો તયમ્મુમ કરી લીએ પણ બીજી નમાઝોમાં જો વખત ગુજરી જવાની બીક હોય તોપણ તયમ્મુમ જાયઝ નથી.

(૩) મસઅલો. આજકાલ કેટલાક લોકો જનાઝાની નમાઝ જોડા પેહેરીને પઢે છે તેવણુને માટે એ વાત જરૂરી છે કે જે જગ્યાએ તેઓ ઉભેલા હોય તેટલી જગ્યા અને જોડા પાક હોય. અને જો જોડા પગમાંથી કાઢી નાંખવામાં આવે અને તેનાપર ઉભા રેહવાય તો ફકત બને જોડા પાક હોવા જોઇએ ઘણા લોકો એ બાબતમાં બેદરકારી વાપરે છે અને તેથી તેઓની નમાઝ થતી નથી

બીજી તરેહની શરતો તે છે કે જેને મૈયત સાથે સબંધ છે, અને તે છ (શરતો) છે— **૧ લી શરત** મૈયત મુસલમાન હોય તેથી કરીને કાફેર અને મુરતદ (દીનથી ફરીગયલા)ની, (જનાઝાની) નમાઝ (પઢવી) દુરસ્ત નથી. મુસલમાન અગરજો (કબીરા ગુનાહો કરનાર) ફાસેક અથવા (ઇબાદત કે અકીદાની રૂએ) બિદઅતી હોય તોપણ તેના જનાઝાની નમાઝ પઢવી દુરસ્ત છે. પણ જે લોક **મુસલમાન બાદશાહ**ની સામે (નાહક) બળવો કરનારા હોય અથવા લુટારા હોય અને તેઓ **મુસલમાન બાદશાહ**ની (અથવા તેના સિપાહોની) સાથે લડતાં માર્યા જાય તો તેઓની જનાઝાની નમાઝ પઢવી દુરસ્ત નથી. અને જો લડાઈ (માં ઘાયલ થયા) પછી (કેટલેક દહાડે) અથવા પોતાની મોતથી મરી જાય ત્યારે તો તેઓના જનાઝાની નમાઝ પણ પઢવામાં આવશે તેવીજ રીતે જે માણસે પોતાના મા કે બાપ (અથવા બંને)

ને કતલ કીધાં હોય અને તેની સજામાં જો તે (મુસલમાન કાઝીના હુકમથી) માર્યો જાય તો તેની નમાઝ પણ પઢવામાં આવશે નહીં. અને એ લોકોની નમાઝ (તેઓના આ ખરાબ કામોને લીધે) ધિક્કાર અને લઅ્નત અર્થે પઢવામાં આવતી નથી (નહિકે કુફ્ર અર્થે) અને જે માણસે આપઘાત કીધો હોય તેને માટે ખરો મત એજ છે કે તેના જનાઝાની નમાઝ પઢવી દુરસ્ત છે.

(૪) મસઅલો. જે બચ્ચાનાં બાપ અથવા મા મુસલમાન હોય તે બચ્ચું મુસલમાન ગણાશે અને તેના જનાઝાપર નમાઝ પઢાશે. **(૫) મસઅલો.** મય્યિત તેને કહે છે કે જે જીવતું પેદા થયા પછી મરી ગયું હોય અને બચ્ચું જો મુએલું પેદા થાય તો તેનાપર નમાઝ પઢવી દુરસ્ત નથી (શામી વિ.) **૨ જી શરત** મૈયતનું બદન અને કફ્ન હકીકી અને હુકમી નાપાકીયોથી પાક હોવું જોઇએ પણ જો [ગોસલ દીધા પછી] હકીકી નાપાકી તેના બદનથી બાહેર નીકળી તેના બદનને તદન નાપાક કરી નાંખે તો કંઈ હરકત નથી (જનાઝાની) નમાઝ દુરસ્ત થઈ જશે. (રદ્દુલ મોહતાર).

(૬) મસઅલો. જો કોઈ મય્યિત હુકમી નજાસતથી પાક ન હોય એટલે તેને (વઝુ અને) ગોસલ કરાવવામાં આવ્યો હોય, અથવા ગોસલ નહીં દઈ શકાય એવી હાલતમાં તયમ્મુમ (પણ) નહિ કરાવવામાં આવ્યો હોય, તેની નમાઝ દુરસ્ત નથી પણ જો તેને પાક કરવું [ગોસલ કે તયમ્મુમ કરાવવું] નહિ બની શકે એવું હોય, દાખલા તરીકે ગોસલ દીધા વગર અથવા તયમ્મુમ કરાવ્યા વિના (ભૂલથી મૈયતને) દફ્ન કરી ચુકયા, અને કબરપર મટોડી પણ નાંખી દીધી, ત્યારે (ગોસલ કે તયમ્મુમ કરાવવા વાસ્તે કબરમાંથી મૈયતને કાઢયા વિના) તે (મૈયત)ની નમાઝ તેની કબરપર એવીજ (કબરમાં દટાયલી) હાલતમાં પઢવી જાયઝ છે. જો કોઇ મૈયતપર ગોસલ કે તયમ્મુમ કરાવવા વગર નમાઝ પઢવામાં આવી હોય, અને તેને દાટવામાં આવી હોય, અને દાટયા પછી યાદ આવે કે તેને ગોસલ (કે તયમ્મુમ) કરાવવામાં આવ્યો હતો નહીં, તો તેની નમાઝ ફરીથી (બીજી વખતે) તેની કબરપર પઢવામાં આવે કેમકે પેહલી નમાઝ દુરસ્ત થઇ નહીં પણ હવે તો ગોસલ દઈ શકતા નથી તેથી નમાઝ દુરસ્ત થઇ જશે.

(૭) મસઅલો. જો કોઈ મુસલમાન નમાઝ પઢયા વગર દફ્ન કરવા (દાટવા)માં આવે તો જ્યાં સુધી તેનું શરીર ફાટવાની બીક નહીં હોય ત્યાં સુધી તેની કબરપર નમાઝ પઢાશે. જ્યારે એમ ધારવામાં આવે કે હવે તેનું શરીર ફાટી ગયું હશે તો હવે તેનાપર નમાઝ પઢાય નહીં. (દુ. મુખ્તાર, શામી).

(૮) મસઅલો. જે જગ્યાએ મૈયત મુકવામાં આવે તે જગ્યાનું પાક હોવું શરત નથી (રદ્દુલ મોહતાર, ફતાવાએ હિંદીયા (એટલે આલમગીરી). **૩જી શરત** જેટલું બદન ઢાંકવું જોઇએ તેટલું મૈયતનું બદન ઢાંકવું. જો મૈયત તદન નાંગી હોય તો તેનાપર નમાઝ દુરસ્ત નથી. **૪થી શરત** મૈયતનું, નમાઝીયાની આગળ સામે હોવું. જો (જનાઝાની) નમાઝ પઢનારાઓની પાછળ મૈયતને મુકવામાં આવે તો નમાઝ દુરસ્ત નથી. **૫મી શરત** મૈયતનું, અથવા જે ચીજ (જેમકે જનાઝો વિ.) કે જેપર મૈયત મુકવામાં આવી હોય તેનું જમીનપર મુકાયલા હોવું. જો મૈયતને લોકો પોતાના હાથોપર ઉઠાવેલી રાખશે અથવા ગાડી કે કોઇ જનાવરપર મુકાયલી હશે અને તેજ હાલતમાં તેની નમાઝ પઢાશે તો તે [નમાઝ] દુરસ્ત થશે નહીં (દુ મુખ્તાર, શામી વિ).

છઠ્ઠી શરત મય્યિત ત્યાં હાજર હોવી જોઇએ. જો મય્યત ત્યાં મોજૂદ નહી હશે તો નમાઝ દુરસ્ત થશે નહીં. **(૯) મસઅલો.** જનાઝાની નમાઝમાં બે ચીજો ફરઝ છે. (૧) ચાર વખત **અલ્લાહો અકબર** કેહવું. અહીં

દરેક તકબીર એક રકાતને ઠેકાણે ગણાય છે. [૨] કેયામ. એટલે ઉભા રહીને જનાઝાની નમાઝ પઢવી, જેવી રીતે ફરઝ અને વાજેબ નમાઝોમાં કેયામ ફરઝ છે, અને ઉઝર વગર તેને છોડવું જાયઝ નથી. ઉઝરનું બયાન ઉપર કરવામાં આવ્યું.

[૧૦] **મસઅલો.** એ નમાઝમાં રૂકૂઅ કે સિજદો કે કાયદો (બે રકાત કે ચાર રકાત નમાઝ પઢીને બેસવું તે) નથી. **(૧૧) મસઅલો.** જનાઝાની નમાઝમાં ત્રણ ચીજો સુન્નત છે. **(૧)** ખોદાપાકની હમ્દ (તારીફ) કરવી, **(૨)** જનાબ નબી (સલ્લ) પર દરૂદ પઢવું. **(૩)** મૈયતને માટે દોઆ કરવી. જમાઅત એમાં શરત (ફરઝ) નથી. ત્યારે જો એક માણસ પણ જનાઝાની નમાઝ પઢશે તો ફરઝ અદા થઈ જશે પછી તે ઓરત હોય અથવા બાલેગ મરદ હોય અથવા નાબાલેગ (છોકરો) હોય (શામી).

(૧૨) મસઅલો. પણ અહીં જમાઅતની વધારે જરૂર છે. અને તે એટલા માટે કે આ મૈયત વાસ્તે દોઆ છે. અને કેટલાક મુસલમાનોનું એકઠા થઇને ખોદાપાકની જનાબમાં દોઆ કરવી એક ખાસ તરેહની અસર ધરાવનારી વસ્તુ છે કે જેથી ખોદાપાકની રહમત અને દોઆની કબુલીયત તત્કાળે થાય છે

[૧૩] મસઅલો. જનાઝાની સુન્નત અને મુસ્તહબ રીત એ છે કે મય્યિતને પોતાની આગળ રાખી ઇમામ તેની છાતીને સામે બરાબર ઉભો થાય અને સૌ લોકો (જનાઝાની નમાઝની નૈયત) એવી રીતે (નીચે મૂજબ) કરે:— "મેં એવી નૈયત કીધી કે જનાઝાની નમાઝ પઢું છું કે જે ખોદાપાકની નમાઝ છે અને મૈયતને માટે દોઆ છે." એ(વી રીતે) નૈયત કીધા પછી બંને હાથો કાન સુધી ઉઠાવીને એક વખતે **અલ્લાહો અકબર** કહીને બંને હાથોને નમાઝની પેઠે બાંધી લીએ.

પછી **સુબ્હાનકલ્લાહુમ્મા** (નમાઝમાં જે સના પઢાય છે તે) છેવટ સુધી પઢીને એક વખતે **અલ્લાહો અકબર** કહે પણ આ વખતે [અલ્લાહો અકબર કેહતી વખતે] હાથ ઉઠાવે નહીં (પણ તેવાજ બાંધેલા રહેવા દે). તે પછી દરૂદે શરીફ (જે યાદ હોય તે) પઢે. અને વધારે સારૂં એ છે કે નમાઝમાં જે દરૂદ (દરૂદે ઇબ્રાહીમી) પઢવામાં આવે છે તે પઢાય. પાછો એક વખતે અલ્લાહો અકબર કહે અને એ વખતે પણ હાથ ઉઠાવે નહીં એ તકબીર પછી મઇયતને માટે દોઆ કરે જો તે [મૈયત] બાલેગ હોય, પછી મરદ હોય કે ઓરત અને (ઇમામ અને મુકતદીઓ) આ દોઆ પઢે:—

અલ્લાહુમ્મગફિર લેહઇયેના વ મૈયેતેના, વ શાહેદેના વ ગાએબેના, વ સગીરેના વ કબીરેના, વ ઝ-ક-રેના વ ઉનસાના અલ્લાહુમ્મા મન અહયયતહુ મિન્ના, ફઅહયેહી અલલ ઇસલામે, વ મન તવફ્ફયતહુ મિન્ના, ફતવફ્ફહુ અલલ ઇમાને."

અને બીજી હદીસોમાં આ દોઆ પણ આવેલી છે:—

"અલ્લાહુમ્મગફિર લહુ વરહમહો વ આફેહી વઅ્ફો અનહો, વ અકરિમ નોઝો-લહુ, વગસિલહો બિલ માએ વસ સલજે વલ બર્દે, વ નક્કેહી મિનલ ખતાયા, કમા યોનકકસ સૌબુલ અબયદો, મિનદ-દ-ન સે, વબદિલહો દારન ખૈરમ, મિન દારેહી, વ અહલન ખૈરમ મિન અહલેહી, વ ઝોજન ખૈરમ મિન ઝોજેહી વ અદખિલહુલ જંનતા, વ અઇઝહો મિન અઝાબિલ કબ્રે વ અઝાબિન નાર"

અને જો મઝકૂર બંને દોઆઓને સાથે પઢે તો પણ બહેતર છે કેમકે મહાન આલેમ (સૈયદ મોહંમદ બિન આબેદીન દમિશકી) શામી (રહ) એ (પોતાની મશહૂર કિતાબ, દુર્રે મુખ્તારની શરેહ) **રદ્દુલ મોહતાર** (કે જેનું બીજું નામ લોકોમાં મશહૂર **શામી છે** તે) માં બંને (મઝકૂર) દોઆઓને સાથેજ લખી છે.

એ દોઆઓ ઉપ્રાંત બીજી દોઆઓ પણ હદીસોમાં આવેલી છે અને તે (દોઆ) ઓને અમારા (હનફી) ફિકેહના આલેમોએ પણ લખી છે જે દોઆ પસંદ પડે તેને પઢે. અને જો મેયત નાબાલેગ છોકરો હોય તો આ દોઆ પઢે:—

"અલ્લાહુમ્મજઅલહો લના—ફ—ર તંવ, વજઅલહો લના અજરંવ વ ઝુખરંવ, વજઅલહો લના શાફેઅંવ વ મોશફ્ફઆ" અને જો નાબાલેગ છોકરી હોય ત્યારે પણ એજ દોઆ (પઢવાની) છે. માત્ર ફરક એટલોજ છે કે ત્રણે **"ઈજઅલહો"** ની જગ્યાએ **"ઈજઅલહા"** અને **"શાફેઅંવ વ મોશફ્ફઆ"** ને ઠેકાણે **"શાફેઅતંવ વ મોશફ્ફઅહ"** પઢે.

જ્યારે આ (ત્રીજી તકબીર પછીની દોઆઓમાંથી અનુસરતી) દોઆ પઢી લીએ તો પાછી એક વાર **"અલ્લાહો અકબર"** કહે અને આ વખતે પણ હાથ ઉઠાવે નહીં. અને આ તકબીર પછી સલામ ફેરવી દીએ જેવી રીતે કે નમાઝમાં સલામ ફેરવવામાં આવે છે. એ [જનાઝાની] નમાઝમાં અત્તહીયાત અને કુરઆને શરીફ* વિગેરે પઢવાનું નથી.

[૧૪] મસઅલો. જનાઝાની નમાઝ ઈમામ અને મુકતદી બંનેને માટે એક સરખી છે માત્ર ફરક એટલો છે કે ઈમામ, તકબીરોને અને સલામને જોરથી બોલશે અને મુકતદીઓ ધીમા સાદે (બોલશે). બાકી ચીજો એટલે સના અને દરૂદ અને દોઆ મુકતદીઓ પણ ધીમા સાદે પઢશે અને ઈમામ પણ ધીમા સાદે પઢશે.

(૧૫) મસઅલો. જનાઝાની નમાઝમાં હાજર થયલા લોકોની (નમાઝ વાસ્તે) ત્રણ સફો કરી દેવી જોઈએ તે અહીં સુધી કે જો (હાજર થયલા) ફક્ત સાત માણસો હોય તો એક માણસ તેઓમાંથી ઈમામ અને, અને પેહલી સફમાં ત્રણ માણસો ઉભા થાય, બીજીમાં બે અને ત્રીજીમાં એક (શામી).

(૧૬) મસઅલો. જે ચીજોથી બીજી નમાઝો ફાસેદ થાય [ટુટી જાય] છે તે ચીજોથીજ જનાઝાની નમાઝ પણ ટુટી જાય છે; માત્ર ફરક એટલોજ છે કે જનાઝાની નમાઝમાં કહકહા (ખડખડ હસવા) થી વઝુ ટુટતો નથી. અને ઓરતોની મોહાઝાતથી પણ નમાઝમાં ફસાદ આવતો નથી

(૧૭) મસઅલો. જનાઝાની નમાઝ તે મસીદમાં પઢવી મકરૂહ તહરીમી છે કે જે મસીદ પાંચ વખતોની અથવા જુંમ્માની અથવા બંને ઈદોની નમાઝ પઢવા વાસ્તે બનાવવામાં આવી હોય પછી જનાઝો મસીદની અંદર હોય અથવા બાહેર મુકવામાં આવેલો હોય અને નમાઝીયો અંદર ઉભેલા હોય. પણ જે (મસીદ) ખાસ જનાઝાની નમાઝ પઢવા વાસ્તે બનાવવામાં આવી હોય તેમાં મકરૂહ નથી. (શામી, દુ. મુખ્તાર, બહર વિગેરે) ❋

(૧૮) મસઅલો. જનાઝાની નમાઝમાં એટલા માટે વાર લગાડવી કે લોકો વધારે એકઠા થઈ જમાઅતમાં વધારો થાય મકરૂહ છે (દુ. મુખ્તાર, બહર વિ.)

૧૯ મસઅલો. જનાઝાની નમાઝ વગર ઉજરે બેસીને અથવા સવાર થઈને પઢવી જાયઝ નથી. (દુ. મુખ્તાર).

(૨૦) મસઅલો. જો એકજ વખતે ઘણા જનાઝા એકઠા થઈ જાય તો બેહતર એ

---

* હનફીઓના મહાન ઈમામ ઈબ્ને હુમામ (રહ) જેવણને તમામ આલેમોએ અસહાબે તરજીહમાં ગણેલા છે તેવણે તેમજ માલાબુદ મિન્હોનો હાશીયો લખનારા ચારે ફાઝેલોએ જનાઝાની નમાઝ મસીદમાં પઢવાને મકરૂહે તનઝીહી ગણી છે અને એજ મતને સહીહ ગણેલો છે. દલીલો બંને પક્ષવાળાઓની હિદાયાની શરેહ ઐનુલ હિદાયામાં જોવા લાયક છે.

છે કે દરેક જનાઝાની નમાઝ જુદી જુદી પઢવામાં આવે અને જો તમામ જનાઝાઓની એકજ નમાઝ પઢવામાં આવે તોપણ જાયઝ છે. અને તે વખતે જોઇએ કે સઘળા જનાઝાઓની સફ (હાર) બાંધવામાં આવે જેની સારી રીત એ છે કે એક જનાઝા પાસે બીજો જનાઝો મુકી દેવામાં આવે કે સઘળાના પગો એક દિશાએ હોય, અને સઘળાનાં માથાં એક દિશાએ હોય, અને આવી રીતે ગોઠવવું બેહતર એટલાજ વાસ્તે છે કે એમ મુકવાથી સઘળી મૈયતોની છાતી ઇમામની બરાબર સામે રેહશે જે કે સુંનત છે.

(૨૧) મસઅલો. જો જનાઝાઓ જુદી જુદી જાતીના હોય તો તેઓની હાર નીચે પ્રમાણે ગોઠવવામાં આવે:—ઇમામની પાસે મરદોના તેઓ પછી છોકરાઓના તેઓ પછી બાલેગ ઓરતોના અને તેઓ પછી નાબાલેગ છોકરીઓના જનાઝા મુકવામાં આવે. (દુ. મુખ્તાર).

(૨૨) મસઅલો. જનાઝાની નમાઝમાં કોઈ માણુસ એવે વખતે જઈ પોહોંચ્યો કે કેટલીએક તકબીરો તેના આવ્યા પેહલાં થઈ ચુકી હોય, ત્યારે જેટલી તકબીરો થઈ ગઈ હોય તેઓને માટે તે મસબુક ગણાશે. અને તેને જોઇએ કે આવવાની સાથેજ બીજી નમાઝોની પેઠે તકબીરે તહરીમા કહીને નમાઝમાં શામેલ નહીં થઇ જાય, પણ ઇમામની તકબીર કેહવાની રાહ જુએ, જ્યારે ઇમામ તકબીર કહે ત્યારે એ પણ કહે (અને શામેલ થઇ જાય). અને એ તકબીર એ (મોડે આવનાર માણુસ) ને વાસ્તે તકબીરે તહરીમા થશે. પછી જ્યારે ઇમામ સલામ ફેરવી દીએ ત્યારે એ માણુસ પોતાની ખુએલી તકબીરોને અદા કરી લીએ. અને તેમાં કંઈ પણ પઢવાની જરૂર નથી. જો કોઇ એવે વખતે પોહોંચે કે ઇમામ ચોથી તકબીર પણ કહી ચુકયો છે, ત્યારે તે માણુસ આ (ચોથી) તકબીરને માટે મસબૂક ગણાશે નહીં. અને તેને જોઇએ કે તરતજ તકબીર કહીને નમાઝમાં શરીક થઈ જાય; અને નમાઝ થઇ ગયા પછી પોતાની ખુએલી તકબીરોને કહી લીએ.

(૨૩) મસઅલો. જો કોઇ માણુસ તકબીરે તહરીમા એટલે પેહલી તકબીર અથવા કોઇ બીજી તકબીર (ઇમામ બોલ્યો તે) વખતે હાજર હતો અને નમાઝમાં શામેલ થવાને તત્પર હતો તો તેને જોઇએ કે તરત તકબીર કહી નમાઝમાં શામેલ થઈ જાય, ઇમામની બીજી તકબીરની રાહ નહીં જુએ. અને જે તકબીર વખતે હાજર હતો તે તકબીર ફરીથી બોલવાની એને જરૂર નથી, ઇમામ બીજી તકબીર કહે તે પેહલાં એ શામેલ થઇ તે તકબીર કહી દીએ અગરજો ઇમામની સાથે નહી બોલવામાં આવે. (બહર).

(૨૪) મસઅલો. જનાઝાની નમાઝનો મસબૂક જ્યારે પોતે ખુએલી તકબીરોને અદા કરે અને તેને એ વાતની બીક હોય કે જો હું દોઆ પઢવામાં લાગીશ તો વાર લાગશે અને જનાઝો ઉઠી જશે, તો [તકબીરો વચ્ચેની] દોઆ પઢે નહીં **[૨૫] મસઅલો.** જનાઝાની નમાઝમાં જો કોઈ માણુસ લાહેક થઈ જાય તો તેને વાસ્તે તેજ મસઅલા છે કે જે બીજી નમાઝોના લાહેક માટે છે (બહર). **(૨૬) મસઅલો.** જનાઝાની નમાઝમાં સૌથી વધારે હક નમાઝ પઢવવાનો બાદશાહને છે, અગરજો તકવો અને પરહેઝગારીમાં બીજા લોકો તેના કરતાં બેહતર ત્યાં હાજર હોય (પણ તેઓનો હક નથી કે ઇમામ બને). અને જો બાદશાહ નહિ હોય તો તેનો નાએબ એટલે તે [બાદશાહ]ના તરફથી જે માણુસ તે જગ્યાનો હાકેમ નીમાયલો હોય તેનો હક છે કે તે ઇમામ બને અગર જો દીનદારીમાં તેના કરતાં ચઢી[illegible]ના લોકો ત્યાં મોજૂદ હોય.

જો તે નહીં હોય તો શેહેરનો કાઝી, તે નહિ હોય તો તેનો નાએબ, એ લોકોમાંથી કોઈ હાજર હોય તો તેઓની રજા વિના બીજા કોઇને ઇમામ બનાવવું જાયઝ નથી, તેઓનેજ ઇમામ બનાવવું

વાજેબ છે. જો એ લોકોમાંથી તે જગ્યાએ કોઈ હાજર ન હોય તો તે મોહલ્લા (ની મસીદ) નો ઈમામ (નમાઝ પઢાવવાનો) હકદાર છે પણ તેમાં શરત એ છે કે મરનારનાં સગાંઓમાં કોઈ માણસ (દીનદારી અને દીની ઈલ્મમાં) તે (ઈમામ)ના કરતાં બેહેતર નહીં હોય નહીં તો મૈયતના તે સગાં જેઓ વલી હોવાનો હક ધરાવતા હશે, ઈમામ બનવાનો હક ધરાવશે. અથવા તે લોકો જે માણસને (ઈમામત કરવાની) પરવાનગી દીએ. જો મૈયતના વલીની રજા વગર કોઈ એવા માણસે નમાઝ પઢાવી કે જેને ઈમામ બનવાનો હક નથી તો વલીને અખત્યાર છે કે બીજી વખતે ફરીથી (જનાઝાની) નમાઝ પઢે. તે એટલે સુધી કે જો મૈયતને દફન કીધી હોય તો (વલી) તેની કબર પર નમાઝ પઢી શકે છે, જ્યાં સુધી કે બદન ફાટવાનો સંભવ ન હોય.

(૨૭) મસઅલો. મૈયતના વલીની રજા વગર જો એવા માણસે (જનાઝાની) નમાઝ પઢાવી દીધી કે જેને ઈમામ બનવાનો હક છે તો મૈયતનો વાલી ફરીથી નમાઝ પઢી શકતો નથી. એવીજ રીતે મૈયતના વાલીએ બાદશાહ [કે હાકેમ]-ની ગેરહાજરીમાં [જનાઝાની] નમાઝ પઢાવી દીધી તો બાદશાહ (કે હાકેમ) ને અખત્યાર નથી કે ફરીથી (તે મૈયતની) નમાઝ પઢે એટલુંજ નહીં પણ ખરો મત (આ મસઅલામાં) એ છે કે બાદશાહ વિગેરેની હાજરીમાં પણ મૈયતનો વલી નમાઝ પઢાવી દીએ ત્યારે પણ બાદશાહ વિગેરેને (નમાઝ) ફરીથી પઢવાનો અખત્યાર નથી. અગરજો એવી હાલતમાં તે વખતના બાદશાહ [કે હાકેમ]ને ઈમામ નહીં બનાવવાથી વાજેબ છોડવાનો ગુનો મૈયતના વાલીયોને માથે થશે (શામી). મતલબ એ કે એક જનાઝાની નમાઝ કેટલીક વખતે પઢવી જાયઝ નથી. પણ વલીયે મૈયતને એ અખત્યાર ત્યારે છે કે જ્યારે ઇમામતનો હક નહીં ધરાવનારે નમાઝ પઢાવી દીધી હોય તેથી [તેને] બીજી વખતે પઢવી જાયઝ છે.

(મૈયતને) દફન કરવાના મસઅલા.

(૧) મસઅલો. મૈયતને જમીનમાં (શરીઅત મૂજબ) દાટી દેવું ફર્ઝે કિફાયા છે જેવી રીતે કે તે (મૈયત) ની નમાઝ અને ગોસલ (ફર્ઝે કિફાયા છે). **(૨) મસઅલો.** જ્યારે મૈયતની નમાઝ પઢી ચુકાય તો તરતજ જ્યાં તેની કબર ખોદવામાં આવી હોય ત્યાં લઈ જવામાં આવે. **(૩) મસઅલો.** જો મૈયત નાનું ધાવતું બચ્ચું કે તેના કરતાં જરા મોટું હોય તો તેને (જનાઝામાં મુકવું નહી) પણ એક બીજાના હાથો પર લઈ જવામાં આવે એટલે એક માણસ તેને પોતાના બંને હાથો પર ઉઠાવી લીએ. પછી તેની પાસેથી એવીજ રીતે બીજો માણસ લીએ એવીજ રીતે એક બીજાના હાથો પર બદલતા લઇ જાય અને જો મૈયત કોઇ મોટી ઉમ્મરનું માણસ હોય તો તેને કોઈ પલંગ (ખાટલા કે જનાઝા) વિગેરે પર મુકીને ખભાઓ ઉપર ઉઠાવવું જોઇએ, માલના બોજાની પેઠે ગરદન પર લાદવું મકરૂહ છે. એવીજ રીતે તેને કોઈ જનાવર કે ગાડી પર મુકીને લઈ જવું મકરૂહ છે.

(૪) મસઅલો. મૈયતને ઉઠાવવાની મુસ્તહબ રીત એ છે કે પેહલાં તે (જનાઝા)નો જમણો પગ પોતાના જમણા ખભા પર મુકે અને ઓછામાં ઓછા દસ ડગલાં ચાલે તે પછી પાછલો જમણો પગ જમણાજ ખભાપર મુકીને લગભગ દસ ડગલાં ચાલે, તે પછી આગલો ડાબો પગ ડાબા ખભાપર મુકે અને (તેટલુંજ ચાલે) પછી પાછલો ડાબો પગ ડાબા ખભાપર મુકીને ઓછામાં ઓછા દસ ડગલાં ચાલે કે જેથી ચારે બાજુએ મળી ચાળીશ ડગલાં થઇ જાય.

(૫) મસઅલો. જનાઝાને જલદી જલદી લઇ જવું સુંનત છે. પણ એટલી જલદી નહીં કે લાશ આમતેમ હાલવા લાગે (શામી).

(૬) મસઅલો. જે લોકો જનાઝાની સાથે જાય તે લોકોને, ખાંધપરથી જનાઝો ઉતા-

રી નીચે મુકાય તે પેહલાં બેસવું મકરૂહ છે. પણ કોઈ એવી જરૂર બેસવાની આવી પડે તો બેસવામાં કંઇ હરકત નથી. (રદદુલ મોહતાર) **(૭) મસઅલો.** જે લોકો જનાઝાની સાથે ન હોય પણ કયે બેઠેલા હોય તે લોકોને જોઇએ કે જનાઝાને જોઇને ઉભા નહીં થાય. (શામી, દુ. મુખ્તાર વિ).

(૮) મસઅલો. જનાઝાની સાથે ચાલનારાઓને મુસ્તહબ છે કે જનાઝાની પાછળ ચાલે, અગરજે આગળ ચાલવુ પણ જાયઝ છે. પણ [હાજર] સઘળા લોકો (ચાલવામાં) જનાઝાની આગળ થઈ જાય તો મકરૂહ છે. એવીજ રીતે જનાઝાની આગળ કોઇ સવારીપર બેસીને ચાલવું પણ મકરૂહ છે. (શામી)

(૯)મસઅલો. જનાઝાની સાથે પગે ચાલવું મુસ્તહબ છે, અને જો સવારીપર (બેઠેલો) હોય તો જનાઝાની પાછળ રહે (દુ મુખ્તાર).

(૧૦) મસઅલો. જનાઝાની સાથે જે લોકો હોય તેઓને કોઈ પણ દોઆ કે ઝિકરને મોટે સાદ પઢવુ મકરૂહ (તહરીમી) છે. (દુ મુખ્તાર) * **(૧૧) મસઅલો.** મૈયતની કબર તેના કદથી ઓછામાં ઓછી અર્ધી ઉંડી ખોદાય, અને (તેના) કદ કરતાં વધારે ઉંડી ખોદાય નહી, અને તેના કદ જેટલી લાંબી હોય. અને સંદૂકી પેટી જેવી [કબર] કરતાં બગલી કબર સારી છે. પણ જો ભોંય એવી પોચી હોય કે ખોદવાથી બગલીની બેસી જવાની બીક હોય તો બગલી કબર નહિ ખોદવી. (બહર).

(૧૨) મસઅલો. જો બગલી કબર નહીં ખોદી શકાય તો મૈયતને કોઈ પેટીમાં મુકીને દાટી દેવામાં આવે પછી પેટી લાકડાની હોય, લોઢાની હોય કે પથ્થરની હોય. પણ એ પેટીમાં મટોડી પાથરેલી હોય તો બેહતર છે (બહર, દુ મુખ્તાર વિ). **(૧૩) મસઅલો.** જ્યારે કબર તૈયાર થઈ જાય, તો મૈયતને કિબલા તરફથી કબરમાં ઉતારવામાં આવે અને તેની રીત એ છે કે જનાઝાને કબરથી જે દિશાએ કિબલો હોય તે તરફ મુકવામાં આવે અને મૈયતને ઉઠાવીને કબરમાં મુકી દીએ.

(૧૪) મસઅલો. કબરમાં ઉતારનારાઓ એકી હોય કે બેકી હોય એને માટે સુંન્નત (શરીફ) માં કોઈ અમુક સંખ્યા નીમાયલી નથી. જનાબ નબી (સલ) ને આપ (સલ) ની પાક કબરમાં ચાર માણસોએ ઉતાર્યા હતા. (શામી). **(૧૫) મસઅલો.** કબરમાં (મુડદાને) મુકતી વખતે "**બિસમિલ્લાહે વ અલા મિલ્લતે રસુલિલ્લાહે**" કહવુ મુસ્તહબ છે. **(૧૬) મસઅલો.** મૈયતને કબરમાં મુકી જમણી બાજુ ભણી તેનુ મો કિબલા તરફ કરી દેવું સુન્નત છે (શામી).

(૧૭) મસઅલો. કબરમાં મુકયા પછી કફન ખુલી નહી જાય તેટલા માટે જે ગાંઠ મારવામાં આવે છે તેને ખોલી દેવી જોઇએ (બહર). **(૧૮) મસઅલો.** એ પછી કાચી ઈંટો અથવા નરકલ (બરગા)થી તેને બંધ કરી દીએ. પાકી ઈંટો અથવા લાકડાનાં પાટીયાઓથી બંધ કરવું મકરૂહ છે પણ જે ઠેકાણે ભોંય ઘણી નરમ હોય કે કબર ધસી જવાની બીક હોય ત્યાં પાકી ઇંટોઓ અથવા લાકડાનાં પાટીયાં મુકવાં પણ જાયઝ છે (દુ મુખ્તાર).

(૧૯) મસઅલો. કબરમાં ઉતારતી વખતે ઓરત (ની મૈયત) પર પડદો પકડવો મુસ્તહબ છે. અને મૈયતનું શરીર દેખાઈ જવાની જો બીક હોય ત્યારે તો પડદો કરવો વાજેબ છે. (શામી). **(૨૦) મસઅલો.** દફન કરતી વખતે મરદોપર પડદો કરવો નહીં જોઇએ પણ વરસાદ પડી રહેલો હોય અથવા બરફ પડતું હોય

---

* મુંબઇ વિગેરે શેહેરોમાં જનાઝા આગળ જોરથી "લાએલાહા ઈલલલ્લાહ" પઢાવતાં કે મોલુદ પઢાવતાં ચલાવવાનો ખોટો રિવાજ અને બિદઅત છે (જુઓ મજાલેસુલ અબરાર) તે શેહરોના રેહનારાઓએ એ મસઅલાપર ખાસ ધ્યાન આપવું.

અથવા સખત તાપ હોય તો એવા ઉજર વખતે જાયઝ છે.

(૨૧) મસઅલો. જ્યારે મૈયતને કબરમાં મુકી ચુકે ત્યારે તેની કબરમાંથી જેટલી મટોડી કાઢી હોય તે સઘળી તેનાપર નાંખી દીએ તેથી વધારે મટોડી નાંખવી મકરૂહ છે, કે જ્યારે વધારે હોય અને કબર એક વેત કરતાં વધારે ઉંચી થઈ જાય અને જો થોડી ઉંચી રહે તો મકરૂહ નથી. (રદદુલ મોહતાર). **(૨૨) મસઅલો.** કબરમાં મટોડી નાંખતી વખતે મુસ્તહબ છે કે માથા તરફથી (નાંખવી) શરૂ કરે અને દરેક જણ પોતાના બને હાથો ભરીને મટોડી કબરમાં નાખે અને પેહલી વખતે (જ્યારે નાંખે ત્યારે) કહે **મિન્હા ખલક-નાકુમ** અને બીજી વખતે પઢે **વ ફીહા નોઈ-દોકુમ** અને ત્રીજી વખતે બોલે **વ મિન્હા નુખ-રેજોકુમ તા-રતન ઉખરા** (રદદુલ મોહતાર).

(૨૩) મસઅલો. દફન કીધા પછી થોડીવાર કબર પાસે થોભવું અને મૈયતને વાસ્તે તેના ગુનાહોની માફીની દોઆ કરવી અથવા કુર્આન શરીફ (માંથી કંઈક) પઢીને તેના સવાબ તેને પોંચાડવું મુસ્તહબ છે. (દુ. મુખ્તાર વિ.) **(૨૪) મસઅલો.** મટોડી નાંખ્યા પછી કબર-પર પાણી છાંટવું મુસ્તહબ છે. (શામી વિ).**(૨૫) મસઅલો.** કોઈ મૈયતને પછી તે નાનું મોટું ગમે તેવું માણસ હોય તેના પોતાના (રેહવાના) ઘરમાં દફન નહી કરવુ જોઇએ. કેમકે એ અંબીયા (નબીયો અલ૦) ને માટે ખાસ છે (દુ. મુખ્તાર).

(૨૬) મસઅલો. કબર ચોખુટ બનાવવી મકરૂહ છે. મુસ્તહબ એ છે કે ઉટની ખુંધ જેવી ઉંડેલી બનાવવામાં આવે અને તે (કબર)ની ઉંચાઈ એક વેંત અથવા તે કરતા કંઇક ઉંચી હોય. [દુ. મુખ્તાર, શામી]. **(૨૭) મસઅલો.** એક વેંત કરતાં ઘણી વધારે કબરને ઉંચી કરવી મકરૂહે તહરીમી છે. કબરને ચણાવવી અથવા તેને મટોડીથી લીપવી મકરૂહ છે × (દુ. મુખ્તાર).

(૨૮) મસઅલો. દફન કીધા પછી કબર પર કોઈ ઇમારત જેવી રીતે કે ગુંબદ કે કુબ્બો વિગેરે (દબદબા કે) ભપકા અર્થે હરામ છે; અને પાયદારીની નૈયતથી બનાવવા મકરૂહ છે (શામી). કોઇ વાતને યાદ રાખવા અર્થે મૈયતની કબર પર કંઇ લખવુ જાયઝ છે, પણ તે એવી શર્તે કે કંઇ ખાસ તેવી જરૂર હોય નહીં તો જાયઝ નથી (શામી). પણ આ જમાનામાં આમ મુસલ-માનોએ પોતાના અકીદાઓ અને અમલોને ઘણાજ ખરાબ બનાવી દીધા છે અને એ બુરાઇઓને લીધે મબાહ પણ નાદુરસ્ત (મકરૂહે તહરીમી) થઇ જાય છે, તેથીકરીને એવા કામો (કબર પર કંઈ લખવુ વિગેરે) તદન નાજાયઝ ગણાશે. અને એ લોકો જે જરૂરો (એ લખવા વિગેરે બાબત) બયાન કરે છે એ સઘળા નફસાની બહાના છે જેને તેઓ પોતાના મનમાં સારી પેઠે સમજે છે.

શહીદના મસઅલાઓ.

શહીદ થયલો માણસ અગરજે જાહેરમાં મૈયત છે પણ બીજા આમ મૈયતોના હુકમો તેને માટે લાગુ પડશે નહીં. અને તેની મોટી બુઝુર્ગીઓ છે તેથી તેના હુકમો જુદા બયાન કરવા ઠીક લાગે છે. હદીસોમાં શહીદોના ઘણા પ્રકાર આવેલા છે. કેટલાક આલેમોએ તે પ્રકારને એકઠા કરવાને ખાસ એ બાબતમાં રિસાલાઓ છાપ્યા છે. પણ અમને આ ઠેકાણે જે શહીદને માટે મસઅલાઓ બયાન કરવાનો ઈરાદો છે તે તે શહીદને વાસ્તે ખાસ છે જેમાં આ (નીચે લખેલી) કેટલીક શર્તો મળી આવે—

(૧) લી શર્ત. મુસલમાન હોય ત્યારે ગેર મુસલીમને માટે કોઇની ગવાહી (કે એ શહીદ છે) સાબેત થઈ શકતી નથી **(૨) જી શર્ત.** " મોકલ્લેફ " એટલે અકલવાલો અને જુવાનીએ પોંહચેલો હોય ત્યારે જે માણસ ગાંડપણમાં કતલ કરવામાં આવે અથવા જુવાન થવા આગળ (માર્યો જાય) તો તેને માટે શહીદ વિષેના મસઅલા

× ત્યારે વિચારી લીઓ કે સંદલ કે અત્તર તેના પર લગાડવો કેવી રીતે જાયઝ થાય !

કે જે અમે આગળ જતાં બ્યાન કરશું, લાગુ પડશે નહીં.

[૩] જી શર્ત. મોટી નાપાકીથી તે પાક હોય. કોઈ મરદ ગોસલની હાલતમાં અથવા કોઈ ઓરત હેઝ કે નફાસની હાલતમાં શહીદ થાય તો તેને માટે પણ શહીદ બાબતના તે મસઅલાઓ લાગુ પડશે નહીં. **(૪) થી શર્ત.** વગર ગુનાહે માર્યો જવું. ત્યારે કોઇ માણસ ગુન્હો કરવાથી કતલ કરવામાં આવ્યો અને તે શરીઅતનો કોઇ ગુન્હો હતો અથવા કતલ કરવામાં તો નહીં આવ્યો પણ પોતાની મોતે મરણ પામ્યો હોય તો તેને માટે પણ શહીદને માટે લખેલા મસલાઅઓ લાગુ પડશે નહીં.

(૫) મી શર્ત. જો કોઇ મુસલમાન કે ઝિમ્મીને હાથે માર્યો જાય તો શરત એ છે કે ઘા કરનારા કોઈ હથિયારથી મારવામાં આવેલો હોય. જો કોઇ મુસલમાન કે ઝિમ્મી (મુસલમાન હાકેમની હકુમતમાં રેહનાર અમાન દેવાયલા કાફર)ને હાથે કોઇ એવી ચીજથી માર્યો જાય કે જે ઘાયલ કરનારો હથિયાર નહીં હોય જેવી રીતે કે કોઇ પથ્થર વિગેરેથી કતલ કરવામાં આવે તો તેના પર શહીદના હુકમો લાગુ પડશે નહી

અને કોઈ માણસ જો હરબી કાફરો (કાફેર હાકેમની અમલદારીમાં રહેનાર કાફરો) અથવા બગાવાખોરો અથવા લુટારાઓને હાથે માર્યો જાય, અથવા તેઓની સાથે જ્યાં લડાઇ થઈ હોય ત્યાં કતલ થયલો મળી આવે તો તેને વાસ્તે ઘાયલ કરનાર હથિઆરથી કતલ થવું શરત નથી. તે એટલેસુધીકે જો કોઇ પથ્થર (કે લાકડી) વિગેરેથી પણ તે લોકો મારી નાંખશે તો શહીદના મસઅલા તેને લાગુ પડશે. એટલુંજ નહીં પણ પોતે તે લોકો કતલ કરનાર થાય એપણ શરત નથી, પણ જો કતલ થવાનાં કારણ પણ બન્યા હોય એટલે તે લોકો એવાં કામ કરે કે જેથી તેની મોત નીપજે ત્યારે પણ શહીદના હુકમો તેને લાગુ પડશે.

૧લો દાખલો. કોઇ હરબી વિગેરેએ પોતાના જનાવરથી કોઈ મુસલમાનને કચડી કાઢયો અને પોતે તે જાનવરપર સવાર હતો. **૨.** કોઇ મુસલમાન કોઇ જનાવરપર બેઠેલો હતો તે જનાવરને (કોઇ) હર્બી વિગેરેએ (ઉસકેરી) નહસાડયો જેથી મુસલમાન તે જનાવરથી પડીને મરી ગયો **૩.** કોઇ હર્બી વિગેરેએ કોઇ મુસમાનના ઘર કે વ્હાણમાં આગ લગાડી દીધી, જેથી કોઈ (મુસલમાન) બળીને મરી ગયું (બહર).

૬ઠી શર્ત. તે કતલના બદલામાં શરૂઆતમાં શરીઅત તરફથી કોઈ તરેહનો માલનો [દંડ] બદલો મુકર્રર કરવામાં આવેલો નહોય પણ તેને માટે કતલનીજ સજા વાજેબ થઇ હોય જો માલનો બદલો (દંડ ભરવો શરીઅતમાં) મુકર્રર હશે ત્યારે પણ તે કતલ થયલા માણસપર શહીદના હુકમો લાગુ પડશે નહી, અગર જો જુલમથી કતલ કરવામાં આવે

૧લો દાખલો. કોઇ મુસલમાન બીજા મુસલમાનને, ઘાયલ કરનાર હથિયારથી, કતલ કરી નાંખે **(૨) જો.** કોઈ મુસલમાન બીજા મુસલમાનને ઘાયલ કરનાર હથિયારથી કતલ કરે પણ ભૂલથી (કતલ કરે જાણી જોઇને નહી) દાખલા તરીખે કોઈ જનાવર કે નેમેલી જગ્યાપર હુમલો કરે અને હથિયાર (અણધારે) કોઇ (મુસલમાન) ઇનસાનને લાગી જાય.

(૩) જો. લડાઈના મેદાન સિવાય કોઈ માણસ કોઈ બીજી જગ્યાએ કતલ થયલો મળી આવે, અને તેને કોણે માર્યો છે તે જણાય નહી. એ તમામ હાલતોમાં (શરીઅતના હુકમ પ્રમાણે) આ કતલના બદલામાં માલ (દેવો) વાજેબ થાય છે પણ કિસાસ (કતલ કરવું) વાજીબ થતું નથી તેથી શહીદના હુકમો અહી લાગુ પડશે નહિ. માલનો બદલો મુકર્રર થવામાં શરૂઆતનો શબ્દ એટલાજ માટે ખાસ લગાડવામાં આવ્યો છે કે જો શરૂઆતમાં કિસાસ મોકર્રર કરવામાં આવ્યો

હોય, પણ કોઈ રોકાણને લીધે કિસાસ માફ થઈને તેના બદલામાં માલ (દંડ) દેવો વાજીબ થયો હોય, તો ત્યાં શહીદના હુકમો લાગુ પડશે.

૧ લો દાખલો. કોઇ માણસ ઘાયલ કરવાના હથિયારથી જાણી જોઇને જુલમથી મારી નાંખવામાં આવે પણ કતલ કરનાર અને માર્યો જનારના વારસોની વચ્ચે કંઈ માલના બદલામાં સુલેહ થઈ ગઈ હશે તો એ હાલતમાં પેહલાંથીજ કિસાસ વાજેબ થયો હતો અને શરૂઆતમાં માલ વાજેબ નહિ થયો હતો તેથી અહી શહીદના હુકમો લાગુ પડશે.

૨જો દાખલો. બાપ પોતાના છોકરાને ઘાયલ કરવાના હથિયાર વડે કતલ કરી નાંખે તો એ હાલતમાં શરૂઆતમાં કિસાસજ વાજીબ થયો હતો શરૂઆતમાં માલ વાજેબ થયો હતો નહીં, પણ બાપ હોવાના માનને અર્થે કિસાસ માફ થઈ તેના બદલામાં માલ વાજેબ થઇ જશે તેથી અહીં પણ શહીદના હુકમો લાગુ પડશે.

૭મી શર્ત. ઘા લાગ્યા પછી તે આરામ કે જીંદગીનો કોઇ ફાયદો નહિ ઉઠાવે જેવાંકે ખાવું, પીવું, સુવું, દવા કરવી, વેચવું, ખરીદવું વિગેરે તે કરવા પામે નહીં, અને તેમજ એક નમાઝ જેટલો વખત અકકલ હોશીયારીમાં જીંદગી સાથે ગુજારે, અને તેમજ અકકલ હોશિયારીમાં તેને લડાઇના મેદાનમાંથી ઉઠાવી લાવવામાં પણ નહિ આવે, પણ જનાવરોથી કચડાઈ જવાની બીકને લીધે જો (આશ્રાની જગ્યાએ) ઉઠાવી લાવવામાં આવે તો હરકત નથી. ત્યારે ઘાયલ થયા પછી જો કોઈ માણસ વધારે વાતચીત કરે તો તેપણ શહીદ ગણાશે નહીં. કેમકે વધારે વાતચીત કરવી જીવતા માણસોનું કામ છે. એવીજ રીતે જો કોઈ વસીયત કરે તો તે વસીયત જો કોઈ દુન્યાના મામલામાં કરે તો તેપણ શહીદના હુકમોમાંથી નીકળી જશે. અને જો દીનને માટે વસીયત કરે તો (તે હુકમોમાંથી) નીકળશે નહીં. જો કોઈ માણસ લડાઈના મેદાનમાં શહીદ થાય અને તેનાથી મજકૂર કામો અમલમાં મુકવામાં આવે તો તેનાપર શહીદના મસઅલા લાગુ પડશે નહીં, અને (અમલમાં મુકવામાં) નહીં (આવે) તો લાગુ પડશે. પણ એ માણસ લડાઈ થતી વખતેજ કતલ થયો હોય અને હજી લડાઈ પૂરી થઈ નહી હોય તો જીંદગીના મજકૂર ફાયદાઓ ઉઠાવ્યા છતાં શહીદ છે.

મસઅલો. જે શહીદમાં આ સઘળી શર્તો મળી આવે તેનો **એક હુકમ એ છે કે** તેને ગોસલ દેવામાં આવે નહી અને તેનું લોહી તેના બદનથી લુંછાય નહીં, (પણ) એમજ તેને દફન કરી દેવામાં આવે

બીજો હુકમ એ છે કે જે લુગડાં તેણે પેહેર્યાં હોય તેઓને તેના શરીરપરથી ઉતારે નહીં. પણ તેના બદનપર જો સુનત મૂજબ જેટલાં લુગડાં હોવાં જોઇએ તેટલાં નહોય તો સુંનત મૂજબ તેટલી સંખ્યા પૂરી કરવાને બીજાં લુગડાં પેહરાવી દેવામાં આવે એવીજ રીતે તેના બદનપર જો સુનત કફન કરતાં વધારે લુગડાં હોય તો જેટલાં વધારે હોય તે કાઢી લેવામાં આવે.

અને તેના બદનપર જો એવાં લુગડાં હોય કે જે કફન તરીખે પેહેરવાં નાજાયઝ છે, જેવાંકે પોસ્તીન (જનાવરના વાળ સાથે ચામડાના લુગડાં) વિગેરે તો તેવાં લુગડાં પણ કાઢી લેવાં જોઇએ. પણ જો એવાં [પોસ્તીન જેવાં] લુગડાં વગર તેના બદનપર બીજું કોઈ લુગડું નહોય તો તે વખતે પોસ્તીન વિગેરેને પણ ઉતારે નહીં. ટોપી, પગરખાં, હથિયાર વિગેરે તો દરેક હાલતમાં ઉતારી લેવામાં આવશે, અને બાકી તમામ મસઅલા જે બીજી મૈયતો વાસ્તે છે જેવી કે નમાઝ વિગેરે તે સઘળા એ લોકો શહીદોને પણ લાગુ પડશે. જો કોઈ શહીદમાં મજકુર શર્તોમાંથી એક પણ શરત મળી નહીં આવે તો તેને ગોસલ પણ દઈ દેવામાં આવશે અને બીજી મૈયતો મૂજબ નવો કફન પણ પેહરાવવામાં આવશે.

જનાઝા વિષે પરચૂરણ મસઅલા.

(૧) મસઅલો. મૈયતનું કબરમાં કિબ્લા તરફ મોં કરવું યાદ નહી રહે અને દફન કીધા પછી અને મટોડી નાંખ્યાં પછી યાદ આવે તો કિબ્લા તરફ તેનું મોં કરવા વાસ્તે કબર ખોલવી જાયઝ નથી. પણ જો ફક્ત પાટીયાં મુકવામાં આવ્યાં હોય અને મટોડી નાંખવામાં આવી નહીં હોય તો તે વખતે પાટીયાં ઉઠાવીને તેનુ મોં કિબ્લા તરફ ફેરવી દેવુ જોઇએ.

(૨) મસઅલો. જનાઝાની સાથે ઓરતોને જવું મકરૂહ તહરીમી છે (દુ. મુખ્તાર).

(૩) મસઅલો. રડનારી ઓરતો અથવા બયાન કરનારીઓનું જનાઝા સાથે જવુ મના છે. (દુ. મુખ્તાર].

(૪) મસઅલો. મઇયતને કબરમાં મુકતી વખતે અઝા કેહવી બિદઅત (સઇયેઆ અને તેથી કરીને હરામ) છે. **(૫) મસઅલો.** ઇમામ જનાઝાની નમાઝમા જો ચાર તકબીરો કરતાં વધારે તકબીરો કહે તો હનફી (મઝહબ રાખનારા) મુકતદીઓને જોઇએ કે (ચાર કરતાં) વધારે તકબીરોમાં તેની તાબેદારી કરે નહી. પણ ચુપ ઉભા રહે જ્યારે ઇમામ સલામ ફેરવે ત્યારે પોતે પણ સલામ ફેરવે. પણ જો આ વધારાની તકબીરો ઇમામને કેહતાં તેઓ સાંભળે નહી પણ મોકબ્બિર (તકબીર કેહનાર) ને કેહતાં સાંભળે તો મુકતદીઓને જોઇએ કે તેની તાબેદારી કરે. અને દરેક તકબીરને તકબીરે તહરીમા માને. અને તે એવો વિચાર કરીને કે એની આગળ જે ચાર તકબીરો મુકબ્બિર કહી ગયો તે (તેની) ભૂલ હતી. ઇમામે હમણાજ તકબીરે તહરીમા કહી હશે (શામી).

(૬) મસઅલો. જો કોઇ માણુસ વ્હાણુમાં મરી જાય અને કીનારો ત્યાંથી એટલો બધો આઘે હોય કે તેની લાસ બગડી જવાની બીક હોય તો તે વખતે ગોસલ કફન અને નમાઝથી પરવારીને તેને દર્યામાં નાંખી દીએ અને જો કિનારો ઘણો આઘે નહોય અને ત્યાં જલદી ઉતરવાની ઉમેદ હોય તો તે લાસને રાખી મુકે અને ભોંયમાં દાટી દીએ. (દુ. મુખ્તાર)

(૭) મસઅલો. જે દોઆ જનાઝાની નમાઝમાં પઢવા વાસ્તે ઉપર લખવામાં આવી તે કોઇને યાદ નહીં હોય (તો તેને યાદ કરે ત્યાંસુધી) તે (માણુસ) ફકત "અલ્લાહુમ્મગફિર લિલ મોમિનીના વલ મોમિનાત" કેહશે તો બસ થશે. અને એ પણ નહીં આવડે અને માત્ર ચારે તકબીરોજ કેહશે તો પણ નમાઝતો થઈ જશે (પણ તે દોઆ યાદ કરવી જોઇએ). તે એટલાજ વાસ્તે કે દોઆ [પઢવી] ફરઝ નથી પણ સુંનત છે. અને દરૂદ પણ (જનાઝાની નમાઝમાં પઢવું) ફરજ નથી. [બહર].

(૮) મસઅલો. જ્યારે કબરમાં મટોડી નાંખી રહે તો તે પછી કબરમાંથી મૈયતને કાઢવી જાયઝ નથી. પણ જો કોઈ માણુસને નાહકમાં નુકસાની પોહોંચતી હશે તો અલબત બાહેર કાઢવું જાયઝ છે. **દાખલો** (૧) જેમાં તેને દફન કીધું હોય તે પારકી જમીન હોય અને તેનો ધણી દફન કરવાને (પોતાની ભોંયમાં) રાજી નહોય. (૨) કોઇ માણુસનો [કાંઇ] માલ કબરમાં રહી ગયો હોય.

(૯) મસઅલો. જો કોઈ (ગર્ભવંતી) ઓરત મરીજાય અને તેના પેટમાં જીવતું બચ્ચું હોય તો તેનું પેટ ચીરીને તે બચ્ચાને કાઢી લેવું જોઇએ. એવીજ રીતે જો કોઈ માણુસ કોઇનો માલ (ચોરીને) ગળી જાય અને મરી જાય અને માલવાળો ધણી માંગણી કરે, તો તેનું પેટ ચીરીને તે માલ કાઢી લેવામાં આવે. પણ જો મરનાર માલ છોડીને મર્યો હોય તો તેના પાછળ છોડેલા માલમાંથી તે (ટલો) માલ [કરજદારને] દઇ દેવામાં આવે અને તેનું પેટ ચીરાય નહીં. (દુ. મુખ્તાર.)

(૧૦) મસઅલો. લાસને એક જગ્યાએથી બીજી જગ્યાએ જ્યારે તે બીજી જગ્યા લગભગ એક મૈલ કે બે મૈલથી વધારે દુર નહોય દાટવા

વાસ્તે લઇ જવું ઠીક નથી, અને જો એ અંતર કરતાં વધારે દૂર હોય તો જાયઝ નથી. અને દફન કીધા પછી ખોદીને (પછી બાહેર કાઢી બીજી જગ્યાએ) લઇ જવું તો દરેક હાલતમાં નાજાયઝ છે.

[૧૧] મસઅલો. મૈયતની તારીફ ગદ્યમાં કે પદ્ય [કવિતામાં કે એમજ ભાષણ] માં કરવી જાયઝ છે તે એવી રીતે કે તારીફ કરવામાં હદથી વધી જવું નહિ તેમજ એવા તેનાં ગુણો ગાવા નહિ કે જે તેના પોતાનામાં નહીં હોય (૧૨) મસઅલો. મૈયતના સગાઓને દિલાસો દેવો અને સબર કરવાની મોટાઈ અને તેના સવાબો તેઓને સંભળાવી તેઓને સબર કરવા વાસ્તે કહેવું અને તે મૈયતને માટે દોઆ કરવી જાયઝ છે. અને એનેજ તાઝીયત (દિલાસો દેવો) કહે છે. ત્રણ દિવસ પછી તાઝીયત કરવી મકરૂહ છે પણ જો તાઝીયત કરનાર અથવા મૈયતના સગાં સફરમાં હોય અને ત્રણ દહાડા પછી (બહાર ગામથી) આવે તો એવી હાલતમા ત્રણ દહાડા પછી પણ તાઝીયત કરવી મકરૂહ નથી જે માણસ એક વખતે તાઝીયત કરી ચુકયો હોય તેને ફરી બીજી વાર તાઝીયત કરવી મકરૂહ છે.

(૧૩) મસઅલો. પોતાને વાસ્તે કફન તૈયાર રાખવું મકરૂહ નથી. પણ કબર ખોદાવી તૈયાર રાખવી મકરૂહ છે.(દુ. મુખ્તાર). [૧૪] મસઅલો. મૈયતના કફન પર સાઈ વગર એમજ આંગળીથી કોઇ દોઆ જેવીકે અહદનામુ વિગેરે લખવું, અથવા તેની છાતી પર "બિસ્મિલ્લા હિર્રરહમાં નિર રહીમ" અને કપાળ પર (અવ્વલ) કલમો (તૈયબ) "લાએલાહા ઇલ લલ્લાહો મોહમ્મદુર રસુલુલ્લાહે" (સલ) લખવુ જાયઝ છે* પણ કોઈ સહીહ હદીસથી એમ કરવું સાબેત નથી તેથી એ કામને સુંનત કે મુસ્તહબ માનવું નહી.

(૧૫) મસઅલો. કબર પર કોઇ લીલી શાખા મુકવી મુસ્તહબ છે અને જો તેની પાસે કોઇ ઝાડ ફુટી નીકળે તો તેને કાપી નાંખવું મકરૂહ છે. (શામી) + (૧૬) મસઅલો. એક કબરમાં એક કરતાં વધારે મડદાં દફન નહીં કરવાં જોઇએ પણ ઘણી સખત જરૂર પડતાં (દફન કરવાં) જાયઝ છે ત્યારે જો સઘળાં મડદાં મરદોજ હોય તો તેઓમાં જે સૌથી (દીનદારીમાં) બેહતર હોય તેને પેહલાં મુકે પછી એક પછી એક એવા દરજ્જા પ્રમાણે મુકે. અને કેટલાક મરદ હોય અને કેટલીક ઓરતો હોય તો મરદોને પેહલાં મુકે પછી ઓરતોને દફન કરે (આલમગીરી).

(૧૭) મસઅલો. કબ્રોની ઝીયારત કરવી એટલે (કબ્રસ્તાનમા) જઇને તેઓને જોવુ મરદોને મુસ્તહબ છે. વધારે સારૂ એ છે કે અઠવાડિઆમાં ઓછામાં ઓછા એક વખતે (જઇને) કબ્રોની ઝીયારત કરે, અને બેહતર એ છે કે તે જુમ્માનો દહાડો હોય. બુઝુર્ગો (અવલીયાઓ રહ) ની ઝીયારત કરવા માટે સફર કરીને જવુ પણ જાયઝ છે પણ તે એવી શર્તે કે એમ કરવામાં કોઈ પણ તરેહનો અકીદો કે અમલ એવો રાખવામાં કે કરવામાં નહિ આવે કે જેને શરીઅત મના કરતી હોય. હાલ (પીરો કે વલીયો રહના). ઉર્સ કરવામાં આવે છે, તેમાં (ઇમાન અને

---

* સાહીથી કોઈ ચીજ કાગળ કે લુગડાપર લખીને કફન સાથે મુકવી અથવા મુડદાના બદનપર અથવા કફનપર શાહીથી કંઈ લખવું અથવા મુડદાના પીરોનો શજરો કફનમાં કે કબરમાં મુડદાની સાથે મુકવું, અગરજે મરનાર પોતે વસીયત કરે અથવા કોઈ પીર-મુર્શદ એમ કરવા કહે તોપણ નાજાયઝ છે.

* કબરપર લીલી ચીજ મુકવી જેવાકે ફૂલ પાત્રાં વિગેરે એ મુસ્તહબ છે કે નહિ તેમાં હનફી આલેમો-માંજ મતફેર છે બેહેતર એ છે કે કબરપર કોઈ ઝાડ રોપી દીએ કે જે હંમેશ લીલું રહે કે મતફેર અને બે દઅતના કામોમાં સામેલ થવાથી પણ બચે. ફૂલકે ડાળી પાત્રાં તો થોડી વારમાં સુકાઈ જશે અને ઝાડતો હંમેશ લીલું રહેશે. ફાયદા તરફ ધ્યાન દેતાં ફૂલ પાત્રાં કરતાં એમાં મૈયત વાસ્તે વધારે ફાયદો છે.

* ઇસલામના ઘણા) બગાડ હોય છે. [તેથી ઉર્સોમાં શામેલ થવું નાજાયઝ છે]

મસીદના હુકમો.

મસીદને માટે અહી અમારે તે હુકમો લખવાની જરૂર નથી કે જે વકફ સાથે સબંધ ધરાવે છે કેમકે તેનું બયાન વકફના બયાનમાં ઠીક લાગે છે. અત્રે અમે તે હુકમો લખીએ છીએ કે જે નમાઝ અથવા પોતે મસીદ સાથે સંબંધ ધરાવે છે.

[૧] મસઅલો. મસીદના દરવાજાને બંધ રાખવું મકરૂહ તહરીમી છે. પણ જો નમાઝનો વખત નહોય અને (મસીદના) માલ રાચરચીલાંની સંભાળ માટે જો બંધ કરવામાં આવે તો જાયઝ છે. **(૨) મસઅલો.** મસીદના છાપરાપર જાજરૂ ફરવું અથવા મુતરવું કે સોહબત કરવી (સંભોગ કરવો). મસીદની અંદર કરવા સરખુજ છે

(૩) મસઅલો. જે ઘરમા મસીદ હોય તે સઘળુ ઘર મસીદ ગણાશે નહી. એવીજ રીતે જે જગ્યાએ બંને ઇદો અને જનાઝાની નમાઝ પઢવા મુકર્રર કરવામાં આવી હશે [તેને પણ મસીદ ગણવું નહીં). **૪ મસઅલો.** મસીદની દિવાલો અને તેના બારણા વિગેરેને જો કોઈ પોતીકા માલ ખરચી નકશીથી શણગારે તો ઠીક છે પણ મસીદની આમદનીમાંથી નાજાયઝ છે.

(૫) મસઅલો. મસીદનાં દિવાલો દરવાજાંપર કુર્આને શરીફની આયતો કે સુરતો લખવી ઠીક નથી **(૬) મસઅલો.** મસીદની દિવાલો કે મસીદમાં થુકવું અથવા નાક સિનકવી બહુ ખરાબ વાત છે. અને જો એવી ઘણી જરૂર હોય તો પોતાના લુગડા (કે રૂમાલમાં થુક લઈલીએ). **(૭)મસઅલો.** મસીદની અંદર (જ્યાં જમાતથી નમાઝ પઢાય છે તે જગ્યાએ) વઝુ કરવું કે કોગળા કરવા મકરૂહ તહરીમી છે.

(૮) મસઅલો. ફરજ ગોસલ જેનાપર હોય તેને અને હૈઝવાળી ઓરતને મસીદની અંદર (જમાતખાના)માં દાખલ થવુ ગુનો છે. **(૯) મસઅલો.** મસીદમાં વેચવુ અને ખરીદવું મકરૂહ તહરીમી છે. પણ એતેકાફની હાલતમાં (કે જ્યારે મસીદની બહાર જઇ શકાતું નથી) જરૂર જોગ ચીજો મસીદની અંદર ખરીદ કરવી અથવા વેચવી જાયઝ છે. જરૂર કરતાં વધારે તે વખતે પણ જાયઝ નથી. પણ તે એવી ચીજ હોય કે જે મસીદમાં હાજર નહોય.

(૧૦) મસઅલો. જો કોઇના પગમાં મટોડી (કાદવ) વિગેરે કંઇ લાગી જાય તો તેને જો મસીદની ભીત કે થાંભલાથી લુછે તો મકરૂહ છે.

(૧૧)મસઅલો. મસીદની અંદર (જમાતખાનામાં) ઝાડો રોપવા મકરૂહ છે કેમકે એ અહલે કિતાબ (નસરાનીઓ અને યાહુદીઓ) ની રસમ છે પણ જો તેમાં મસીદનો કંઇ ફાયદો હોય તો જાયઝ છે દાખલા તરીખે મસીદની ભોંયમાં ભિનાસ વધારે હોવાને લીધે દિવાલો (ને નુકસાની થઇ), પડી જવાનો સંભવ હોય તો એવી હાલતમાં જો ઝાડો રોપવામાં આવે તો તે ઝાડો તે ભિનાસને ચૂસી લેશે.

(૧૨) મસઅલો. મસીદને જવા આવવાનો રસ્તો બનાવવો જાયઝ નથી પણ જો કોઇ ખાસ જરૂર આવી પડે તો કોઇ કોઈ વખતે મસીદમાં રહી પસાર થવું જાયઝ છે. **(૧૩) મસઅલો.** કોઈ ધંધા કરનારને મસીદમાં પોતાનો ધંધો કરવો જાયઝ નથી. કેમકે મસીદ તો દીનના

---

* હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ મોહદ્દિસે દેહલવી [રહ] લખે છે કે "અજમેર કે સાલાર મસઉદ ગાઝી [સાહેબ રહ] ની કબરપર (ઉરસના વખતોમા) જવું એટલો મોટો ગુનો છે કે કતલ ચોરી અને ઝિના કરવાથી પણ એટલો મોટો ગુનો થતો નથી. " કેમકે ત્યાં સેંકડો શિરક થાયછે અને જાહેર છે કે શિરક જેવો બીજો કોઈ ગુનો નથી. [જુઓ અર રદ દુલ તુગયાન].

કામોને માટે અને ખાસ કરીને નમાઝ પઢવાને માટે બનાવવામાં આવે છે. તેઓમાં દુન્યાના કામો કરવાં નહિ જોઇએ. તે એટલે સુધી કે પગાર લઇને જે માણુસ કુર્આને શરીફ વિગેરે ભણાવતો હોય તે પણુ ધંધો કરનારાઓમાં દાખલ છે તેને જોઇએ કે મસીદ [જમાતખાના] ની બાહેર બેસીને પઢાવે પણુ કોઈ માણુસ મસીદને સાચવવાને અર્થે જો મસીદમાં બેસે અને સાથે સાથે પોતાનું કામ પણુ કરતો જાય તો કંઇ હરકત નથી દાખલા તરીખે કોઇ લખનાર કે દરજી મસીદમાં મસીદ સાચવવા બેસે અને સાથે સાથે પોતાનું લખવાનું કામ અથવા સીવવાનુ કામ પણુ ચાલુ રાખે તો જાયઝ છે.

બેહેશતી ઝેવર ભાગ ત્રીજાનો વધારો.

રોજાનું બયાન.

(૧) મસઅલો. એક શેહેરના રેહનારાઓનું ચાંદ જોવું બીજા શેહેરવાળાઓને માટે દલીલ છે (કે જ્યાં ચાંદ દેખાયો ન હોય) પછી એ બંને શેહેરો વચ્ચે ગમે તેટલો અંતર કેમ નહોય, તે એટલે સુધી કે જો પશ્ચિમને છેક છેડે ચાંદ દેખાય અને તેની ખબર માતબર સાધનોથી પૂર્વના છેક છેડે રેહનારાઓને પડે તો તેઓને તે દહાડાનો રોજો રાખવો જરૂરી છે. [દુ. મુખ્તાર અને રદદુલ મોહતાર.].

(૨) મસંઅલો. બે સાચા (ભરોસેદાર) માણુસોની ગવાહીથી ચાંદનું દેખાવવું સાબેત થઈ જાય અને એજ હિસાબથી લોકો રોજા રાખવા શરૂ કરી દીએ, ત્રીશ દહાડા પૂરા થયા પછી ઈદુલ ફિતરનો ચાંદ દેખાય નહીં પછી આકાશ સ્વચ્છ હોય અથવા તેનાપર વાદળાં કે અંધકાર હોય ત્યારે એકત્રીશમે દહાડે ઇફતાર કરવા (રોજો નહિ રાખવા) માં આવે અને તે દહાડે શવ્વાલ મહિનાની પેહલી તારીખ ગણાય. [રદદુલ મોહતાર].

(૩) મસઅલો. જો ત્રીશમે દહાડે દિવસે ચાંદ નજરે પડે તો તે આવતી રાતનો ચાંદ ગણાશે, ગઈ રાતનો ગણાશે નહીં. અને દહાડો આવતા માસની તારીખ ગણાશે નહિ. પછી તે (ચાંદ) દેખાયો ઝવાલ [બપોર] આગળ હોય અથવા તો બપોર પછી દેખાયો હોય. [શામી].

(૪) મસઅલો. જે માણસ રમઝાન (ની પેહલી તારીખ) નો કે ઈદનો ચાંદ જુએ અને કોઇ અમુક કારણુને લીધે તેની ગવાહી શરીઅતમાં કબૂલ રાખવામાં નહિ આવે [એટલે કાઝી કે આલેમો તેનાપર ભરોસો કરે નહિ] તો તેને જોઇએ કે તે મજકૂર બને દિવસોના રોજા રાખે જે તેનાપર વાજીબ છે (શામી).

(૫) મસઅલો. કોઈ માણસે, રોજો નહી યાદ રહેવાથી કંઇ ખાધુ કે પીધુ અથવા સ્ત્રી મેલાપ (જિમાઅ) કીધો, અને પછી તેણે વિચાર કીધો કે મારો રોઝો જતો રહ્યો, એવો વિચાર કીધા પછી તેણે કંઇ ખાધુ કે પીધું, ત્યારે એમ ખાધાથી હવે તેનો રોઝો તૂટી જશે (અને નહી તો ભૂલથી ખાધા પીધાથી કે સ્ત્રી મેલાપથી રોઝામાં કંઇ પણુ નુકસાની આવતી નથી)

(૬) મસઅલો. કોઇને એકાએક ઉલટી થઈ અથવા એહતેલામ (સ્વપ્નામાં મની કે વીર્ય નીકળવું તે) થયો અથવા કોઈ ઓરતને જોવાથી વીર્ય નીકળી પડ્યું અને મસઅલાની ખબર નહી હોવાથી તે સમજ્યો કે મારો રોઝો તૂટી ગયો અને ત્યાર પછી જો તે કંઈ ખાશે તો રોઝો તૂટી જશે.

(૭) મસઅલો. મરદ જો પોતાની ઇંદ્રિના છિદ્રમાં (પીશાબની જગ્યામાં) કોઇ ચીજ (રૂ કે તેલ) નાંખે તો તે છેક અંદરના ભાગમાં પોહોંચતી નથી તેથી (મરદનો) રોઝો તૂટશે નહી. (શામી).

(૮) મસઅલો. કોઈ મુએલી ઓરત અથવા કોઇ નાની વયની નાબાલેગ છોકરી કે જેણીની તરફ સોહબત કરવાનું મન થતું નથી અથવા કોઈ

જનાવરથી સોહબત કરવાથી. અથવા કોઇને કોટી કરવાથી, અથવા ચુંબન લેવાથી, અથવા હાથરસથી વીર્ય (મની) નીકળે તો રોઝો તૂટી જશે

[૯) **મસઅલો.** કોઈ રોઝો રાખેલી ઓરતની સાથે જોરજુલમથી, અથવા સૂવાની હાલતમાં અથવા ગાંડપણની હાલતમાં સોહબત કરશે તો મરદનો રોઝો ટટી જશે. [૧૦] **મસઅલો.** જે માણસમાં રોઝો તેનાપર વાજિબ થવાની શરતો મળી આવે, રમઝાનના તે ફરજ રોઝામાં જેની નેયત તેણે સુબોહ સાદેક [પો ફાટે તે] અગાઉથી કરી ચુકયો હોય, તે જાણી જોઇને મોંને માર્ગે પેટના ખાલી ભાગમાં કોઈ એવી ચીજ પોંહચાડે કે જે માણસના ખોરાક કે દવામાં વપરાતી હોય એટલે તેને વાપરવાથી બદનને ફાયદો પોંહચાડવાની અથવા કોઈ લેહજત લેવાની મતલબ હોય અને તેને એક સારી તબીયતનો માણસ વાપરતાં સુગ કરતો નહોય, અગર જો તે ઘણા થોડા ભાગમા હોય, તે એટલે સુધી કે એક તલ જેટલી હોય અથવા સોહબત [સ્ત્રી મેલાપ] કરે કે કરાવે. લોડાબાઝી પણ તેમાંજ ગણવી (ખોદા એ કામથી સૌને બચાવે), સ્ત્રી મેલાપમાં ઇંદ્રીનુ માથુ (કે ફૂલ)નું (યોનીની) અંદર દાખલ થઈ જવુ બસ છે. મનીનું નીકળવું જરૂરી નથી મચ્કુર તમામ હાલતોમાં (એવી રીતે રોઝો તોડનારને રોઝાની) કઝા અને કફ્ફારો બને અદા કરવાં વાજેબ છે. પણ તેમાં શરત એ છે કે સંભોગ એવી ઓરત સાથે કરવામાં આવે કે જેણી એ કામને લાયક હોય ઘણી નાની ઉમરની છોકરી નહોય કે જેની સાથે સોહબત કરવામાં આવતી નથી. (બહર, શામી)

(૧૧) **મસઅલો.** જો કોઈ માણસ (રોઝાની હાલતમાં) માથામાં તેલ નાંખે અથવા સુર્મો લગાડે અથવા મરદ પોતાની સનાડવાની જગ્યામાં કોઈ ચીજ નાંખે તો આ ચીજો પેટની ખાલી જગ્યામાં પોહોંચતી નથી તેથી (એનાથી રોઝો ટટશે નહિ અને તેથી) નહી કઝા રાખવી પડશે અને નહી કફ્ફારો વાજેબ થશે.

(૧૨) **મસઅલો.** જે લોકોને હુકો પીવાની ટેવ છે, અથવા કોઈ ફાયદાને માટે હુકો પીએ તો રોઝાની હાલતમાં એમ પીવાથી તેઓના ઉપર કઝા અને કફ્ફારો બંને વાજેબ થશે.

(૧૩) **મસઅલો.** જો કોઇ ઓરત [રોઝાની હાલતમા) કોઈ નાબાલેગ છોકરા કે ગાંડા માણસ પાસે સોહબત કરાવે ત્યારે તેણીના ઉપર કઝા અને કફ્ફારો બને લાગુ પડશે.

(૧૪) **મસઅલો.** સોહબત કરાવવામાં ઓરત અને મરદ બંને અક્કલવાલા હોય એ શરત નથી તે એટલે સુધી કે જો એક ગાંડા હોય અને બીજો અક્કલવાળો તો અક્કલવાળાપર કફ્ફારો લાગુ પડશે

(૧૫) **મસઅલો.** સુવાની હાલતમા જો મની નીકળે કે જેને **એહતેલામ** કહે છે અને વગર ગોસલ કીધે રોઝો રાખવામા આવે તો (કંઈ પણ હરકત નથી) રોઝો ટટશે નહીં એવીજ રીતે કોઈ ઓરત ને અથવાં તેણીના કોઈ છુપા ભાગને જોવાથી અથવા કોઈ એવો [કામ] વિચાર મનમા કરવાથી જો મની નીકળે ત્યારે પણ રોઝો ટટશે નહીં. [બહર.]

(૧૬) **મસઅલો.** મરદ જો પોતાની ઇંદ્રિમાં કોઈ ચીજ જેવા કે તેલ પાણી વિગેરે એમજ અથવા પિચકારી વિગેરેથી નાંખે અથવા તેમાં સળી નાંખે અગર જો મચ્કુર ચીજો પેશાબ રહે છે તે જગ્યા સુધી પોહોંચી જાય તો પણ તેનાથી રોઝો તૂટતો નથી. (રદ્દુલ મોહતાર)

(૧૭) **મસઅલો.** કોઈ માણસે રોઝાને ભુલીને અથવા હજી થોડી રાત બાકી હતી તેથી કરીને સોહબત કરવી શરૂ કરી દીધી અથવા કંઇ ખાવા પીવા લાગ્યો. અને તે પછી રોઝાનો વિચાર આવતાંજ [યાદ પડતાંજ] અથવા પો ફાટતાં

તરતજ (સોહબત કરવાથી) જુદા થઇ ગયો અથવા કાગને મોંમાંથી ફેંકી દીધો, અગરજો સોહબત કરતાં જુદા પડવાથી મની પણ નીકળી જાય ત્યારે પણ રોઝો ટુટશે નહીં. અને એવી રીતે મની નીકળવાને એહતેલામ થયા સરખુ ગણશુ.

(૧૮) મસઅલો. અગરજો ઝવાલ (બપોર) પછી હોય સુકી હોય, અથવા લીલી હોય, દાતણ કરવાથી રોઝામાં કંઇ નુકસાન આવશે નહીં.

(૧૯) મસઅલો. મની નીકળવાની બીક હોય અથવા પોતાનુ મન કબજામાં નહીં રહેશે અને સોહબત થઇ જશે એવી બીક હોયતો ઓરતને ચુંબન કરવુ અથવા તેણીને કોટી કરવી મકરૂહ છે. અને જો એવી બીક નહીં હશે તો મકરૂહ પણ નથી.

(૨૦) મસઅલો. કોઇ ઓરતનો હોંઠ મોમાં લેવો અને મુબાશેરત ફાહેશા એટલે (ઓરત મરદે પોતાના) છુપા ભાગને એક બીજામાં દાખલ કર્યા વગર (ફકત બાહેરથી) મેળવવું, મની નીકળવાની બીક હોય અથવા સોહબત થઇ જવાની બીક હોય અથવા નહીં હોય દરેક હાલતમાં મકરૂહ છે (શામી.)

(૨૧) મસઅલો. જો કોઇ મોકીમ રોઝાની નૈયત કીધા પછી મુસાફર બની જાય અને થોડી દુર ગયા પછી પોતે ભુલેલી કોઇ ચીજ લેવા વાસ્તે પાછો ઘરમાં આવે અને ત્યાં આવ્યા પછી પોતાના રોઝાને તોડે તો તેને કફ્ફારો દેવો પડશે. કેમકે તે વખતે તે મુસાફર રહી શકતો નથી અગરજો તે થોભવાની નૈયતથી ત્યાં ગયો નહતો તેમજ ત્યાં થોભ્યો પણ નહીં.

(૨૨) મસઅલો. સોહબત સિવાય કોઇ બીજે કારણે જો કફ્ફારો વાજેબ થયો હોય અને તે અદા કરવામાં નહીં આવ્યો એટલામાં બીજો (કફ્ફારો) વાજેબ થઇ ગયો તો એ બંનેને વાસ્તે એકજ કફ્ફારો બસ છે અગર જો એ બંને કફ્ફારા બે રમઝાનોના હોય. પણ સોહબત કરવાથી જેટલા રોઝા તોડયા હોય તે દરેકનો જુદો કફ્ફારો દેવો પડશે અગર જો પેહેલો કફ્ફારો અદા કરવામાં આવ્યો ન હોય.

એતેકાફના મસઅલા.

(૧) મસઅલો. એતેકાફને વાસ્તે માત્ર ત્રણ ચીજો જરૂરની છે ૧ જમાઅતથી જે મસીદમાં નમાઝ થતી હોય ત્યાં થોભવું. ૨ એતેકાફની નૈયતથી (ત્યાં) થોભવુ ત્યારે [એતેકાફનો] ઇરાદો કીધા વગર (ત્યાં) થોભવાને એતેકાફ કહેતા નથી. નૈયત દુરસ્ત થવાને માટે નૈયત કરનારનુ આકેલ (અક્કલવાળો) અને મુસલમાન હોવું [પણ] શરત છે, તેથીકરીને અક્કલ અને ઇસલામનું (એતેકાફ વાસ્તે) શરત હોવું પણ નૈયતના પેટામાં આવી ગયું. ૩ હેઝ અને નફાસથી તેમજ જનાબત [શહવતથી મની નીકળ્યા બાદ જે ગોસલ વાજેબ થાય છે તે હાલત] થી પાક હોવુ

(૨) મસઅલો. સૌથી સારો એતેકાફ તે છે કે જે મસજીદે હરામ (મક્કા શરીફ)ની મસીદમાં કરવામાં આવે, તે પછી તે છે કે જે (મદીના શરીફની) મસજીદે નબવીમાં કરવામાં આવે, તે પછી તે છે કે જે બૈયતુલ મકદસમાં (કે જે શામમાં યરૂસલેમમા છે ત્યાં) કરવામાં આવે, પછી તે છે કે જે જુમ્મા મસીદમાં કે જેમાં (પાંચ વખતની નમાઝની) જમાઅતનો બંદોબસ્ત હોય, જો જુમ્મા મસીદમાં બંદોબસ્ત નહિ હોય તો મોહલ્લાની મસીદમાં જે કરવામાં આવે, તે પછી તે મસીદ કે જેમાં જમાઅત વધારે થતી હોય.

(૩) મસઅલો. એતેકાફ ત્રણ તરેહના છે. ૧ વાજેબ (એતેકાફ), ૨ સુંનત (એતેકાફ) અને મુસ્તહબ એતેકાફ. જો નઝર મંનતનો હોય તો વાજેબ છે. પછી ગમે તો **ગેરમોઅલ્લક** હોય જેવી રીતે કે કોઇ માણસ વગર શર્તે એતેકાફની મંનત માને અથવા **મોઅલ્લક**

હોય, જેવી રીતે કે કોઇ માણુસ એવી શર્ત કરે (એતેકાફની મનત માને) કે જો મારૂં આ કામ પૂરૂં થશે તો હું એતેકાફ કરીશ.

અને રમઝાન મહિનાના છેલ્લા દાહેકામાં (એતેકાફ) સુંનત મોઅક્કદા છે જનાબ નબી (સલ) થી [મચકુર મહિનામાં મચકુર દહાડાઓમાં] ઘણા બંદોબસ્ત સાથે એતેકાફ કરવો સહીહ હદીસોમાં આવેલું છે અને રમઝાનના છેલ્લા દાહેકા સિવાય બીજી વખતે એતેકાફ કરવો મુસ્તહબ છે. પછી ગમે તો તે રમઝાનનો પેહલો કે બીજો દાહેકો હોય અથવા બીજો કોઇ મહિનો હોય.

(૪) મસઅલો. વાજેબ એતેકાફને વાસ્તે રોઝો (રાખવો) શર્ત છે કોઇ માણસ જ્યારે એતેકાફ કરશે ત્યારે તેને રોઝો પણ રાખવો પડશે એટલુંજ નહિ પણ જો એવો ઇરાદો કરશે કે હું રોઝો રાખીશ નહિ તો પણ તેને રોઝો રાખવો પડશે. એવીજ રીતે જો કોઇ માણુસ રાતના એતેકાફની નૈયત કરશે તો તે ખોટી ગણાશે કેમકે રાતના રોઝો રાખવામા આવતો નથી. પણ રાત અને દહાડો બનેની નૈયત કરે અથવા લગોલગ કેટલાક દહાડાની. તેના પેટામાં રાત પણ ગણાઈ જશે અને રાતના પણ એતેકાફ કરવાની જરૂર પડશે. અને જો માત્ર એકજ દહાડાના એતેકાફની મંનત કરશે તો રાત તેના પેટામાં પણ ગણાશે નહિ.

ખાસ એતેકાફને માટેજ રોઝો રાખવો જરૂરી નથી ગમે તે નૈયતે રોઝો રાખેલો હોય એતેકાફને માટે બસ થશે દાખલા તરીકે રમઝાનમાં કોઈ એતેકાફની નઝર કરે તો રમઝાનનો રોઝો તે એતેકાફને માટે બસ છે. પણ તે રોઝાનુ વાજેબ હોવું જરૂરી છે તેને માટે નફિલ રોઝો બસ નથી. દાખલા તરીકે કોઈ માણસ નફિલ રોઝો રાખે અને પછી તેજ દહાડે એતેકાફની મંનત માને તો દુરસ્ત નથી. જો કોઈ માણુસ રમઝાનના એતેકાફની મંનત માને અને તેને રમઝાન મહિનામાં બોગજોગે બજાવી લાવી શકે નહિ તો કોઈ બીજા મહિનામાં તેના બદલામાં (એતેકાફ) કરી લેવાથી તેની નઝર કરવી પરી થઇ જશે. (દુરસ્ત થશે) પણ લગોલગ રોઝા રાખવા અને તેમા એતેકાફ કરવો જરૂરનુ છે

[૫] મસઅલો. સુંનત એતેકાફમાં તો રોઝો થાયેજ છે (કેમકે તે રમઝાનના દહાડામાં કરવો પડે છે) તેથી કરીને તેમાં રોઝાને શરત ઠેરવવાની જરૂર નથી

(૬) મસઅલો. મુસ્તહબ એતેકાફમાં પણ, બચાવ એમાંજ છે, કે રોઝો રાખવો શરત છે.

(૭) મસઅલો. વાજેબ એતેકાફ ઓછામાં ઓછો એક દિવસ થઈ શકે છે અને જેટલી નૈયત કરે તેટલો વધારે (થઈ શકે છે) અને સુંનત એતેકાફ એક દાહેકો કેમકે સુંનત એતેકાફ રમઝાનના છેલ્લા દાહેકા (દસ દિવસ) માં હોય છે અને મુસ્તહબ એતેકાફને માટે કોઈ વખત મુકરર નથી. એક મિનિટ બલ્કે તેના કરતા થોડા વખતમાં થઇ શકે છે પણ તે દહાડે રોઝા હોવો જોઇએ :

(૮) મસઅલો. એતેકાફની હાલતમાં બે તરેહના કામો હરામ છે એટલે જો એતેકાફ વાજેબ કે સુંનત હશે તો તે કામો કરવાથી તે (એતેકાફ) ટુટી જશે અને તે (એતેકાફ) કઝા કરવો [પાછો કરવો) પડશે. અને જો એતેકાફ મુસ્તહબ હશે તો પૂરો થઇ જશે (ફરીથી શરૂ કરવો પડશે નહીં). કેમકે મુસ્તહબ એતેકાફની કોઈ મુદત મુકરર નથી

૧ લો પ્રકાર. એતેકાફની જગ્યાથી વગર જરૂરે બાહેર નીકળવું. જરૂર ગમે તે હોય, પોતાની (તબઇ) જરૂર હોય અથવા શરીઅતની હોય. તબઇ (જરૂર) જેવી કે હાજત, પેશાબ, નાપાકીનો ગોસલ બાકૃ, પણ તબઇ જરૂરમાં દાખલ છે, જ્યારે કોઇ માણુસ ખાણું લાવનાર

* પણ મસીદમા દાખલ થતી વખતે જે એતેકાફની નૈયત સવાબ અર્થે, અને મસીદમા નહિ કરવાના કામો જો કરવામા આવે તો તેનાથી કંઈ નુકસાની નહિ થાય તેટલા માટે, કરવામા આવે છે, તેમાં રોઝાથી હોવું જરૂરનું નથી

નહિ હોય શરઇ જરૂર [અથવા હાજત] જેવીકે જુમ્માની નમાઝ.

(૯) મસઅલો. પોતે જે મસીદમાં એતેકાફ કીધેલો હોય તેમાંથી કોઈ હાજતને લીધે બાહેર જાય તો તે કામથી પરવારીને ત્યાં [બાહેર] થોભે નહી. અને અને ત્યાં સુધી પોતાની જરૂરને એવી જગ્યાએ દૂર કરે કે જે તે મસીદથી વધારે પાસે હોય

દાખલા તરીખે હાજરૂ વાસ્તે જો જાય અને તેનું પોતાનું ઘર વધારે દૂર હોય, અને તેના કોઇ દોસ્ત વિગેરેનું ઘર વધારે પાસે હોય, તો ત્યાંજ જાય. પણ જો તેની ટેવ એવી હોય કે પોતાના ઘર સિવાય બીજી જગ્યાએ તેને હાજરૂ ઉતરે નહીં, તો (પોતાને ઘેરજ જવું તેને) જાયઝ છે જો જુમ્માની નમાઝ વાસ્તે કોઇ મસીદમાં જાય અને નમાઝ પઢયા પછી ત્યાંજ થોભી જાય અને ત્યાંજ એતેકાફ પૂરો કરે ત્યારે પણ જાયઝ છે, પણ મકરૂહ છે.

[૧૦] મસઅલો. એક મિનિટ કે તે કરતાંએ ઓછા વખતને માટે ભુલથી પણ પોતાની મસીદને છોડવી જાયઝ નથી. **(૧૧) મસઅલો.** જે ઉજર વારંવાર થતા નહી હોય તેઓને માટે પોતાની એતેકાફની જગ્યાને છોડવું એતેકાફને તોડનાર છે. **દાખલા તરીખે** કોઇ બીમારને જોવા અથવા કોઇ ડુબતા માણસને બચાવવા, અથવા આગ (લાગેલી હોય તેને) હોલવવા અથવા મસીદ (જેમાં તે એતેકાફમાં હોય તે)ની પડી જવાની બીકથી (પોતાની એતેકાફની જગ્યાને છોડવી)

અગરજો મઝકૂર હાલતોમાં એતેકાફની જગ્યાથી નીકળી જવું ગુન્હો નથી પણ પોતાનો જીવ બચાવવા જરૂરનું છે, જ્યાં એતેકાફ ટુટી જશે. (પણ) કોઇ શરઈ કે તબઇ જરૂરને માટે બાહેર નીકળે અને એ દરમ્યાનમાં પછી જરૂર પૂરી થયા પછી કે પેહલાં કોઇ બીમારને જોવા જાય અથવા જનાઝાની નમાઝમાં શામેલ થાય તો કંઇ હરકત નથી. (બહર વિ.).

(૧૨) મસઅલો. જુમ્માની નમાઝ વાસ્તે (પોતાની એતેકાફની જગ્યા છોડીને) એવે વખતે જાય કે **તહીયતુલ મસજીદ** * અને જુમ્માની [પેહેલાં પઢાતી ચાર રકાત] સુંનતો ત્યાં જુમ્મામસીદમાં જઇને પઢી શકે. અને જુમ્માની (ફરઝ બે રકત) નમાઝ (પઢયા) પછી પણ સુનતો (છ રકાત) પઢવા ત્યાં (જુમ્મા મસીદમાં) થોભવું જાયઝ છે. એમ કરવામાં કેટલો વખત થશે તેનો અડસટો કરવો તે (દરેક જનાર) માણસની ધારણાપર છોડવામાં આવ્યો છે [વખત નક્કી કરવાની જરૂર નથી] (શામી). જો (તે માણસે કીધેલો વખતનો) અડસટો ખોટો પણ થાય એટલે વખત આગળ ત્યા જઇ પોહોંચે તો કંઇ હરકત નથી.

(૧૩) મસઅલો. કોઈ માણસને જોર જુલમથી (તેની) એતેકાફની જગ્યામાંથી કાઢી મુકવામા આવે ત્યારે પણ તેનો એતેકાફ ટુટી જશે. દાખલા તરીખે કોઈ ગુન્હાને લીધે તે વખતના હાકેમ તરફથી તેને માટે વારંટ નીકળે અને સિપાઇઓ તેને પકડી લઇ જાય. અથવા કોઇનું લેહેણું હોયઅને તે, તેને બહાર કાઢે. એવીજરીતે શરઈ કે તબઇ કોઈ જરૂરને માટે તે બાહેર નીકળે અને રસ્તામાં કોઇ માગનાર તેને રોકીલીએ, અથવા તે માંદો પડીજાય અને તેથી કરીને [પોતાની] એતેકાફની જગ્યાએ પોહોંચતાં બેને વાર લાગે, ત્યારે પણ એતેકાફ ટુટી જશે.

૨ જો પ્રકાર. તે કામો છે કે જે એતેકાફમાં કરવાં નાજાયઝ છે. [જેવી રીતે કે] સ્ત્રી મેલાપ વિગેરે કરવું પછી જાણી જોઇને કરે અથવા ભૂલથી કરે એતેકાફનું ધ્યાન નહિ રેહવાથી મસીદમાં કરે અથવા મસીદની બાહેર (કરે). દરેક હાલતમાં એતેકાફ ટુટી જશે. જે કામો કે સ્ત્રી મેલાપ (સોહબત) નાં પેદા કામો છે જેવાં કે ચુંબન કરવું અથવા કોટી કરવી તે (કામો)

બીજો પ્રકાર. તે કામો છે કે જે એતેકાફમાં કરવાં નાજાયઝ છે. (જેવી રીતે કે) સ્ત્રી મેલાપ કરવું વિગેરે. પછી જાણી જોઇને કરે અથવા ભૂલથી, એતેકાફનું ધ્યાન નહીં રેહવાથી મસીદમાં કરે અથવા મસીદની બાહેર (કરે), દરેક હાલતમાં એતેકાફ ટુટી જશે. જે કામો કે સ્ત્રી મેલાપ (સોહેબત)નાં પેટા કામો છે જેવાં કે ચુંબન કરવું અથવા કોટી કરવી તે (કામો) પણ એતેકાફની હાલતમાં નાજાયઝ છે. પણ તે કામો (કરવા) થકી એતેકાફ ટુટતો નથી, જ્યાં સુધી કે (શહવતથી) મની નહી નીકળે. પણ જો તેવાં કામોથી મની નીકળશે તો એતેકાફ ટુટી જશે. પણ જો માત્ર (શહવતના) વીચારથી મની નીકળી જશે તો એતેકાફ ટુટશે નહીં.

(૧૪) મસઅલો. વગર જરૂરે એતેકાફની હાલતમાં કોઇ દુન્યાના કામમાં લાગવું મકરૂહ તહરીમી છે. **દાખલા તરીખે** વગર જરૂરે ખરીદવું વેચવું અથવા વેપારનુ કોઈ કામ કરવું. પણ કોઇ કામ ઘણું જરૂરતું હોય જેવી રીતે કે ઘરમાં ખાવાનું નહિ હોય અને એ (એતેકાફવાળા) માણસ સિવાય કોઈ બીજું માણસ ભરોસેદાર ખરીદનારૂં નહોય તેવી હાલતમાં ખરીદવું વેચવુ જાયઝ છે. પણ ખરીદેલી ચીજને મસીદમાં લાવવી કોઈ પણ રીતે જાયઝ નથી, જો તે ચીજ મસીદમાં લાવવાથી મસીદમાં કચરો થવાની અથવા જગ્યા રોકાવવાની બીક હોય. પણ જો મસીદ બગડવાની અથવા જગ્યા રોકાવવાની બીક નહીં હશે તો કેટલાક આલેમો તેને જાયઝ સમજે છે. (શામી).

(૧૫) મસઅલો. એતેકાફમાં તદન ચુપ બેસવું પણ મકરૂહ તહરીમી છે. અલબત ખરાબ વાતો નહીં બોલે જૂઠ નહી બોલે નિંદા (ગીબત) નહિ કરે, પણ કુરઆને શરીફ પઢે અથવા દીની ઇલ્મ પઢવા પઢાવવામાં લાગે અથવા કોઇ બીજી ઇબાદત (જે કે શરીઅતથી જાયઝ હોય તેમાં) પોતાનો વખત ગાળે. મતલબ એકે ચુપ બેસવું કોઈ ઇબાદત નથી.

ઝકાતનું બયાન.

[૧] મસઅલો. (ઝકાતની) તમામ [જાતીઓ] માં (તે માલપર) એક વરસ પૂરેપૂરૂં વીતી જવું શરત છે. **(૨) મસઅલો.** જનાવરોનો **એક પ્રકાર** (જાતી) જેઓમાંથી ઝકાત દેવી ફરઝ છે **સાએમા છે.** અને સાએમા તે પ્રકાર છે જેમાં નીચે લખેલી નીશાનીયો મળી આવતી હોય. વરસના વધુ ભાગમાં પોતાને મોઢે ચરીને તૃપ્ત થતા હોય અને ઘરમાં બાંધીને તેઓને ખવાડવામાં આવતું ન હોય. જો અધું વરસ ચરીને ખાતું હોય અને અધું વરસ બાંધીને ખવાડતા હોય તો તે સાએમા નથી. એવીજ રીતે કીંમત આપીને અથવા મફત ઘાસ મંગાવીને જો તેઓને ઘરમાંજ ખવાડતા હોય તો તે સાએમા નથી.

બીજો પ્રકાર. દૂધને માટે અથવા બચ્ચાં વધારે પેદા થાય તે વાસ્તે અથવા જાડા બનાવવા માટે રાખવામાં આવ્યા હોય. જો દૂધ બચ્ચાં કે જાડા બનાવવાને વાસ્તે નહિ રાખવામાં આવ્યા હોય પણ તેનું માંસ [ગોશ્ત] ખાવા અથવા તેના પર સ્વારી કરવા રાખ્યા હોય તો તેને સાએમા કેહશું નહિં.

સાએમા જનાવરોની ઝકાતનું બયાન.

(૧) મસઅલો. સાએમા જનાવરોની ઝકાતમાં એ શરત છે કે તે ઉંટ, ઉંટડી, ગાય, બળદ, ભેંસ, પાડો, બકરો, બકરી, ઘેટું, કે દુંબો હોય. હરણ વિગેરે જેવા જંગલી જનાવરોની ઝકાત (દેવી) ફરઝ નથી. પણ જો વેપારને ઇરાદે રાખવામાં આવે તો તેઓ પર વેપારની ઝકાત ફરઝ થશે. જે જનાવર શેહરી અને જંગલી જનાવરના મેળાપથી પેદા થયલાં હોય ત્યારે જો તેઓની મા શેહરી હશે તો શેહરી ગણાશે.

અને જંગલી હશે તો જંગલી ગણાશે. **દાખલા તરીકે** બકરી અને હરણુ (ના મેળાપ) થી જે જનાવર પેદા થાય તો તે બકરી (ની જાતી) માં ગણાશે, અને નીળગાય અને ગાયથી જે જનાવર પેદા થાય, તો તેને ગાયના હુકમો લાગુ પડશે.

(૨) મસઅલો. જે જનાવર સાએમા હોય અને વરસ પૂરો થાય તે પેહલાં જો તેને વેપારની નૈયતથી વેચી નાંખવામાં આવે તો તે વરસે તેની ઝકાત દેવામાં આવશે નહીં અને જે વખતથી તેણે વેપારની નૈયત કીધી હશે ત્યારથી તેનો વેપારી વરસ શરૂ થશે.

[૩] મસઅલો. જનાવરોનાં બચ્ચાં જો એકલાં હોય તો તેઓની ઝકાત દેવી ફરઝ નથી. પણ જો તેઓની સાથે મોટાં જનાવર પણ હશે તો તેઓની (બચ્ચાંઓની) ઝકાત દેવી પણ ફરઝ થશે, અને ઝકાતમાં તેજ મોટું જનાવર દેવામાં આવશે. અને વરસ પૂરૂં થવાથી જો તે મોટું જનાવર મરી જાય તો ઝકાત તેઓ પરથી ઉડી જશે. (દેવી પડશે નહીં.) (દુ. મુખ્તાર)

(૪) મસઅલો. વકફના જનાવરોની ઝકાત ફરઝ નથી. **(૫) મસઅલો.** ઘોડા જ્યારે સાએમા હોય અને તેઓમાં નર અને માદા ભેળસેળ હોય તો એક ઘોડે એક દીનાર એટલે પોણા ત્રણ રૂપીઆ દઈ દીએ. અથવા સૌ (ઘોડા)-ની કિમ્મત ગણી તે કિમ્મતનો ચાળીશમો ભાગ દઈ દીએ. **(૬) મસઅલો.** ગધેડા અને ખચ્ચરની ઝકાત, જ્યારે વેપાર વાસ્તે ન હોય ફરઝ નથી.

ઉંટનો નિસાબ.

યાદ રાખવું કે પાંચ ઉંટ હોય તો તેઓની ઝકાત દેવી ફરઝ છે. તે કરતાં ઓછા હોય તો ઝકાત ફરઝ નથી. પાંચ ઉંટમાં એક બકરૂં અને દસમાં બે અને પંદરમાં ત્રણ અને વીસમાં ચાર બકરાં દેવા ફરઝ છે. પછી (તે બકરાં) નર હોય કે માદા પણ એક વરસની અંદરની ઉમ્મરના ન હોય અને વચ્ચે (ની સંખ્યા વાસ્તે ઝકાત) કંઈ નથી.

ફરી પચ્ચીસ ઉંટ હોય તો એવી એક ઉંટડી દીએ જેને બીજું વરસ લાગેલું હોય અને છવ્વીસથી પાંત્રીસ સુધી કંઇ નથી ફરી છત્રીસ ઉટમાં એક એવી ઉંટડી દીએ કે જેણીને ત્રીજું વરસ (તેણીની ઉમ્મરનું) લાગેલું હોય ફરી સાડત્રીસથી પીસ્તાળીશ સુધી કંઇ નથી. ફરી છેતાળીશ ઉંટમાં એક એવી ઉંટડી જેને ચોથું વરસ લાગેલું હોય દીએ. અને સુડતાળીશ થી સાઠ સુધી કંઈ નથી ફરી એકસેંઠ ઉંટમાં એક એવી ઉંટડી દીએ કે જેણીને પાંચમું વરસ શરૂ થયલું હોય અને બાંસેઠથી પંચોતેર સુધી કંઇ નથી ફરી છોત્તેર ઉંટમાં બે ઉંટડીઓ એવી દીએ કે જેઓને ત્રીજું વરસ લાગેલું હોય અને બાણુંથી એકસોવીસ સુધી કંઈ નથી ફરી જ્યારે એકસોવીસથી વધુ થાયતો નવો હિસાબ શરૂ થશે એટલે જો ચાર વધુ થાય તો કંઈ નથી.

જ્યારે વધારો પાંચ સુધી પોહચે એટલે એકસો પચ્ચીસ (ઉંટ) થાય તો એક બકરી અને બે એવી ઉટડીઓ કે જેઓને ચોથું વરસ શરૂ થયલું હોય અને પચ્ચીસ ઉંટ વધી જાય તો એક બે વરસની ઉંટડી અને બે ત્રણ વરસની. અને ત્રીશ ઉંટ વધી જાય તો એક ચાર વરસની આ ત્રીશમાં અને બે ચાર વરસની એક સોવીસમાં ત્યારે કુલ્લે ચાર વરસવાળી ત્રણ થઇ. ફરી જ્યારે એ કરતાં પણ વધી જાય તો નવેસરથી હિસાબ ગણાશે એટલે પાંચ ઉંટમાં ચોવીસ સુધી દર પાંચ ઉંટે એક બકરી, ચોથા વરસવાળી તેઓમાંની એક ઉંટડી સાથે અને પચ્ચીસમાં એક બે વરસની ઉંટડી, અને છત્રીસમાં એક ત્રણ વરસની ઉંટડી. ફરી જ્યારે એકસો છન્નુ થઈ જાય તો ચાર ત્રણ વરસ-ની ઉંટડી ફરી જ્યારે એ કરતાં પણ વધી જાય તો હંમેશ તેવીજ રીતે હિસાબ ગણાશે જેવીરીતે કે દેઢસો પછી ગણવામાં આવ્યો.

મસઅલો. ઉંટની ઝકાતમાં જો ઉંટ દેવામાં આવે તો માદા દેવી જોઇએ પણજો નરની કિંમત માદા જેટલી થતી હોય તો (તે નર દેવો પણ) દુરસ્ત છે.

ગાય અને ભેંસનો નિસાબ.

ગાય અને ભેંસ બંને (શરીઅતમાં) એક જાતિમાં (ગણાય) છે અને (તેથી કરીને) બંનેનો નિસાબ પણ એક છે. અને જો બંને (ની સંખ્યા) ને મેળવવાથી નિસાબ (જે રકમપર ઝકાત લાગુ પડતી હોય તે) પૂરો થતો હોય તો મેળવી લેશું. **દાખલા તરીખે** વીસ ગાય હોય અને દસ ભેંસો હોય તો બંનેને મેળવી ત્રીશનો નિસાબ પૂરો કરી લેશું. પણ ઝકાતમાં તેજ જનાવર દેવામાં આવશે જેની સંખ્યા વધારે હશે. એટલે જો ગાય ગણત્રીમાં વધારે હશે તો ગાય ઝકાતમાં દેવામાં આવશે અને જો ભેંસ વધારે હશે તો ઝકાતમાં ભેંસજ દેવામાં આવશે. અને જો બંને સરખી સંખ્યામાં હશે તો ભારી જાતીમાં જે જનાવર ઓછી કીમ્મતનું હશે અથવા હલકી જાતીમાં જે જનાવર ભારી કિંમતનું હશે તે દેવામાં આવશે.

ત્યારે ત્રીસ ગાય ભેસમાં એક ગાય કે ભેસનું પાડું જે પૂરા એક વરસનું હોય નર હોય કે માદા (દેવામાં આવશે) ત્રીશ કરતાં ઓછામાં કંઈ નથી. અને ત્રીસ પછી ઓગણ ચાળીશ સુધી કંઇ નથી. ચળીશ ગાય ભેંસમાં પૂરા બે વરસનું એક બચ્ચું નર હોય કે માદા. પછી એકતાળીશથી ઓગણસાઠ સુધી કંઇ નથી જ્યારે સાઠ હોય તો અકેક વરસનાં બે બચ્ચાં દેવામાં આવશે. ફરી જ્યારે સાઠ કરતાં વધુ થઇ જાય તો દર ત્રીશે એક વરસનુ બચ્ચું અને દર ચાળીશે બે વરસનું બચ્ચું. **દાખલા તરીખે** સિત્તેર થઈ જાય તો એક વરસનું એક બચ્ચું અને બે વરસનું એક બચ્ચું (દેવામાં આવે) કેમકે સીત્તેરમાં એક ત્રીશનો હિસાબ છે અને એક ચાળીશનો અને જ્યારે એંસી થઈ જાય તો બે વરસનાં બે બચ્ચાં (દેવામાં આવે).

કેમકે એંસીમાં ચાળીશના બે નિસાબો છે. અને નેવુમાં અકેક વરસનાં ત્રણ બચ્ચાં કેમકે નેવુંમાં ત્રીશના ત્રણ નિસાબ છે. અને સોમાં અકેક વરસવાળા બે બચ્ચાં અને એક બચ્ચું બે વરસની ઉમ્મરનું કેમકે સોમાં બે નિસાબ ત્રીશના અને એક નિસાબ ચળીશનો છે. પણ જે ઠેકાણે બંને નિસાબોના હિસાબથી જુદું પરિણામ આવતું હોય, ત્યાં અખત્યાર છે ગમે તેને ગણે. **દાખલા તરીખે** એકસો વીસમાં ચાર નિસાબ તો ત્રીશના છે અને ત્રણ નિસાબ ચાળીશના, ત્યારે (દેનારને) અખત્યાર છે કે ત્રીશના નિસાબે અકેક વરસના ચાર બચ્ચાં દીએ, અથવા ચાળીશના નિસાબે બબે વરસનાં ત્રણ બચ્ચાં દીએ.

બકરાં, ઘેટાંનો નિસાબ.

ઝકાત દેવામાં બકરૂં અને ઘેટું સૌ સરખાં છે. પછી ઘેટું ગમે તો ચાકીવાળું હોય જેને દુંબું કહે છે અથવા સાધારણ હોય. જો બંનેનો નિસાબ પૂરો થતો હશે તો બંનેની ઝકાત જુદી જુદી દેવામાં આવશે પણ દરેક (જાતી) નો નિસાબ તો પૂરો થતો ન હોય પણ બંનેને મેળવવાથી નિસાબ પૂરો થતો હોય તો બનેને મેળવી લેશું. અને સંખ્યામાં જે વધારે હશે તેજ ઝકાતમાં દેવાશે અને બંને સરખાં હોય તો અખત્યાર છે (ગમે તે દીએ).

ચાળીશ બકરાં કે ઘેટાંમાં ઓછા હોય તો કંઈ (દેવાનું) નથી ચાળીશ બકરાં કે ઘેટાંમાં એક બકરૂં કે ઘેટું, ચાળીશ પછી એકસો વીસના વધરા સુધી કંઇ નથી, એકસો એકવીસમાં બે બકરાં કે ઘેટાં અને એકસો બાવીસથી બસો સુધી વધે તો કંઈ નથી. પછી બસો એક થાય તો ત્રણ બકરાં કે ઘેટાં બસો એથી ત્રણસો નવ્વાણું સુધીના વધારામાં કંઇ નથી. ફરી ચારસોમાં ચાર બકરાં કે ઘેટાં પછી ચારસો કરતાં વધે તો દર સેંકડે એક બકરી (કે ઘેટું) ને હિસાબે ઝકાત દેવી પડશે. સો કરતાં ઓછાં રહે તો, તે વધારાની ગણત્રી નથી.

મસઅલો. ઘેટાં બકરાંની ઝકાતમાં નર દેવો કે માદા દેવી કંઈ નકકી નથી પણ એક વરસ કરતાં ઓછી ઉમ્મરનું બચ્ચું હોવું જોઇએ નહીં; પછી તે બકરૂં હોય કે ઘેટું હોય. (બહરૂર રાયક).

ઝકાતના પરચૂરણ મસઅલા.

[૧] મસઅલો. હલાલ માલ સાથે હરામ માલને કોઇ મેળવી દીએ તો તેને તે સઘળા માલની ઝકાત દેવી પડશે. **(૨) મસઅલો.** જો કોઇ માણસ ઝકાત વાજેબ થયા પછી મરી જાય તો તેના માલની ઝકાત લેવામાં આવશે નહી, પણ જો તે વસીયત કરી જાય તો તેના માલનો ત્રીજો ભાગ (અને જો તે વધારે હોય તો તે ભાગમાંથી ઝકાત જેટલા રૂપિઆ) લઇ લેવામાં આવશે. અગરજો આ ત્રીજો ભાગ ઝકાતને વાસ્તે જેટલા રૂપિઆ જોઇએ તેટલા નહિ થાય. અને તે (મરહુમ) ના વારસો જો ત્રીજા ભાગ કરતાં વધારે દેવા રાજી હોય તો રાજી ખુશીથી તેઓ જેટલા રૂપિઆ દેશે તેટલા લઇ લેવામાં આવશે.

(૩) મસઅલો. એક વરસ પછી લેણાર પોતાનું લ્હેણું દેણુદારને માફ કરી દીએ તો પછી આ એક વરસની ઝકાત તેને આપવી પડશે નહીં પણ જો તે દેણદાર પૈસાવાળો છે તો તેને માફ કરવાથી માલની નુકસાની જાણી જોઇને કીધેલી ગણાશે અને લ્હેણુદારને ઝકાત દેવી પડશે. કેમકે ઝકાતના માલને (જાણી જોઇને) બરબાદ કરવાથી ઝકાત માફ થતી ગણાતી નથી. (બહર).

(૪) મસઅલો. ફરઝ અને વાજેબ સદકાઓ ઉપ્રાંત સદકો દેવો (ખેરાત કરવી) તેજ વખતે મુસ્તહબ છે કે જયારે પોતાની અને અને પોતાના બાલ બચ્ચાઓની જરૂરો કરતાં વધારે હોય, નહિં તો (ખેરાત કરવી) મકરૂહ છે. એવીજ રીતે પોતાનો કુલ માલ સદકામાં દઈ દેવું (ખેરાત કરી નાંખવુ) મકરૂહ છે. પણ જો તેની ખાત્રી હોય કે હું ખોદા પર ભરોસો કરી તકલીફોને વેઠી લઇશ, અને મારાં બાલબચ્ચાંઓને પણ ઈજા પોહોંચવાનો સંભવ (એહ્તેમાલ) નથી તો મકરૂહ નથી, પણ બેહતર છે.

(૫) મસઅલો. જો કોઇ નાબાલેગ છોકરીના નિકાહ કરી દેવામાં આવે અને તેણીને પોતાના ધણીને ત્યાં મોકલી દેવામાં આવે અને જો તેણી માલદાર હોય તો તેણીના માલમાં ફિત્રનો સદકો વાજેબ છે. પણ જો તેણી પૈસાવાળી નથી તો જોવું જોઇએ કે તે પોતાના ધણીની સેવા (ખીજમત) બજાવી શકે છે. અને તેની સાથે ઉઠવા બેસવા લાયક છે કે નહિ, જો લાયક હોય તો તેણીનો ફિત્રનો સદકો નહિ તેણીના બાપપર વાજેબ છે અને નહિ તેણીના ધણીપર અને જો તેણી [ધણીની] સેવા કરવા અને તેની સાથે ઉઠવા બેસવા લાયક નહિ હશે તો તેણીનો ફિત્રનો સદકો તેણીના બાપપર વાજેબ રેહશે. અને જો તેણી [માબાપના ઘરથી] ધણીને ત્યાં મોકલવામાં નહિ આવી અને અગરજો તેણી (ધણીની) ખીજમત કરવા લાયક અને (તેની સાથે) ઉઠવા બેસવા લાયક હોય છતાં દરેક હાલતમાં તેણીના બાપપર તેણીના તરફથી ફિત્રનો સદકો દેવો વાજેબ રેહશે (રદ દુલ મોહતાર).

બેહેશ્તી ઝેવર ભાગ ત્રીજાનો વધારો પૂરો થયો. ચોથા ભાગનો વધારો નથી. પાંચમા ભાગનો વધારો હવે શરૂ થાય છે.

બેહેશ્તી ઝેવર ભાગ પાંચમાનો વધારો.

વાળોની સાથે સંબંધ રાખનારા મસઅલા.

(૧) મસઅલો. કાનની લોલ સુધી અથવા તેનાથી કંઇક નીચે સુધી આખા માથાપર વાળ (લાંબા) રાખવા અથવા આખું માથું બોડાવી નંખાવવું સુંનત છે. અને [આખા

માથાના વાળ સઘળા સરખા] કતરાવવા પણ જાયઝ છે (પણ સુંનત નથી). પણ આગલા ભાગના થોડા મોટા રાખી (બાકીના) આખા માથાના ઝીણા કતરાવવા જેવી કે આજ કાલની ફેશન છે, દુરસ્ત નથી. અને કેટલુંક માથું બોડાવવું અને કેટલાકપર (વાળ) રેહવા દેવા જાયઝ નથી. એનાપરથી માલમ પડી જશે કે બાબરી રાખવી તાલવો બોડાવવો અથવા આગલા માથાના વાળ ગોળાકાર કરાવવાનો જે રિવાજ છે તે દુરસ્ત નથી

(૨) મસઅલો. જે વાળ ઘણા વધારેલા હોય તો ઓરતોની માફક અંબોડા વાળવો દુરસ્ત નથી. **(૩) મસઅલો.** ઓરતને માથું બોડાવવું અથવા વાળ કતરાવવા હરામ છે હદીસમાં (એવું કામ કરનારીઓપર) લઅનત (કરવામાં) આવી છે.

[૪] મસઅલો. મુછના વાળ ઉપલા હોઠ સુધી કતરાવવા કે જેથી લબ બરાબર થઈ જાય સુંનત છે. અને (મૂછો હોઠપરથી) બોડાવવામાં (આલેમોનો) મતફેર છે કેટલાક બિદઅત કહે છે અને કેટલાએક (બોડાવવાની) રજા દીએ છે તેથી નહી બોડાવવામાં બચાવ છે. **(૫) મસઅલો.** મુંછો બંને તરફ લાંબી રહેવા દેવી દુરસ્ત છે તે એવી શરતે કે લબો લાંબી રહે નહીં.

(૬) મસઅલો. દાઢી કતરાવવી કે બોડાવવી હરામ છે. પણ (હડપચીને છોડી તેની નીચે) એક મુઠી કરતાં જે વધે તેને કતરાવવી દુરસ્ત છે. એવીજ રીતે (મોંની) આજુબાજુએથી (તેજ એક મુઠી વાળ છોડીને) થોડા થોડા કતરાવવા કે જેથી (દાઢી) ખુબસુરત અને સરખી થઇ જાય દુરસ્ત છે **(૭) મસઅલો.** ગાલપર જે વાળ વધી જાય તેને બરાબર સરખા કરવા એટલે બોડાવવું [કે કતરાવવું] દુરસ્ત છે, એવીજ રીતે જો બંને ભંવો જરા બોડી કરી સરખી કરવામાં આવે તો દુરસ્ત છે.

(૮) મસઅલો. ગળાપરના વાળ બોડાવવા નહિ જોઇએ પણ (હઝરત ઇમામ) અબુયુસુફ (રહ) થી રીવાત છે કે એમ કરવામાં કંઈ હરકત નથી. **(૯) મસઅલો.** નીચલા હોઠ નીચે દાઢીનો જે ભાગ છે તેની બંને તરફ બોડાવવાને ફિકેહના આલેમો બિદઅત લખે છે તેથી [બોડાવવું] નહીં જોઇએ. એવીજરીતે પીઠના ભાગ તરફ જે હાડકું માથા તરફ આવેલું છે તેને બોડાવવું પણ ફિકેહના આલેમો મકરૂહ લખે છે.

(૧૦) મસઅલો. ગાલાને માટે સફેદવાળ [કાળાવાળોમાંથી] ટુંપી કાઢવા મના છે. પણ જહાદમાં લડનાર, દુશમનપર પોતાનો રોઆબ નાંખવાને એમ કરે તો બેહતર છે.

(૧૧) મસઅલો. નાકના વાળ ટુંપાવવા નહીં, પણ કાતરથી કાતરવા જોઇએ **(૧૨) મસઅલો.** છાતી અને પીઠના વાળ બોડાવવા જાયઝ છે. પણ એ અદબ વિરૂધ્ધ અને બહેતર નથી. **(૧૩) મસઅલો.** બગલના વાળને માટે બહેતર એ છે કે ચીમટાથી ટુંપી નાંખે અને અસતરાથી બોડાવવા પણ જાયઝ છે.

(૧૪) મસઅલો. ડુંટી નીચેના વાળ મરદને અસતરાથી સાફ બોડી નાંખવા બહેતર છે. બોડતી વખતે ડુંટી નીચેથી શરૂ કરે. અને હડતાલ વિગેરે કાઇ દવા લગાડી (વાળ) કાઢી નાંખવા પણ જાયઝ છે. અને ઓરતને માટે સુંનત મુજબ એ છે કે આંગળાથી ટુંપી નાંખે અસતરો લગાડે નહીં. **(૧૫) મસઅલો.** એ ઉપ્રાંત બાકી બદનના વાળ રહેવા દેવા અથવા બોડી નાંખવા બંને દુરસ્ત છે.

(૧૬) મસઅલો. હાથ પગના નખ કાપી નાંખવા પણ સુંનત છે. પણ જેહાદમાં લડનારને નખ અને મુછો દારૂલ હર્બમાં * નહીં કતરાવવાં

*** જે ઠેકાણે ઇસલામી શરીઅતના કાનૂનો પ્રમાણે દરેક ફેસલો નહીં થતો હોય અને શરીઅત મુજબ ચાલવાને હાકેમ રૈયતને સજા નહીં કરતો હોય તેને દારૂલ હર્બ કહે છે.**

મુસ્તહબ છે. **(૧૭) મસઅલો.** હાથના નખ એવી રીતે કપાવવા (કે કાપવા) બેહતર છે કે જમણા હાથની કલમાની આંગળીથી શરૂ કરે અને એક પછી એક છેલ્લી આંગળી સુધી કપાવી ડાબા હાથની છેલ્લી આંગળીથી એક પછી એક કપાવતાં (પાછા) જમણા હાથના અંગુઠા પર પૂરૂં કરે. અને પગના આંગળાઓમાં જમણા પગની છેલ્લી આંગળીથી શરૂ કરી ડાબા પગની છેલ્લી આંગળી પર પૂરૂ કરે એવી રીતે કપાવવું બેહતર છે. એનાથી વિરૂધ્ધ રીતે કપાવવું પણ દુરસ્ત છે.

[૧૮] મસઅલો. કાપેલા નખ અને વાળ દાટી દેવા જોઇએ. જો દાટે નહીં તો કોઈ અલગ જગ્યાએ નાંખી દે તે પણ જાયઝ છે. પણ ગંદી બદબોવાળી જગ્યામાં નાંખે નહી કેમકે એમ કરવાથી બીમારી પેદા થવાની બીક છે. **(૧૯) મસઅલો.** નખો દાંતથી કાતરવા મકરૂહ છે. અને તેથી કોઢની બીમારી લાગી જાય છે.

(૨૦) મસઅલો. (વાજેબ) ગોસલ કરવાનું હોય તેવી હાલતમાં વાળ બોડાવવા (કે કપાવવા) નખ કપાવવા ડુંટી નીચેના વાળ બોડવા મકરૂહ છે. **(૨૧) મસઅલો.** દર અઠવાડિઆમાં એક વખત ડુંટી નીચેના વાળ બગલ (ના વાળ) લબ (ના વાળ બોડાવી અને) નખ વિગેરે (કાતરી) ન્હાઇ ધોઈ સાફ થવું બેહતર છે. અને (એ કામોને વાસ્તે) સૌથી સારો જુમ્માનો દહાડો છે કે જુમ્માની નમાઝ આગળ (એ કામોથી) પરવારી નમાઝ પઢવા જાય. દર અઠવાડિએ નહીં થઈ શકે તો દર પખવાડિએ [પંદર દહાડે) જરૂર, અને છેલ્લે ચાળીશ દહાડે (તો જરૂર એ કામોથી પરવારે) એથી વધારે (મોડું કરવાની શરીઅતમાં) છુટ નથી. જો ચાળીશ દહાડા વીતી ગયા અને મઝકૂર કામો કરવાના બાકી રહી ગયા તો ગુનેહગાર થયો.

શુફ્આનું બયાન.

(૧) મસઅલો. જે વખતે શફીને વેચાણની ખબર મળે કે તરતજ જો તે પોતાને મોઢે એમ નહીં કેહેશે કે "હું શુફ્આ લઇશ" તો શુફ્આ બાતેલ થઈ જશે. ફરી તેને (શુફ્આનો) દાવો કરવો જાયઝ નથી તે એટલે સુધી કે જો શફીઅને કાગળ મળ્યો અને તેની શરૂઆતમાં એ ખબર લખાયલી છે કે ફલાણું ઘર વેચાયું અને તે વખતે (આ વાંચવાની સાથેજ) તે પોતાની જીભ વડે જો એમ નહીં કેહશે કે હું શુફ્આ લઇશ, તો તેનો શુફ્આ બાતેલ થઈ જશે.

(૨) મસઅલો. જો શફીઅ કહે કે મને એટલા રૂપિઆ આપો તો મારા શુફ્આના હક પરથી હું હાથ ઉઠાવી લઉં. એવી હાલતમાં તે પોતાના હક છોડવાને રાજી થઈ ગયો તેથી શફીપણાનો હક તો ઉડી ગયો. પણ એ લાંચ છે તેથી કરીને એ (લાંચના) રૂપિઆ લેવા દેવા હરામ છે.

[૩] મસઅલો. હજી હાકેમે શુફ્આ અપાવ્યો નહી એટલામાં શફીઅ મરી ગયો તો તેના વારસોને શુફ્આ મળશે નહીં અને જો ખરીદનાર મરી જાય તો શુફ્આ બાકી રેહશે.

(૪) મસઅલો. શફીઅને ખબર મળી કે આટલી (મોટી) કિંમતે ઘર વેચાયું (તેથી કરીને) તેણે (પોતાનાં હકપરથી) હાથ ઉઠાવ્યો. પછી માલમ પડયું કે (ઘર) ઓછી કિંમતે વેચાયું છે, તો તે વખતે તે (પોતાનો) શુફ્આ નો હક) લઇ શકે છે એવીજ રીતે પહેલાં સાંભળ્યું હતું કે ફલાણો માણસ ખરીદનાર છે, ફરી સાંભળ્યું કે નહીં (તે માણસ નથી) પણ બીજો ખરીદનાર છે, અથવા પેહલાં સાંભળ્યું હતું કે અધું (ઘર) વેચાયું છે પણ પછીથી ખબર મળી કે પૂરૂં વેચાયું છે એ હાલતોમાં જો પેહલી વાત સાંભળી હાથ ઉઠાવ્યો હશે છતાં શુફ્આનો હક જતો રેહશે નહીં.

મોઝારેઅત એટલે ખેતી વ્હેંચામણી અને મસાકાત એટલે ફળ વ્હેંચામણીનું બયાન.

(૧) મસઅલો. એક માણસે ખાલી

ભોંય બીજાને દઇને કહ્યું કે તમે એને ખેડો જે પાકશે તેમાંથી એવી રીતે એટલો ભાગ વ્હેંચી લેશું એને **મોઝારેઅત** કહે છે અને એ જાયઝ છે. **(૨) મસઅલો.** એક માણસે બગીચો બનાવ્યો અને કહ્યું કે તમે એને પાણી પીવાડો અને એની સેવા કરો એમાં જે પાકશે પછી એક કે બે વરસ સુધી અથવા દસ બાર વરસ સુધી અડધોઅડધ અથવા ત્રીજે ભાગે વ્હેંચી લેવામાં આવશે એ મસાકાત છે અને એ પણ જાયઝ છે.

(૩) મસઅલો. મઝકૂર મામલાને માટે નીચે મૂજબ શર્તો છે.—૧ ભોંય ખેડવા લાયક હોય ૨ ખેડનાર અક્કલવાળો અને બાલેગ હોય ૩ કેટલી મુદત ખેડશે તે નક્કી કીધું હોય ૪ બીયાં ભોંયના માલેકના હોશે કે ખેડનારના તે ઠરાવવું. ૫ કઈ ચીજ તે નક્કી કરવી. દાખલા તરીખે ઘઉ કે જુવાર. ૬ ખેડનારનો ભાગ નક્કી કરવો કે કુલ પાકમા કેટલો ભાગ તેને આપવામાં અવશે. ૭ ભોંય ચોખ્ખી કરીને ખેડનારને સોંપવી. ૮ ભોંયના પાકમાં ખેડનાર અને ભોંયના ધણીનું ભાગીદાર થવું. ૯ ભોંય અને બી એકનાં હોય તો બળદ અને મેહનત વિગેરે બીજાનાં અથવા એકની ફકત ભોંય હોય અને બાકી ચીજો બીજાને માથે હોય.

(૪) મસઅલો. મઝકૂર શર્તોમાંથી જો એક પણ શર્ત ટુટી જાય તો મોઝારેઅત (ફાસેદ) ના જાયઝ થશે. **(૫) મસઅલો.** જે મોઝારેઅત ફાસેદ થઈ જાય તેમાં જે કંઇ પાકે તે તમામ પાક બીયાંવાળાનો થશે અને બીજા માણસને, જો તે, તે ભોંયનો ધણી હશે તો તેને દસ્તૂર મૂજબ ભોંયનું કિરાયું મળશે. અને જો તે ખેડનાર છે તો તેને દસ્તૂર પ્રમાણે મજૂરી મળશે. પણ એ મજુરી કે કિરાયું, તેઓ બંને વચ્ચે પેહલાં (જે લેણુ-દેણુનો) ઠરાવ થયલો તેનાં કરતાં વધારે આપવામાં આવશે નહીં. એટલે ધારોકે અડધેઅડધ મોઝારેઅત-નો ઠરાવ થયો હતો તો કુલ્લે પાકના અર્ધા ભાગ કરતાં વધારે દેવામાં આવશે નહિ.

(૬) મસઅલો. મોઝારેઅતની વાતચીત નક્કી થઈ ગયા પછી જો બંનેમાંથી એક જણ શર્ત પ્રમાણે કામ કરવાની ના પાડે તો તેનાથી જોર જુલમથી કામ કરાવવામાં આવશે. પણ બીવાળો જો નકાર કરે તો તેનાથી જોર જુલમથી કામ લેવામાં આવશે નહિ.

(૭) મસઅલો. જો કોલકરાર કરનારા બંનેમાંનો એક મરી જશે તો મોઝારેઅત (નો ઠરાવ) રદ બાતેલ થઇ જશે. **(૮) મસઅલો.** જો ઠેરવેલી મુદત ગુજરી જાય અને ખેતી હજી પાકે નહિ તો ભોંયના માલેકને, તેટલા વધારેના દહાડા બદલ, ભોંયનું કિરાયું, તે જગ્યાના દસ્તૂર મૂજબ દેવું પડશે.

(૯) મસઅલો. કેટલીક જગ્યાએ એવો રીવાજ છે કે ભાગની ભોંયમાં જેટલું અનાજ પાકે તેને તો પોતાના ઠરાવ પ્રમાણે એકબીજામાં વ્હેંચી લે છે પણ ઘાસ વિગેરે બીજી જે ચીજો પેદા થાય છે તેને વ્હેંચતા નથી પણ વીઘાંઓના હિસાબથી ખેડનાર પાસે રોકડ ખર્ચો લે છે. એ કામ મોઝારેઅતની શર્ત વિરૂદ્ધ છે તેથી કરીને નાજાયઝ તો માલમ પડે છે, પણ એવી તરેહની ચીજોને મોઝારેઅત (ની શર્તો) થી તદન જુદી માનવામાં આવે, અને ત્યાંના દસ્તૂર પ્રમાણે પેહલાં જે ઠરાવ થયલો તેની તફસીલ એવી રીતે સમજશું, કે બંનેનું માનવું એ હતુ કે ફ-લાણી ચીજો માટે આ શર્તો નક્કી કરીએ છી-એ અને ફલાણી ચીજો માટે જમીન કિરાયાપર દેવામાં આવે છે. એવી તાવીલ (અર્થ) કરવા-થી તે રોકડા રૂપિઆ લેવા જયઝ થઇ શકે છે. છતાં એ બાબત બંને (ખેડનાર અને ભોંયના મા-લેક) નુ રાજી ખુશી સાથે મંજૂર રાખવું શરત છે.

(૧૦) મસઅલો. કેટલાક જમીન દારોનો દસ્તૂર છે કે પોતાનો ભાગ વ્હેંચામણીમાંથી લીધા પછી ખેડનારના ભાગમાંથી કેટલાક બીજા હકો નોકરો અને ઘેડા દુબળાઓના પણ કાઢે છે ત્યારે

જો એવી શરત કીધી કે એમણુ કે ચાર મણુ સામટું અને મચકૂર હકો બાબત લઇ લેશું તો એ નાજાયઝ છે. પણ દાખલા તરીકે જો એવો ઠરાવ કરે કે દર મણે એકશેર (લેશું) તો એ જાયઝ છે.

(૧૧) મસઅલો. કેટલાક લોકો એ વાતનો પેહલાંથી ફેસલો કરતા નથી કે શી ચીજ વાવવામાં આવશે, (વાવ્યા) પછી એ બાબત કંકાસ થાય છે એ જાયઝ નથી. જેનું બી વાવવું હોય તેનું નામ ખુલ્લી રીતે લીએ. અથવા ચોખ્ખી પરવાનગી લઇ લીએ કે જે મરજીમાં આવશે તે વાવશું.

(૧૨) મસઅલો. કેટલીએક જગ્યાએ એવો રિવાજ છે કે ખેડનાર ભોંયમાં બીયાં વાવ્યા પછી બીજા લોકોને સોંપી દે છે, અને તે એવી શરતે કે તમે એમાં મહેનત મજુરી કરો જે કંઇ પાકશે તેમાંથી દાખલા તરીકે ત્રીજો ભાગ એ મેહનત કરનારાઓને દેવામાં આવશે એ પણ મોઝારેઅત છે. જે ઠેકાણે જમીનનો ખરો માલેક એ બાબતમાં આડે આવતો ન હોય ત્યાં જાયઝ છે. નહિ તો જાયઝ નથી.

(૧૩) મસઅલો. મચકૂર મસઅલામાં પણ ઉપર બયાન કીધા મુજબ રિવાજની તફસીલ છે. કેટલીક ચીજો તો એ લોકોને વેચી દેવામાં આવે છે અને કેટલી એક ચીજોમાં દર વીંઘે કેટલાક રોકડા રૂપિઆ દીએ છે. ત્યારે એમાં પણ જાહેરમાં તેજ નાજાયઝ હોવાનો શકશુબેહ લાગુ પડે છે. અને તેજ જાયઝ હોવાની તાવીલ પણ અહીં થઇ શકે છે.

(૧૪) મસઅલો. ઇજારો (કંટ્રાક્ટ) અથવા મોઝારેઅતમાં બાર વરસ અથવા તે કરતાં વધુ કે ઓછી મુદત સુધી (કોઇની) ભોંયથી ફાયદો લઇને વારસાનો [કે માલેકીનો] દાવો કરવો જેવો કે હાલમાં (કાફરોથી શીખેલા મુસલમાનોમાં પણ) રિવાજ (થઇ ગયેલો) છે. (તે) તદ્દન બાતેલ, હરામ, જુલમ અને પારકાનું હક છીનવી લેવું છે. (ભોંયનો ખરો) માલેક જ્યાં સુધી રાજી ખુશીથી કબુલ નહીં રાખે ત્યાં સુધી તે (ભોંય ઘર વિગેરે) થી ફાયદો લેવો નાજાઝ છે. જો એમ કરશે તો તેનો પાક અને તેને ખાવું (બંને) હરામ છે.

(૧૫) મસઅલો. મસાકાતની હાલત (અથવા તેના મસઅલા) દરેક બાબતમાં મોઝારેઅત જેવીજ છે. **(૧૬) મસઅલો.** જો ફળ લાગેલાં ઝાડ સંભાળ વાસ્તે દીધાં અને ફળ એવાં હોય કે પાણી પીવાડવાથી અને તેની ચાકરી કરવાથી મોટાં થાય તો દુરસ્ત છે. પણ જો તે મોટાં થઇ ચુકયાં હોય તો મસાકાત દુરસ્ત થશે નહી. જેવી રીતે કે મોઝારેઅત કે જે પાક તૈયાર પછી ગણોતે દેવી દુરસ્ત નથી.

(૧૭) મસઅલો. અને મસાકાતનો ઠરાવ જયારે ટુટી જશે તો તમામ ફળો ઝાડોના માલેકના થશે. અને સંભાળનાર (કે પાળનાર) ને રિવાજ મુજબ મજુરી આપવામાં આવશે. જેવી રીતે કે મોઝારેઅતમાં બયાન કરવામાં આવ્યું.

પાણીના હુકમો.

(૧) મસઅલો. કોઇની માલેકીની જમીનમાં કુવો કે તળાવ કે હોજ અથવા નેહેર હોય તો બીજા લોકોને તેમાંથી પાણી પીવાથી અથવા જનાવરોને પીવાડવાથી અથવા વઝુ કે ગોસલ કરવાથી અથવા લુગડાં ધોવાને માટે પાણી ભરવાથી અથવા પાંચ દસ ઘડા ભરીને પોતાના ઘરના ઝાડ (ના કે છોડો)ના કયારામાં નાંખવાથી મના કરી શકતો નથી, કેમકે તે (કુવા કે તળાવ વિના પાણીમાં) સૌ કોઇનું હક છે. અને જો પોતીકી ભોંયમાં આવવાથી રોકાણ કરવા ચાહશે તો જોવું પડશે કે પાણી જેને જોઇએ છે તેને બીજી જગ્યાથી આસાનીથી પાણી મળી શકે છે (કે નહીં.) દાખલા તરીકે બીજો કુવો વિગેરે પાસેજ છે, અથવા તેનું કામ ચાલશેજ નહીં, અને (બાપડાને) ઘણી આપદા વેઠવી

પડશે. જો બીજી જગ્યાથી તે પોતાનું કામ ચલાવી શકે તો ઠીક છે નહિતો આ કુવાના માલેકને કહેવામાં આવશે કે આ માણસને પોતાના કુવા (વિગેરે) પરથી પાણી ભરવા દીએ, અથવાતો તેને જેટલું પાણી જોઇએ તેટલું તે પોતે કાઢીને અથવા બીજા માણસ પાસે કઢાવીને તેને દીએ. અલબત્ત પોતાના ખેતર કે બગીચાને, માલેકની પરવાનગી વિના પાણી પીવડાવવું બીજા લોકોને જાયઝ નથી. એ કામથી તે (માલીક) બીજાઓને રોકી શકે છે. એજ હુકમ પોતાનીમેળે ઉગેલા ઘાસનો છે અને જેટલા ઝાડોને થડ થતાં નથી તેઓને પણ એજ ઘાસનો હોકમ લાગુ પડે છે. થડવાળાં ઝાડ બેશક ભોંયના માલેકની મિલકત છે.

(૨) મસઅલો. એક માણસ જો બીજાના કુવા કે નેહેરથી (પોતાનું) ખેતર (કે બગીચા) ને પાણી પીવાડવા ચાહે અને તે (કુવા વિ૦ નો માલેક) પેલા (પાણી પીવાડનાર) પાસેથી (પાણીની) કઇ કિંમત લે તો તે જાયઝ છે કે નહિ એમાં (આલેમોનો) મતફેર છે **બલખ** શેહેરના મહાન આલેમોએ જાયઝ હોવાનો ફતવો દીધેલો છે.

(૩) મસઅલો. જે પાણી વાસણ કે મશકમાં ભરી લેવામા આવે તેમાં બીજા કોઇનો કંઈ પણ હક નથી. પણ જો નહીં ખમાય એટલી તરસ લાગેલી હોય તો છીનવીને પીવું પણ જાયઝ છે. તે એવી શરતે કે પાણી રાખનારને જોઈતું છે તે કરતાં વધારે હોય અને કિંમત આપવા છતાં પણ તે દેતો ન હોય.

કેફી ચીજોનું બયાન.

૧ મસઅલો. પાતળી પ્રવાહી (વહે તેવી) કેફી (નિશાવાળી) જે ચીજ હોય, પછી તે શરાબ હોય કે તાડી અથવા બીજી કોઇ ચીજ અને તેને વધારે પીવાથી જો કેફ પેદા થતો હોય તેનું એક ટીપું પણ હરામ છે. અગર જો આ થોડા (નજીવા) ભાગથી કેફ [નીશા] પેદા નહીં થાય એવીજ રીતે તેને પીવાની કે લગાડવાની દવામાં વાપરવું પણ મના છે. પછી તે કેફી વસ્તુ ગમે તો પોતાની અસલી હાલતમાં રહે અથવા બીજા કોઈ ફેરફારને લીધે બીજી હાલતમાં બદલાઈ જાય દરેક હાલતમાં મના છે. અહીંથી અંગ્રેજી દવાઓનો હાલ માલમ પડી ગયો કે જેઓમાં ઘણું કરીને એવીજ ચીજો મેળવવામાં આવે છે.

(૨) મસઅલો. જે ચીજ કેફી તો હોય પણ શરૂઆત (પોતાની પેદાશ) થીજ પ્રવાહી નહોય પણ ઘટ હોય જેવી કે તમાકુ, જાયફલ, અફીણ વિગેરે તેનો હુકમ એ છે કે જેટલો ભાગ વાપરવાથી કેફ પેદા થાય અથવા તેના થકી સખત નુકશાન થાય તો તે હરામ છે. અને જે ભાગ વાપરવાથી કેફ પણ ન થાય તેમજ કોઈ નુકશાની પણ નહિ થાય તે જાયઝ છે. અને જો લગાડવામાં વપરાય તો [ગમે તેટલી હોય] કંઇ હરકત નથી.

ભાગીદાર હોવાનું બયાન.

ભાગીદાર હોવું બે પ્રકારનું છે:—૧ ઇમલાકી ભાગીયાપણું કહેવાય છે. જેવી રીતે કે એક માણસ મરી ગયો અને તેના છોડેલા માલમાં કેટલાક વારસો ભાગીયા છે. અથવા થોડા થોડા રૂપિઆ કાઢીને બે માણસોએ એક ચીજ ખરીદ કીધી અથવા એક માણસે બે માણસોને કોઈ ચીજ બક્ષીશ દીધી, તેનો હુકમ એ છે કે એકને બીજાના હુકમ વગર તે ચીજ વાપરવી દુરસ્ત નથી. બીજી **ઓકૂદી** ભાગ્યાપણું છે. એ બે માણસો એ એક બીજા સાથે ઠરાવ કીધો કે આપણે બને ભાગમાં વેપાર કરશું એવા ભાગીયાપણાના પ્રકાર અને હુકમો નીચે મૂજબ છે:—

(૧) મસઅલો. એક પ્રકાર શિરકતે ઇનાન છે એટલે બે માણસોએ થોડા થોડા રૂપિઆ મેળવીને એવો ઠરાવ કીધો કે એનું લુગડું કે અનાજ અથવા બીજી કોઈ ચીજ ખરીદીને વેપાર કરશું. એમાં એ શરત છે કે મુડી નગદ હોવી જોઇએ પછી તે રૂપિઆ હોય કે ગીણી

હોય કે પૈસા હોય. ત્યારે જો બંને માણસ કેટલોક માલ એવો મેળવશે કે જે નગદ નહીં હશે અને તેથી ભાગમાં વેપાર કરશે તો એ ભાગીયાપણું જાયઝ થશે નહીં.

(૨) મસઅલો. શિરકતે ઇનાનમાં જાયઝ છે કે એક માણસનો પૈસો વધારે હોય અને બીજાનો ઓછો હોય અને નફાનો ભાગ એક બીજાની રાજી ખુશી પર આધાર રાખે છે. એટલે જો એવો ઠરાવ થાય કે માલ તો ઓછો છે પણ નફો સરખે ભાગે વ્હેંચી લેશું. અથવા માલ તો (બંનેનો) સરખે ભાગે છે. પણ નફામાં ત્રીજો ભાગ દેશું તો પણ જાયઝ છે.

(૩) મસઅલો. આ શિરકતે ઇનાનમાં દરેક શરીક (ભાગીયા) ને ભાગના માલમાં વેપાર માટે દરેક રીતે લેવડ દેવડ કરવી દુરસ્ત છે, જો તે બંનેમાં થયલા કોલ કરાર વિરૂધ્ધ ન હોય. પણ એક ભાગીયાનું લ્હેણું બીજો ઉઘરાવી શકશે નહીં.

(૪) મસઅલો. એ ભાગીયાપણાનો કોલકરાર થયા પછી કોઇ ચીજ ખરીદવામાં આવી નહીં અને એટલામાં સઘળી મુડી અથવા એક ભાગીયાનો માલ (પૈસો) જતો રહયો તો ભાગીયા પણું ટુટી જશે. અને એક ભાગીયો પણ કંઇ ખરીદી ચુકયો અને બીજા (ભાગીયા) નો માલ જતો રહયો તો ભાગીયાપણું ટુટશે નહીં મઝકૂર ખરીદેલી ચીજ બંનેની ગણાશે અને આ ચીજમાં બીજાનો જેટલો ભાગ લાગુ પડતો હશે તે ભાગ મૂજબ કિંમતના રૂપિઆ તે બીજા ભાગીયાથી વસૂલ લેવામાં આવશે.

દાખલા તરીકે એક (ભાગીયા) ના દશ રૂપિઆ હતા અને બીજા (ભાગીયા) ના પાંચ, દસ રૂપિઆવાળાએ માલ ખરીદ કીધો હતો અને (એટલામાં) પાંચ રૂપિઆવાળાના (પાંચ રૂપિઆ) ખોવાઇ ગયા તો પાંચ રૂપિઆવાળો આ માલમાં ત્રીજી પાંતીનો ભાગીયો છે. તેથીકરીને દસ રૂપિયાવાળો તેનાથી દસ રૂપિઆનો ત્રીજો ભાગ ત્રણ રૂપિઆ પાંચ આના ચાર પૈ વસૂલ કરશે, અને આવતા વખતમાં એ માલ ભાગમાં વેચાશે.

(૫) મસઅલો. આ ભાગીયાપણામાં બંને માણસોને એક બીજાના માલને મેળવી નાંખવાની જરૂર નથી ફકત મોંથી વાતચીત કરવાથી એ ભાગીયાપણાનો કોલ કરાર થઈ જાય છે.

(૬) મસઅલો. નફો પરિમાણમાં મુકર્ રર થતો જોઇએ. એટલે અડધો અડધ અથવા ત્રીજા ભાગમાં ત્રીજો ભાગ. અને જો એમ ઠર્યું કે એકને તો ફકત સો રૂપિઆ મળશે અને બાકીના સઘળા બીજાને તો એ જાયઝ નથી.

(૭) મસઅલો. ભાગીયાપણાના પ્રકારોમાં એક પ્રકારને **શિરકતે સનાયેઅ** કહે છે, અને તેનેજ **શિરકતે તકૂસીલ** પણ કહે છે. જેવી રીતે કે એ દરજી કે રંગરેજ એક બીજા સાથે એવો કોલ કરાર કરે કે જેની પાસે જે કામ રંગવાનો કે સીવવાનો આવે તે તેઓ કબુલ રાખે અને તેની મજૂરી જે મળે તે અડધે અડધ કે ત્રીજી પાંતીએ કે ચોથે ભાગે વ્હેંચી લીએ તો એ જાયઝ છે.

(૮) મસઅલો. એ કે જે કામ લીધું તે બંનેને કરવું જરૂરી છે.

દાખલા તરીકે એકના ભાગીયાએ એક લુગડું સીવવા વાસ્તે લીધું ત્યારે દેનાર ધણી જેવી રીતે પેલા [લેનાર] પર (પોતાના લુગડાને માટે) તગાદો કરી શકે છે તેવીજરીતે બીજા પાસે [પણ તગાદો કરી] સીવડાવી શકે છે. એવીજ રીતે એ સીવનાર (સીવાડનાર પાસે પોતાની) મજૂરી માંગી શકે છે તેવીજરીતે બીજો પણ (ઉઘરાણી કરી) મજૂરી લઈ શકે છે. અને જેવીરીતે પેહલાને મજુરી દેવાથી તેને માથે કંઈ બાકી રેહતું નથી તેવીજરીતે જો બીજા ભાગીયાને (મજુરી) દઇ દીએ તો તેનાપર કંઇ જવાબદારી રેહતી નથી.

(૯) મસઅલો. ભાગીયાપણાના પ્રકારોમાં એક પ્રકાર **શિરકત વોજૂહ** છે. એટલે

પાસે નહિ માલ છે નહિ કોઈ હુન્નર છે અને નહીં કોઈ ધંધો. માત્ર એકબીજા સાથે એવો કોલકરાર થયો કે દુકાનવાળાઓ પાસે ઉધાર માલ લઇને વેચશું. એ શિરકતમાં પણ દરેક ભાગીયો બીજાનો પ્રતિનિધી છે અને આ શિરકતમાં જે પરિમાણથી ભાગીયાપણું હશે તેજ પરિમાણે નફો પણ મળશે. એટલે ખરીદેલી ચીજોને જો અડધે-અડધ વ્હેંચાયલી ગણી હશે તો નફો પણ અડધેઅડધ વ્હેંચવામાં આવશે અને જો માલને ત્રીજી પાંતિમાં વ્હેચાયલો ઠેરવાશે તો નફો પણ ત્રીજા ભાગે વ્હેંચવામાં આવશે

બેહેશ્તી ઝેવરના પાંચમા ભાગનો વધારો પૂરો થયો. છઠ્ઠા સાતમા આઠમા અને દસમા ભાગનો વધારો નથી. નવમા ભાગનો વધારો આગળ આવે છે.

બેહેશ્તી ઝેવરના નવમા ભાગનો વધારો.

પ્રસ્તાવના.

બેહેશ્તી ઝેવરમાં ખાસ મરદો વાસ્તે જે મસઅલા છે તેમજ તેના નવમા ભાગમાં મરદોની ખાસ બીમારીઓ બતલાવી નથી અને તેને પૂરાં કરવાને બેહેશ્તી ગૌહર લખવામાં આવ્યો તેથી કરીને મસઅલાઓનો ભાગ પૂરો થતાં ઠીક લાગ્યું કે મરદોની બીમારીઓના જેટલા ઇલાજો છે તે એમાં દાખેલ કરવામાં આવે જેના લખનારા મૌલવી હકીમ મોહંમદ મુસ્તફા સાહેબ છે. ફકત.

લખનાર. **અશરફ અલી**

મરદોની બીમારીઓ.

જીર્યાન (વીર્ય શ્રાવ) તેને કહે છે કે જે (બીમારી) માં પેશાબ કરવા પેહલાં કે પછી કેટલાંક સફેદ, દુધના રંગનાં ટીપાં પડે છે. એ બીમારીથી દિવસે દિવસ બદનની તાકાત ઓછી થતી જાય છે અને ગમે તેવો સારો ખોરાક લેવામાં આવે પણ તે શરીરે લાગતો નથી. માણસ હંમેશ કમજોર પાતળો અને ફિક્કો પડતો જાય છે. જ્યારે એ બીમારી વધે છે ત્યારે કોઠો પણ બગડી જાય છે. અને જે કંઇ ખાવામાં આવે તે પચતું નથી, ઝાડા થઈ જાય છે અથવા કબજ થઇ જાય છે.

જીર્યાન (ધાતુના જવા) ની બીમારીવાળાનો કોઠો જ્યારે વધારે કબજીયત થાય છે તો તેનો ઇલાજ પણ ઘણી મુશ્કેલથી થાય છે; કેમકે જીર્યાનની ઘણીખરી દવાઓ કોઠાને કબજીયત કરનારી હોય છે તેથી કબજીયાતમાં વધારો થાય છે, અને કબજીયત વધવાથી જીર્યાન વધે છે. તેથી કરીને એના ઇલાજમાં ઢીલ કરવી ઠીક નથી શરૂમાંજ બહુ વિચારીને ઇલાજ કરવું જોઇએ.

જીર્યાનના કેટલાક પ્રકાર છેઃ—**૧** એ કે તબીયતમાં ગરમીનો વધારો થઈ લોહી અને વીર્ય (મની) માં ગર્મી આવી જાય અને તેની નિશાની એ છે કે પેશાબ કરતાં આગળ કે પાછળ જે ટીપાં આવતાં હોય તે એકદમ સફેદ નહોય પણ કેટલેક દરજ્જે પીળાશવાળાં હોય, અને તેઓ નીકળે તે વખતે બળત્રા બળે એટલુંજ નહી પણ પેશાબમાં પણ બળતરા પેદા થાય છે. અને લોહીમાં ગર્મી છે તેની નિશાનીઓ પણ જણાય જેવીરીતે કે ગર્મીના દહાડાઓમાં જીર્યાન વધી જાય છે અને શરદ ઋતુમાં ઘટી જાય છે અથવા ટાઢા પાણી વડે ન્હાવાથી આરામ થવા જેવું લાગે છે.

ઉપાય. એ ભુકી ખાવામાં લેવાયઃ—બાવળનું ગુંદર, કતીરા (ગુંદર), ચીની ગુંદર, તબાશીર, કહ્લઇની ખાક (ભસ્મ), બારજાનો સત, નાની એલચી, બાવળની સીંગ, સિતાવર, એખરો, કાળી મૂસલી. સફેદ મૂસલી, મૂચરસ, લીમડાનું ગુંદર, મીઠી ઇંદ્રિજવ દરેક વસ્તુ ત્રણ ત્રણ માશા લેવી અને છુંદી કપડછાંડ કરીને ખાંડ પોણાચાર તોલા મેળવી નવ નવ માશાની પડી-કીઓ બનાવી લીએ અને દરરોજ એક પડીકી

(સવારમાં નહાર કોઠે) ગાયની તાજી છાશ પા સેર સાથે ગળી જાય. ગાયની છાશ નહિ મળે તો ભેંસની વાપરે, જો એ પણ નહિ મળે તો મિસરીના શરબત સાથે વાપરે. એ ભુકી પ્રમિયાને માટે પણ ફાયદા કારક છે. ગાયના માંસ અને દરેક ગરમ ચીજથી કરી રાખવી જોઇએ. જેવી કે મેથી (ની ભાજી) વેંગણા, મૂળા, ગોળ, તેલ વિગેરે. એવી તરેહના જીર્યાનમાં ખાટી ચીજો જો થોડીક વપરાય તો નુકસાનકારક નથી પણ ઘણા ઝહાડાની બીમારી હોય તો વાપરવી નહિ.

બીજી ભુકી (એ ભુકી) ઘણી શકિત આપનાર અને પેશાબના બળતરા અને ગર્મીથી થયલા જીર્યાનને માટે ફાયદા કારક છે·— નાની માએ , તબાશીર, ઝેહર મોહરા ખતાઇ, અખરો, બીજબંદ, ગુલાબનાં ફુલ, જીરૂં (સફેદ), ધાણા, પસ્તાના ઉપરના છોડાં, નાની એલચી, સોપારીનાં ફુલ, દરેક ચીજ ૭ માશા, આમલીના ચીચોડાં છલટાં કાઢેલાં બે તોલા કૂટી કપડછાંનકરીને વડના દૂધમાં પલાળે અને છાયડામાં સુકવે; પછી ધોળી મૂસલી કાળી મૂસલી, શકાકુલ, સાલમ મિસરી, દરેક ચાર માશા કૂટીને અને કપડછાંડકરીને તેમાં મેળવે, પછી મિસરી ચાર તોલા મેળવીને ૭ ૭ માશાની પડીકીઓ બનાવે અને એક એક પડીકી દરરોજ (નહાર કોઠે સવારમાં) દૂધમાં અડધું પાણી મેળવી તેની સાથે ગળી જાય.

ત્રીજી ભુકી. ગર્મીના જીર્યાનને માટે છે, ભૂખ પણ વધારે છે. અને વીર્ય (મની) ને જલદી નીકળતાં અટકાવે છે (ઇમસાક કરે છે):— સાલમ મિસરી, ખુર્ફાના બી, કલ્લઇની ખાક, તબાશીર, કેરબો, અનારની કળીઓ, દોધીના બી, લાલ બમન દરેક ૭ માશા: રૂમી મસ્તકી બે માશા, માઝુ, રેહાનના બી, ત્રણ ત્રણ માશા કૂટી કપડછાંન કરીને મિસરી (ખડી સાકર) ચાર તોલા આઠ માશા વાટીને તેમાં મેળવે અને ત્રણ ત્રણ માશા (પા તોલા) ની પડીકીઓ બનાવે, એકેક પડીકી સવાર સાંજ ખડી સાકર [મીસરી] ના શરબત સાથે ફાકી જાય.

જીર્યાનનો બીજો પ્રકાર. તબીયતમાં સરદીનો અને પાણીનો ભાગ વધી જવાથી નસો કમજોર થઇ જાય છે. તેના ચિન્હો એ છે કે ધાતુ તદ્દન પાતળી થઇ જાય અને સ્વપ્નામાં જો વીર્ય નીકળે તો ખબર પડે નહિ. અને વીર્ય જરા પણ ઇચ્છા થવાથી અથવા વગર ઇચ્છાએ નીકળી પડે.

ઉપાય એ દવા વાપરવામાં આવેઃ—મીઠી ઇંદ્રજવ, સમુદ્રશીણ, કવચનાં બી, કાંદાનાં બી, ઉટંગનના બી, અકકલગરો, રેવનચીની દરેક સાડા દશ માશા કૂટી કપડછાંન કરીને વીસ પડીકીઓ બનાવે, દરરોજ એક ઇંડું લઇ તેમાં કાણુ કરી સફેદી કાઢી નાંખી એક પડીકી તેમાં નાંખી કાણાને લોટથી બંધ કરી ગરમ રાખોડીમાં મુકે, જ્યારે અર્ધું ભુનાઇ જાય તેને કાઢીને (તેમાંથી જરદી સાથે તે દવાને) ખાઈ જાય. એવીજ રીતે વીસ દહાડા સુધી ખાય.

ધાતુ પૌષ્ટિક અને ટકાવ વધારનારી ભુકી. સૂકા સિંગોડા, બાવળનો ગુંદર દરેક ૭ માશા, માજુફલ, રૂમીમસ્તકી, દરેક ત્રણ માશા, નિશાસ્તો (ઘઉંનો), અખરો, સાલમ મિસરી દરેક ચાર માશા, કૂટી કપડછાન કરીને ખડી સાકર અઢી તોલા મેળવી ભુકી બનાવી રાખે અને પાંચ માશાથી સાત માશા સુધી (કુવાના) તાજા પાણી સાથે ગળે.

આવી તરેહ (ના જીર્યાન)માં દરરોજ **જવારિશે કમ્મૂની** * એક તોલો ખાવી બહુ ફાયદાકારક છે.

* જવારિશે કમ્મૂની બનાવવાની રીતઃ-આલુનો મુરબ્બો ત્રણ તોલા, ગુલકંદ (નવો) સાત તોલા, બી કાઢી નાંખીલો હરડેનો મુરબ્બો ચાર તોલા, ગુલાબ (જલ) દોઢ પાસેરમાં પથ્થરપર ખૂબ વાટીને ખાંડ ચાર તોલા, મધ (ચોખ્ખું) સાડાચાર તોલા મેળવી શીરો પકવે. તેમાં કાળીજીરી કે જે સરકામાં ભીંજવીને સૂકવેલી હોય તે ત્રણ તોલા, સફેદ મરી, સિતાબનાં પાત્રાં, તજ, લાલ કલમી બૂરો દરેક ચાર માશા કૂટી ચાલણીમાં છાની મેળવે.

જીર્યાનનો એક પ્રકાર એ છે કે ગુર્દા બહુ કમજોર થઈ જાય, અને તેના ઉપરની ચરબી પીગળીને વીર્યની માફક બહાર નીકળે છે પણ ખરૂં જોતાં એ જીર્યાન નથી પણ જીર્યાનની પેઠે ધાતુ વહે છે તેથી એને જીર્યાન ફક્ત કહેવામાં આવે છે. એની ઓળખાણ એ છે કે પેશાબની પેહલાં કે પછી એક સફેદ પદાર્થ કંઈ પણ ઇચ્છા વગર નીકળે અને વધારે ભાગમાં નીકળે અને તેના નીકળવાથી ઘણી કમજોરી જણાય તેમજ ગુર્દાની બીમારી પણ પેહલાંથીજ તેને હોય જેવી કે ગુર્દાનો દુખાવો પથરી રેતી વિગેરે.

ઉપાય. લુબૂબે કબીરની માજૂન બહુજ ફાયદાકારક છે ગુર્દાને તાકાત આપે છે. કામશકિતને વધારે છે અને પેશાબમાં ચરબીને આવતાં અટકાવે છે અને તમામ બદનને તાકાત આપે છે અને તે નીચે પ્રમાણે છે—પસ્તા, ફુનદકની ગરી, બદામ, બુન, અખરોટની ગરી, ચલગોજાની ગરી, હબ્બુલ ઝલમની ગરી, મુકાઝીગા, કુલીજન, શકાકુલ, લાલ બામન, સફેદ બામન, લાલ તોદરી, પીળી તોદરી, સુઠ, છલટા વગરના તલ, દાલચીની દરેક પોણા નવ માશા બાલછડ, નાગરમોથ, લવંગ, કબાબચીની હબ્બુલ કલકલ (દિલ્હીમા મળે છે અત્રે મળતા નથી), ગાજરનાં બી, શલગમના બી, મૂલાનાં બી, કાંદાનાં બી, તુખ્મ ઇસપસ્ત (દિલ્હીમાં મળે છે), તુખ્મે હલયુન (દિલ્હીમાં મળે છે). ઇંદ્રજવ મીઠી, દરૂનજ, નરકચૂર, દરેક સવા પાચ માશા, જાયફલે, જાવત્રી, બડીલા, પીપલામુળ, દરેક સાડાત્રણ માશા, સાલમ મિસરી, નારિયલ (નાળિયેર)-નીગરી, ચલ્લા (નર)ના બેજા, ખશખશ દરેક સાડાસત્તર માશા, સુરનજાન મીઠા, બઝીદાન, [છાયડામાં] સુકવેલો પુદનો દરેક સાત માશા, અગર સાડાચાર માશા, કેસર (જાફરાન), રૂમી મસ્તકી, દરેક સાત માશા કુલ છેતાળીસ દવાઓ છે કૂટી કપડછાન કરીને, એકસો પાંચ તોલા મધનો કેવામ (શીરો) કરીને તેમાં મેળવી લીએ, અને અંબર ચાર માશા અને કસ્તૂરી (મુશ્ક) અસલી સવા બે માશા વાટીને તેમાં મેળવી લીએ. પછી સોનાના વરખ પંદર નગ અને ચાંદીના વરખ પચ્ચીસ નગ મધમાં વાટીને તેમાં મેળવે અને દર રોજ છ માશા (અર્ધો તોલો) તેમાંથી ખાય ઓછી કિંમતની બનાવવી હોય તો અંબર નહિ નાંખે તુખ્મે હલયન અસલી નહિ મળે તો (નકલી) નાંખે નહીં. એ માજૂન ઘણી કુવ્વત દેનારી અને બાહને વધારનારી છે પણ ગરમ વધારે છે.

જે લોકોના બદનમાં ગર્મીનો ભાગ વધારે હોય તેઓ આ બીજી માજૂન ખાય એનું નામ **માજૂન લુબૂબે બારેદ** છે.--બદામ, ખશખશ, કાકડીનાં બી, ચીભડાંના બી, દરેક એક તોલો, દોધીનાં બી, સુઠ, કુલીજન, શકાકુલ, દરેક દશ માશા, ખરબુજાનાં બીની ગરી, ખુર્ફા (કુલફા)-નાં બી, દરેક છ માશા કતીરો (ગુંદર) ચાર માશા ચલગોજાની ગરી, પીળી તોદરી, લાલ તોદરી, ગાજરનાં બી, તુખ્મે હલયુન અસલી (દિલ્હીમાં મળે છે) દરેક બે માશા કૂટી છાનીને, તુરંજબીન બાવીસ તોલાનો કેવામ કરીને મેળવી દીએ. સાત માશા દરરોજ ખાય.

માજૂન લુબૂબનો એક બીજો નુખસો છે અને **માજૂને લુબૂબે સગીર** કહે છે કીમત ઓછી પડે છે પણ ફાયદામાં માજૂન લુબૂબે કબીરને લગભગ અસરકારક છે, ભેજાને, ગુર્દાને, મસાના (જેમાં પેશાબ રહે છે તે) ને તાકાત દે છે. યાદ શકિતને વધારે છે તથા સુધારે છે, રંગને સાફ કરે છે અને ધાતુને વધારે છે—બદામ, અખરોટ, પસ્તા, બુન, ચલગોઝા, હબ્બુલ ઝલમ, ફુનદક, કોપરૂં (લીલુ), હબ્બુલ કલકલ, ખશખશ, સફેદ તોદરી, લાલ તોદરી, તલ (સફેદ) નેરાતેજક, કાંદાનાં બી, શલગમનાં બી, તુખ્મે ઇસપસ્ત અસલી, સફેદ બામન, સુંઠ, પીપલામૂળ, કબાબચીની, ખુર્ફા (કુલફા) નાં બી, દાલચીની, કુલીજન, શકાકુલ, તુખ્મે હલયૂન અસલી, દરેક એકેક તોલો (કુલ સત્તાવીસ દવાઓ થઇ) સારી પેઠે કૂટી

કપડછાન કરીને એકયાસી તોલા મધમાં મેળવી સાત માશાથી લઇને એક તોલા સુધી (દરરોજ) ખાય.

કામશક્તિમાં અને ટકાવમાં નુકસાન હોવાનું બયાન.

બાહ (કામશકિત)માં કમી બે તરેહથી હોય છે એક તો એ કે પોતાને એ બાબતની ઇચ્છા નહોય, બીજી એ કે ઇચ્છા તો હોય પણ ઇંદ્રિમાં નુકસાની આવી જાય જેથી સોહબત કરવાની તાકાત રહે નહિ. કેટલાક માણસોને એ બેમાંથી એક થાય છે અને કેટલાકને બંને તરેહની નુકસાની હોય છે. જેને પેહલી તરેહની નુકસાની હોય તેને ખાવાની દવા આપવાની જરૂર છે, અને જેને બીજી તરેહનીજ નુકસાની હોય તો તેને લગાડવાની દવા વાપરવી જોઇએ. અને જો બંને તરેહની નુકસાની કોઈ માણસમાં ભેગી થઈ ગઈ હોય તો તેને ખાવાની અને લગાડવાની બંને દવાઓ વાપરવાની જરૂર છે.

બાહની નુકસાનીની દવા પોતે હકીમ પણ ઘણા વિચાર અને મેહનતથી કરી શકે છે, તેથી કરીને તેની જુદી જુદી જાતીઓ અને તેના કારણો-નાં બયાન કરવાં છોડી દઇ અત્રે ઘણી ખરી બનતી બીનાઓ અને સેહલા ઉપાયો લખ-વામાં આવે છે.

બાહની નુકસાનીનો પેહલો પ્રકાર.

એટલે એ કામની ઇચ્છા ઓછી થવી. એના ઘણા કારણો છે. એકતો એ કે ખોરાક સારો મનપસંદ નહિ મળવાથી, અથવા લાંબી મુદત સુધી બીમાર રેહવાથી અથવા કોઈ દુ:ખને લીધે નબળા પડી સુકાઇ જાય જ્યારે આખું બદન કમજોર થશે તો બાહની તાકાતમાં પણ જરૂર ઘટાડો થશે.

ઉપાય એ છે કે સારો ખોરક ખાવામાં લેવાય અને દુ:ખનો વિચાર જેમ બને તેમ મનમાંથી કાઢી નાંખે, અને વધારે સુએ અને જ્યાંસુધી તાકાત ફરી પેદા થાય ત્યાંસુધી સ્ત્રી મેલાપથી દૂર રહે અને **માજૂને લુબૂબે કબીર અને માજૂને સગીર, અને માજૂને લુબૂબે બારેદ** એને માટે વધારે ફાયદા કારક છે. એ ત્રણે નુસખા જીર્યાનના બયાનમાં લખવામાં આવ્યા છે.

એ બાબત તરફ ઇચ્છા ઓછી થવાનું એક કારણ એ છે કે દિલ કમજોર થઇ જાય, તેની નિશાની એ છે કે જરાપણ બીક કે દુ:ખ (કે ગુસ્સા) થી બદન ધ્રુજવા લાગે, અને તબીઅત માં શરમ હદથી વધારે હોય.

ઉપાય એ છે કે **દવાઉલ મિસ્ક** અને દિલમાં ખુશી પેદા કરનારી દવાઓ ખાય, અને શરમને કોશિશ કરીને ઓછી કરે. **દવાઉલ મિસ્ક** * નો નુસ્ખો બેહેસ્તી ઝેવરના નવમા ભાગમાં બયાન કરવામાં આવ્યો, અને દિલમાં ખુશી પેદા કરનાર દવાઓના નુસ્ખા, ખોદાપાકે ચાહ્યું છે તો આગળ લખવામાં આવશે.

---

* દવાઉલ મિસ્ક મોતદિલનો નુસ્ખો—ગુલાબના ફુલ, ઝીણું કાત્રેલું રેશમ, તજ, લાલ બામન, સફેદ બામન, દરૂનજ, દરેક બેમાશા, છડીલા, રૂમી મસ્તકી નાની એલચીના દાણા, દરેક એક માશો, સફેદ સંદ-લની ભૂકી, લાલ સંદલની ભૂકી, ધાણા, સૂકા આમ-લા, કુલફાનાં બી, દરેક ત્રણ માશા, ગાવઝબાનના ફૂલ ચાર માશા, જરિશ્ક પાંચ માશા, અગર અને બાદરંજબોયા દરેક દોઢ માશો, કૂટી કપડછાન કરીને, પાચ તોલા સેબનો રૂબ (દિલ્હીમાં મળશે), અને ખાંડ અને મધ દરેક પાંચ તોલા શીરો કરીને બધાને મેળવી લીએ. પછી ખરા મોતી, કેરબો દરેક બે માશા, બુસુદ અહમર ત્રણ માશા, તબાશીર ત્રણ માશા એ સઘળાંને ચાર તોલા કેવડામાં ખલમા ખૂબ વાટી મેળવે, પછી કસ્તૂરી એક માશો, ઝાફરાન એક માશો જુદા કેવડાના અર્કમા વાટીને મેળવે, પછી સાડાત્રણ માશા ચાંદીના વરખ મધમાં વાટીને મેળવે. પાંચ માશાથી નવ માશા જેટલી ખવાય છે. એમાં કરી વાયડી ચી-જોની છે. બેદનને દિલને ઘણીજ તાકાત આપે છે. ખરાબ વિચારોને મટાડે છે.

એ બાબત તરફ ઇચ્છા ઓછી થવાનું એક કારણ એ છે કે ભેજું કમજોર થઇ જાય. નિશાની એ છે કે સોહબત કરવાથી માથાનો દુખાવો પેદા થાય અથવા કાન (કર્ણેંદ્રિય) ભારે થવા અથવા મગજનું ઠેકાણે નહિ રેહવું, **ઉપાય** મગજ શકિત વાસ્તે હરીરો પીએ અથવા મેવો (સુકો) વધારે ખાય. **હરીરા** (રાબડી)**નો નુકસો.** જેથી ભેજાને તાકાત મળે છે, ધાતુ પુષ્ટ થાય છે અને બાહને વધારે છે:—બદામ, તરબુજનાં બી, ભુરા કોલાનાં બી, દોધીનાં બી, દરેક ૭ માશા પાણીમાં વાટીને સિંગોડાનો લોટ. સાલમ મિસરી વાટેલી, ૭ માશા મેળવીને ઘી ચાર તોલાથી વઘારીને મિસરી નાંખીને પીએ.

મેવાની રીત એ છે કે કોપરૂં (સુકું), ખારેક, બદામ, નાની લાલ દરાખ, ચલગોજાનો મગજ દરેક પાસેર અને પિસ્તા નવટાંક [કુટીને] મેળવીને રાખે અને દર રોજ ત્રણ ચાર તોલા ખાય અને ભાવે તો ભુંજેલા ચણા મેળવીને ખાય. એ નુસ્ખો ઘણી વખત અજમાવેલો છે. બીજા કેટલાએક મગજની શકિત વધારનારા હલવાના નુસ્ખાઓ આગળ લખવામાં આવશે

ઇચ્છા ઓછી થવાનું એક કારણ ગુર્દાની અશકિત છે એ બીમારી તેઓને હોય છે કે જેઓ ગુર્દાથી પીડાતા હોય જેવી કે કે પથરી કે રેતી વિગેરે. **ઉપાય.** જો પથરી કે રેતીની બીમારી હોય તો તેની દવા કોઈ જાણીતા હકીમ (વૈદ) થી કરાવવી જોઇએ અને પથરી કે રેતીથી પીડાતા નહોય તો ગુર્દાને તાકાત દેવા વાસ્તે માજૂને **લુબૂબે કબીર** અથવા માજૂને **લુબૂબે સગીર** અથવા માજૂને **લુબૂબે બારેદ** ખાય. એ ત્રણે નુસ્ખાઓનું બયાન જીર્યાનના બયાનમાં થઇ ગયું.

કોઈ વખતે ઇચ્છા ઓછી થવાનું કારણ કોઠા કે કલેજાની કોઇ બીમારી હોય છે. તેના ચિન્હો ભૂક નહિ લાગવી અને ખોરાક પાચન નહિ થવું છે. અને તેની દવા સારા હકીમ પાસે કરાવવી જોઇએ અને મઝકુર બીમારીથી સારા થયા પછી **માજૂને ઝરઉની** ખાય જેનો નુસ્ખો આગળ આવશે.

બાહની કમતાકાતને માટે કેટલીએક દવાઓ અને ખોરાકોનું બયાન.

બાહને વધારનાર, ધાતુ પૈષ્ટિક, ટકાવ વધારનાર, દિલને, મગજને અને ગુર્દાને તાકાત દેનાર હલવો. સાલમ મિસરી બે તોલા, ખારેક નવટાંક, સફેદ મુસલી, કાળી મૂસલી, શકાકુલ. ધોળો બામન, લાલ બામન, એકેક તોલો કુટી કપડ છાન કરીને સકરજલ (સેક) .સારા ખુરચાને અડધો શેર લીએ અને એ સઘળાને પાંચ શેર ગાયના દુધમાં પકવે. તે એટલે સુધી કે માવા જેવા થઇ જાય. પછી અડધો શેર ઘી નાંખીને ભુજી લીએ કે તેમાં પાણી રહે નહીં, અને લાલ થઈ જાય. પછી ઇડાં (ઍદાં) નંગ વીસની જરદીને થોડા ઘીમાં ભુજીને તેમાં મેળવે અને સૌને સારી પેઠ મેળવી લીએ. પછી સાકર દોઢ શેર નાંખીને એક વખત ખદખદાવી લીએ કે જેથી હલવો બની જાય પછી ખોપરૂં પિસ્તા અને ખેદાનાની ગરી દરેક ચાર તોલા, બદામ પાંચ તોલા. પુંદકની ગરી બે તોલા ખુબ વાટીને મેળવી લીએ પછી જાયફળ જાવત્રી દરેક ૭ માશા, ઝાફરાન બે માશા, કસ્તુરી અસલી દોઢ માશો, કેવડાનો અર્ક ચાર તોલા ખુબ • ખરલમાં વાટીને મેળવી લીએ. દરરોજ બે તોલાથી ૭ તોલા સુધી ખાય ફાંકુ જેને માફક ન હોય તે નાંખ નહી

બાહ વધારનાર, ભુક લગાડનાર, ઘભરાટ દુર કરનાર, મગજને શકિત દેનાર ચેહરાનો રંગ સુધારનાર હલવો. સોજી (ઘઉંની) પાસેર ઘી અડધા શેરમાં ભુજે પછી અડધો શેર મિસરી મેળવીને હલવો બનાવી લીએ. પછી તબાશીર, નાની એલચી, દાલચીની દરેક ૭ માશા, ગાવઝબાન, ગાવઝબાનનાં ફુલ દરેક એક

તોલો, સાલમ મિસરી ચાર તોલા કુટી કપડ છાન કરીને તેમાં મેળવી દેવું. બદામ ત્રણ તોલા, કોપરૂં, હોથીનાં બી, દરેક ચાર તોલા ખુબ કુટીને મેળવે પછી મુશ્ક (કસ્તુરી) દોઢ તોલા ઝાફરાન એક માશો, કેવડાનો અર્ક ચાર તોલામા વાટીને મેળવે અને ચાંદીના વરખ ત્રણ માશા, થોડા મધમાં મેળવી વાટીને તમામ હલવામા ખુબ મેળવી દેવું: અને બે તોલાથી ચાર તોલા સુધી ખાય. ઓછી કીમતે બનાવવું હોય તો મુશ્ક નહિ નાંખે એ હલવો સુવાવડી સ્ત્રીને પણ ઘણો માફક છે. એ હલવો બાહની તે નુકસાનીને ફાયદો કરે છે કે જે દિલની કમજોરીને લીધે હોય.

ગાજરનો હલવો. બાહને વધારનાર, ધાતુ પૌષ્ટિક, દિલને અને મગજને તાકાત દેનાર, બદનને જાડો બનાવનાર, ટકાવને અને ગુર્દાને શક્તિ આપનાર છે. દેશી ગાજર ત્રણસેર લઈ છોલીને તેની અંદરની જાડીનસ (પિત્ત) કાઢીનાંખી ખુચીં લીએ. કોપરૂં, ખારેક પાસેર એ બંનેને પણ ખુચીં નાંખે પછી સાલમ મિસરી શકાકુલ, લાલ બામન, ધોળો બામન, ધોળી નપલી, કાળી મસલી, દરેક બબે તોલા કુટી કપડછાન કરી એ સઘળી દવાઓને ગાયના દૂધમા એટલું પકવે કે માવો બંધાઇ જાય. પછી એક સેર ઘીમાં ભુંજી કાઢે અને સફેદ સાકર બસેર નાંખીને હલવો બનાવે. પછી નાગોરી ગુંદર ચાર તોલા, કલઈની ખાક, જાયફળ, જાવત્રી દરેક છ માશા, મીઠી ઈંદ્રિજવ, સિતાવર બબે તોલા, નાની એલચી છ માશા કુટી કપડછાન કરી મેળવી લીએ. અને બદામનાં બી, પસ્તા, હોથીનુ મગજ પાંચ તોલા દરેક કુટીને નાંખે. અને કેસર ત્રણ મશા, મુશ્ક અસલી દોઢ માશો કેવડાના અરકમાં ખબ વાટીને તેમાં સારી પેઠે મેળવે. બે તોલાથી પાંચ તોલા સુધી ખાય. ઓછી કિંમતમાં બનાવવું હોય તો કસ્તૂરી નાંખે નહીં. એ હલવો પણ બાહમાં દિલની કમતાકાતથી જે નુકસાની થાયછે તેને વાસ્તે ફાયદાકારક છે.

ઘીકુંવારનો હલવો. બાહને વધારે છે, ધાતુ પૌષ્ટિક છે. કમ્મરના દરદ અને પેટમાં વાયુના દુખાવાને ફાયદો કરે છે. સિંગોડાનો લોટ ઘીકુંવારનો લાબો દરેક અડધો શેર, ઘી અડધા શેરમાં ભુંજે અને સાકર અડધો શેર મેળવીને હલવો બનાવી લીએ, અને ચાળીશ દહાડા સુધી દરરોજ ચાર તોલા ખાય. જે લોકો ઘણા સરદ મિજાજના છે અથવા જેઓના સાંધા દુખ્યા કરે છે અથવા કોઈ વખતે તેઓને લખવો અથવા સખિવા થઈ ગયા હોય તેમજ ઔરતોને વાસ્તે કે જેઓ સરદ મિજાજની હોય ઘણોજ ફાયદા કારક છે

સુર્અતે ઈનઝાલ. (વીર્યનું જલદી સ્ખલિત થઇ જવું). સ્ત્રી મેલાપ કરવામાં વધારે વાર નહિ થોભવાની કેટલાક લોકોને બીમારી હોય છે અને તે કોઇ વખતે ઘણી વધી પડે છે. તેમાં બીજા નુકસાનો ઉપ્રાંત એક નુકસાન તો એજ છે કે (ઘણાખરા લોકોને એ બીમારીને લીધે) ઓલાદ થતી નથી તેઓને જોઇએ કે આ નીચે લખેલી ગોળીઓ ખાય—તબાશીર. મસ્તકી રૂમી. જુન્દબાદસ્તર. જાવત્રી, દાલચીની, સાલમ મિસરી શકાકુલ, બામન લાલ, બામન ધોળો, દરૂનજ. પિસ્તના છોડા, નિશાસ્તો [ઘઉનો], ચલ ગોજનુ મગજ, સુંઠ, અજવાએન, દરેક ચાર રતિ, છોલાં ત્રણ માશા, બદામ એક દાણો, કેસર બે રતિ ખબ ઝીણી વાટીને અફીણ સાડા-ચાર માશા થોડા પાણીમાં મેળવી ઉપરની તમામ દવાઓ તેમા મેળવી દેવી. પછી મુશ્ક બે રતિ, અંબર અસલી બે રતિ, ચાંદીના વરખ સાત નંગ સોનાના વરખ સાડા ત્રણ નંગ [મધમાં) ખુબ ખલ કરીને તેમાં મેળવી કાળા મરીના દાણા બરાબર ગોળીઓ બનાવી લીએ. સ્ત્રી મેલાપથી ત્રણ કલાક આગળ દૂધ માફક હોય તો (ગરમ) દૂધની સાથે, નહિતો એક ઘુંટ પાણી સાથે એક ગોળી ગળી જાય.

(સળેખમ). જે લોકોને સલેખમ રહેતો હોય તે લોકો સલેખમ સારો થયા પછી થોડા

(લગાલગ) સવારે એક ગોળી દરરોજ ખાય તો આયંદા તેઓને સળેખમ થશે નહિ. જો અફીણ ખાનાર કેટલાક દહાડા (લગોલગ) એ ગોળીઓ ખાય તો અફીણ ખાવાની ટેવ છુટી જશે પછી ધીમે ધીમે એને પણ છોડી દીએ.

સુર્અત દૂર થવા. (એટલે ઈમસાક વાસ્તે) **બીજી સસ્તી ગોળીઓ.** અકકલગરો, લીલા માજુ ફલ, દરેક છ માશા, મોટા એલચો બે તોલા, રેહાનનાં બી, ત્રણ તોલા રૂમી મસ્તકી એક તોલો કૂટી કપડ છાન કરીને પાણી મેળવી બબ્બે માશાની ગોળીઓ બનાવે, પછી સોહબતથી બે કલાક આગળ બે ગોળીઓ ગાયના દૂધ વડે ખાય.

બાહ વધારનાર ધાતુ પૈષ્ટિક ખોરાક. અડદની દાળ પાશેર લઇ કાંદાનું પાણી તેમાં એટલું રેડે કે સારી પેઠે ભીંજાઈ જાય, તેને આખી ભીંજવા દીએ, [પછી પાણી નીથારી કાઢી] છાયામાં સૂકવી લીએ. એવીજ રીતે ત્રણ વખત કરી છલટાં (હોય તો) કાઢી નાંખી સાચવી મુકે દરરોજ પોણા બે તોલા આ દાળનો લોટ લઈ તેમાં દેશી ખાંડ પોણા બે તોલા મેળવી ઘી પોણા બે તોલામાં ભેળી પકવ્યા વગર ચાળીશ દહાડા ખાય પછી એની અસર જણાશે. સ્ત્રી મેલાપથી દૂર રહે. જીર્યાન માટે પણ અતિષ્ય ફાયદા કારક છે.

બાહને તાકાત દેનાર, ધાતુ પેદા કરનાર, કમ્મરનો દુખાવો મટાડનાર, ગુર્દાને કુવ્વત આપનાર ખોરાક. ગાયનું દૂધ અને ગાયનું ઘી અને પિસ્તાંનું તેલ દરેક પાશેર મેળવીને પકવે તે એટલે સુધી કે પાશેર રહી જાય પછી એક ચોખ્ખા વાસણમાં સાચવીને રાખે અને દરરોજ તેમાંથી બે તોલાથી ચાર તોલા સુધી ખાય.

બાહને વધારનાર, ગુર્દાને તાકાત દેનાર, ધાતુ પેદા કરનાર દરેક મીજાજ વાળાને માફક. મોટા દાણાના ચણા લઇને કાંદાના પાણીમાં ભીંજવે અને છાયામાં સુકવે એવીજ રીતે સાત વખત અને ઓછામાં ઓછા ત્રણ વખત સુકવે. પછી વાટી લઇને તેની બરાબર મિસરી મેળવીને રાખે, અને એક તોલો સવારના અને છ માશા (અર્ધો તોલો) રાતના સુતી વખતે દૂધની સાથે ફાકે

શરદ મિજાજ વાળાઓની બાહને તાકત દેનાર ખોરાક. કાંદાનું પાણી નીચોવીને પાશેર લઈ ચોખ્ખા મધ પાશેરમાં મેળવે પછી ચુલ્હે ચઢાવી પકવે જ્યારે પાશેર રહી જાય ત્યારે (તેને સાચવી રાખી) દોઢ તોલાથી ત્રણ તોલા સુધી ગરમ પાણી અથવા ચાહ સાથે નરણી વખતે ખાય.

બાહ વધારનાર, શરીરને તાકાત દેનાર, ધાતુ વર્ધક અને રૂષ્ટ પુષ્ટ (શરીરને જાડું બનાવનાર). હબ્બુલ કલકલની ગીરી, બદામ, ફુંદકનું મગજ, અખરોટનુ મગજ, દરેક પાંચ તોલા, કોપરૂં, ચલગોજાનુ મગજ, દરેક સાત તોલા સઘળાને જુદા જુદા ઝીણા છુંદીને અડશેઠ તોલા સફેદ સાકરનો ઘટ કેવામ (શીરો) કરે અને એક માશો ચોખ્ખી કસ્તુરી અને ત્રણ માશા ઝાફરાન (કેસર) કેવડાના અર્કમા વાટીને તેજ શીરામાં મેળવી ઉપર લખેલા મગજીયાતમાં સારી પેઠે મેળવી લીએ, અને દરરોજ દોઢ તોલો ખાય. જો ઓછો ખર્ચ કરવો હોય તો કસ્તુરી નહિ નાંખે.

બાહ અને કોઠાને પુષ્ટિ આપનાર. સારા ચણા પાશેર લઈ કાંદાના પાણીમાં અથવા ચોખ્ખા પાણીમાં ભીજવે જ્યારે ફૂલી જાય ત્યારે ગાયના ઘીમાં અથવા બીજા કોઈ પણ (જનાવરના) ઘીમાં ભુંજી લીએ, પછી તેટલાજ (વજનમાં) ચલગોજાના મગજ લઈ બન્નેને મધમાં એટલા મેળવે કે (લોટની માફક) બંધાઇ જાય. પછી રૂમી મસ્તકી અને દાલચીની દરેક એક તોલો ઝીણાં વાટીને મેળવી લીએ અને ચીનીની રકાબીમાં નાંખી જમાવે અને તેના ચોસલા કાપીને રાખે. બે તોલાથી પાંચ તોલા સુધી ખાય.

બાહને વધારનારી સસ્તી દવા. મોટા ચણા ચુંટીને બે તોલા લીએ તેને રાતના ભીંજવીને સવારમાં ચણા પાણીમાંથી કાઢી એકેક કરીને તમામ ખાઇ જાય પછી તેના પાણીમાં મધ મેળવી ઉપરથી પીએ કેટલાક માણસોને એનાથી ઘણો ફાયદો થયલો છે.

બાહને વધારનારા કેટલાક ખોરાકનું ટુંક બયાન.

મરઘાંનું માંસ, પુષ્ટ બકરાનું માંસ, પક્ષિઓનું માંસ, અર્ધું બાફેલું ઇંડું [હાફ બૉઇલ્ડ] મુખ્યતવે કરીને દાલચીની, કાલા મરી, અને કુલીજનની સાથે (રાંધેલું) અથવા નમકે સુલેમાનીની સાથે (મેળવેલું ઇંડું); માછલીનાં ઇંડાં, ચકલાં (ખાસ કરીને નરનાં) અને કબુતરોનાં માથાં, ઘી, દૂધ, શીરબિરંજ (દુધપાક), ઇંડાનો ખરીઝ એટલે ખાકીનો.

માજૂન જરઉનીનો નુસ્ખો. કાલા મરી, પીપલામૂળ, સૂંઠ કુલ્ફાના (ખાટી ભાજીના) બી, દાલચીની, લવંગ દરેક એક માશો, લાલ તોદરી, ધોળી તોદરી, લાલ બામન, ધોળો બામન બુઝીદાન, મીઠી ઇંદ્રજવ, મીઠો કોટ, નાગરમોથ, બાલછડ, દરેક ત્રણ માશા કુટી કપડ છાન કરી ચોખ્ખું મધ સાડા બાર તોલામાં મેળવીને રાખે અને દરરોજ એક તોલો ખાય. એ માજૂન તબીયતમાં ચાલાકી પેદા કરે છે અને જે માણસને વારંવાર પેશાબ આવતી હોય તેને બહુજ ફાયદાકારક છે.

બાહને અને વીર્યને વધારનારી અને અવયવો અને મગજને તાકાત દેનારી માજૂન પિસ્તાંનો મગજ, ચલગોઝાનો મગજ, બદામ, અખરોટ, ફૂંદકનો મગજ, (સુકા) અંજીર કોપરૂં, હબ્બુસ સમના (ચારોલી), ખશખશ, દરેક એક તોલો. નાની લાલ દરાખ, પાંચ તોલા, ખુબાની (જરદાલુ) અર્ધો તોલો સઘળાંને ખુબ છુંદીને મલમ જેવા બનાવી લીએ. પછી બેદાના બે તોલા, હબ્બુલ કિરતમ (કુસંબના બી), ત્રણ તોલા, કપાસીયાનો મગજ ત્રણ તોલા એ છુંદી અર્ધો શેર પાણીમાં પકવે જ્યારે સા. પેરે જોશ આવે ઉતારી તેને હાથથી મસલે, છાનીને મધ (ચોખ્ખું) ચોવીસ તોલા, શાકર સફેદ ઉડતાળીશ તોલાનો કેવામ [શીરો] કરી મઝકૂર મગજીયાતને મેળવી શરબત જેવું ઘટ થાય ત્યાં સુધી પકવે પછી શકાકુલ, કુલીજન,, સિતાવર, દાલચીની, દરેક એક તોલો જાવંત્રી, લવંગ, જાએફળ, અકકલકરો, માલકંગની, દરેક છ માશા કુટી છાનીને મેળવી લીએ; પછી ચાંદીના વરખ, દોઢ માશો, સોનાના વરખ છ રતિ, અથવા ગણતાં વીસ નંગ થોડા મધમાં મેળવી લીએ દરરોજ એક તોલો (ગરમ દૂધ) અથવા દૂધ વગર ખાય.

એ માજૂન દરેક મિજાજવાળાને માફક છે એ (માજૂન)માં જે લોઢાના મેલની ખાક (કુસ્તએ ખુબસુલ હદીદ)બે માશા મેળવી લીએ. અને આમલાના મુરબ્બાના એક દાણા સાથે દરરોજ એક તોલો ખાય અને ઉપરથી કેવડાનો અર્ક ચાર તોલા પીએ. અને સવારમાં (અને બપોરે) ઇંડાનો ખાકીનો, અને સાંજનાં દૂધપાક [ફીરની] જેમાં ખારેક પણ નાંખેલી હોય તે ખાય ચાળીસ દહાડા સુધી અને ઓરતની સોહબતથી દૂર રહે તો નહિ વર્ણવી શકાય એટલો ફાયદો જણાશે. એ માજૂન દિલને કવ્વત દેનારી છે તેથી કરીને દિલના કમજોર હોવાથી બાહમાં જે નુકસાન થયલો હોયતો તેને કવ્વત આપે છે.

બાહને તાકાત દેનાર, ધાતુ વધારનાર અને સસ્તી માજૂન. ભૂંજેલા ચણાનો લોટ પાંચ ઇંડાની જરદીમાં પકાવે, જ્યારે હલવા જેવો થઈ જાય ત્યારે ગાયનું ઘી અથવા જે કોઇ ઘી મળી આવે તે પાંચ તોલા, ચોખ્ખું મધ પાંચ તોલા મેળવીને માજૂનની માફક ઘટ કરી લીએ [પકાવે] અને દર રોજ પાંચ પાંચ તોલા ખાય. એ અજમાવેલી છે.

...હની નુકસનીના બીજા પ્રકારનું બયાન.

તે એ છે કે ઇચ્છા તો જોઇએ તેવી હોય પણ ઇદ્રિમાં કોઈ નુકસાની આવી જાય તેથી કરીને સોહબત કરવાની તાકાત નહોય તેની કેટલીએક હાલતો છે. એકતો એ કે માત્ર કમજોર અને ઢીલી પડી ગયલી હોય.

ઉપાય એ છે કે આ તિલો બનાવે અને નીચે લખેલી રીત મૂજબ લગાડે, હડતાળ, સોમલ, બિચનાગ, નવસાગર દરેક દવા બે તોલા લીએ અને ખૂબ વાટીને પાસેર ચોખ્ખા ઘીમાં મેળવે અને પારો તોલા બે તેમાં ખરળ ખૂબ કરે પછી લોઢાની કઢાઈમાં નાંખી ધીમી આગપર પકવે, તે એટલે સુધી કે તમામ દવાઓ બળીને કોલસા જેવી થઇ જાય. પછી ઉપર ઉપરથી ઘી નીતારી લઇને લુગડામાં છાનીને બોતેલમાં ભરી રાખે. પછી રાતની વખતે એક પુમડું તેમાં ડબોવીને ધીમે ધીમે ઇંદ્રિપર લગાડે તે એવી રીતે કે ફૂલકે નીચાના ભાગપર આવેલી સીવણ બચેલી રહે. અને તેની ઉપર કપુરવેલી (પાકું) પાન અને તે નહિ મળે તો દેશી પાન [દીવાપર] જરા ગરમ કરીને લપેટી દીએ અને સવારે ખોલી નાખે. સાત કે ચૌદ કે એકવીસ દહાડા સુધી એમજ કરે અને જેટલા દહાડા વાપરે તેટલા દહાડા ટાઢું પાણી અને સ્ત્રી મેલાપથી દૂર રહે. અને એ દવા વાપરે ત્યાં સુધી રોટલી અને પનીર એજ બે ચીજો ખાય તો ફાયદો ઘણોજ થાય. આ તિલાથી તકલીફ ઘણી થોડી થાયછે અને પોપિલો વિગેરે પડતો નથી. કેટલાએકને તો જરાપણ ઇજા થતી નથી. જો કદાચ કોઇને તકલીફ જણાય તો એ એક દહાડા છોડી દીએ, અથવા કપુરને ગાયના માખણમાં મેળવી ઉપર લગાડે.

બીજો પ્રકાર એ છે ઇંદ્રિ વાંકી થઈ જાય. **ઉપાય** તેનો એ છે કે પેહલાં વાંકની જગ્યાને નરમ કરવાની કોશીશ કરે પછી કુવ્વત પેદા કરવાની કોશીશ કરે.

(ઇંદ્રિના વાંકને) નરમ કરવાની દવા. સોસન ના મૂળિયાં (સુકાં) છ માશા પાસેર પાણીમાં પકવે જ્યારે સારી પેઠે જોશ થઈ જાય તેને મસલી નાંખી ગાળીને તેમાં બાબુનાનું તેલ મેળવીને પકવે કે પાણી બળીને તેલ રહી જાય. પછી મર્ઘીની ચર્બી, બદકની ચર્બી ગાયના હાડકાં અંદરનો ગૂદો, પીળું મીણ દરેક બે તોલા મેળવીને આગપર પીગળાવી એક બીજા સાથે ખૂબ મેળવે અને બોતેલમાં ભરી સાચવી રાખે. પછી સવારમાં ગરમ કરીને ઇંદ્રિપર ચોળે અને હાથથી સીધી કરે પછી અર્ધો કલાક રહીને ગુલે બાબુના, નાખના (એકલી લુલ મુલ્ક) બનફશા દરેક છ છ માશા અર્ધા શેર પાણીમાં પકવીને ગાળી લઇને બધણીમાં ભરી ઇંદ્રિને ઝારે. ત્રણ ચાર દિવસ કે લગભગ અઠવાડીઆ સુધી મતલબ એ કે જ્યાં સુધી વાંક સાફ નહિ થાય એ (દવા) વાપરે. પછી કુવ્વતને વાસ્તે તે તિલો કે જે પહેલા પ્રકારમાં બયાન કરવામાં આવ્યો મઝકૂર રીતે લગાડે. [એ રીત] ઘણી આજમૂદા છે.

એ તિલો પણ ફાયદાકારક છે કરંજવાના બીની ગરી, જાયફલ, લવંગ દરેક બે માશા વાટીને થુએરના દૂધમાં મેળવીને ગોળીઓ બનાવે, પછી જરૂરની વખતે ગોળીમાંથી થોડી લઇને ત્રણ ચાર ટીપાં (ભીકા) તેલમાં ઘસીને (ઇંદ્રિ પર) લગાડે અને તેના પર (પાકું) પાન (આંગ પર) તપાવીને બાંધે એક અઠવાડિયું કે એક પખવાડિયું એ પ્રમાણે કરે.

એક બીજો પ્રકાર. એ છેકે ઇંદ્રિ જડમાંથી પાતળી અને આગળથી જાડી હોય એ બિમારી હાથરસ કે લોંડા બાજીથી પેદા થાય છે. **ઉપાય.** દેડકાની ચર્બી સવા તોલો, અકકલકરો સાડાદસ માશા, ગાયનું ઘી ત્રણ તોલા. પેહલાં ઘીને ગરમ કરે પછી ચર્બીને મેળવી થોડી વાર આગપર રેહવા દીએ પછી ઉતારી લીએ. પછી અકકલકરાને વાટીને તેમાં મેળવે અને એક કલાક ખુબ ખરળ કરે કે મલમ જેવું થઇ જાય પછી ગરમ ગરમ લેપ કરી કાચા સુતરથી (સેંકેલા)

પાનને ઉપર બાંધે. રાતના બાંધે, અને સવારે છોડી નાંખે; એક અઠવાડિયા સુધી એમજ કરે.

સુચના. દેડકાં પાણીનાં હોય કેમકે ભોંય પરના દેડકાની ચર્બી નાપાક છે તેને વાપરવી જાયઝ નથી પાણીના દેડકાની ઓળખાણ એ છે કે તેના આંગળાની દરમ્યાન બદકની માફક ચામડી (જોડાયલી) હોય છે. જો પાણીનાં દેડકાં નહી મળે તો તેની ચર્બીના બદલામાં ઝેતૂનનું તેલ (ઑલિવ ઑઇલ) અથવા બલેસાનનુ તેલ અથવા ગાયની ચર્બી અથવા મરઘી કે બદકની ચર્બી નાંખે.

મચકૂર બીમારીને માટે સેકવાનો નુસ્ખો. હાથીદાંતની ભુકી બે તોલા, માલકંગની કાળાતલ, દરેક નવ માશા, આંબાહળદ એક તોલો. મેદા લકડી, રૂમી મસ્તકી, અકકલકરો, દરેક ત્રણ માશા, લવંગ બે માશા, દાલચીની, પાંચ માશા કુટી કપડછાંન કરીને પોટલી બાંધી તલના તેલમાં ભીંજવી [ધીમી આગપર] ગરમ કરીને [દરરોજ લગભગ અર્ધો પોણો કલાક] સેકવું. એક અઠવાડિયું અને ઓછામાં ઓછા ત્રણ દહાડા સેકવુ જોઇએ. એક પોટલી ત્રણ દહાડા ચાલી શકે છે. ઉમદા રીત તો એ છે કે જેમાં દેડકાંની ચર્બી છે તે લેપ એક અઠવાડિઆ સુધી લગાડે, તે પછી એક અઠવાડિઆ અથવા ત્રણ દહાડા એ સેક કરે, પછી કંઇ કસર રહી જાય તો એક અઠવાડિઆ અથવા એક પખવાડિઆ સુધી જે તિલો ઉપર લખવામાં આવ્યો કે જેમાં નાસાગર અને પારો છે, તે વાપરે

બાહની નુકસાનીનો ત્રીજો પ્રકાર

એ છે કે ઇચ્છા પણ ઘટી જાય અને ઇંદ્રિમાં પણ નુકસાન આવી જાય એને માટે ખાવાની દવાની જરૂર છે તેમજ લગાડવાની દવાની પણ જરૂર છે. ખાવાની દવાઓનુ બયાન પેહેલા પ્રકારમાં અને લગાડવાની દવાઓનું બયાન બીજા પ્રકારમાં થયું તેમાંથી વીચારીને શોધી લીએ.

કેટલીએક જરૂરની વાતો

બાહની કેટલીએક દવાઓ એવી હોય છે કે જેમાં ઝેરકચૂરો અથવા બીજી કોઈ ઝેરી હોય છે તેથી કરીને મુકરરે કીધેલા ઝેરી દવાના પ્રમાણ કરતાં વધારે નહિ ખાવાની સંભાળ રાખવી જોઇએ. અને (એવી ઝેર વાળી દવાને) એવે ઠેકાણે મુકવામાં નહિ આવે કે જ્યાં બચ્ચાંઓના હાથ પોંહચી શકે કદાચ કોઈ ખાઈ લીએ. તેમાં ખાસ કરીને તિલા વિગેરેની દવાઓ કે જેને બહાર લગાડવામાં વાપરીએ છીએ તેઓને માટે વધારે સંભાળ રાખવી, કેમકે તિલા ઘણા થોડા એવા હોય છે જેમાં ઝેર હોતું નથી. તિલાની ઓતેલપર તેનું નામ બદલે "ઝેર" જરૂર લખી દીએ. ભૂલથી કોઈ ખાવાની ઝેરી દવા અથવા તિલાને ખાઈ લીએ તો બહેતર એ છે કે જેની પાસેથી તે દવા કે તિલો મંગાવ્યો હોય તેને પુછવામાં આવે કે એમાં કઈ તરેહનું ઝેર હતું? પછી હકીમ કે ડાકટરથી [તે ઝેરની] દવા કરવામાં આવે.

કામ ઇચ્છા વધારે હોય તેનું બયાન

કોઈ વખતે એ ઇચ્છા ઘટાડવાની જરૂર પડે છે તેથી તેનો ઉપાય પણ લખવામાં આવે છે. જો કામ ઇચ્છા (શહવત) નો જોર જુવાની અથવા નહિ પરણવાને લીધે હોય તો તેનો સૌથી સારો ઉપાય પરણવું છે. પણ જો પરણવાની તાકાત નહોય તો (શહવત ઘટાડવાને) એ (નીચે લખેલી) દવાઓ ખાય:—

કાહુના બી, કુલફાના* બી દરેક પાંત્રીસ માશા, ધાણાં સાડા દસ માશા, અનાર ની કળીઓ (સુકી), નીલોફરના ફૂલ, ગુલાબના ફૂલ (સુકા), દરેક સાત માશા, કપૂર એક માશા કૂટી છાનીને ઇસબગોલ (ઉટીઉં જીરૂં) આખું કુટયા વગર સાડાદશ માશા તેમાં મેળવે અને દરરોજ નવ માશા ખાય. અને બંને ગુર્દાઓ ઉપર આવે તેવો ચોડો સીસાનો એક કકડો (રાતના સુતી વખતે) બાંધે અને ખાટી ચીજો વધારે ખાય અને ટાઢા પાણીથી ન્હાય.

* કુલફાને ગુજરાત પ્રાંતમાં કોઈ ઠેકાણે ખાટી ભાજી અને કોઈ ઠેકાણે મોટી લૂણી કહે છે.

કેટલાક લોકોને એવી બીમારી હોયછે કે જો સ્ત્રીમેલાપ કોઇ વખતે તેઓ કરે તો ઘણીજ કમજોરી માલમ પડે છે, અથવા એહતેલામ (સ્વપ્નામાં વીર્યનું નીકળી જવું) વધી પડે છે અથવા થોડો તાવ આવવા લાગે છે, અને મગજ પર ઘભરાટ માલમ પડે છે. તેનો ઉપાય એ છે કે પહેલાં વીર્ય ઘટાડવાની કોશીશ કરવી જોઇએ પછી કવ્વત અને (વીર્યના) ઘટપણાને (પુષ્ટીને,) તે એવીરીતે કે પેહલાં તે ભુકી વાપરે કે જેનું બયાન ગરમીથી થતા જીર્યાનના બયાનમાં અવી ગયું, જેમાં પહેલી દવા બાવળીનું ગુંદર છે. અને ગાયની છાશ વડે જે ખાવામાં અવે છે. તે (જ નુખ્સા) માં કુલફાનાં બી, કાહુનાં બી, નીલોફરનાં ફૂલ, કાકડી અને ચીભડાનાં બી, દરેક ત્રણ માશા વધારી લીએ અને ઓછામાં ઓછા એક મહિના સુધી સોહબત કરવાની કરી રાખે, અગર જો એ દરમ્યાનમાં જીર્યાન અને એહતેલામની ફરીયાદ વધી જાય. એક મહિના પછી ધાતુ પુષ્ટી માટે અને તાકાત માટે માજૂને લુબૂબે બારેદ અથવા ગાજરનો હલવો ખાય. એ નુખ્સાઓનું બયાન બાહની કમજોરીમાં થઈ ગયું.

એહતેલામનું વધી પડવું.

એ બીમારી કોઈ વખતે ગરમીથી થાય છે અને કોઇ વખતે સરદીથી. એનો તેજ ઉપાય છે કે જે જીર્યાનનો છે. જીર્યાનના બયાનમાંથી (તેને બંધ બેસ્તા નુસ્ખા) વિચારીને ઢુંઢી કાઢે, અને સુતી વખતે સીસાનો કકડો કમ્મરમાં ગુર્દાઓની ઉપર બાંધી લેવું (એ ઉપાય) ઘણી વખતે અજમાવેલું છે.

ફાયદો. સ્ત્રીમેલાપ એક કુદરતી કામ છે. અને વંશ દુન્યામાં કાયમ રાખવા માટે જરૂરનું છે. પણ એનો વધારે લોભ કરવાથી નીચે જણાવેલી બીમારીઓ પેદા થાય છે:—આંખની કમજોરી, કાન ભારે થવા, માથાની ચકરી, હાથપગનું ધ્રુજવું, કમ્મરનો દુખાવો, ગુર્દાનો દુખાવો, ઘડી ઘડી પેશાબ થવી, પાચન શક્તિનો બગાડો, દિલની કમજોરી તેમાં ખાસ કરીને જેની આંખો કમજોર હોય અથવા જેની પાચન શક્તિમાં નુકસાન હોય અથવા જેની છાતી કમજોર હોય તેને સ્ત્રી મેલાપ ઘણો નુકસાનકારક છે. ખાધા પછી લગભગ ત્રણ કલાકે સ્ત્રી મેલાપનો સારો વખત છે. અને એકદમ પેટ ભરેલું હોય અથવા થાકેલા હોઇએ તે વખતે (સ્ત્રીમેલાપ કરવો) નુકસાનકારક છે. અને સ્ત્રીમેલાપ કીધા પછી તરતજ પાણી પીવું, ખાસ કરીને ટાઢું પાણી પીવું વધારે જોખમ ભરેલું છે.

ફાયદો. સ્ત્રીમેલાપ વધારે કરવાથી જેને નુકસાની પોહચી હોય તેને જોઇએ કે સરદી અને ગરમીથી પોતાને બચાવે, અને આરામ લેવામાં અને સૂવામાં પોતાનો વખત ગાળે અને લોહી વધારવાની અને ખુશકી દૂર કરવાની તદબીર કરે. જેવી રીતે કે દૂધ પીએ, ગાજરનો હલવો ખાય, અથવા અધું પકવેલું [હાફ બૉઇલ્ડ] એદું (ઇંડું) ખાય, અથવા માંસનું સૂપ (યખની, શેરવો) ખાય, જો હાથ પગ ધ્રુજે તો માથા અને કમ્મર બલ્કે આખા શરીરપર ચમેલીનું તેલ, અથવા બાબૂનાનું તેલ લગાડે. અને હાથપગ ધ્રુજવાને માટે નીચે લખેલો ઉપાય વધારે ફાયદાકારક છે. મધ બે તોલામાં ચાંદીના વરખ નંગ ત્રણ ખુબ વાટીને ચાટી લીએ.

સ્ત્રીમેલાપ કરવાથી જેની આંખો કમજોર થઈ ગઈ હોય તેને જોઇએ કે પોતાને માથે બદામ, કે બનફશા કે ચંબેલીનું તેલ વધારે લગાડે, અને દુધ પરની મલાઇ આંખોપર બાંધે, અને આંખોમાં ગુલાબનો અરખ, (ગુલાબ જળ) ટપકાવે; સ્ત્રીમેલાપ પછી હંમેશ કોઈ તાકાત દેનારી દવા જેવી કે દુધ, ગાજરનો હલવો અથવા ઇંડું ખાયા કરે, અને ઉપર બયાન થયલી તદબીરપર ચાલે તો કદી કમજોરી પેદા થશે નહિ, અને હાથપગ ધ્રુજશે નહિ. એ બાબતમાં સૌથી સારી ચીજ તે દૂધ છે કે જેમાં સુંઠનું એકાદ ગાંઠિયું (કાતરીને) નાંખવામાં આવ્યું હોય અથવા જેમાં ખારેક નાંખી જોશ દેવામાં આવી હોય.

ફાયદો. ઈમસાક (ટકાવ) નો વધારે લોભ રાખવો છેવટે નુકસાન પેદા કરે છે. તેમાં ખાસ કરીને જ્યારે ઝેરકચૂરો અથવા ધતૂરાનાં બી જેવી ઝેરી દવાઓ એ ફાયદા માટે ખાવામાં આવે. ઈમસાકને વાસ્તે સુઅતના બયાનમાં લખવામાં આવી તે ગોળીઓ (ખાવી) બસ છે જેમાં સોનાના વરખ પણ છે.

કેટલાક જુદા જુદા નુખ્સા.

નસોને કુવ્વત દેનાર અને ઇંદ્રિને વધારનાર તથા પુષ્ટ કરનાર.

કબરસ્તાનમાંથી મોટામાં મોટા કાળા મંકોડા નંગ સાત લાવે અને તેઓને મારીનાંખી બે તોલા ચમેલીના તેલમાં નાંખી દીએ પછી એતેલમાં મજબૂત બંધ કરી એક રાત દિવસ બકરાની લીંડીમાં દાટી રાખે પછી કાઢીને એટલો ખરળ કરે કે મંકોડા તેલમાં મળી જાય પછી ખમી શકાય તેટલું ગરમ કરીને લગાડે. લગાડવાની રીત એ છે કે પહેલાં ઇંદ્રિને એક જાડા લુગડાવડે ઘસે જ્યારે રતાશ પેદા થાય ત્યારે એ તિલો તરત ઉપર ચોળે. પંદર વીસ દહાડા એવીજરીતે કરે.

રતુબત (શ્રાવ, ભિનાસ) ને સુકવનારી અને જગ્યાને સાંકડી કરનારી [દવા]. માજુફલ બે માશા, ઇઝખર (મીરચ્યા ગંધ) ની કળીઓ એક માશા કૂટી કપડછાન કરીને ગુલાબના પાણીમાં ભીંજવી તે ગુલાબમાં એક લુગડું પલાળી વાપરે.

લાડવા બાહુને વધારનાર. ખારેક અને ભુંજેલા ચણા દરેક પાશેર લઈ કુટી કપડછાન કરી કાંદાના પાણીમાં ભીંજવી અખરોટ જેવડા લાડવા બનાવી રાખે સવાર સાંજ એકેક લાડવો ખાય. ખારેકને તેની ગોટલી સાથે કુટી કાઢે અથવાતો ગોટલીને જુદી કાઢીને તેનો લોટ કરાવી તેમાં મેળવી લીએ.

બાહુને ઘણીજ પુષ્ટિ દેનાર માજુન. મધ પાંત્રીશ તોલાને આગ ઉપર શીરો બનાવી વીસ ઇંડાંને ઉકાળી તેની માત્ર જરદી લઇ સફેદીને ફેંકી દીએ, અને જરદીને પેલા શીરામાં મેળવે, અને એટલી ખલ કરે કે માજૂન જેવી બની જાય, ત્યારપછી અકકલકરો, લવંગ સુંઠ, દરેક પોણા ચોત્રીશ માશા કૂટી છાનીને મેળવી લીએ અને દરરોજ એક તોલું તેમાંથી ખાય.

[ફિરંગ રોગ] આતેશક.

એ બહુજ બુરી બીમારી છે. એમાં પેશાબની જગ્યા અને તેની આસપાસ, પોપિલા પડી જાય છે અને તેમાં ઘણા બળતરા બળે છે. એના પોપિલા વધારે ફેલાતા જાય છે પરંતુ વધારે ઉંડેલા હોતા નથી. અને ઘાની આજુબાજુ લીલો અથવા આસમાની રંગ હોય છે. ઘણું કરીને એ ઘાની શરૂઆત પેશાબની જગ્યાથી થાય છે. પછી આખા શરીર પર ફેલાઇ જાય છે એની સાથે સંધીવા પણ થઇ જાય છે. એ બીમારી પેઢીઓ સુધી પોંહચે છે. એને વાસ્તે એક અઠવાડિઆ સુધી આ દવા પીવીઃ—

કોથળીમાં બાંધેલી ઇફ્તીમૂન, સુકી મેંદી, મુન્ડી, ચોબચીનીનો ભુકો, ઉશબો, બિરમડંડી, હરનખરી, દરેક પાંચ માશા, શાતરાનાં પાંદડાં, ઇંદ્રાયણની જડ, બિસફાએજ દરેક છ માશા, પીળી હરડેના છલટા, કાબલી હરડેનાં છલટાં; દરેક નવ માશા, સઘળાને અર્ધો શેર પાણીમાં ઉકાલે જ્યારે (પાણી) અર્ધું રહી જાય ત્યારે ગાળીને તેમાં ઉન્નાબનું શરબત બે તોલા મેળવીને પીએ; જો સાથે સંધીવા પણ હોય તો તેમાંજ મીઠો સુરીજન ત્રણ માશા મેળવીને પીએ. એ (પીવા) થી જો ઝાડા થાય તોજ ખીચડી ખાય નહિતો ફુલકા (ઘઉંની પાતળી રોટલી) અને સેરવો ખાય.

એક અઠવાડિયું વીતી ગયા પછી એ ગોળી (પેહલે દિવસે) ખાયઃ—દુધમાં પકવેલો અને બી, વચ્ચેથી પિત્તિ કાઢી નાંખેલો (એટલે શુદ્ધ કરેલો) જમાલ ગોટો, જુનું નાળિએર, જુની ખારેક દરેક

..ા, જુનો ગોળ દેઢ માશો, ખુબ વાટીને .ન જેવું બનાવી (નાના) ચણા જેવડી ગોળીઓ બનાવે, અને સવારમાં (નહાર કોઠે) ચાર ગોળી તાજા પાણી સાથે ગળે એથી ઝાડા થશે, દરેક વખતે ઝાડો ફરી રયા પછી તાજુ પાણી પીવું જોઇએ.

બીજે દહાડે એ ગોળી ખાય નહિ પણ એ (ઠંડાઇની) દવા પીએ, રેશા ખતમીનો લોઆબ પાણીમાં પાંચ માશા કાઢી ઉન્નાબનુ શરબત બે તોલા મેળવીને પીએ પછી ત્રીજે દહાડે (મઝકુર) ગોળીઓ તેવીજ રીતે ખાય, અને ચોથે દહાડે ઠંડાઈ પીએ પાંચમે દહાડે ગોળીઓ અને છઠ્ઠે દહાડે ઠંડાઇ પીએ, બચાવને માટે સાતમે અને આઠમે દહાડે પણ ઠંડાઇ પીએ આ આઠ દહાડામાં ખોરાક (મગની) ખીચડી અને સાબુ ચોખા (સાગુ દાણા) સિવાય બીજું કંઈ ખાય નહિ. તે પછી વીસ દિવસ અથવા એક મહિના સુધી એ અરક પીએ:- ચોબચીની (રેતરડી વડે) ભુકો કીધેલી, ઉશબો દરેક પાંચ તોલા, શાતરાનાં પાંતડાં, કરીઆતુ સરફકા, (નાની) એલચીના દાણા, પીળી હરડેનાં છોડાં, કાબલી હરડેનાં છલટાં, નીળકંડી, બિરમડંડી, સફેદ અને લાલ સંદલની ભૂકી દરેક બે તોલા, સોનામકી ત્રણ તોલા, રાતના પાંચસેર પાણીમાં ભીંજવી રાખે અને સવારે ગાયનું દૂધ બસેર નાંખી, દોઢ પાસેર અરખ ખેંચી લીએ અને ત્રણ દહાડા રહેવાદે પછી (અરખ) છ તોલાને બે તોલા ઉન્નાબના શરબતમાં મેળવી પીએ.

આ ઉપાયો કરવાથી આતેશકના ઘા પણ બાહેર કોઇ પણ દવા લગાડયા વગર રૂઝાઈ જાય છે. પણ જો બાહેરથી પણ દવા લગાડવી પડે તો નીચે લખેલું મલમ વાપરે:- સોપારી, ઝેરકચૂરો દરેક પોણા ચાર તોલા, કાથો પાપડિયો સાડા આઠ માશા, મોટી એલચીના દાણા સવા તોલો, મુરદાર સંગ, સંગ જરાહત, કાળા મરી દરેક સવા ચાર માશા, મોરથુથું સાડી આઠ રતિ, ભાડભુંજાને ત્યાંનો ધુમાસ (ઠરી ગયલો ધુમાડો) ત્રણ માશા, સઘળી દવાઓને એવી રીતે ભુંજે કે બળી જાય નહીં. પછી ઝીણી વાટી નાંખી ગાયનું ઘી એકવીસ તોલામાં મેળવી કપૂર સવા ચાર માશા પણ તેમાં વાટી મેળવી લીએ, અને ઘા ઉપર લગાડે. એજ મલમ ખાજન ને માટે પણ ઘણો એકસીર છે.

ફાયદો. વધારે ગરમ ચીજો જેવી કે ગાયનું માંસ, તેલ, વેંગણાં, મેથી [નો શાક] વિગેરેથી હંમેશ કરી (પરહેજ) રાખવો જોઇએ અને વધારે શરદ ચીજો જેવીકે તરબજ, કાકડી વિગેરે પણ ઘણા થોડાજ ભાગમાં (અને કોઈ વખતે) ખાવી. ચણા ખાવા બહુજ ફાયદા કારક છે

સોઝાક (પરમિયો) નું બયાન.

ઇંદ્રિની અંદર ઘા પડી જવાને સોઝાક કહે છે. એનો ઉપાય શરૂઆતમાં તો સેહેજમાં થઇ જાય છે પણ પુરાનો થઈ ગયા પછી ઘણી મુશકેલી પડે છે. **ઉપાય.** પેહલાં ઘાને સાફ કરવાનો અને પછી તેને રૂઝવવાનો ઉપાય કરવો જોઇએ તે એવીરીતે કે દીવેલ ચાર તોલા દૂધમાં મેળવી તેમાં સાકર નાંખી મીઠું બનાવી પીએ અને દરેક વખતે ઝાડો થયા પછી ગરમ પાણી પીએ બપોરે દૂધ સાથે રાંધેલા સાબચોખા અને રાતના દૂધ ધાન ખાય બીજે દહાડે નીચે મૂજબની ઠંડાઈ પીએ:-

લોઆબ રેશા ખતમીનો પાંચ માશા, કુલફાનાં બી પાંચ માશા પાણીમાં ગાળીને બનફશાનું શરબત બે તોલા મેળવીને પીએ અને બિરજાનું તેલ મળે તો બે ટીપાં તે પણ બતાશામાં નાંખીને ખાય ત્રીજે દહાડે દીવેલ તેવીજરીતે અને ચોથે દહાડે (તેજ) ઠંડાઈ, પાચમે દહાડે પાછું તેલ અને છઠ્ઠે દહાડે ઠંડાઈ પીએ, ખોરાક તેજ સાબુ ચોખા અને દૂધ ધાન લીએ. ત્રણ જુલાબ (મઝકૂર) લીધા પછી નીચે લખેલી ભુકી વાપરે:-

કલમીશોરો ત્રણ તોલા, શંખજીરૂં, કાકડી અને ચીભડાંનાં બી, કુલફાનાં બી, કાસનીનાં બી,

ગોખરૂ, (ઘઉંનો) નિશાસ્તો, દરેક નવ માશા ગિલેઅરમાની, બાવળનું ગુંદર, રેવનચીની, હબ્બે કાકનજ, બીરજાનો સત, તરબુજનાં બી, દમુલ અખવૈન (હીરા દખણુ) દરેક છ માશા, કૂટી કપડછાન કરી દેશી ખાંડ અગ્યાર તોલા મેળવી નવ નવ માશાની પડીકીઓ બનાવવી. પછી એક પડીકી ખાઇને તેના ઉપર, કાકડી અને ચીભડાના બી પાચ માશા પાણીમાં વાટીને ગાળીને **શરબતે બુઝૂરી બારેદ** બે તોલા મેળવીને એક પખવાડિયું ખાય દૂધ ધાન અથવા શરદ તરકારીઓ અને બકરાનું માંસ ખાય.

પછી જો બીમારીની કંઈ અસર માલમ પડે તો આ ભુકી ખાયઃ— તબાશીર, પીળી ગંધક દરેક સાત માશા કાકડી અને ચીભડાંનાં બી, આઠ માશા, કુલફાના બી, કતીરો (ગુંદર), હળદ, દરેક ચાર રતી. મરમકી બે રતી, અનારની કળિઓ છ રતી, જરિશ્ક, અફીણ, ચોખ્ખી, ગોળ જરાવંદ દરેક એક માશા, (સફેદ) તલ ધોયલા તેર માશા, કૂટીછાનીને દેશી ખાંડ મેળવીને નવ નવ માશાની પડીકીઓ બનાવે અને દર રોજ એક પડીકી (કૂવામાંથી) તરત કાઢેલા પાણી સાથે પીએ જો (એ ખાવાથી) કોઠો કબજ થાય તો બે તોલા કાળી દરાખ રાતના સુતી વખતે ખાય. ઓછામાં ઓછું એક પખવાડિયું એ ભુકી ખાય. સારા થયા પછી એક મહિનો કે વીસ દહાડા તે અરક પીએ કે જેનું બયાન **આતેશક**ના બયાનમાં કરવામાં આવ્યું, જેની પહેલી વસ્તુ ચોબચીની હતી, સોઝાકની બીમારી વાળાને મરચાં બહુ થોડાં ખાવાં જોઇએ, અને કચનાલના કોગળાં કરવાં બહુ ફાયદા કારક છે. અને આતેશકમાં જે કરી કરવાની છે તેજ એ બીમારીમાં પણ કરવી જોઇએ,

સોઝાકને ફાયદા કરનારી પિચકારી.

આગપર ખીલવેલું મોરથુથું ત્રણ માશા, ખુબ વાટીને દરાખ (અંગૂર) ના પાંતરાંનું પાણી નવટાંક, મેંદીનું પાણી નવટાંક અને બકરીનું દૂધ પાસેરમાં મેળવી બેવડા લુગડામાં ગા.... પિચકારી વડે સવાર સાંજ પિચકારી મારે. વખત બનાવેલો નુસ્ખો ચાર દહાડા ચાલે છે મોરથુથાને ખીલવવાની રીત એ છે કે તેને વાટી નાંખી કોઈ મટોડીના વાસણમાં મુકી ધીમી આગ પર મુકે અને (લાકડીના કકડા વતી) ફેરવ્યા કરે, જ્યારે તેનો રંગ ફિકકો પડી જાય ત્યારે વાપરે.

ફાયદા. સોઝાકની બીમારીવાળાને કોઈ વખતે પિસાબ કરવાનો રસ્તો બંધ પડી જાય છે એવી હાલતમાં ગરમ પાણીથી તે જગ્યાને ઝારે, અથવા બાબનાને પાણીમાં જોશ દઇને તે પાણી વડે ઝારે, જો એનાથી નહિ ખુલે તો ડાકટર પાસે સળી નંખાવે.

અંડ [ગોળી] નું ઉપર ચઢીજવું.

એ બીમારીમા તણખ મારે છે અને પિસાબમાં રુજા માલમ પડે છે **ઉપાય.** ગુલે બાબના, ઇકલીલુલ મુલ્ક (નાખુના) અળસી, ઘઉંની ભૂસી (થુલું) બશેર પાણીમાં જોશ દઇને (ઉકાળીને) ઝારે અને હીગ મરઝંજોશ (દૂના મરવા), ફરફ્યુન, ઇકલીલુલમુલ્ક, ગુલેબાબૂના ત્રણ ત્રણ માશા (દરેક) લઇને કૂટી છાનીને મધમાં મેળવી થોડું ગરમ કરી લેપ કરે અને **માઅ્જુને કમ્મૂની** અથવા **માઅ્જુને** ઝરઉની ખાય, જેનો નુસ્ખો બાહની કમતાકાતના બયાનમાં થઈ ગયો, ખોરાક તાકાત દેનારી ખાય.

આંતરડાનું ઉતરવું અને અંડ વૃદ્ધિ. [ગોળીઓનું મોટું થઈ જવું.]

પેટમાં આંતરડાઓ ઉપર ચારે તરફથી કેટલીએક પાતળી ચામડીઓ વીંટલાયલી છે. તેઓના વચ્ચેની એક ચામડીમાં કે જે ગોળીઓની પાસે છે એ કાણું છે; આ કાણું વધી જવાથી અથવા ફાટી જવાથી અંદરની ચામડી આંતરડા સાથે અથવા આંતરડા વગર અથવા અંદરની ચામડી એકદમ ફાટવાથી આંતરડા ગોળીઓમાં લટકી પડે છે તેને આંતરડાનું ઉતરવું કહે છે.

...ા એ (બીમારી) ને **કીલ** અને ... છે. કોઈ વખતે ગોળીઓમાં પાણી ... જાય છે એને અર્બી (ભાષા) માં **આરહ** કહે છે, અને કોઈ વખતે ફક્ત હવા ભરાય છે એને **કીલએ રીહી** કહે છે. એ બાબત ત્રણ પ્રકારમાં વર્ણવામાં આવે છે.

પેહલો પ્રકાર. આંતરડું ઉતરવાનું બયાન:— એ બીમારી ઘણો ભારે બોજો ઉઠાવવાથી અથવા કુદકા મારવાથી અથવા પેટ જે વખતે ખુબ ભરાયલું હોય તે વખતે સ્ત્રી મેલાપ કરવાથી થાય છે.

ઉપાય. ચત્તા સૂઇને ધીમે ધીમે દબાવી ઉપર ચઢાવી દેવામાં આવે જો દબાવવાથી નહીં ચઢે તો ગરમ પાણીથી ઝારે અને બાબુનાનું તેલ ઊનું કરીને ચોળે અને ખતમીને પાણીમાં જોશ દઈને ઉપર બાંધે જ્યારે નરમ થઈ જાય દબાવીને ઉપર ચઢાવે જ્યારે ચઢીજાય ત્યારે આ લેપ લગાડવામાં આવે જેથી બીજી વખત ઉતરે નહીં:—

અનારની (સૂકી) કળીઓ, અકાકીઆ (બાવળનું દૂધ), લીલા માજૂફલ (માજૂ), કુંદર, તુખ્મ અસઆરો [અરોના ઝાડનું ફળ) રાલ, ગુગળ, આંબાહળદ (બાઓબેર) દરેક છ માશા કૂટી છાનીને લીલા મકો (પાપટી) ના પાણીમાં માયા સરસ પકવીને મેળવીને લુગડાપર લગાડીને તે જગ્યાએ ચોટાડી દેવામાં આવે અને ઉપરથી લુગડાંથી બાંધી દીએ, અને ત્રણ દહાડાસુધી ચતોજ સુવાડી રાખે. આ લેપ અંડ વૃદ્ધી (ગોળાઓ મોટી થઈજવી તે) ના દરેક પ્રકારને માટે ફાયદા કારક છે. પછી આંતરડું ઉતર્યું હોય અથવા પાણી ભરાયું હોય અથવા હવા હોય. ખોરાકમાં માત્ર ગોશનો સેરવા (સૂપ) દેવામાં આવે ત્રણ દહાડા થઈ ગયા પછી ધીમેથી ઉઠાવે અને ધીમે ધીમે ફરવા દીએ અને એજ લેપ બીજી વખત લગાડે અને લંગોટ બાંધેલી રાખે.

બીજી એક વધારે ફાયદા કારક તદબીર એ છે કે એક લુગડામાં ઇબ્ન (અર્ઢીકો) અથવા એવીજ કોઈ બીજી સખત વસ્તુ એટલાજ વજનવાળી સીવીને તે પટીની લંગોટ બાંધીએ કીએ તેમ જે ઠેકાણે આંતરડું ઉતરતી વખતે જગ્યા ઉપસેલી માલમ પડે છે ત્યાં એવી રીતે બાંધે કે તે અર્ઢીકો તેજ ઠેકાણાપર રહે અને એના થકી તે જગ્યા હંમેશ દબાયલી રહે એમ કરવાથી થોડા દહાડામાં તે કાણું બંધ થઈ જાય છે. અને આંતરડું ઉતરવાની બીક તદન જતી રહે છે એ ઉપાયને (હિંદુસ્તાનના લોકો) તાળું લગાડવું કહે છે. એવી તરેહના વિલાયતી પટાઓ પણ વેચાય છે (જેને ટ્રસ્ટ કહે છે).

આંતરડું ઉતરવા વાસ્તે પીવાની દવા:—માજુને ફલાસફા સાત માશા, અથવા **માજુને કમ્મૂની** એક તોલો ખાઇને ઉપરથી સોંફ પાંચ માશા, પાણીમાં ઘુંટીને તેમાં ગુલકંદ (નવો) બે તોલા મેળવીને પીએ. **માજુને ફલાસફા** લગોલગ કેટલાક દહાડા સુધી ખાવાથી અંડવૃદ્ધિના તમામ દરદોને ઘણો ફાયદો થાય છે વાયડી (બાદી) ચીજોની ફરી કરવી જોઇએ.

બીજો પ્રકાર ગોળીઓમાં હવા ઉતરવાનું બયાન.

બાજરી, મીઠું અને ઘઉંનું ભુસું દરેક બબે તોલા મેળવી તેની બે પોટલીઓ બાંધે, અને ગુલાબ જળમાં (ચુલા પર મૂકી ગરમ ગરમ) સેક કરે અને દાલચીની વાટીને બાબુનાના તેલમા મેળવી ઘણી ખરી વખત તેના પર ચોળે; અને નીચે લખેલી ગોળીઓ ખાય.—

તુખ્મ કરફસ, અનીસૂન, રેવંદ, મસ્તકી, કેસર [ઝાફરાન], દરેક સાત માશા. કાગદી હરડેના છલટા, આમલાના છલટાં દરેક સાડા દસ માશા, સકબીનજ (કનટલ અથવા વિલાયતી હીંગ) અને ગુગળ ત્રણ ત્રણ માશા, મૂંડી બૂટી. નીંદ્રા ઠાર. નરકચૂર. દરનજ, અસારૂન દરેક પોણા બે માશા રાહબીનજ અને ગુગળને પાણીમાં ખુબ મેળવી બાકીની તમામ દવાઓ કૂટી કપડ છાન કરી મેળવીને ચણા જેવડી ગોળીઓ બનાવે અને દરરોજ સાડા ચાર માશા (વજનમાં જેટલી ગોળીઓ ચડે તેટલી) ખાય. અને માજૂને ફલાસફા અથવા માજૂને કમ્મૂની પણ ખાવી જોઇએ છે.

ચાડાક, [illegible] મ્યાવ, [illegible] મુ[illegible]વારે ફાયદાકારક છે; અને વાયડી (બાદી) વસ્તુઓથી દૂરી જરૂર કરવી જોઇએ.

ત્રીજો પ્રકાર અંડમાં પાણી ઉતરી આવવાના બયાનમાં:—પાણી થાડુ ધોમે, હવા ઉતરવાના બયાનમાં જે દવા લખી તેજ ખાય અને આ લેપ તેના ઉપર લગાડે—અક્કલકરો. બે તોલા, કાળુ જીરૂ એક તોલો ઝીણું વાટીને શરાબ ૭ તોલા મેળવી એટલું કુટવામાં આવે કે સઘળી દવાઓ એક થઈ મલમ બની જાય પછી સવાર સાંજ ગરમ ગરમ લેપ લગાડે જ્યારે પાણી વધારે ભરાયું હોય તો ડાક્ટર પાસે કઢાવી નંખાવવું.

ફાયદો. આ ત્રણે તરેહના ઉપાયોમાં વધારે ફરક નથી તેથી કરીને તે દરેકની નીશાનીઓ વધારે ખોલાસા સાથે બયાન કરવામાં આવી નથી ટુંકમાં ફરક એ છે કે જો પહેલો પ્રકાર હોય તો પછી ગમે તો તમામ ચામડી લટકી પડી હોય અથવા આંતરડા સાથે ઉતરી હોય. તો ઘણી મુશ્કેલીથી ઉપર ચડે છે અને હવા હોય તો જરા દબાવવાથી ઉપર ચઢી જાય છે અને પાણી તો કોઇ પણ રીતે ઉપર ચડતું નથી, અને તેમાં ગોળી ચળકતી માલમ પડે છે. અને જલ્દી જલ્દી વધે છે. દરેક પ્રકારને માટે લંગોટ બાંધી રાખવી ફાયદાકારક છે. અને વધારે ચાલવાથી બોજો ઉઠાવવાથી વધારે ચીસો પાડવાથી અને ચામડી ચાળેથી દૂરી કરવી જોઇએ. અંડવૃદ્ધિ બીજી પણ કેટલીક તરેહની હોય છે જેનો ઉપાય (સારા) ડાક્ટરને પુછયા વગર થઈ શકતો નથી. આંતરડું ઉતરવાની બીમારીમાં કોઈ વખતે બહુજ નરમ જુલાબની જરૂર પડે છે. તેમાં દસ્તાવેજ [illegible] લેવો જરૂરી છે.

ફાયદો. કોઇ વખતે ગોળીઓ વધી પડે છે જેમાં તેમાં આંતરડું ઉતરેલું હોતું નથી અને હવા પણ ભરાયલી હોતી નથી અને પાણી પણ હોતું નથી. તેની નીશાની એ છે કે તેમાં દરદ જરાએ માલમ પડતી નથી તેમજ ગોળીઓ ઉપરની ચામડી ચળકતી હોતી નથી તેમજ દબાવવાથી તે સખત પણ લાગતી નથી. થોડા દહાડા સુધી માજુને ફલા-

ફલુ મ્યાવ અને સફેદ ફટકી તેના પર લેપ કરે.

બીજો લેપ. પિંડાગ વીસ માશા, ગોદ બે માશા (ગોકસાન નહીં મળે તો અરસાણી અજવાન બે માશા) સરકામાં ખુબ વાટીને લેપ લગાડે એ બીમારી કેટલેક ઠકાણે ઘણા લોકોને થાય છે અને મુશ્કેલથી સારા થાય છે. તેથી તરતજ ઇલાજ શરૂ કરવો જોઇએ અને કેટલાક દહાડા સુધી (દવા કરવી) છોડવી નહીં.

અંડ અને ઇંદ્રિનું દરદ. કોઇ વખતે એ અવયવોમાં દુખાવો માલમ પડે છે અને આંતરડું ઉતરવું કે સોજા કંઇ હોતાં નથી. **ઉપાય.** દીવેલીનું તેલ ચોપડે કે જે એ (દરદ) ના ઘણા ખરા પ્રકારોમાં ફાયદા કારક છે જો તેનાથી ફાયદો નહીં થાયતો (કોઇ સારા) હકીમ (કે ડાક્ટર) ની સલાહ લીએ.

અંડ તથા ચાડાઓમા ખુજલી થવી એ બીમારી ઘણુ કરીને પરસેવા (પસીના) ના ભારથી થાય છે, તેથીજ ઉન્હાળાના દહાડાઓમાં વધુ ભાગે થાય છે **ઉપાય.** ગરમ પાણી અને સાબુથી દર રોજ ધુએ કે જેથી મેલ (તે જગ્યાએ) એકઠ થાય નહીં. મુફરદએ કાશગરી (ફલાઇ સફેદો) રોગને ગુલ (ગુલાબના તેલ) માં મેળવીને લગાડે. અને જો ખસ વધી ગઇ હોય અને ઘા પડી ગયા હોય તો નીચે લખેલો મરહમ લગાડે—કુંદર, દમુલખ્વ્યેન, મરમકી દરેક નવ માશા, એલીઓ મુરદાર સંગ અનઝરૂત દરેક સાત માશા બારીક કુટીને રોગને ગુલ સાત તોલા મેળવી ખુબ વાટી મલમ બનાવે.

જે માણસને અંડ અને ચાડાઓમાં વધારે પરસેવો થતો હોય તો મેંદાનું પાણી અથવા કાશમીરનો રસ અથવા સરકો પાણીમાં મેળવીને લગાડ્યા કરે.

ઇંદ્રિનો સોજો. તેને (સોજા) માં બળતા અને દરદ વધારે માલમ પડે તો સરકો અને રોગને ગુલ મેળવીને લગાડે અને એની (બળતા) વધારે નહીં માલમ પડે તો ખારેકનું ઠળીઉ અને બળી સરકામાં વાટીને લગાડે.

સમાપ્ત.